संस्कृत बत्तीसियोंमें शुरुकी पांच और ग्यारहवीं स्तुतिरूप है। प्रथमकी पाँचमें महावीरकी स्तुति है जब कि ग्यारहवींमें किसी पराक्रमी और विजेता राजाकी स्तुति है। ये स्तुतियाँ अश्वघोष समकालीन बौद्ध स्तुतिकार मातृचेट के 'अध्यर्धशतक,' 'चतुःशतक' तथा पश्चाद्वर्ती आर्यदेवके चतुःशतककी शैलीकी याद दिलाती हैं। सिद्धसेन ही जैन परम्पराका आद्य संस्कृत स्तुतिकार है। आचार्य हेमचन्द्रने जो कहा है 'क्व सिद्धसेनस्तुतयो महार्था अशिक्षितालापकला क्व चैषा' वह बिलकुल सही है। स्वामी समन्तभद्रका 'स्वयंभूस्तोत्र' जो एक हृदयहारिणी स्तुति है और 'युक्त्यनुशासन' नामक दो दार्शनिक स्तुतियां ये सिद्धसेनकी कृतियोंका अनुकरण जान पड़ती हैं। हेमचन्द्रने भी उन दोनोंका अपनी दो बत्तीसियोंके द्वारा अनुकरण किया है।

बारहवीं शदीके आचार्य हेमचन्द्रने अपने व्याकरणमें उदाहरणरूपसे लिखा है कि 'अनुसिद्धसेनं कवयः'। इसका भाव यदि यह हो कि जैन परम्पराके संस्कृत कवियोंमें सिद्धसेनका स्थान सर्व प्रथम है (समयकी दृष्टिसे

और गुणवत्ताकी दृष्टिसे अन्य सभी जैन कवियोंका स्थान सिद्धसेनके बाद आता है) तो वह कथन आज तकके जैनवाङ्मयकी दृष्टिसे अक्षरशः सत्य है। उनकी स्तुति और कविताके कुछ नमूने देखिये—

स्वयंभुवं भूतसहस्रनेत्रमनेकमेकाक्षरभावलिङ्गम्।
अव्यक्तमव्याहतविश्वलोकमनादिमध्यान्तमपुण्यपापम्॥
समन्तमर्वाक्षगुणं निरक्षं स्वयंप्रभं सर्वगतावभासम्।
अतीतसंख्यानमनंतकल्पमचिन्त्यमाहात्म्यमलोकलोकम्॥
कुहेतुतर्कोपरतप्रपञ्चसद्भावशुद्धाप्रतिवादवादम्।
प्रणम्य सच्छासनवर्धमानं स्तोष्ये यतीन्द्रं जिनवर्धमानम्॥

स्तुति का यह प्रारम्भ उपनिषद्की भाषा और परिभाषामें विरोधालङ्कार-गर्भित है।

एकान्तनिर्गुणभवान्तमुपेत्य सन्तो यत्नार्जितानपि गुणान् जहति क्षणेन।
क्लीवादरस्त्वयि पुनर्व्यसनोल्बणानि भुंक्ते चिरं गुणफलानि हितापनष्टः॥

इसमें सांख्य परिभाषाके द्वारा विरोधाभास गर्भित स्तुति है।

क्वचिन्नियतिपक्षपातगुरु गम्यते ते वचः,
स्वभावनियताः प्रजाः समयतंत्रवृत्ताः क्वचित्।
स्वयं कृतभुजः क्वचित् परकृतोपभोगाः पुन-
र्नवा विषदवाददोषमलिनोऽस्यहो विस्मयः॥

इसमें श्वेताश्वतर उपनिषद्के भिन्न भिन्न कारणवादके समन्वय द्वारा वीरके लोकोत्तरत्वका सूचन है।

कुलिशेन सहस्रलोचनः सविता चांशुसहस्रलोचनः।
न विदारयितुं यदीश्वरो जगतस्तद्भवता हतं तमः॥

इसमें इन्द्र और सूर्यसे उत्कृष्टत्व दिखाकर वीरके लोकोत्तरत्वका व्यंजन किया है।

न सदःसु वदन्नशिक्षितो लभते वक्तृविशेषगौरवम्।
अनुपास्य गुरुं त्वया पुनर्जगदाचार्यकमेव निर्जितम्॥

इसमें व्यतिरेकके द्वारा स्तुतिकी है कि हे भगवन्! आपने गुरुसेवाके विना किये भी जगतका आचार्य पद पाया है जो दूसरोंके लिए संभव नहीं।

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि सर्वदृष्टयः।
न च तासु भवानुदीक्ष्यते प्रविभक्तासु सरित्स्विवोदधिः॥

इसमें सरिता और समुद्रकी उपमाके द्वारा भगवान्में सब दृष्टियोंके अस्तित्वका कथन है जो अनेकान्तवादकी जड़ है।

गतिमानथ चाक्रियः पुमान् कुरुते कर्म फलैर्न युज्यते ।
फलभुक् च न चार्जनक्षमो विदितो यैर्विदितोऽसि तैर्मुने ॥

इसमें विभावना, विशेषोक्तिके द्वारा आत्म-विषयक जैन मन्तव्य प्रकट किया है ।

किसी पराक्रमी और विजेता नृपतिके गुणोंकी समग्र स्तुति लोकोत्तर कवित्व पूर्ण है । एक ही उदाहरण देखिए–

एकां दिशं व्रजति यद्गतिमद्गतं च तत्रस्थमेव च विभाति दिगन्तरेषु ।
यातं कथं दशदिगन्तविभक्तमूर्ति युज्येत वक्तुमुत वा न गतं यशस्ते ॥

*

आद्य जैन वादी

दिवाकर आद्य जैन वादी हैं । वे वादविद्याके संपूर्ण विशारद जान पड़ते हैं, क्यों कि एक तरफसे उन्होंने सातवीं वादोपनिषद् बत्तीसीमें वादकालीन सब नियमोपनियमोंका वर्णन करके कैसे विजय पाना यह बतलाया है तो दूसरी तरफसे आठवीं बत्तीसीमें वादका पुरा परिहास भी किया है ।

दिवाकर आध्यात्मिक पथके त्यागी पथिक थे और वाद कथाके भी रसिक थे । इसलिए उन्हें अपने अनुभवसे जो आध्यात्मिकता और वाद-विवादमें असंगति दिख पड़ी उसका मार्मिक चित्रण खींचा है । वे एक मांस-पिण्डमें लुब्ध और लड़नेवाले दो कुत्तोंमें तो कभी मैत्रीकी संभावना कहते हैं; पर दो सहोदर भी वादियोंमें कभी सख्यका संभव नहीं देखते । इस भावका उनका चमत्कारी उद्गार देखिये

ग्रामान्तरोपगतयोरेकामिषसंगजातमत्सरयोः ।
स्यात् सौख्यमपि शुनोर्भ्रात्रोरपि वादिनोर्न स्यात् ॥ ८, १.

वे स्पष्ट कहते हैं कि कल्याणका मार्ग अन्य है और वादीका मार्ग अन्य; क्यों कि किसी मुनिने वाग्युद्धको शिवका उपाय नहीं कहा है ।

अन्यत एव श्रेयांस्यन्यत एव विचरन्ति वादिवृषाः ।
वाक्संरंभं क्वचिदपि न जगाद मुनिः शिवोपायम् ॥

आद्य जैन दार्शनिक व आद्य सर्वदर्शनसंग्राहक

दिवाकर आद्य जैन दार्शनिक तो है ही, पर साथ ही वे आद्य सर्व भारतीय दर्शनोंके संग्राहक भी हैं । सिद्धसेनके पहले किसी भी अन्य भारतीय विद्वान्ने संक्षेपमें सभी भारतीय दर्शनोंका वास्तविक निरूपण यदि किया हो तो

उसका पता अभीतक इतिहासको नहीं है। एक वार सिद्धसेनके द्वारा सब दर्शनोंके वर्णनकी प्रथा प्रारम्भ हुई कि फिर आगे उसका अनुकरण किया जाने लगा। आठवीं सदीके हरिभद्रने 'षड्दर्शनसमुच्चय' लिखा, चौदहवीं सदीके माधवाचार्यने 'सर्वदर्शनसंग्रह' लिखा; जो सिद्धसेनके द्वारा प्रारम्य की हुई प्रथाका ही विकास है। जान पड़ता है सिद्धसेनने चार्वाक, मीमांसक आदि प्रत्येक दर्शनका वर्णन किया होगा, परन्तु अभी जो बत्तीसियां लभ्य हैं उनमें न्याय, वैशेषिक, सांख्य, बौद्ध, आजीवक और जैन दर्शनकी निरूपक बत्तीसियां ही हैं। जैन दर्शनका निरूपण तो एकाधिक बत्तीसियोंमें हुआ है। पर किसी भी जैन जैनेतर विद्वान् को आश्चर्य चकित करनेवाली सिद्धसेनकी प्रतिभाका स्पष्ट दर्शन तब होता है जब हम उनकी पुरातनत्व समालोचना विषयक और वेदान्त विषयक दो बत्तीसियोंको पढ़ते हैं। यदि स्थान होता तो उन दोनों ही बत्तीसियोंको में यहाँ पूर्ण रूपेण देता। मैं नहीं जानता कि भारतमें ऐसा कोई विद्वान् हुआ हो जिसने पुरातनत्व और नवीनत्वकी इतनी क्रान्तिकारिणी तथा हृदयहारिणी एवं तलस्पर्शिनी निर्भय समालोचना की हो। मैं ऐसे विद्वान् को भी नहीं जानता कि जिस अकेले ने एक बत्तीसीमें प्राचीन सब उपनिषदों तथा गीताका सार वैदिक और औपनिषद भाषामें ही शाब्दिक और आर्थिक अलङ्कार युक्त चमत्कारकारिणी सरणीसे वर्णित किया हो। जैन परम्परामें तो सिद्धसेनके पहले और पीछे आज तक ऐसा कोई विद्वान् हुआ ही नहीं है जो इतना गहरा उपनिषदोंका अभ्यासी रहा हो और औपनिषद भाषामें ही औपनिषद तत्त्वका वर्णन भी कर सके। पर जिस परम्परामें सदा एक मात्र उपनिषदोंकी तथा गीताकी प्रतिष्ठा है उस वेदान्त परम्पराके विद्वान् भी यदि सिद्धसेनकी उक्त बत्तीसीको देखेंगे तब उनकी प्रतिभाके कायल होकर यही कह उठेंगे कि आज तक यह ग्रन्थरत्न दृष्टिपथमें आनेसे क्यों रह गया। मेरा विश्वास है कि प्रस्तुत बत्तीसीकी ओर किसी भी तीक्ष्ण-प्रज्ञ वैदिक विद्वान् का ध्यान जाता तो वह उस पर कुछ न कुछ विना लिखे न रहता। मेरा यह भी विश्वास है कि यदि कोई मूल उपनिषदोंका साम्नाय अध्येता जैन विद्वान् होता तो भी उस पर कुछ न कुछ लिखता। जो कुछ हो, मैं तो यहाँ सिद्धसेन की प्रतिभा के निदर्शक रूपसे प्रथमके कुछ पद्य भाव सहित देता हूँ।

कभी कभी सम्प्रदायाभिनिवेश वश अपढ़ व्यक्ति भी, आजहीकी तरह उस समय भी विद्वानोंके सम्मुख चर्चा करनेकी धृष्टता करते होंगे । इस स्थिति-का मजाक करते हुए सिद्धसेन कहते हैं कि विना ही पढ़े पण्डितंमन्य व्यक्ति विद्वानोंके सामने बोलनेकी इच्छा करता है फिर भी उसी क्षण वह नहीं फट पड़ता तो प्रश्न होता है कि क्या कोई देवताएँ दुनियापर शासन करने वाली हैं भी सही ? अर्थात् यदि कोई न्यायकारी देव होता तो ऐसे व्यक्तिको तत्क्षण ही सीधा क्यों नहीं करता ।

यदशिक्षितपण्डितो जनो विदुषामिच्छति वक्तुमग्रतः ।
न च तत्क्षणमेव शीर्यते जगतः किं प्रभवन्ति देवताः ॥ (६. १)

विरोधी बढ़ जानेके भयसे सच्ची बात भी कहने में बहुत समालोचक हिचकिचाते हैं । इस भीरु मनोदशाका जवाब देते हुए दिवाकर कहते हैं कि पुराने पुरुषोंने जो व्यवस्था स्थिर की है क्या वह सोचने पर वैसी ही सिद्ध होगी ? अर्थात् सोचने पर उसमें भी त्रुटि दिखेगी तब केवल उन मृत पुरु-खोंकी जमी प्रतिष्ठाके कारण हाँ में हाँ मिलानेके लिए मेरा जन्म नहीं हुआ है । यदि विद्वेषी बढ़ते हों तो बढें ।

पुरातनैर्या नियता व्यवस्थितिस्तत्रैव सा किं परिचिन्त्य सेत्स्यति ।
तथेति वक्तुं मृतरूढगौरवादहन्न जातः प्रथयन्तु विद्विषः ॥ (६. २)

हमेशा पुरातन प्रेमी, परस्पर विरुद्ध अनेक व्यवहारोंको देखते हुए भी अपने इष्ट किसी एकको यथार्थ और बाकीको अयथार्थ करार देते हैं । इस दशासे ऊब कर दिवाकर कहते हैं कि–सिद्धान्त और व्यवहार अनेक प्रकार-के हैं, वे परस्पर विरुद्ध भी देखे जाते हैं । फिर उनमेंसे किसी एककी सिद्धिका निर्णय जल्दी कैसे हो सकता है ? तथापि यही मर्यादा है दूसरी नहीं ऐसा एकतरफ़ निर्णय कर लेना यह तो पुरातन प्रेमसे जड़ बने हुए व्यक्तिको ही शोभा देता है, मुझ जैसें को नहीं ।

बहुप्रकाराः स्थितयः परस्परं विरोधयुक्ताः कथमाशु निश्चयः ।
विशेषसिद्धावियमेव नेति वा पुरातनप्रेमजलस्य युज्यते ॥ (६. ४)

जब कोई नई चीज आई तो चटसे सनातन संस्कारी कह देते हैं कि, यह तो पुराना नहीं है । इसी तरह किसी पुरातन बातकी कोई योग्य समीक्षा करे तब भी वे कह देते हैं कि यह तो बहुत पुराना है, इसकी टीका न कीजिए ।

इस अविवेकी मानसको देख कर मालविकाग्निमित्रमें कालिदासको कहना पड़ा है कि—

पुराणमित्येव न साधु सर्वं न चापि काव्यं नवमित्यवद्यम् ।
सन्तः परीक्ष्यान्यतरद्भजन्ते मूढः परप्रत्ययनेयबुद्धिः ॥

ठीक इसी तरह दिवाकरने भी भाष्यरूपसे कहा है कि—यह जीवित वर्तमान् व्यक्ति भी मरने पर आगेकी पिढ़ीकी दृष्टिसे पुराना होगा; तब वह भी पुरातनोंकी ही गिनतीमें आ जायगा। जब इस तरह पुरातनता अनवस्थित है अर्थात् नवीन भी कभी पुरातन है और पुराने भी कभी नवीन रहे; तब फिर अमुक वचन पुरातन कथित है ऐसा मान कर परीक्षा विना किए उस पर कौन विश्वास करेगा ?

जनोऽयमन्यस्य मृतः पुरातनः पुरातनैरेव समो भविष्यति ।
पुरातनेष्वित्यनवस्थितेषु कः पुरातनोक्तान्यपरीक्ष्य रोचयेत् ॥ (६. ५)

पुरातन प्रेमके कारण परीक्षा करनेमें आलसी बन कर कई लोग ज्यों ज्यों सम्यग् निश्चय कर नहीं पाते हैं त्यों त्यों वे उलटे मानों सम्यग् निश्चय कर लिया हो इतने प्रसन्न होते हैं और कहते हैं कि पुराने गुरु जन मिथ्याभाषी थोड़े हो सकते हैं ? मैं खुद मन्दमति हूँ उनका आशय नहीं समझता तो क्या हुआ ? ऐसा सोचने वालोंको लक्ष्यमें रख कर दिवाकर कहते हैं कि वैसे लोग आत्मनाशकी ओर ही दौड़ते हैं ।

विनिश्चयं नैति यथा यथालसस्तथा तथा निश्चितवत्प्रसीदति ।
अवन्ध्यवाक्या गुरवोऽहमल्पधीरिति व्यवस्यन् स्ववधाय धावति ॥

शास्त्र और पुराणोंमें देवी चमत्कारों और असम्बद्ध घटनाओंको देख कर जब कोई उनकी समीक्षा करता है तब अन्धश्रद्धालु कह देते हैं, कि भाई ! हम ठहरे मनुष्य, और शास्त्र तो देव रचित हैं; फिर उनमें हमारी गति ही क्या ? इस सर्व सम्प्रदाय-साधारण अनुभवको लक्ष्यमें रख कर दिवाकर कहते हैं, कि हम जैसे मनुष्यरूप धारियोंने ही, मनुष्योंके ही चरित, मनुष्य अधिकारीके ही निमित्त ग्रथित किये हैं । वे परीक्षामें असमर्थ पुरुषोंके लिए अपार और गहन भले ही हों पर कोई हृदयवान् विद्वान् उन्हें अगाध मान कर कैसे मान लेगा ? वह तो परीक्षापूर्वक ही उनका स्वीकार-अस्वीकार करेगा ।

मनुष्यवृत्तानि मनुष्यलक्षणैर्मनुष्यहेतोर्नियतानि तैः स्वयम् ।
अलब्धपाराण्यलसेषु कर्णवानगाधपाराणि कथं ग्रहीष्यति ॥ (६. ७)

हम सभीका यह अनुभव है कि कोई सुसंगत अद्यतन मानवकृति हुई तो उसे पुराणप्रेमी नहीं छूते जब कि वे ही किसी अस्त-व्यस्त और असंबद्ध तथा समझमें न आ सके ऐसे विचारवाले शास्त्रके प्राचीनोंके द्वारा कहे जानेके कारण प्रशंसा करते नहीं अघाते । इस अनुभवके लिए दिवाकर इतना ही कहते हैं कि वह मात्र स्मृतिमोह है, उसमें कोई विवेकपटुता नहीं ।

यदेव किंचिद्विषमप्रकल्पितं पुरातनैरुक्तमिति प्रशस्यते ।
विनिश्चिताऽप्यद्य मनुष्यवाक्कृतिर्न पठ्यते यत्स्मृतिमोह एव सः ॥ (६-)

हम अंतमें इस परीक्षा-प्रधान बत्तीसीका एक ही पद्य भावसहित देते हैं—

न गौरवाक्रान्तमतिर्विगाहते किमत्र युक्तं किमयुक्तमर्थतः ।
गुणावबोधप्रभवं हि गौरवं कुलांगनावृत्तमतोऽन्यथा भवेत् ॥ (६–२८)

भाव यह है कि लोग किसी न किसी प्रकारके बड़प्पनके आवेशसे, प्रस्तुत में क्या युक्त है और क्या अयुक्त है, इसे तत्त्वतः नहीं देखते। परन्तु सत्य बात तो यह है कि बड़प्पन गुणदृष्टिमें ही है। इसके सिवायका बड़प्पन निरा-कुलाङ्गनाका चरित है । कोई अङ्गना मात्र अपने खानदानके नाम पर सद्वृत्त सिद्ध नहीं हो सकती ।

अन्तमें यहां मैं सारी उस वेदान्त विषयक द्वात्रिंशिकाको मूल मात्र दिए देता हूँ । यद्यपि इसका अर्थ द्वैतसांख्य और वेदान्त उभय दृष्टिसे होता है तथापि इसकी खूबी मुझे यह भी जान पड़ती है कि इसमें औपनिषद भाषामें जैन तत्त्वज्ञान भी अबाधित रूपसे कहा गया है । शब्दोंका सेतु पार करके यदि कोई सूक्ष्म प्रज्ञ अर्थ गाम्भीर्यका स्पर्श करेगा तो इसमेंसे बौद्ध दर्शनका भाव भी पकड़ सकेगा । अतएव इसके अर्थका विचार मैं स्थान-संकोचके कारण पाठकोंके ऊपर ही छोड़ देता हूँ । प्राच्य उपनिषदोंके तथा गीताके विचारों और वाक्योंके साथ इसकी तुलना करनेकी मेरी इच्छा है, पर इसके लिए अन्य स्थान उपयुक्त होगा ।

अजः पतंगः शबलो विश्वमयो धत्ते गर्भमचरं चरं च ।
योऽस्याध्यक्षमकलं सर्वधान्यं वेदातीतं वेदवेद्यं स वेद ॥ १ ॥
स एवैतद्विश्वमधितिष्ठत्येकस्तमेवैनं विश्वमधितिष्ठत्येकम् ।
स एवैतद्वेद यदिहास्ति वेद्यं तमेवैतद्वेद यदिहास्ति वेद्यम् ॥ २ ॥
स एवैतद्भुवनं सृजति विश्वरूपस्तमेवैतत्सृजति भुवनं विश्वरूपम् ।
न चैवैनं सृजति कश्चिन्नित्यजातं न चासौ सृजति भुवनं नित्यजातम् ॥ ३ ॥
एकायनशतात्मानमेकं विश्वात्मानममृतं जायमानम् ।
यस्तं न वेद किमृचा करिष्यति यस्तं च वेद किमृचा करिष्यति ॥ ४ ॥

सर्वद्वारानिभृत (ता) मृत्युपाशैः स्वयंप्रभानेकसहस्रपर्वा ।
यस्यां वेदाः शेरते यज्ञगर्भाः सैषा गुहा गूहते सर्वमेतत् ॥ ५ ॥

भावाभावौ निःस्वतत्त्वो [वितत्त्वो] नीरंजनो [रंजनो] यः प्रकारः ।
गुणात्मको निर्गुणो निष्प्रभावो विश्वेश्वरः सर्वमयो न सर्वः ॥ ६ ॥

सृष्ट्वा सृष्ट्वा स्वयमेवोपभुंक्ते सर्वश्चायं भूतसर्गो यतश्च ।
न चास्यान्यत्कारणं सर्गसिद्धौ न चात्मानं सृजते नापि चान्यान् ॥ ७ ॥

निरिन्द्रियचक्षुषा वेत्ति शब्दान् श्रोत्रेण रूपं जिघ्रति जिह्वया च ।
पादैर्ब्रवीति शिरसा याति तिष्ठन् सर्वेण सर्वं कुरुते मन्यते च ॥ ८ ॥

शब्दातीतः कथ्यते वावदूकैर्ज्ञानातीतो ज्ञायते ज्ञानवद्भिः ।
बन्धातीतो बध्यते क्लेशपाशैर्मोक्षातीतो मुच्यते निर्विकल्पः ॥ ९ ॥

नायं ब्रह्मा न कपर्दी न विष्णुर्ब्रह्मा चायं शंकरश्चाच्युतश्च ।
अस्मिन् मूढाः प्रतिमाः कल्पयन्तो (न्ते) ज्ञानश्चायं न च भूयो नमोऽस्ति ॥

आपो वह्निर्मातरिश्वा हुताशः सत्यं मिथ्या वसुधा मेघयानम् ।
ब्रह्मा कीटः शंकरस्तार्क्ष (क्ष्यं) केतुः सर्वः सर्वं सर्वथा सर्वतोऽयम् ॥ ११ ॥

स एवायं निभृता येन सत्त्वाः शश्वद्दुःखं दुःखमेवापि यन्ति ।
स एवायमृषयो यं विदित्वा व्यतीत्य नाकममृतं स्वादयन्ति ॥ १२ ॥

विद्याविद्ये यत्र नो संभवेते यन्नासन्नं नो दवीयो न गम्यम् ।
यस्मिन्मृत्युर्नेहते नोतुकामा (कामः) स सोऽक्षरः परमं ब्रह्मवेद्यम् ॥ १३ ॥

ओतप्रोताः पशवो येन सर्वे ओतप्रोतः पशुभिश्चैष सर्वैः ।
सर्वे चेमे पशवस्तस्य होम्यं तेषां चायमीश्वरः संवरेण्यः ॥ १४ ॥

तस्यैवैता रश्मयः कामधेनोर्याः पाप्मानमदुहानाः क्षरन्ति ।
येनाध्यातः पंच जनाः स्वपन्ति [प्रोद्बुद्धास्ते] स्वं परिवर्तमानाः ॥ १५ ॥

तमेवाश्वत्थमृषयो वामनन्ति हिरण्मयं व्यस्तसहस्रशीर्षम् ।
मनःशयं शतशाखप्रशाखं यस्मिन् बीजं विश्वमोतं प्रजानाम् ॥ १६ ॥

स गीयतेऽधीयते चाध्वरेषु मन्त्रान्तरात्मा ऋग्यजुःसामशाखः ।
अधःशयो विततांगो गुहाध्यक्षः स विश्वयोनिः पुरुषो नैकवर्णः ॥ १७ ॥

तेनैवैतद्विततं ब्रह्मजालं दुराचरं दृष्ट्युपसर्गपाशम् ।
अस्मिन्मग्ना माननामानशल्यैर्विवेष्यन्ते पशवो जायमानाः ॥ १८ ॥

अयमेवान्तश्चरति देवतानामस्मिन् देवा अधिविश्वे निषेदुः ।
अयमुद्दण्डः प्राणभुक् प्रेतयानैरेष त्रिधा बद्धो वृषभो रोरवीति ॥ १९ ॥

अपां गर्भः सविता वह्निरेष हिरण्मयश्चान्तरात्मानसो देवमानः ।
एतेन स्तंभिता सुभगा द्यौर्नभश्च गुर्वी चोर्वी सप्त च भीमयादसः ॥ २० ॥

मनः सोमः सविता चक्षुरस्य प्राणो मुखमस्याद्यपिवं दिशः ।
श्रोत्रनाभिरंध्राभादयानं पादाविलाः सुरसाः सर्वमाप ॥ २१ ॥

विष्णुर्बीजमंभोजगर्भः शंभुश्चायं कारणं लोकसृष्टौ ।
नैनं देवा विन्दते नो मनुष्या देवाश्चैनं विदुरितरेतराश्च ॥ २२ ॥
अस्मिन्नुदेति सविता लोकचक्षुरस्मिन्नस्तं गच्छति चांशुगर्भः ।
एषोऽजस्रं वर्तते कालचक्रमेतेनायं जीवते जीवलोकः ॥ २३ ॥
अस्मिन् प्राणाः प्रतिबद्धाः प्रजानामस्मिन्नस्ता रथनाभाविवाराः ।
अस्मिन् प्रीते शीर्णमूलाः पतन्ति प्राणाशंसाः फलमिव भुक्तवृन्तम् ॥ २४ ॥
अस्मिन्नेकशतं निहितं मस्तकानामस्मिन् सर्वा भूतयश्चेतनश्च ।
महान्तमेनं पुरुषवेदवेद्यं आदित्यवर्णं तमसः परस्तात् ॥ २५ ॥
विद्वानज्ञश्चेतनोऽचेतनो वा स्रष्टा निरीहः स ह पुमानात्मतंत्रः ।
क्षराकारः सततं चाक्षरात्मा वीशीर्यन्ते वाचो युक्तयोऽस्मिन् ॥ २६ ॥
बुद्धिर्बोद्धा बोधनीयोऽन्तरात्मा बाह्यश्चायं स परात्मा दुरात्मा ।
नासावेकं नापृथक् नाभितोभौ सर्वं चैतत्पशवो यं द्वीषन्ति ॥ २७ ॥
सर्वात्मकं सर्वगतं परीतमनादिमध्यान्तमपुण्यपापम् ।
बालं कुमारमजरं च वृद्धं य एनं विदुरमृतास्ते भवन्ति ॥ २८ ॥
नास्मिन् ज्ञाते ब्रह्मणि ब्रह्मचर्यं नह्याजापः स्वस्तयो नो पवित्रम् ।
नाहं नान्यो नो महान्नो कनीयान्निःसामान्यो जायते निर्विशेषः ॥ २९ ॥
नैनं मत्वा शोचते नाभ्युपैति नाप्याशास्ते म्रियते जायते वा ।
नास्मिंल्लोके गृह्यते नो परस्मिंल्लोकातीतो वर्तते लोक एव ॥ ३० ॥
यस्मात्परं नापरमस्ति किंचिद् यस्मान्नाणीयो न ज्यायोऽस्ति कश्चित् (किञ्चित्)।
वृक्ष इव स्तब्धो दिवि तिष्ठत्येकस्तेनेदं पूर्णं पुरुषेण सर्वम् ॥ ३१ ॥
नानाकल्पं पश्यतो जीवलोकं नित्यासक्तव्याधयश्चाधयश्च ।
यस्मिन्नेवं सर्वतः सर्वतत्त्वं दृष्टे देवे नो पुनस्तापमेति ॥ ३२ ॥

*

उपसंहारमें सिद्धसेनका एक पद्य उद्धृत करता हूँ जिसमें उन्होंने धार्ष्ट्य-पूर्ण वक्तृत्व या पाण्डित्यका उपहास किया है –

दैवखातं च वदनं आत्मायत्तं च वाङ्मयम् ।
श्रोतारः सन्ति चोक्तस्य निर्लज्जः को न पण्डितः ॥

सारांश यह है, कि मुखका गड्ढा तो दैवने ही खोद रखा है, प्रयत्न यह अपने हाथ की बात है और सुननेवाले सर्वत्र सुलभ हैं; इसलिए वक्ता या पण्डित बननेके निमित्त यदि जरूरत है तो केवल निर्लज्जताकी है । एक बार धृष्ट बन कर बोलिए फिर सब कुछ सरल है ।

*

गूज़रातमां 'नैषधीयचरित'नो प्रचार तथा ते उपर लखायेली टीकाओ*

*

[ले० — श्रीयुत अध्यापक भोगीलाल ज० सांडेसरा. एम्. ए.]

નળ–દમયંતીના સુપ્રસિદ્ધ પુરાણોક્ત પ્રણયપ્રસંગનું લયમધુર, અર્થગર્ભ અને વિલક્ષણ પાંડિત્યપૂર્ણ વાણીમાં નિરૂપણ કરતું શ્રીહર્ષકૃત મહાકાવ્ય 'નૈષધીયચરિત' સંસ્કૃત પંચકાવ્યોમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે. नैषधं विद्वदौषधम् એ ઉક્તિ સંસ્કૃત સાહિત્યના રસિકોમાં કહેવતરૂપ છે. અને–

साहित्ये सुकुमारवस्तुनि दृढन्यायग्रहग्रन्थिले
तर्के वा मयि संविधातरि समं लीलायते भारती ।
शय्या वास्तु मृदूत्तरच्छदवती दर्भाङ्कुरैरास्तृता
भूमिर्वा हृदयंगमो यदि पतिस्तुल्या रतिर्योषिताम् ॥

એ રાજશેખરકૃત 'પ્રબન્ધકોશ'ના 'શ્રીહર્ષ પ્રબંધ'માં શ્રીહર્ષના મુખમાં મુકાયેલો શ્લોક કદાચ તેનો ન હોય તો પણ પાંડિત્ય અને કવિતાનો સંયોગ સાધવાનો સંસ્કૃત સાહિત્યમાંયે અભૂતપૂર્વ એવો જે પ્રયોગ શ્રીહર્ષે કર્યો છે તેનો નિદર્શક છે. 'નૈષધ'ને પોતે ઈરાદાપૂર્વક ખાસ ઉદ્દેશથી કઠિન બનાવ્યું હોવાનો દાવો કવિ ૨૨ મા સર્ગના અંતમાં કરે છે–

ग्रन्थग्रन्थिरिह क्वचित्क्वचिदपि न्यासि प्रयत्नान्मया
प्राज्ञंमन्यमना हठेन पठिती मास्मिन् खलः खेलतु ।
श्रद्धाराद्धगुरुश्लथीकृतदृढग्रन्थिः समासादय-
त्वेतत्काव्यरसोर्मिमज्जनसुखव्यासज्जनं सज्जनः ॥[१]

આ અદ્‌ભુત પાંડિત્યપૂર્ણ કાવ્યગ્રન્થના કર્તા શ્રીહર્ષના જીવનકાળ વિષે વિદ્વાનોમાં ઘણા સમય સુધી મતભેદ પ્રવર્તેલો હતો.[૨] પરન્તુ રાજશેખર કૃત 'પ્રબન્ધકોશ'ના આધારે[૩] એ વસ્તુ તો હવે નિશ્ચિત થઈ ચૂકી છે કે શ્રીહર્ષ એ વિક્રમના તેરમા સૈકામાં

---

* પંદરમા ગૂજરાતી સાહિત્યસંમેલનમાં સ્વીકારાયેલો નિબંધ.

૧. આ શ્લોકને પણ, કેટલાક વિદ્વાનો પ્રક્ષિપ્ત માને છે. જુઓ એમ. કૃષ્ણમાચારીઅરકૃત Classical Sanskrit Literature, p. 180.

૨. આ મતભેદના ઉલ્લેખો માટે જુઓ Classical Sanskrit Literature, p. 178–79; પાદટિપ્પણ તથા 'નૈષધ'ની નિર્ણયસાગરની આવૃત્તિની પં. શિવદત્તની પ્રસ્તાવના, પૃ. ૯–૧૩.

૩. જુઓ 'પ્રબન્ધકોશ'નો શ્રીહર્ષપ્રબન્ધ. શ્રીહર્ષના જીવનની કેટલીક જાણવા જેવી હકીકતો એમાંથી મળે છે.

થઈ ગયેલા કનોજ અને બનારસના રાજા વિજયચંદ્રના પુત્ર જયંતચંદ્ર[૪](જે સામાન્ય રીતે ઇતિહાસમાં જયચંદ્ર નામથી ઓળખાય છે તે) નો આશ્રિત હતો. જયંતચંદ્રનો રાજત્વકાળ સં. ૧૨૨૪થી સં. ૧૨૫૦નો નક્કી થયેલો છે. તેના લેખો પણ સં. ૧૨૨૫ અને સં. ૧૨૪૩ના મળેલા છે. ઈ. સ. ૧૧૯૪ (એટલે કે ૧૨૫૦)માં મુસલમાનોને હાથે જયંતચંદ્રનો પરાજય થયો હતો એ ઇતિહાસપ્રસિદ્ધ છે. એટલે શ્રીહર્ષનું આ મહાકાવ્ય વિક્રમની તેરમી શતાબ્દીના પૂર્વાર્ધમાં રચાયું હતું એમ નિશ્ચિત થાય છે. 'પ્રબંધકોશ'માં વર્ણવાયેલી વિગતોને આધારે પં. શિવદત્ત એ કાવ્ય ઈ. સ. ૧૧૭૪ (અર્થાત્ સં. ૧૨૩૦)ની કંઈક પૂર્વે રચાયું હોવાનું માને છે.

'નૈષધીયચરિત'નો ગૂજરાતમાં પ્રચાર

આમ 'નૈષધીયચરિત' એ પંચ મહાકાવ્યોમાં સૌથી છેલ્લું લખાયેલું છે. છતાં તેની અંતર્ગત વિશિષ્ટતાઓને કારણે થોડા જ કાળમાં સંસ્કૃતના અભ્યાસીઓમાં એ કાવ્યે માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી લીધું. એ કાવ્યનો ગૂજરાતમાં પ્રચાર ઘણો વહેલો—એની રચના પછી અર્ધી સદીની અંદર જ થઈ ચૂક્યો હતો. 'નૈષધ'ની સૌથી પ્રાચીન ટીકાઓ ગૂજરાતમાં જ રચાયેલી છે, તથા તેની સૌથી જૂની હાથપ્રતો પણ ગૂજરાતમાં જ મળે છે, એ બન્ને વસ્તુઓ એ રીતે સૂચક છે.

શ્રીહર્ષના વંશમાં જ થયેલો હરિહર નામનો પંડિત 'નૈષધીયચરિત'ની હાથપ્રત પહેલપ્રથમ ગૂજરાતમાં લાવ્યો હતો, એનો ઉલ્લેખ રાજશેખરકૃત 'પ્રબન્ધકોશ'ના 'હરિહરપ્રબંધ'માં મળે છે. એ સમૃદ્ધિશાળી પંડિત ગૌડ દેશમાંથી ૨૦૦ ઘોડાઓ, ૫૦ ઊંટ અને ૫૦૦ માણસોનો રસાલો પોતાની સાથે લઈ મોકળે હાથે અન્નદાન દેતો દેતો ગૂજરાતમાં ધોળકામાં રાણા વીરધવલના દરબારમાં કેવી રીતે પ્રવેશ્યો, ત્યાં વીરધવલના મન્ત્રી વસ્તુપાળે તેનો સત્કાર કર્યો છતાં 'કીર્તિકૌમુદી,' 'સુરથોત્સવ' વગેરેના સુપ્રસિદ્ધ કર્તા પુરોહિત સોમેશ્વરે ઇર્ષ્યાને કારણે તેના તરફ કેમ ઉદાસીનતા બતાવી, હરિહરની યુક્તિથી સોમેશ્વરનો કેવી રીતે માનભંગ થયો તથા છેવટે વસ્તુપાલ અને વીરધવલના પ્રયત્નથી સોમેશ્વર અને હરિહરની કેવી રીતે મૈત્રી થઈ વગેરે પ્રસંગ તેમાં વર્ણવેલો છે. 'નૈષધ'ની હાથપ્રત સંબંધી હકીકત એ પછી આવે છે. હરિહર પંડિત શ્રીહર્ષનો વંશજ હોઈ 'નૈષધ' કાવ્ય તેને સંપૂર્ણ રીતે અવગત હતું. પ્રબન્ધકાર લખે છે—

"સોમેશ્વર અને હરિહર વચ્ચે રોજ ઇષ્ટિગોષ્ટિ થવા લાગી. હરિહર પંડિત 'નૈષધ'માંનાં કાવ્યો સમયાનુસાર બોલતો. આથી વસ્તુપાલ ખુશ થતો કે—'અહો ! આ કાવ્યો અશ્રુતપૂર્વ છે.' એકદા તેણે હરિહર પંડિતને પૂછ્યું—'આ કયો ગ્રન્થ છે?' પંડિતે કહ્યું—'નૈષધ'. વસ્તુપાલે કહ્યું—'કવિ કોણ છે?' 'શ્રીહર્ષ'. વસ્તુપાલે કહ્યું,

---

૪. રાજશેખરે જયંતચંદ્રને વારાણસીના રાજા ગોવિન્દચંદ્રનો પુત્ર બતાવેલો છે, પણ તામ્રપત્રોને આધારે નક્કી થયું છે કે તે ગોવિંદચન્દ્રનો નહીં પણ ગોવિન્દચંદ્રના પુત્ર વિજયચંદ્રનો પુત્ર છે. 'નૈષધ'ના પાંચમા સર્ગના અંતિમ શ્લોકમાં શ્રીહર્ષ तस्य श्रीविजयप्रशस्तिरचनातातस्य नव्ये महाकाव्ये चारुणि नैषधीयचरिते सर्गोऽगमत्पञ्चमः ॥ એ પ્રમાણે પોતાને 'વિજયપ્રશસ્તિ'ના કર્તા તરીકે ઓળખાવે છે. આ કૃતિ અત્યારે મળતી નથી, પણ તેમાં જયંતચન્દ્રના પિતા વિજયચન્દ્રની પ્રશસ્તિ હશે એ લગભગ નિઃશંક છે.

'તેનો આદર્શ (મૂળ પ્રતિ) મને બતાવો.' પંડિતે કહ્યું – 'અન્યત્ર આ ગ્રન્થ નથી, માટે ચાર પ્રહરને માટે જ હું તમને પુસ્તિકા આપીશ.' એમ કહી તેણે પુસ્તિકા આપી. વસ્તુપાળે રાત્રે લેખકોને રોકીને નવી પુસ્તિકા લખાવી લીધી. જીર્ણ દોરી વડે બાંધી અને વાસના ન્યાસ વડે ધૂસર કરીને મૂકી રાખી. સવારમાં પંડિતને પુસ્તિકા પાછી આપી–'લ્યો આ તમારું નૈષધ'. પંડિતે પુસ્તિકા લીધી મન્ત્રીએ કહ્યું–'અમારા ભંડારમાં પણ આ શાસ્ત્ર છે એવું અમને સ્મરણ થાય છે, માટે ભંડાર જુઓ.' વિલંબપૂર્વક પેલી નવીન પ્રતિ ખોળી કાઢવામાં આવી અને જુએ છે તો निपीय यस्य क्षितिरक्षिणः कथाः ઈત્યાદિથી શરૂ થતું 'નૈષધ' નીકળ્યું. આ જોઇને પંડિત હરિહરે કહ્યું–'મન્ત્રી, તમારી આ માયા છે, કેમકે આવાં કાર્યોમાં અન્યની મતિ ચાલી શકે નહીં. તમે પ્રતિપક્ષીઓને યોગ્ય રીતે દંડ્યા છે; જૈન, વૈષ્ણવ અને શૈવ શાસનો સ્થાપ્યાં છે; સ્વામીના વંશનો ઉદ્ધાર કર્યો છે; જેની પ્રજ્ઞા આવી પ્રકાશે છે' (તેને માટે શું બાકી રહે?)"

આ ઉપરથી જણાય છે કે વસ્તુપાલના સમયમાં હરિહર પંડિત 'પ્રબન્ધ'ની પહેલી હાથપ્રત ગૂજરાતમાં લાવ્યો હતો અને તે ઉપરથી વસ્તુપાલે નકલો કરાવી લીધી હતી. એ કાવ્યનો ત્યાર પછી જ બહોળો પ્રચાર થયો હશે. વસ્તુપાલ–તેજપાલે રાણા વીરધવલના મન્ત્રીપદનો સં. ૧૨૭૬ આસપાસમાં સ્વીકાર કર્યો હતો અને સં. ૧૨૯૫ અથવા ૧૨૯૬માં વસ્તુપાલનું અવસાન થયું હતું, એટલે સં. ૧૨૭૬ અને ૧૨૯૫ વચ્ચેનાં વર્ષોમાં ક્યારેક હરિહર પંડિત ગૂજરાતમાં આવ્યો હશે. એ પહેલાં 'નૈષધ' હિન્દનાં બીજા ભાગોમાં પણ ઝાઝી પ્રસિદ્ધિ નહીં પામ્યું હોય એ ચોક્કસ છે. કેમકે વીરધવલના દરબારમાં અને વસ્તુપાલના આશ્રિત તરીકે હિન્દના જુદા જુદા પ્રદેશોના પંડિતો આવતા હતા, વસ્તુપાલ પોતે તથા પુરોહિત સોમેશ્વર સંસ્કૃત ભાષાના સારા કવિઓ હતા, એ કાળનું ગૂજરાત સંસ્કૃત કાવ્યસાહિત્યના અધ્યયન–અધ્યાપન વડે શબ્દાયમાન હતું અને નવા કાવ્યો પણ મોટા પ્રમાણમાં રચાતાં હતાં. સિદ્ધરાજના કાળથી રાજકીય ગ્રન્થભંડારો સ્થાપવામાં આવતા હતા અને વસ્તુપાલે પણ લાખોના ખર્ચે નવા ગ્રન્થભંડારો સ્થાપ્યા હતા. આવી સ્થિતિમાં જો 'નૈષધ' જેવું કાવ્ય ઠીક ઠીક પ્રસિદ્ધિ પામ્યું હોત તો તેની પ્રતો ગૂજરાત સુધી અને તેમાંયે વસ્તુપાલ જેવાના ગ્રન્થભંડારમાં આવ્યા સિવાય રહે એ લગભગ અસંભવિત હતું. એટલે હરિહર પંડિતની પ્રત અહીં આવ્યા પછી 'નૈષધ'નો બહોળો પ્રચાર કરવાનું તથા તે દુર્ગમ કાવ્ય ઉપર ટીકાઓ લખી તેના અધ્યાપનને વેગ આપવાનું માન ગૂજરાતના સાહિત્યરસિકો અને પંડિતોને ઘટે છે.

ગૂજરાતમાં 'નૈષધીયચરિત'ની તાડપત્રીય પ્રતો

વિક્રમના તેરમા શતકના અંતમાં 'નૈષધીયચરિત'ની પોથી હરિહર પંડિત ગૂજરાતમાં લાવ્યો અને તે ઉપરથી વસ્તુપાલે નકલ કરાવી લીધી ત્યાર બાદ એ કાવ્યની નકલો ગૂજરાતમાં મોટા પ્રમાણમાં થઈ હોવી જોઇએ એમ અત્યારે મળતી તાડપત્રીય હાથપ્રતો ઉપરથી જણાય છે. 'નૈષધ'ની જૂનામાં જૂની હાથપ્રતો ગૂજરાતમાં જ મળે છે

એ પણ ખાસ નોંધપાત્ર છે. વસ્તુપાલે 'નૈષધ'ની નકલ કરાવી તે પછી રાજકીય પુસ્તકાલયમાં પણ એની નકલ મુકાઈ હોય એમ એ કાવ્યની 'સાહિત્યવિદ્યાધરી' ટીકાની એક હાથપ્રતમાં મળતા નીચેના ઉલ્લેખ ઉપરથી જણાય છે –

इत्यपरार्जुन – चौलुक्यचूडामणि – राजनारायणावतार – भुजबलमल्ल-महाराजाधिराज – श्रीमद्वीसलदेवस्य भारतीभाण्डागारे नैषधस्य एकादशमोऽध्यायः ।[5]

અર્થાત્ વીરધવલના પુત્ર વીસલદેવના ભારતીભાંડાગારમાં 'નૈષધ'નું પુસ્તક હતું અને 'સાહિત્યવિદ્યાધરી' ટીકા એ પુસ્તકના પાઠને અનુસરતી હોવી જોઈએ. આ પુસ્તકનો અત્યારે કોઈ સ્થળે પત્તો નથી, પણ 'નૈષધ'ની બીજી કેટલીક તાડપત્રીય પ્રતો ગુજરાતમાં લખાયેલી મળે છે.

પાટણમાં સંઘવીના પાડાના ભંડારમાં સં. ૧૩૦૪માં એટલે વીસલદેવ વાઘેલાના રાજ્યકાળમાં લખાયેલી 'નૈષધ'ની એક પ્રત છે, જેમાં ૧૧ થી ૨૨ સુધીના સર્ગ મળે છે. એની પુષ્પિકા નીચે પ્રમાણે છે –

शशांकसंकीर्तनं नाम । संवत् १३०४ आ० शु० ३ शुक्रे ठ० मूंधेन नैषधमलेखि ॥[6]

જેસલમેરના બડા ભંડારમાં 'નૈષધ'ની એક તાડપત્રની હાથપ્રત છે, જેમાં સં. ૧૩૭૮માં જિનકુશલસૂરિના ઉપદેશથી તેમના અનુયાયી એક શ્રાવકે મૂલ્ય આપીને તે ખરીદી હોવાનો ઉલ્લેખ છે. અર્થાત્ સં. ૧૩૭૮ પહેલાં તે લખાયેલી હોવી જોઇએ. એની પુષ્પિકા નીચે પ્રમાણે છે –

संवत् १३७८ वर्षे श्रीश्रीमालकुलोत्तंसश्रीजिनशासनप्रभावनाकरण-प्रवीणेन सा देदापुत्ररत्नेन सा० आनासुश्रावकेण सत्पुत्र उदारचरित सा० राजदेव सा० छज्जल सा० जयंतसिंह सा० अश्वराजप्रमुखपरिवार – परिवृतेन युगप्रवरागम श्रीजिनकुशलसूरिसुगुरूपदेशेन नैषधसूत्रपुस्तिका मूल्येन गृहीता ।[8]

પાટણના સંઘવીના પાડાના ભંડારમાં 'નૈષધ'ની બીજી એક તાડપત્રીય પ્રત છે, જે સં. ૧૩૯૫માં પાટણની ઉત્તરે આવેલા જંઘરાલ ગામના બ્રાહ્મણ કેશવે કોઈ સ્થળેથી પ્રાપ્ત કરેલી છે, એટલે મૂળ પ્રત તો એ પહેલાં લખાયેલી હોવી જોઇએ. 'નૈષધ'ના ૧થી ૧૪ સર્ગ એમાં લખેલા છે. એની પુષ્પિકા નીચે પ્રમાણે છે –

---

૫. ભાંડારકર ઇન્સ્ટીટ્યુટના સંગ્રહમાં સં. ૧૪૪૨માં લખાયેલી 'સાહિત્યવિદ્યાધરી'ની હાથપ્રત છે. તેમાં આ ઉલ્લેખ મળે છે, એટલે એ હાથપ્રત અથવા તેનું મૂળ પ્રતીક વીસલદેવના ભારતીભાંડાગારમાંના આદર્શ ઉપરથી ઉતારેલ હશે.

૬. Descriptive Catalogue of Manuscripts of the Jain Bhandars at Pattan (G. O. S.), p. 64.

૭. જેસલમેરના ભંડારની જૂની હાથપ્રતો મૂળ પાટણમાંથી ત્યાં ગયેલી છે, એટલે એ બધી જ ગૂજરાતમાં લખાયેલી છે. જેસલમેરની હાથપ્રતોની અંતિમ પુષ્પિકાઓમાં મોટે ભાગે ગૂજરાતનાં જ ગામોનો નિર્દેશ છે.

૮ Catalogue of Mss. in Jesalmere Bhandar (G. O. S.), p. 14.

संवत् १२९५ वर्षे कार्तिकशुदि १० शुक्रे श्रीभारतीप्रसादेन जंघरालवास्तव्य उदीच्यज्ञातीय रा० दूदासुत रा० केसव महाकाव्यनैषधपुस्तिका प्राप्ता । मंगलं भवतु ॥[९]

આ સિવાય સંઘવીના પાડાના ભંડારમાં 'નૈષધ'ની ત્રીજી તાડપત્રીય પ્રત પણ છે,[૧૦] પરન્તુ એમાં લખ્યા સંવત્ નથી. જેસલમેરમાં પણ ઉપર નોંધેલી સં. ૧૨૯૫ વાળી હાથપ્રત ઉપરાંત 'નૈષધ'ની બીજી ત્રણ તાડપત્રીય પ્રતો છે, એમાંની બે પ્રતિમાં તો 'સાહિત્યવિદ્યાધરી' ટીકા પણ લખેલી છે.[૧૧] આ ત્રણ પૈકી એક પ્રતમાં લખ્યા સં. નથી, પરંતુ એ સર્વે પ્રતો તાડપત્રો ઉપર લખાયેલી છે, અને સામાન્ય રીતે વિક્રમની પંદરમી સદીના અંત પછી તાડપત્રો ઉપર લખાયેલા ગ્રન્થો મળતા નથી,[૧૨] એ જોતાં એમાંની કોઈ પણ પ્રત પંદરમી સદીથી અર્વાચીન હોઈ શકે નહીં. લિપિના મરોડની દૃષ્ટિએ પરીક્ષા કરવામાં આવે તો એથી ઘણી જૂની પણ માલુમ પડે.

'નૈષધ'ની જૂનામાં જૂની હાથ પ્રતો આમ ગૂજરાતે સાચવી છે, એ વસ્તુ પણ ગૂજરાતના વિદ્વાનોમાં 'નૈષધ'નો જે પ્રચાર થયો હતો તેની સૂચક છે. સંસ્કૃત સાહિત્યના આ અમૂલ્ય રત્નનાં આટલાં પ્રાચીન અને વિશ્વસ્ત પ્રતીકો બીજે ક્યાંય મળતાં હોય એમ મારા જાણવામાં નથી.

ગૂજરાતમાં લખાયેલી 'નૈષધ'ની ટીકાઓ

'નૈષધ'નું વ્યવસ્થિત અધ્યયન—અધ્યાપન પ્રમાણમાં ગૂજરાતમાં જ પહેલું થયું હોય એમ તેની સૌથી પ્રાચીન—તથા સૌથી વિદ્વત્તાપૂર્ણ—ટીકાઓ ગૂજરાતના વિદ્વાનોએ લખી છે તે ઉપરથી લાગે છે.[૧૩] ગૂજરાતમાં લખાયેલી 'નૈષધ'ની નીચે પ્રમાણે ૭ ટીકાઓ અત્યાર સુધીમાં જાણવામાં આવેલી છે.[૧૪]

---

૯. Descriptive Catatogue of Mss. of the Jain Bhandar at Pattan, p. 113.

૧૦. Ibid, p. 170.

૧૧ Catalogue of Mss. in Jesalmere Bhandar, p. 13–16–37.

૧૨. જુઓ—"અમારો અનુભવ છે ત્યાં સુધી પંદરમી સદીના અંત સુધી તાડપત્ર ઉપર લખવાનું ચાલુ રહ્યું છે. પંદરમી સદીના અસ્ત સાથે તાડપત્ર ઉપરનું લેખન પણ આથમી ગયું છે."—પુરાવિદ્ મુનિ શ્રીપુણ્યવિજયજીકૃત 'ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકળા,' પૃ. ૨૬

૧૩. ગૂજરાતના બે પહેલા ટીકાકારો વિદ્યાધર અને ચંડુ પંડિત બ્રાહ્મણો હતા. બાકીની ટીકાઓ જૈનોને હાથે લખાયેલી છે. ગૂજરાતના જૈનોમાં 'નૈષધ'નું પરિશીલન સારા પ્રમાણમાં થતું હતું. પંદરમા સૈકામાં થઈ ગયેલ 'શાન્તિનાથ ચરિત'ના કર્તા મુનિભદ્રસૂરિ પોતાના એ મહાકાવ્યમાં 'શ્રીહર્ષના અમૃત સૂક્તિવાળા નૈષધ મહાકાવ્ય'નો ઉલ્લેખ કરે છે. સત્તરમા સૈકામાં થઈ ગયેલા, જૈન વિશ્વવિદ્યા (Cosmology)નો સુપ્રસિદ્ધ ગ્રન્થ 'લોકપ્રકાશ' તથા 'કલ્પસૂત્ર' ઉપર 'સુબોધિકા' નામની ટીકા લખનાર પ્રતિભાશાળી વિદ્વાન ઉપાધ્યાય વિનયવિજયજીએ નૈષધાદિ મહાકાવ્યોનો અભ્યાસ કર્યો હતો અને તેમના પોતાના હાથે ૧૬૮૪ના ચૈત્ર વદિ ૧૦ શુક્રને દિને લખાયેલી 'નૈષધ'ની બારમા સર્ગ સુધીની રામચન્દ્ર શેષની ટીકા સાથેની પ્રત મળે છે. અરાઢમા શતકમાં થયેલા મેઘવિજય ઉપાધ્યાયે 'નૈષધીયસમસ્યા' નામથી શાન્તિનાથનું ચરિત્ર લખ્યું છે. તે પાદપૂર્તિનો એક જબરો પ્રયત્ન છે. 'નૈષધ'ના પ્રતિશ્લોકનો એક પાદ લઈ પોતાના નવા ત્રણ પાદ ઉમેરી ૭ સર્ગમાં એ કાવ્ય તેમણે લખ્યું છે. મુનિભદ્રસૂરિએ પોતાના ઉપર્યુક્ત 'શાન્તિનાથચરિત્ર'માં જણાવ્યું છે તેમ "જૈનેતરોએ રચેલાં પંચમહાકાવ્યો જૈનાચાર્યો પ્રથમાભ્યાસીઓને વ્યુત્પત્તિની પ્રાપ્તિ અર્થે સતત ભણાવતા હતા."

૧૪. 'નૈષધ'ની ૩૪ ટીકાઓ Classical Sanskrit Literature (પૃ. ૧૮૨–૮૩)માં કૃષ્ણ-

૩.૧.૪.

વિદ્યાધર[15]–વિદ્યાધરકૃત 'સાહિત્યવિદ્યાધરી' ટીકા એ શ્રીહર્ષના કઠિન કાવ્યની સર્વપ્રથમ ટીકા હોવાનું માન ખાટી જાય છે. 'સાહિત્યવિદ્યાધરી'ની હાથપ્રતો ઉપરથી જણાય છે કે વિદ્યાધર એ રામચન્દ્ર નામે વૈદ્યનો પુત્ર હતો અને તેની માતાનું નામ સીતા હતું. સં. ૧૩૫૩માં 'નૈષધ' ઉપર ટીકા લખનાર ચંડુ પંડિત વિદ્યાધરની ટીકાનો ઉલ્લેખ કરે છે એટલું જ નહીં પણ વિદ્યાધરની ટીકા અનુસારનાં પાઠાન્તરો પણ કેટલેક સ્થળે નોંધે છે, એટલે વિદ્યાધર સં. ૧૩૫૩ પૂર્વે થઈ ગયો છે એ તો નિશ્ચિત છે. આપણે આગળ જોયું તેમ વિદ્યાધર પોતાની ટીકામાં વીસલદેવ વાઘેલાના ભારતી–ભાંડાગારમાંના 'નૈષધીય ચરિત'ના પ્રતીકના પાઠને અનુસર્યો છે, એટલે તે વીસલદેવનો સમકાલીન હોય એ સંભવિત છે. ટીકાની હાથપ્રતમાં વીસલદેવને 'મહારાજાધિરાજ' કહ્યો છે. હવે, વીસલદેવ ધોળકાનો રાણો મટીને સં. ૧૩૦૦માં પાટણનો મહારાજાધિરાજ થયો. તેનો રાજત્વકાળ સં. ૧૩૦૦થી ૧૩૧૮ સુધીનો છે, એટલે ઉપરનું અનુમાન જો સાચું હોય તો 'સાહિત્યવિદ્યાધરી' વિક્રમના ચૌદમા સૈકાના પૂર્વાર્ધમાં રચાયેલી છે, એમ નિશ્ચિત થાય.

'સાહિત્યવિદ્યાધરી' જો કે ચંડુ પંડિતની ટીકા જેવી પાંડિત્યપ્રવણ નથી, પણ 'નૈષધ'ની તે પહેલી જ ટીકા હોઈ પાછળના ટીકાકારોએ તેનો સારો ઉપયોગ કર્યો છે. તે કાળના ગૂજરાતમાં સંસ્કૃત અભ્યાસીઓમાં કાતન્ત્ર વ્યાકરણનું પરિશીલન વ્યાપક હતું, અને વિદ્યાધરે પણ કાતન્ત્રનો હવાલો આપ્યો છે. ૨–૪૦ની ટીકામાં તેણે કુન્તકના 'વક્રોક્તિજીવિત'નો તથા ૨૧–૧૨૬ તથા ૧૨૮ની ટીકામાં 'સંગીતચૂડામણિ' તથા 'સંગીત સાગર' એ બે સંગીતને લગતા ગ્રન્થનો ઉલ્લેખ કર્યો છે. ૨–૨૪ની ટીકામાં 'પ્રતાપ માર્તંડ'માંથી અવતરણ આપ્યું છે.

ચંડુ પંડિત–ચંડુ પંડિતે પોતાની ટીકા સં. ૧૩૫૩માં લખી છે એમ ટીકાના અંતમાં તેમણે કરેલી નોંધ ઉપરથી જણાય છે. ચંડુ પંડિત પોતાને વિષે ઠીક ઠીક માહિતી તેમાં આપે છે. તે ધોળકાનો વતની નાગર બ્રાહ્મણ હતો. એના પિતાનું નામ આલિગ પંડિત અને માતાનું નામ ગૌરીદેવી હતું. એના ગુરુનું નામ વૈદ્યનાથ હતું, પણ તેણે 'નૈષધ'નો અભ્યાસ મુનિદેવ પાસે અને 'મહાભારત'નો અભ્યાસ નરસિંહ પંડિત પાસે કર્યો હતો. ન્યાસ સાથે કારિકાનો અભ્યાસ પણ તેણે કર્યો હતો. સારંગ (સારંગદેવ વાઘેલો) જ્યારે ગૂજરાતનો રાજા હતો અને માધવ નામે તેનો મહામાત્ય હતો ત્યારે આ ટીકા પૂર્ણ થઈ હોવાનું તેમાં જણાવેલું છે. સં. ૧૩૫૩ એ સારંગદેવ વાઘેલાના રાજ્યકાળનું છેલ્લું જ વર્ષ છે. આમ છતાં એની પછી ગાદીએ આવનાર કર્ણદેવ વાઘેલાના સમયની કેટલીક હકીકત પણ એમાં મળે છે. એમાં જણાવેલું છે કે સાર-

---

માચારીઅરે નોંધી છે, જેમાંની ૨૩નાં નામ Catalogus Catalogorumમાં છે. એ ૩૪માં નહીં નોંધાયેલી રત્નચન્દ્ર અને મુનિચંદ્રની બે ટીકાઓ ઉમેરતાં 'નૈષધ'ની ટીકાઓની કુલ સંખ્યા ૩૬ થાય, જેમાંની ૬ ગૂજરાતમાં લખાયેલી છે.

૧૫. વિદ્યાધર અને ચંડુ પંડિતની ટીકાઓ વિષેની માહિતી 'નૈષધ'ના અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવનામાં પ્રો. કૃષ્ણકાંત હિંદીકીએ આપેલી વિગતોને આધારે સંકલિત કરવામાં આવી છે, એ વસ્તુની સાભાર નોંધ લઉં છું.

ગદેવના અવસાન પછી મહામાત્ય માધવદેવે કોઈ ઉદયરાજને રાજ્યગાદીએ લાવવાનો પ્રયત્ન કરતાં દ્વૈરાજ્યને કારણે ગૂજરાતમાં ભારે અંધાધુંધી ચાલી હતી.[૧૬] કર્ણ વાઘેલાના સમયમાં ગૂજરાત ઉપર મુસલમાનોએ ચઢાઈ કરી તેનો ઉલ્લેખ પણ ટીકામાં છે. પહેલા સર્ગને અંતે ટીકામાં જણાવેલું છે કે 'મ્લેચ્છોએ કરેલા ઉપદ્રવને કારણે ટીકાનું પ્રતીક બળી ગયું હતું, તેથી તેની ઉચિત પૂર્ત્તિ ચંડુ પંડિતના વિદ્વાન બંધુ ટાલણે કરી હતી.' (म्लेच्छोपलिङ्गाज्वलितप्रतीकां टीकामिमां पूरयति स्म सम्यक्।) સં. ૧૩૫૩ માં ચંડુ પંડિતે ટીકા પૂરી કરી અને એજ વર્ષમાં સારંગદેવનું અવસાન થયું હતું. તે સમય પછીના જે ઉલ્લેખો દાખલ થયા છે તે ચંડુ પંડિતના ભાઈના હાથે દાખલ થયા હશે એમ માનવું સમુચિત છે.

ચંડુ પંડિતે ઋગ્વેદ ઉપર એક ટીકા લખી હોવાનું જણાય છે. ૯ મા સર્ગની ટીકામાં આ ઋગ્વેદ–ટીકામાંથી એક વિસ્તૃત અવતરણ તેણે આપ્યું છે. સાયણાચાર્ય કરતાં ચંડુ પંડિત અર્ધી સદી જેટલો જૂનો છે, એટલે આ ટીકા ઘણી મહત્વની ગણાય. પરન્તુ અત્યારે તે ઉપલબ્ધ નથી. ચંડુ પંડિત વૈદિક કર્મકાંડનો નિષ્ણાત હતો અને સંસ્કૃત કાવ્યોનો તે એકમાત્ર ટીકાકાર એવો છે જે વારંવાર શ્રૌતસૂત્રોના હવાલા આપે છે. તેણે સોમસત્રો તથા દ્વાદશાહ અને અગ્નિચયન યજ્ઞો કર્યા હતા. વાજપેય યજ્ઞ તથા બૃહસ્પતિસવ કરીને તેણે અનુક્રમે 'સમ્રાટ' અને 'સ્થપતિ'ની પદવી ધારણ કરી હતી.[૧૭] આ ઉલ્લેખો બતાવે છે કે ચંડુ પંડિત ભારે સમૃદ્ધિશાળી હોવો જોઈએ. બીજું એ પણ જાણવા મળે છે કે વિક્રમના ચૌદમા સૈકામાં ગૂજરાતમાં વૈદિક યજ્ઞો થતા હતા. ચંડુ પંડિતે પોતાના પુરોગામી વિદ્યાધરની ટીકાનો નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો છે–

टीकां यद्यपि सोपपत्तिरचनां विद्याधरो निर्ममे
श्रीहर्षस्य तथापि न त्यजति सा गम्भीरतां भारती।
दिक्कूलंकषतां गतैर्जलधरैरुद्गृह्यमाणं मुहुः
पारावारमपारमम्बु किमिह स्याज्जानुदघ्नं क्वचित्॥

'નૈષધ' ઉપર તો શું પણ બીજા કોઈ પણ સંસ્કૃત કાવ્ય ઉપર ચંડુ પંડિતના જેટલી વિદ્વત્તાપૂર્ણ ટીકા બીજી એક પણ લખાઈ નથી. 'નૈષધ' જેવા પાંડિત્યપૂર્ણ કાવ્યના વિવેચકે પોતાની ટીકામાં આપણી પરંપરાગત વિદ્યાના પ્રત્યેક ક્ષેત્રના ગ્રન્થોમાંથી સવિસ્તર અવતરણો આપ્યાં છે અથવા પ્રસ્તુત ઉલ્લેખો કર્યા છે; એટલું જ નહીં પણ તે તે સ્થળે તેણે જે મૂલગામી વિવેચન કર્યું છે તે બતાવે છે કે ચંડુ પંડિત ન્યાય, વ્યાકરણ અને સાહિત્યનો પ્રકાંડ પંડિત હતો.

ચંડુ પંડિતની ટીકામાં દાર્શનિક ગ્રન્થોમાં પ્રશસ્તપાદભાષ્ય શ્રીધરની 'ન્યાયકન્દલી,' કુમારિલનું 'શ્લોકવાર્તિક,' ભાસર્વજ્ઞનો 'ન્યાયસાર,' આનંદબોધકૃત

---

૧૬. ××× यथा इदानीं महामात्यश्रीमाधवदेवेन श्रीउदयराजे राजनि कर्तुमारब्धे सति महाराजश्रीकर्णदेवस्य भूमौ गूर्जरधरित्र्यां सर्वत्र सर्वैर्जनानां वित्तेऽपह्रियमाणे द्वैराज्यात् लोके विरक्तिरजनि। (૮–૫૯ ઉપરની ટીકામાંથી)

૧૭. બાવીસમા સર્ગની ટીકાને અંતે–

यो वाजपेययजनेन बभूव सम्राट् कृत्वा बृहस्पतिसवं स्थपतित्वमाप।
यो द्वादशाहय(ज)नेऽग्निचिदप्यभूत् सः श्रीचण्डुपण्डित इमां विततान टीकाम्॥

'ન્યાયમકરંદ,' તથા 'સાંખ્યકારિકા' અને મીમાંસાસૂત્રોના ઉલ્લેખો છે. વૈદિક સાહિત્યમાં 'બૃહદ્દેવતા,' યાસ્કનું 'નિરુક્ત' તથા તે ઉપર દુર્ગાચાર્યની ટીકા, 'કાત્યાયનશ્રૌતસૂત્ર,' 'શાંખાયનશ્રૌતસૂત્ર,' 'શાંખાયનગૃહ્યસૂત્ર,' 'અનુક્રમણિ,' તથા 'છાંદોગ્ય ઉપનિષદ્'ના ઉલ્લેખો છે. સ્માર્ત સાહિત્યમાં યાજ્ઞવલ્કય ઉપરની વિજ્ઞાનેશ્વરની ટીકા તથા વિશ્વરૂપ,[૧૮] ગોવિન્દરાજ[૧૯] અને હરસ્વામી[૨૦] નામે આચાર્યોનો ઉલ્લેખ કર્યો છે. પુરાણોમાં 'વિષ્ણુપુરાણ' તથા 'ભાગવત'ના ઉલ્લેખો છે. કોશગ્રન્થોમાં 'પ્રતાપમાર્તણ્ડ,' 'ધન્વન્તરીય નિઘંટુ,' હેમચન્દ્ર, હલાયુધ અને ક્ષીરસ્વામીના ઉલ્લેખો છે. કાવ્યનાટક સાહિત્યમાં કાલિદાસ, માઘ, ભારવિ, મયૂરકૃત 'સૂર્યશતક,' મુરારિકૃત 'અનર્ઘરાઘવ' તથા આનન્દવર્ધનકૃત 'અર્જુનચરિત' (અત્યારે અનુપલબ્ધ)ના ઉલ્લેખો છે. અલંકારગ્રન્થોમાં મમ્મટ, રુદ્રટ, રુય્યક, ભટ્ટેન્દુરાજ, 'દશરૂપક,' 'શ્રૃઙ્ગારતિલક' તથા વામનકૃત 'કાવ્યાલંકાર'ના ઉલ્લેખો છે. પિંગલગ્રન્થોમાં 'વૃત્તરત્નાકર' તથા પિંગલસૂત્રો ઉપર હલાયુધની ટીકાના ઉલ્લેખો છે. કામશાસ્ત્રમાં વાત્સ્યાયન 'કામસૂત્ર' તથા તે ઉપરની જયમંગલા ટીકા અને 'રતિરહસ્ય'ના ઉલ્લેખો છે. વ્યાકરણમાં ચંડુ પંડિત પાણિનિ તેમજ કાતન્ત્ર બન્નેમાંથી અવતરણો આપે છે. કાત્યાયનવાર્તિક, 'કાશિકા' તથા 'પદમંજરી'નો તથા 'ગણકાર' નામે કોઈ ગ્રન્થનો પણ તે ઉલ્લેખ કરે છે.

ચંડુ પંડિતની 'નૈષધ'ની ટીકા એ ગૂજરાતના સંસ્કૃત સાહિત્યનું અમૂલ્ય રત્ન છે. દુર્ભાગ્યે એ ટીકા હજી અખંડિત સ્વરૂપમાં પ્રાપ્ત થઈ નથી. પ્રો. કૃષ્ણકાન્ત હિન્દીકીએ 'નૈષધ'ના અંગ્રેજી અનુવાદનાં ટિપ્પણોમાં એમાંથી કેટલાંક અવતરણો આપ્યાં છે, પરન્તુ 'નૈષધ'ના મૂલગામી અભ્યાસની દૃષ્ટિએ એ ટીકાનો મળ્યો છે તેટલો ભાગ પણ પ્રસિદ્ધ થવાની જરૂર છે.

ચારિત્રવર્ધન–આ જૈન ટીકાકાર ખરતરગચ્છાચાર્ય જિનપ્રભસૂરિસંતાને કલ્યાણરાજના શિષ્ય હતા. તેમણે સં. ૧૫૧૧માં 'નૈષધ'ની ટીકા લખેલી છે, તેની હાથપ્રત બીકાનેર સ્ટેટ લાયબ્રેરીમાં છે.[૨૧] ચારિત્રવર્ધન એક જાણીતા જૈન ટીકાકાર છે. તેમણે 'રઘુવંશ,' 'કુમારસંભવ,' 'મેઘદૂત,' 'શિશુપાલવધ' તથા 'રાઘવપાંડવીય' ઉપર પણ ટીકાઓ લખી છે. ચારિત્રવર્ધનની 'નૈષધ'ટીકા છપાઈ ગઈ છે એમ શ્રી અગરચંદ નાહટા જણાવે છે, પરન્તુ તે મારા જોવામાં આવેલ નથી તેથી એ સંબંધી વિશેષ અહીં લખી શક્યો નથી.

જિનરાજસૂરિ–જિનરાજસૂરિ ખરતરગચ્છના આચાર્ય હતા. તેનો જન્મ સં. ૧૬૪૭માં થયો હતો તથા તેમણે દીક્ષા સં. ૧૬૫૬માં લીધી હતી. સં. ૧૬૬૮ માં

---

૧૮. વિજ્ઞાનેશ્વરે મિતાક્ષરાટીકામાં પોતાના પુરોગામી તરીકે વિશ્વરૂપનો ઉલ્લેખ કર્યો છે.

૧૯. 'મનુસ્મૃતિ'ના ટીકાકાર.

૨૦. આ હરસ્વામી તથા 'શતપથબ્રાહ્મણ'ના ટીકાકાર હરિસ્વામી અભિન્ન હોય એમ સંભવે છે.

૨૧. જુઓ 'ભારતીય વિદ્યા' ભાગ ૨, અંક ૩માં શ્રી અગરચંદ નાહટાનો લેખ 'જૈનેતર ગ્રંથો પર જૈન વિદ્વાનોં કી ટીકાયેં.'

આસાવલમાં જિનચંદ્રસૂરિએ તેમને વાચકપદ તથા સં. ૧૬૭૪ માં મેડતામાં આચાર્ય-પદ પણ આપ્યું હતું. ખરતર ગચ્છના આ એક પ્રભાવશાળી આચાર્ય ગણાય છે. તેમણે સં. ૧૬૭૫ માં અમદાવાદના વતની પોરવાડ જ્ઞાતિના સંઘવી સોમજીપુત્ર રૂપજીએ કરાવેલી ઋષભાદિ જિનોની ૫૦૧ પ્રતિમાઓની શત્રુંજય ઉપર પ્રતિષ્ઠા કરાવી હતી તથા ભાણવડ ગામમાં શાહ ચાંપશીએ કરાવેલા દેવગૃહમાં અમૃતઝરા પાર્શ્વનાથ પ્રમુખ ૮૦ બિમ્બોની પણ પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રમાણે અમદાવાદ વગેરે નગરોમાં પણ પ્રતિષ્ઠાઓ કરાવી હતી.[૨૨] તેમણે 'નૈષધ' ઉપર વૃત્તિ તથા બીજા કેટલાક નવીન ગ્રન્થો રચ્યા હતા એવો ઉલ્લેખ પણ પટ્ટાવલિઓમાં મળે છે.[૨૩]

જિનરાજની 'નૈષધ' ટીકા 'સુખાવબોધા' નામથી ઓળખાય છે. તેની સં. ૧૭૪૮માં લખાયેલી હાથપ્રત ભાંડારકર ઇન્સ્ટીટ્યુટમાં છે. જિનરાજસૂરિની ટીકા પણ એક વિદ્વત્તાપૂર્ણ ગ્રન્થ છે અને 'નૈષધ'ના ટીકાકારોમાં તેનું એક વિશિષ્ટ સ્થાન છે. જિનરાજે ભટ્ટોજી દીક્ષિતકૃત 'મનોરમા'નાં અવતરણો આપ્યાં છે તથા હેમચન્દ્રના વ્યાકરણ તથા 'અભિધાનચિન્તામણિ'નો હવાલો પણ તે વારંવાર આપે છે. શ્રીધર નામે કોશકારને પણ એક સ્થળે તેણે ટાંક્યો છે. શ્રીહર્ષના વેદાન્તગ્રન્થ 'ખંડનખંડખાદ્ય' ઉપર 'ખંડનપ્રકાશ' નામે ટીકા લખનાર વર્ધમાન મિશ્રના મતનું પણ તેણે એક સ્થળે ખંડન કર્યું છે.

અર્થની બાબતમાં જિનરાજ મોટે ભાગે વિદ્યાર્થીઓમાં સુપ્રસિદ્ધ નારાયણ ભટ્ટની ટીકાને અનુસરે છે એટલું જ નહીં પણ તેમાં ઉચિત સુધારાવધારા કરે છે. પરંતુ વાચના તો તેણે પ્રાયશઃ ગુજરાતના જૂના ટીકાકારો વિદ્યાધર અને ચંડુ પંડિતની સ્વીકારી છે એ યોગ્ય છે, કેમકે 'નૈષધ'ની સૌથી જૂની—અને તેથી વિશ્વાસપાત્ર—વાચના એ ટીકાઓમાં જળવાયેલ છે.

મુનિચંદ્ર—મુનિચંદ્રકૃત 'નૈષધટીકા' અત્યારે ઉપલબ્ધ નથી, પણ કોઈ જૂના ગ્રન્થભંડારની સૂચિમાં તેનો ઉલ્લેખ છે. એ સૂચિમાં મૂળ 'નૈષધ' તથા તે ઉપરની પાંચ ટીકાઓની નીચે પ્રમાણે નોંધ છે, જેમાં મુનિચંદ્રકૃત ટીકાનો પણ ઉલ્લેખ આવે છે—

૮૨—श्रीहर्षकृत नैषधका० ग्रं० ४५००

૮૩—तट्टीका चांडवी २४०००

૮૪—तथा कमलाकरगुप्तेन श्रीहर्षपौत्रेण कृतं भाष्यं ६००००

૮૫—तथा वैद्याधरी टीका २४०००

૮૬—श्रीमुनिचन्द्रसूरिकृतटीका १२०००

૮૭—माथुर पं० गदाधरकृता १२०००

---

૨૨. શ્રીજિનવિજયજી સંપાદિત 'ખરતર ગચ્છ પટ્ટાવલી સંગ્રહ,' પૃ. ૩૫-૩૬

૨૩. एवंविधाः जिनमतोन्नतिकारकाः ××× समस्ततर्कव्याकरणछंदोलंकारकोशकाव्यादिविविधशास्त्रपारिणो नैषधीयकाव्यसंबंधी जिनराजीवृत्त्याद्यनेकनवीनग्रन्थविधायकाः श्रीबृहत्खरतरगच्छनायकाः श्रीजिनराजसूरयः सं. १६९९ आषाढ सु० ९ पत्तने स्वर्गभाजः ।—એજ.

—अन्या अपि बह्व्यष्टीकाः स्वदेश–परदेशप्रसिद्धपण्डिप्रतकाण्डकृताः सन्ति ।[२४]

મુનિચન્દ્ર નામના અનેક જૈન વિદ્વાનો ગ્રન્થકારો થઈ ગયા છે,[૨૫] તેમાંથી ક્યા મુનિચન્દ્રે 'નૈષધ'ની ટીકા લખી તે કહેવું મુશ્કેલ છે. બૃહદ્ (વડ) ગચ્છમાં મુનિચંદ્રસૂરિ નામે એક સુપ્રસિદ્ધ ગ્રન્થકાર થયા છે, પરંતુ તેમનો સ્વર્ગવાસ સં. ૧૧૭૮માં થયો હતો,[૨૬] જ્યારે 'નૈષધ'ની રચના વિક્રમના તેરમા સૈકાના પૂર્વાર્ધમાં થઈ છે, એટલે આ ટીકા તેમની તો ન જ હોઈ શકે. ઉપર્યુક્ત સૂચિની પ્રસ્તાવનામાં શ્રીજિનવિજયજીએ ધ્યાન દોર્યું છે કે વિક્રમના પંદરમા સૈકા પૂર્વે લખાયેલા ગ્રન્થોનાં નામ જ એ સૂચિમાં છે. અર્થાત્ સૂચિ મોડામાં મોડી પંદરમા સૈકામાં લખાયેલી હશે. આ જોતાં મુનિચન્દ્રસૂરિની 'નૈષધ'ટીકાનો સમય પણ ત્યાર પહેલાંનો માનવો જોઇએ.

રત્નચન્દ્ર–વિક્રમના સત્તરમા સૈકામાં થયેલા સુપ્રસિદ્ધ જૈન વિદ્વાન્ 'કૃપારસકોશ'કાર શાન્તિચંદ્રના શિષ્ય રત્નચંદ્રે 'નૈષધ' ઉપર ટીકા લખી છે. આ ટીકાની હાથપ્રત જાણવામાં આવી નથી, પણ તેનો ઉલ્લેખ રત્નચંદ્રે પોતાની 'રઘુવંશ'ટીકામાં કર્યો છે[૨૭] એટલી જ માહિતી તેના વિષે મળે છે. રત્નચંદ્ર એક વિદ્વાન્ ગ્રન્થકાર અને ટીકાકાર હતા. તેમણે સં. ૧૬૭૧માં 'પ્રદ્યુમ્નચરિત' મહાકાવ્ય, સં. ૧૬૭૪માં મુનિસુન્દરસૂરિકૃત 'અધ્યાત્મકલ્પદ્રુમ' ઉપર 'કલ્પલતા' નામની ટીકા, સં. ૧૬૭૬ માં 'સમ્યકત્વસપ્તતિકા' ઉપર ગૂજરાતી બાલાવબોધ તથા સં. ૧૬૭૯ માં ધર્મસાગર ઉપાધ્યાયના મતના ખંડનરૂપે 'કુમતાહિવિષ–જાંગુલિ' નામે ગ્રંથ રચ્યો છે. આ સિવાય તેમણે પોતાના ગુરુના 'કૃપારસકોશ' ઉપર તથા કેટલાક સ્તોત્રો ઉપર પણ ટીકાઓ લખેલી છે.[૨૮]

*

---

૨૪. 'પુરાતત્ત્વ,' પુ. ૨, અંક ૪માં શ્રીજિનવિજયજીનો લેખ, 'સંસ્કૃતાદિ ભાષાના વ્યાકરણ, કોષ, છંદ કાવ્ય અને અલંકારાદિવિષયક કેટલાક પ્રધાન ગ્રંથોની એક ટુંકી યાદી'. ઉપર આપેલા અવતરણમાં ચંડુ પંડિત તથા વિદ્યાધરની ટીકાઓની નોંધ છે. શ્રીહર્ષના પૌત્ર કમલાકરગુપ્તકૃત ભાષ્ય ઉપલબ્ધ નથી, પણ જો તેનું શ્લોકપ્રમાણ સાચું હોય તો એ ટીકા ગ્રંથ કેટલો વિસ્તૃત હશે એની કલ્પના કરવી પણ કઠિન છે.

૨૫. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૮૬૩

૨૬. એજ, પૃ. ૨૪૧–૪૩

૨૭. જૈન સાહિત્યનો ઇતિહાસ, પૃ. ૫૯૭

૨૮. એજ, પૃ. ૫૯૭–૯૮

नाणपंचमी कहा–तेना लेखको प्रतिओ अने वस्तुनो परिचय

[ले० – श्रीयुत प्रो० अमृतलाल सवचंद गोपाणी, एम्. ए.]

*

પ્રસ્તુત લેખમાં હું જે અત્યારસુધી અપ્રકટ અને અનેક દૃષ્ટિએ અપૂર્વ એવા અર્થ ગંભીર કથા–ગ્રન્થનો પરિચય આપવા માગું છું તે કથા–ગ્રન્થનું નામ 'પંચમી કથા' છે. આ ગ્રન્થમાં પંચમી–માહાત્મ્યનું વર્ણન પ્રધાનપણે કરવામાં આવેલું છે તેથી તેનું 'પંચમી માહપ્પ' એવું સુસંબદ્ધ બીજું નામ પણ રાખવામાં આવેલ છે.[1] આ કથા–ગ્રન્થ બે હજાર જેટલી ગાથામાં જૈન માહારાષ્ટ્રી પ્રાકૃતમાં લખાએલો છે.[2] ભાષા ઉપર ક્વચિત્ અપભ્રંશની તો ક્વચિત્ અર્ધમાગધીની અસર પડેલી છે પણ એકંદરે જૈન માહારાષ્ટ્રી પ્રાકૃતમાં આ ગ્રન્થ લખાયેલો છે એમ જરૂર કહી શકાય.[3] જ્ઞાન પંચમીના વ્રતને અનુલક્ષી કોઇએ સંસ્કૃતમાં, કોઇએ પ્રાકૃતમાં, કોઇએ અપભ્રંશમાં તો કોઇએ ગૂજરાતીમાં કથાઓ લખેલી છે. તે બધી કથાઓ કાંતો 'જ્ઞાન પંચમી માહાત્મ્ય,' 'પંચમીકહા,' 'ભવિસ્સયત્ત કહા,' 'સૌભાગ્ય પંચમી કથા' વરદત્ત ગુણમંજરી કથા' ઇત્યાદિ નામથી પ્રચલિત છે. પરંતુ તે બધામાં મહેશ્વરસૂરિ રચિત પ્રસ્તુત કથા ઉપલબ્ધ સાહિત્યમાં કદાચ જૂનામાં જૂની હોય એમ લાગે છે.

પંચમી કથાઓ

મારી પાસે મહેશ્વરસૂરિ રચિત 'પંચમી કથા'ની પાટણની હસ્તલિખિત પ્રતિની જે પ્રતિલિપિ છે તે ઉપરથી એમ સ્પષ્ટ દેખાય છે કે તે પ્રતિ જેસલમીર ભંડારની ૧૦૦૯ (વિક્રમ સંવત્) વર્ષમાં લખેલી તાડપત્રીય પ્રતિ ઉપરથી વિ. સં ૧૬૫૧ માં આષાઢ શુક્લ તૃતીયા ને સોમવારને દિવસે પુષ્યનક્ષત્રમાં તપાગચ્છાધિરાજ ભટ્ટારક પંડિત શ્રી આનંદવિજય ગણિ શિષ્ય બુદ્ધિવિમલ ગણીએ પૂરી કરી હતી. પણ જેસલમીર ભાંડાગારીય ગ્રન્થોની સૂચી તપાસતાં માલૂમ પડે છે કે ઉપર્યુક્ત તાડપત્રીય પ્રતિનો લેખન સંવત્ ૧૧૦૯ મુકવામાં આવ્યો છે અને એના વર્ણનમાં સૂચીકાર પંડિત લા. ભ.

---

૧ જુઓ 'જેસલમીર ભાંડાગારીય ગ્રન્થાનાં સૂચી' (જે. ભા. ગ્ર. સૂ.) ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ (ગા. ઓ. સી) નં. ૨૧. વડોદરા, ૧૯૨૩. પૃ. ૪૪. તેને 'જ્ઞાન પંચમી કથા' તરીકે પણ ઓળખાવેલ છે–જુઓ 'પત્તનસ્થ પ્રાચ્ય જૈન ભાંડાગારીય ગ્રન્થ સૂચી'–પ્રથમ ભાગ (પ. ભા. ગ્ર. સૂ. ભા. ૧) ગા. ઓ. સી. નં. ૭૬. વડોદરા, ૧૯૩૭, પ્રાસ્તાવિક, પૃ. ૫૭.

૨ મારી પાસે જે પ્રતિલિપિ છે તે ઉપરથી તો તેમ લાગે છે. (मिलियाणं च दसाण वि एत्थ कहाणाण होइ विन्नेयं । गाहाणं माणेणं दोण्हिसहस्साइं गंथग्गं ॥ १० । ५००) પરંતુ એક ઠેકાણે ૨૦૦૪ ગાથાનો ઉલ્લેખ પણ મળી આવે છે. તે માટે જુઓ ખાસ કરીને 'બૃહટ્ટિપ્પનિકા' (જૈન સાહિત્ય સંશોધક, વો. ૧, અં. ૨) માંનું નીચેનું વાક્ય:–

'पञ्चमी कथा दशकथानकात्मिका प्रा. महेश्वरसुरीया २००४'

૩ જૈન માહારાષ્ટ્રી પ્રાકૃત એ નામકરણ માટે જુઓ યાકોબી સંપાદિત 'સમરાઇચ્ચ કહા'ની પ્રસ્તાવના (બીબ્લીઓથીકા ઇન્ડિકા સીરીઝ, વોલ્યુમ–૧૬૯) પૃ. ૨૧–૨૨.

ગાંધીએ લખ્યું છે "अस्मादेव आदर्शात सं. १६५१ वर्षलिखिते पत्तनीयपुस्तके 'सं. १००९ वर्षे' लेखनमस्य प्रादर्शि'।"[4] આ ઉપરથી બરાબર એક સૈકાનો તફાવત નીકળે છે. ગમે તેમ પણ ગ્રન્થકાર શ્રી મહેશ્વરસૂરિની પ્રાચીનતા તો સ્પષ્ટ જ દેખાય છે. આજ કથાની બીજી એક તાડપત્રીય પ્રતિ સં. ૧૩૧૩ માં વીસલદેવ રાજ્યે તન્નિયુક્ત નાગડના મહામાત્યપણામાં થયેલી ઉલ્લેખાયેલી છે.[5] પાટણભંડાર (નં. ૧ સંઘવી પાડા) માં તે છે અને એક ત્રીજી તાડપત્રીય પ્રતિ પણ ત્યાં જ છે જે પ્રાંતે કિંચિત અપૂર્ણ છે.[6] આ રીતે જેસલમીરમાં એક અને પાટણમાં બે એમ કુલ્લે ત્રણ તાડપત્રીય પ્રતિઓ જાણવામાં છે.

આ મહેશ્વરસૂરિ રચિત પ્રાકૃત ગાથાબદ્ધ 'પંચમી કહા' પછી ધર્કટવંશ વણિક્ ધનપાળ રચિત અપભ્રંશ ભાષા બદ્ધ "ભવિસ્સયત્ત કહા" આવે છે.[7] આ કથા 'જૈન ગ્રન્થાવલિ' (જૈ. ગ્રં.)માં મહેંદ્રસૂરિ કે મહેશ્વરસૂરિને નામ ખોટી રીતે ચડેલી છે.[8] 'જૈન ગ્રન્થાવલિ'ના પૃ. ૨૫૬ની પાદ નોંદમાં એમ લખ્યું છે કે "આ કથા પંચમી માહાત્મ્ય પર રચેલી છે. જેસલમીરની હિરાલાલે કરેલી પોતાની ટીપમાં તથા લીંબડીની ટીપમાં એના કર્ત્તા મહેશ્વરસૂરિ લખ્યા છે. ખંભાતના શેઠ નગીનદાસના ભંડારમાં મહેંદ્રસૂરિનું નામ આપીને સદરહુ પ્રતિ (ભવિષ્યદત્તાખ્યાનની) લખ્યાનો સંવત ૧૨૧૪ નોંધેલો છે. હાલમાં પં૦ શ્રી આણંદસાગરજી જણાવે છે કે આ સિવાય બીજી એક ધનપાલકૃત પણ છે પણ તે અમોને ઉપલબ્ધ નથી." આ પ્રમાણેના વાક્યો 'જૈન ગ્રન્થાવલિ'ના ઉપર્યુક્ત પૃષ્ઠની પાદનોંધમાં છે. મને એમ લાગે છે કે આ કૃતિ કે જેનું નામ 'જૈન ગ્રન્થાવલિ'માં ભવિષ્યદત્તાખ્યાન છે તથા જેના રચનાર એમાં મહેંદ્રસૂરિ જણાવ્યા છે અને જેની પ્રતિઓ જેસલમીર, લીંબડી તથા ખંભાતમાં છે એમ તેમાં જણાવ્યું છે તેમજ જેની ગાથા સંખ્યા ૨૦૦૦ ગણાવવામાં આવી છે તે બીજો કોઈ ગ્રન્થ નહિ પણ મહેશ્વરસૂરિકૃત 'પંચમી કહા' જ હોવી જોઇએ. મારા આ અનુમાનની પુષ્ટિમાં પં૦ લાલચંદ્ર. ભ. ગાંધીનું નિમ્નોક્ત વાક્ય ખાસ નોંધવા જેવું છે:—"P. P. १६७ इत्यत्र 'महेन्द्रसूरिकृतं भविदत्ताख्यानं' दर्शितं तदप्येतदेव **महेश्वरसूरिरचितं** भविष्यदत्तकथावसानं 'पञ्चमीमाहात्म्यं' सम्भाव्यते । लेखकस्खलनातः प्रेक्षकस्यापि स्खलना परम्परयाऽन्यत्रावतीर्णा प्रेक्ष्यते ।"[9] પીટર્સનના પહેલા રિપોર્ટના ૬૭. નં.માં ઉલ્લેખેલ પુસ્તક અને 'જૈન ગ્રન્થાવલિ' નિર્દિષ્ટ પુસ્તક બન્ને એક જ હોય એમ લાગે છે. એટલે મહેન્દ્ર (કે મહેશ્વર) સૂરિ રચિત ભવિષ્યદત્તાખ્યાન તે બીજું કાંઈ નહિ પણ પં. લા. ભ. ગાંધી જણાવે છે તેમ "महेश्वरसूरिरचितं भविष्यदत्तकथावसानं 'पञ्चमीमा-

૪ ઉપર્યુક્ત જે. ભા. ગ્ર. સૂ. પૃ. ૪૪ તથા પૃ. ૫૨.

૫ જુઓ મોહનલાલ દલીચંદ દેસાઈ કૃત 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'-સચિત્ર (જૈ. સા. સં. ઇ.), મુંબઈ, ૧૯૩૩, પૃષ્ઠ-૪૦૮ તથા ઉપર્યુક્ત પ. ભા. ગ્ર. સૂ. નં. ૪૦.

૬ ઉપર્યુક્ત પ. ભા. ગ્ર. સૂ. નં. ૨૯.

૭ આ કથા યાકોબીએ જર્મનીમાં સન. ૧૯૧૮માં સંપાદિત કરી અને ત્યાર બાદ ગા. ઓ. સી. માં નં.-૨૦ મા સ્વ. દલાલે પ્રો. ગુણેની પ્રસ્તાવના અને ટિપ્પણ સહિત સંશોધિત કરી બહાર પાડી.

૮ જુઓ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, મુંબઈ તરફથી વિ. સં. ૧૯૬૫માં 'જૈનગ્રંથાવલિ' (જૈ. ગ્ર) પૃ. ૨૨૮ તથા પૃ. ૨૫૬.

૯ ઉપર્યુક્ત જે. ભા. ગ્ર. સૂ. પૃ. ૪૪.

हात्म्यं" 'જૈન ગ્રન્થાવલિ' મહેશ્વરસૂરિ રચિત 'ભવિષ્યદત્તાખ્યાન' (૨૦૦૦ ગાથા–લીંબડી)નો બીજો ઉલ્લેખ પૃ. ૨૨૮ ઉપર કરે છે તે પણ 'પંચમી કહા' વિષેનો જ સમજવો. આ 'ભવિસ્સયત્ત કહા' કે જેનું બીજું નામ 'સુય પંચમી કહા'[૧૦] પણ છે તેનો રચનાર ધનપાલ છે અને તે ધનપાલ ધર્કટ વંશનો હતો. તેની બાવીસ સંધિઓ છે. આ કથા અપભ્રંશમાં લખાયેલી છે અને તેનો નાયક ભવિષ્યદત્ત રાજા છે. જ્ઞાનપંચમીના ફળનું તેમાં વર્ણન કરેલું છે. તેનો લેખક ધનપાલ પોતે જ પોતાનો પરિચય આપતાં કહે છે કે તેના પિતાનું નામ માએસર હતું અને માતાનું નામ ધનશ્રી હતું. તેનું પદ્ય લખાણ ધવલ અને પુષ્પદંત કવિના લખાણ સાથે સરખાવી શકાય તેવું છે. તેની અપભ્રંશ હેમચંદ્રના અપભ્રંશ કરતાં પ્રાચીન લાગે છે પણ તે ઉપરથી તેની અને હેમચંદ્રની વચ્ચે બે સૈકાનું અંતર હોય એમ કલ્પી તેને દશમી સદીમાં મુકવાનું યુક્તિયુક્ત લાગતું નથી.[૧૧] ઉલટું, ઇસવી સનની બારમી સદી આસપાસ થયો હોવાનું સામાન્યપણે સ્વીકારાયું છે.[૧૨]

ધારાધીશ મુંજનો અને ભોજનો પણ અતિ માનીતો, સરસ્વતી બિરૂદને પ્રાપ્ત થયેલ, 'પાઇયલચ્છી'–'તિલક મંજરી' વગેરેનો રચનાર વિપ્ર સર્વદેવનો પુત્ર ધનપાલ ઉપર્યુક્ત ધનપાલ કરતાં બીજો[૧૩] અને તેના પછી થયો હોવાનું મનાય છે.

'ભવિસ્સયત્ત કહા'ના રચનાર ધનપાલને વિન્ટરનિત્ઝ, યાકોબીને અનુસરી, દિગંબર જૈન શ્રાવક કહે છે.[૧૪] ધર્કટવંશ એજ ઉપકેશ–ઊકેશ વંશ[૧૫] અને ઊકેશ એટલે ઓસવાળ વંશ એવું પણ કથન જોવામાં આવે છે.[૧૬] સારાંશ એ કે વિક્રમની અગીઆરમી સદીમાં કે તે પહેલાં થઈ ગયેલા શ્વેતાંબરાચાર્ય શ્રી મહેશ્વરસૂરિ રચિત પ્રાકૃત ગાથામય પંચમી કથાના દસમા કથાનક ભવિષ્યદત્ત ઉપરથી[૧૭] ઇસિવીસનની બારમી-સદીમાં થયેલ મનાતા ધર્કટવંશ વણિક્ દિગંબર જૈન ધનપાલે 'ભવિસ્સયત્ત કહા અથવા સુયપંચમી કહા' અપભ્રંશ ભાષામાં રચી.

---

૧૦ મોહનલાલ દલીચંદ દેસાઈ કૃત 'જૈન ગૂર્જર કવિઓ' (જૈ. ગૂ. ક), પ્રથમભાગ, મુંબઈ, ૧૯૨૬, પૃ. ૩૭.

૧૧ આથી વિરૂદ્ધ અભિપ્રાય માટે જુઓ ઉપર્યુક્ત પુસ્તકનું પૃ. ૩૮. તથા જૈ. સા. સં. ઈ. નું પૃ. ૩૩૦ ઉપરનું વાક્ય "ધનપાળ કવિ લગભગ દસમી સદીમાં થયો." એજ પુસ્તકના પૃ. ૧૮૮ ઉપર "આ પૈકી ભવિષ્ય દત્ત કથા પરથી ધર્કટ વણિક્ ધનપાલે અપભ્રંશમાં ભવિસ્સયત્ત કહા–પંચમી કહા રચી જણાય છે" વાક્ય લખેલું છે. મહેશ્વરસૂરિ ઈ. સ. ના દશમાં સૈકામાં પ્રાયઃ થયા એમ તો શ્રી. દેસાઈ તેજ પુસ્તકના પૃ. ૧૮૭ ઉપર કબુલ કરે છે તો પછી મહેશ્વરસૂરિના 'પંચમી કથાં'તર્ગત ભવિષ્યદત્ત કથાનકનો આધાર લઈ 'ભવિસ્સયત્ત કહા' લખનાર ધનપાલને દશમી સદીમાં ક્યાંથી મુકશે ?

૧૨ જુઓ ઉપર્યુક્ત પ. ભા. ગ્ર. સૂ. ના પ્રાસ્તાવિક (અંગ્રેજી)ના પૃ. ૬૨ ઉપરની પહેલી પાદનોંધ.

૧૩ વિન્ટરનિત્ઝકૃત 'હિસ્ટરી ઑફ ઇન્ડીઅન લિટરેચર,' વૉ. ૨. પૃ. ૫૩૨ ઉપરની ચોથી પાદનોંધ.

૧૪ ઉપર્યુક્ત પુસ્તકનું પૃ. ૫૩૨.

૧૫ ઉપર્યુક્ત. પ. ભા. ગ્ર. સૂ–પૃ. ૩૨૭ તથા પૃ. ૩૩૯

૧૬ ઉપર્યુક્ત જૈ. સા. સં. ઈ. પૃ. ૪૫૩ ઉપરની ૪૪૧ મી પાદનોંધ.

૧૭ સરખાવો ઉપર્યુક્ત જે. ભા. ગ્ર. સૂ. ના પૃ. ૪૪ ઉપરનું નિમ્નોક્ત વાક્યઃ–साम्प्रतं प्रसिद्धा धर्कटवणिग्वंशोद्भवधनपालनिर्मिता........अपभ्रंशा भविस्सयत्त कहा (पञ्चमीकहा) अस्या एव धान्तकथायाः प्रपंचरूपा ॥ અહિંઆ એક વાત ખાસ સ્પષ્ટ કરી લેવા લાયક છે. એક 'પંચમી ચરિઅ'

ધનપાલની 'ભવિસ્સયત્ત કહા' પછી તેરમી અને ચૌદમી સદીમાં કોઇએ સંસ્કૃત–પ્રાકૃતાદિમાં પંચમી કથા વિષે કાંઈ લખ્યું હોય તેવું જાણવામાં નથી. પંદરમી સદીમાં વિબુધ શ્રીધર નામના કોઈ દિગંબર જૈન વિદ્વાને 'ભવિષ્યદત્ત ચરિત' સંસ્કૃતમાં લખ્યું હોવાનું બહાર આવ્યું છે. આ ભવિષ્યદત્ત ચરિત્ર પંચમી વ્રતને અનુલક્ષીને ધનપાલના 'ભવિસ્સયત્ત કહા'ની પેઠે લખવામાં આવ્યું હોય એવો પૂરતો સંભવ છે. ભાષા સંસ્કૃત છે. પત્ર સંખ્યા ૭૯ની છે અને લિપિસંવત્ ૧૪૮૬ નો છે. એ ઉપરથી એમ માની શકાય કે તે સંવત્ ૧૪૮૬ પહેલા થયેલ હશે. દિલ્હીના ધર્મપુરા મહોલ્લામાં આવેલા નયામંદિરના ભંડારમાં આ ગ્રન્થની પ્રતિ છે. જુઓ "અનેકાંત"–જૂન, ૧૯૪૧–પૃષ્ઠ-૩૫૦.

આ પછી વિક્રમની સોળમી સદીમાં સિંહસેન અપરનામ રઈધુએ (દિગંબર જૈન) 'મહેસર ચરિય,' 'ભવિસ્સયત્ત ચરિયાદિ' અપભ્રંશ ભાષામાં રચેલા જણાય છે.[૧૮] આ 'ભવિસ્સયત્ત ચરિય' પંચમી વ્રતના ફળના દૃષ્ટાંત રૂપે મહેશ્વરસૂરિ, ધનપાલ, વિબુધ શ્રીધરની માફક સિંહસેને લખ્યું હોય એ તદ્દન સ્વાભાવિક છે. આ કવિનું નામ 'રઇધુ' છે. તે હરસિંહ સિંઘઇનો પુત્ર અને ગુણકીર્ત્તિ શિષ્ય યશઃકીર્ત્તિનો શિષ્ય હતો. આ યશઃકીર્ત્તિ ગ્વાલિયરમાં ઈ. સ. ૧૪૬૪ (વિ. સં. ૧૫૨૧)માં રાજકર્તા તોમર વંશના કીર્ત્તિસિંહ રાજાના સમયની આસપાસ વિદ્યમાન હોવાનું જણાયું છે તેથી સિંહસેન યા રઇધુએ પણ તે જ સમય આસપાસ આ ગ્રંથો રચ્યા હોવા જોઇએ. પોતાના ગ્રન્થોમાં તેણે ગુણાકર, ધીરસેન, દેવનંદિ, જિનવરસેન, રવિષેણ, જિનસેન, સુરસેન, દિનકરસેન, ચઉમુહ, સ્વયંભૂ, અને પુષ્ફયંતનો ઉલ્લેખ કરેલ છે.[૧૯] આજ કવિના રચેલા 'દહ લકખણુ જયમાળ' નામના ગ્રન્થની પ્રસ્તાવનામાં પંડિત પ્રેમી જણાવે છે કે 'રઈધુ' કવિએ 'ભવિસ્સચરિયાદિ' ગ્રન્થો લખ્યાના ઉલ્લેખ મળી આવે છે. તેઓ એમ પણ જણાવે છે કે તે સર્વ ગ્રંથો અપભ્રંશમાં હોવા સંભવ છે.[૨૦] આ 'ભવિસ્સયત્ત ચરિય' મુદ્રિત થયું જાણવામાં નથી.

વિક્રમની સત્તરમી સદીના લગભગ મધ્યભાગમાં (સં. ૧૬૫૫ માં) તપાગચ્છીય કનકકુશલે સંસ્કૃત ભાષામાં 'જ્ઞાન–પંચમી માહાત્મ્ય' પદ્યમાં લખ્યું.[૨૧] આની એક

ત્રિભુવન સ્વયંભુ નામના આઠમી–નવમી શતાબ્દિમાં (જુઓ ભારતીય વિદ્યા (ત્રૈમાસિક) ભા. ૧; અં. ૨; પૃ. ૧૭૭) થએલ મનાતા કવિએ લખ્યું હોવાનો ઉલ્લેખ મળી આવ્યો છે (જુઓ ભારતીય વિદ્યા (ત્રૈમાસિક) ભા. ૨; અં. ૧; પૃ. ૫૯). તો પછી મહેશ્વરસૂરિ અને ધનપાલ પહેલાં પણ પંચમી વ્રત ઉપર લખાયું હોવાનું માનવું પડે. આ ગ્રન્થ જોવા મળ્યે ઘણી બાબતો ઉપર પ્રકાશ પડવા સંભવ છે.

૧૮ ઉપર્યુક્ત જૈ. સા. સં. ઈ. પૃ. ૫૨૦.

૧૯ ઉપર્યુક્ત જૈ. ગૂ. ક. પ્રથમ ભાગ, પૃ. ૮૭.

૨૦ જૈન ગ્રન્થ રત્નાકર કાર્યાલય તરફથી પ્રકાશિત આ ગ્રંથની પં. નાથુરામ પ્રેમીની પ્રસ્તાવના.

૨૧ ઉપર્યુક્ત જૈ. ગ્ર. પૃ. ૨૬૪ તથા લીંબડી જૈન જ્ઞાન ભંડારની હસ્તલિખિત પ્રતિઓનું સૂચીપત્ર (લીં. ભા. ગ્ર. સૂ.)–શ્રી આગમોદય સમિતિ ગ્રન્થોદ્ધાર ગ્રન્થાંક–૫૮–પ્રથમ આવૃત્તિ, મુંબઈ, ઈ. સ. ૧૯૨૮, પૃ. ૬૨ તથા ઉપર્યુક્ત જૈ. સા. સં. ઈ. પૃ. ૬૦૪. આ 'જ્ઞાન પંચમી સાહાત્મ્ય,' શ્રીવિજ્યધર્મસૂરિ જૈન ગ્રન્થમાલાના પુ. ૩૭ના એક ભાગ રૂપે બહાર પડેલ છે. જુઓ 'શ્રીપર્વકથા સંગ્રહ' (પ. ક. સં.) વિજયધર્મસૂરિ જૈન ગ્રન્થમાલા, પુ. ૩૭ સંપાદક–સ્વ. મુનિશ્રી હિમાંશુવિજય, ઉજ્જૈન, વિ. સં. ૧૯૯૩. પૃ. ૩–૧૬.

प्रति पाटणना संघवी पाडाना भंडारमां तथा लींबडीना ज्ञानभंडारमां ए प्रतिओ छे. रचना संवत् (विक्रमीय) १६५५ लखेल छे. 'जैन ग्रन्थावलि' तेनुं श्लोक प्रमाण १५० गणावे छे.[२२] अने लींबडी भंडारनुं सूचीपत्र १५२ श्लोक नोंधे छे[२३] ज्यारे ए कथाना मुद्रित ग्रंथमां १४० श्लोक छे.[२४] श्रीयुत देसाई पोताना 'जैन साहित्यना संक्षिप्त इतिहास'मां लखे छे के तपागच्छीय कनककुशले सं. १६५५ मां 'वरदत्त गुण-मंजरी कथा,' 'सौभाग्य पंचमी कथा' अने 'ज्ञान पंचमी कथा' पर बालावबोध रच्यो छे.[२५] आ वांचतां आपणने सेंज आभास थाय के श्री देसाई आ त्रणेय पुस्तकोने जुदा जुदा समजे छे पण खरीरीते एम नथी. कनककुशले एक ज बालावबोध रच्यो छे अने ते 'ज्ञान पंचमी माहात्म्य' उपर. अने तेमां दृष्टांतरूपे वरदत्त, गुणमंजरीने लीधा छे तेम ज कनककुशल ते ग्रंथमां निम्नोक्त श्लोक[२६] लखे छे

"जायतेऽधिकसौभाग्यं पञ्चम्याराधनात् नृणाम् ।
इत्यस्या अभिधा जज्ञे लोके **सौभाग्यपंचमी** ॥"

जे उपरथी एने 'सौभाग्य पंचमी' पण कही शकाय. अर्थात् कनककुशले त्रण बाला-वबोध नथी रच्या परंतु एक ज बालावबोध रचेल छे.

तपागच्छीय कनककुशल पछी रत्नचंद्र शिष्य माणिक्यचंद्र शिष्य दानचंद्रे विजय-सिंहसूरि राज्ये सं. १७०० मां 'ज्ञानपंचमी कथा' ('वरदत्त–गुणमंजरी कथा') रची.[२७] आ कथा मुद्रित थई नथी. तेनी प्रतिओ वगेरे क्यां छे ते कांई जाणवामां आव्युं नथी.

दानचंद्र पछी 'सप्तसंधान' महाकाव्यना लेखक उपाध्याय मेघविजयजीए (अढा-रमी सदी) पण 'पंचमी कथा' लखी होवानो उल्लेख मळी आवे छे. ते हजु मुद्रित थई जणाती नथी. तेनी प्रति पंन्यास श्रीहंसविजयजी पासे छे एम श्री देसाई पोताना 'जैन साहित्यना संक्षिप्त इतिहासमां' जणावे छे.[२८]

आ पछी ओगणीसमी सदीमां वि. सं. १८२९थी १८६९ना गाळामां खरतर-गच्छीय क्षमाकल्याण उपाध्याये 'सौभाग्य पंचमी' नामे पंचमी व्रतना माहात्म्य उपर संस्कृतमां गद्य पद्य युक्त कथा रची. आ पुस्तक विजयधर्मसूरि जैनग्रन्थ-माळा तरफथी प्रकाशित 'पर्वकथा संग्रह' नामना ग्रन्थथी भिन्न परंतु तेज नाम-धारी एक बीजा 'पर्वकथा संग्रह' नामना पत्राकारे मुद्रित पुस्तकमां प्रथम कथारूपे स्थान पामेली छे. तेना संपादक मणिसागरजी छे अने जैन छापखाना–कोटा (राजपुताना) तरफथी प्रसिद्ध थयेली छे. आ क्षमाकल्याण उपाध्याय खरतरग-

---

२२ जुओ उपर्युक्त जै. ग्र. पृ. २६४.
२३ जुओ उपर्युक्त लीं. भा. ग्र. सू. पृ. ६२.
२४ जुओ उपर्युक्त प. क. सं. पृष्ठो ३–१६.
२५ जुओ उपर्युक्त जै. सा. सं. ई. पृ. ५९१ तथा ६०४.
२६ जुओ उपर्युक्त प. क. सं. पृ. १५. श्लोक. १३६.
२७ जुओ उपर्युक्त जै. सा. सं. ई. पृ. ६०२.
२८ जुओ उपर्युक्त पुस्तकनुं पृ. ६५३.

ચ્છીય જિનલાભસૂરિના શિષ્ય અમૃતધર્મના શિષ્ય હતા. શ્રી. દેસાઈ નોંધે છે કે તેમણે ચાતુર્માસિક હોલિકા આદિ દશ પર્વ કથા રચી હતી.[२९] પરંતુ ત્યાં આગળ તેઓ એ દશ પર્વ કથાઓમાં 'સૌભાગ્ય પંચમી'નો ઉલ્લેખ સ્પષ્ટરીતે કરતા નથી. જો કે ક્ષમાકલ્યાણ ઉપાધ્યાયે 'સૌભાગ્ય પંચમી' રચી હતી એ નિર્વિવાદ છે. લીંબડી ભંડારમાં આની એક પ્રતિ છે.[३०] 'જૈન ગ્રંથાવલિ'માં ક્ષમાકલ્યાણ કૃત 'સૌભાગ્ય પંચમી' વિષે સ્પષ્ટ ઉલ્લેખ નથી. 'અક્ષયતૃતીયા કથા,' 'અઠ્ઠાઈ વ્યાખ્યા,' 'ચાતુર્માસિક પર્વ કથા,' 'પૌષ દશમી કથા,' 'મેરુ ત્રયોદશી કથા,' 'મૌન એકાદશી કથા (પ્રા),' 'રજઃ પર્વ કથા,' 'હોલિકા કથા' અને 'રોહિણી કથા' વગેરેનો ગ્રન્થ તરીકે 'જૈનગ્રન્થાવલિ'માં ઉલ્લેખ છે પણ કર્ત્તાનું નામ નથી લખેલ. અને એ બધાની પ્રતિઓ અમદાવાદના ડેલાના ભંડારમાં છે એમ ત્યાં લખેલું છે.[३१] આ બધા પર્વોનો સરવાળો કરતાં નવ પર્વ થાય છે. અને શ્રી. દેસાઈ દશ પર્વકથાઓ લખી હોવાનો ઉલ્લેખ કરે છે. તે ઉપરાંત 'જૈન ગ્રંથાવલિ'માં તેજ પૃષ્ઠ ઉપર 'જ્ઞાન પંચમી' કથાનો ઉલ્લેખ છે. કર્ત્તાનું નામ નથી અને પ્રતિ અમદાવાદના ડેલાના ભંડારમાં છે એમ જણાવ્યું છે.[३२] તો કદાચ આ 'જ્ઞાન પંચમી કથા' ક્ષમાકલ્યાણ રચિત હોવા સંભવ છે કારણ કે એ રીતે શ્રીદેસાઇનો ક્ષમાકલ્યાણે દશ પર્વકથાઓ લખી હોવાનો ઉલ્લેખ તેમજ લીંબડી ભંડારમાંથી મળી આવતી ક્ષમાકલ્યાણ રચિત 'જ્ઞાનપંચમી કથા' વાળો ઉલ્લેખ એ બન્ને બાબતો સાચી ઠરે. 'જૈન ગ્રંથાવલિ' ત્રણ જ્ઞાન પંચમી કથાઓ નોંધે છે.[३३] તેમાંથી એક તો સ્પષ્ટરીતે કનકકુશલ રચિત લખેલ છે. બીજી મેં કલ્પના કરી છે તેમ ક્ષમાકલ્યાણ રચિત હોય અને ત્રીજી સૌંદર્યગણિ રચિત પાટણના સંઘવીપાડાના ભંડારમાં છે એમ સૂચવી પાદનોંધમાં શંકા કરી છે કે સૌંદર્યગણિ નામના કોઈ આચાર્ય થયા જાણવામાં નથી. એક જ લેખક રચિત એક જ ગ્રંથની બે પ્રતિઓ હોવા પણ સંભવ છે. સૌંદર્યગણિએ પોતાનું નામ પોતાની માલીકી સૂચવવા ત્યાં લખ્યું હોય અને ભૂલથી એને નામે એ કૃતિ માત્ર ત્યાં લખેલ નામ ઉપરથી ચડાવી દેવામાં આવી હોય એમ પણ બને. ક્ષમાકલ્યાણકૃત 'સૌભાગ્ય પંચમી' (મુદ્રિત) તપાસવાથી માલુમ પડે છે કે એમણે પદ્યો તો કનકકુશલ રચિત 'જ્ઞાન પંચમી માહાત્મ્ય'માંથી લીધા છે અને ગદ્યવિભાગ પોતે રચ્યો હોય એમ દેખાય છે, જો કે આ ગદ્યવિભાગ પણ કનકકુશલ રચિત 'જ્ઞાન પંચમી માહાત્મ્ય'ના ભાવને બરાબર અનુસરે છે.

ત્યાર બાદ વિક્રમની વીસમી સદીમાં આજથી લગભગ ઓગણીશ વર્ષ પહેલાં એટલે વિ. સં. ૧૯૮૨ માં દિગંબર જૈન વિદ્વાન બ્રહ્મચારી રાયમલ્લે સંસ્કૃતમાં 'ભવિષ્યદત્તચરિત' લખ્યાનું વાંચ્યું છે. પત્ર સંખ્યા ૪૫ની ગણાવી છે અને લિપિ સંવત્ ૧૯૮૨

૨૯ જુઓ ઉપર્યુક્ત જૈ. સા. સં. ઈ. પૃ. ૬૭૬.

૩૦ જુઓ ઉપર્યુક્ત લીં. ભા. ગ્ર. સૂ.નું પરિશિષ્ટ નં. ૧. પૃ. ૪.

૩૧ જુઓ ઉપર્યુક્ત જૈ. ગ્ર. પૃ. ૨૬૪.

૩૨ જુઓ ઉપર્યુક્ત ગ્રન્થનું ઉપર્યુક્ત પૃ.

૩૩ જુઓ ઉપર્યુક્ત ગ્રન્થનું ઉપર્યુક્ત પૃ.

મુકેલ છે. હિન્દીમાં તેના ઉપર ભગવતદાસે ટીકા પણ કરેલી છે.[૩૪] આ ગ્રન્થ પણ નામ ઉપરથી તો પંચમી વ્રત ઉપર જ લાગે છે. જોવાથી વધારે માલુમ પડે. હજુ તે પ્રકટ થયો હોય એવું જાણવામાં નથી. ઉપર્યુક્ત દિલ્હીમાં ધર્મપુરા મહોલ્લાના નયા મંદિરના ભંડારમાં તેની પ્રતિ છે.

અહિં સુધી તો આપણે પંચમી માહાત્મ્ય ઉપર સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશાદિ ભાષામાં કોણે ક્યારે લખ્યું તે સંબંધે ચર્ચા કરી. હવે આપણે તે સંબંધે જૂની ગૂજરાતીમાં કોણે ક્યારે શું લખ્યું છે તેનો પણ વિચાર કરી લઇએ.

સત્તરમી સદીના અંતભાગમાં એટલે કે લગભગ વિ. સં. ૧૬૮૫ માં તપાગચ્છીય હીરવિજયસૂરિ – મેહમુનિ – કલ્યાણકુશલ શિષ્ય દયાકુશલે 'જ્ઞાન પંચમી – નેમિજિનસ્તવન' જૂની ગૂજરાતીમાં લખ્યું.[૩૫] આદિમાં તેમાં લખ્યું છે :–

"શારદમાત પસાઉલે નિજગુરુચરણ નમેવિ
પંચમી તપવિધિ હું ભણું હિઅડે હરષ ધરેવિ."

દયાકુશલે ઉપર્યુક્ત સ્તવન રચ્યું તેજ અરસામાં ખરતરગચ્છીય જિનચંદ્રસૂરિ – સકલચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય સમયસુંદર ઉપાધ્યાયે વિ. સં. ૧૬૮૫ આસપાસમાં જેસલમેરમાં 'પંચમી વૃદ્ધ (મોટું) સ્ત૦' (જ્ઞાન પંચમીપર ૩ ઢાળ ૨૫ કડીનું સ્તવન) તથા 'પંચમી લઘુ સ્તવન' ૫ – કડીમાં જૂની ગૂજરાતીમાં લખ્યાં.[૩૬] નમૂના નીચે પ્રમાણે છે :–

'પંચમી વૃદ્ધસ્તવન'ની આદિ :–

પ્રણમું શ્રી ગુરુપાય નિર્મલજ્ઞાન ઉપાય,
પંચમી તપ ભણું એ, જનમ સફળ ગિણું એ.

'પંચમી લઘુસ્તવન'ની આદિ

પંચમી તપ તુમે કરોરે પ્રાણિ, નિર્મળ પામો જ્ઞાન.

અંત

પાર્શ્વનાથ પ્રસાદ કરીને, મ્હારી પૂરો ઉમેદ રે,
સમયસુંદર કહે હું પણ પામું, જ્ઞાનનો પંચમો ભેદરે.

લગભગ આજ સમયે તપાગચ્છીય સકલચંદ્ર ઉપાધ્યાય શિષ્ય સૂરચંદ્ર શિષ્ય ભાનુચંદ્ર શિષ્ય દેવચંદ્ર બીજાએ પણ 'સૌભાગ્ય પંચમી સ્તુતિ' લખી છે.[૩૭]

અઢારમી સદીના પહેલા દસકામાં તપાગચ્છીય વિજયસિંહ – વિજય દેવ – સંજમ હર્ષ – ગુણહર્ષ શિષ્ય લબ્ધિવિજયે 'મૌન એકાદશી સ્તવન' ઉપરાંત 'સૌભાગ્ય પંચમી – જ્ઞાન પંચમી સ્તવન' જૂની ગૂજરાતીમાં રચ્યાનો દાખલો મળે છે :–[૩૮]

---

૩૪ જુઓ "અનેકાંત" – ૧૯૪૧, જૂન – પૃ. ૩૫૦.
૩૫ જુઓ ઉપર્યુક્ત જૈ. ગૂ. ક. પ્રથમ ભાગ, પૃ. ૨૯૯.
૩૬ જુઓ ઉપર્યુક્ત જૈ, ગૂ. ક. પ્રથમ ભાગ, પૃ. ૩૮૦.
૩૭ જુઓ ઉપર્યુક્ત જૈ. ગૂ. ક. પ્રથમ ભાગ, પૃ. ૫૭૯.
૩૮ જુઓ જૈ. ગૂ. ક. બીજો ભાગ, પૃ. ૧૨૩.

આદિ

આદિ જિણાવર (૨) સયલ જગજંત
વંછિઅ સુહંકર પયકમલ નમવિ દેવ સારદા સમરિઅ,
તિમ નિઅ સહગુરુ નામનઇં મુઝ મન્નિ કજિ કરિઅ ભમરિઅ,
કહિસ્યું **સોહગ પંચમી નાણપંચમી** તિમ્મ
આરાહતઈં દૂરિ હોઈ નાણાવરણી કમ્મ. ૧

વિ. સં. ૧૭૩૧ લગભગ ખરતરગચ્છીય જિનરંગે 'સૌભાગ્ય પંચમી' ઉપર સજ્ઝાય લખ્યાનું નોંધાયું છે.[૩૯]

વિ. સં. ૧૭૪૮ (?) કાર્તિક સુદ ૫ સોમવારે આગ્રામાં તપાગચ્છીય ચારિત્ર સાગર–કલ્યાણસાગર–ઋદ્ધિસાગર શિષ્ય ઋષભસાગરે 'ગુણમંજરી વરદત્ત ચોપાઈ' જૂની ગૂજરાતીમાં લખ્યાનું ઉલ્લેખાયું છે:[૪૦]–

આદિ

"ભાવિક જીવ ઉપકાર ભણિ, જયૂં કહ્યો પૂરવસૂરિ,
કાતિ સૂદિ **પંચમિ** તણો, કહિસ્યું મહિમાપૂર.". ૬

× × ×

અંત

"ઋષભસાગર નિજમતિ અનુસારૈં, એ કહી ઈણિ પ્રકારૈં,
ભણૈં ગુણૈં એ ચરિત પવિત ઈ, આનંદ હુવૈં તસ ચિત્તઈજી ॥ ૨૦ ॥

વિ. સં. ૧૭૯૯ના શ્રાવણસુદ ૫ રવિવારે પાલણપુરમાં તપાગચ્છીય વિજયપ્રભ-સૂરિ–પ્રેમવિજય શિષ્ય કાંતિવિજયે જૂની ગૂજરાતીમાં સૌભાગ્ય પંચમી માહાત્મ્ય–ગર્ભિત શ્રી 'નેમિજિન સ્તવન' રચ્યું:–[૪૧]

આદિ

"પણમૂં પવયણ દેવીરે સૂર બહુ સેવિત પાસ,
પંચમી તપ મહીમા કહું, દેજ્યો વચન પ્રકાશ. ૧
જે સુણતાં દુઃખ નિકસૈંરે વિકસે સંપદ હેજ,
આતમ સાખિ આરાધતાં સાધતાં વાધે તેજ." ૨

આ સિવાય જ્ઞાન પંચમી ઉપર અથવા તેને લગતાં વિષય ઉપર ગૂજરાતીમાં બણારસી કૃત 'જ્ઞાન પંચમી ચૈત્યવંદન,' 'જ્ઞાન પંચમી ઉદ્યાપન વિધિ સ્વાધ્યાય,' વિજયલક્ષ્મી સૂરિ કૃત 'જ્ઞાન પંચમી દેવવંદન,' 'જ્ઞાન પંચમી સ્વાધ્યાય' અને ગુણવિજય કૃત 'જ્ઞાન પંચમી સ્તવન' વગેરે વગેરે લખાયા છે.[૪૨]

---

૩૯ જુઓ ઉપર્યુક્ત જૈ. ગૂ. ક. બીજો ભાગ, પૃ. ૨૭૩.
૪૦ જુઓ ઉપર્યુક્ત જૈ. ગૂ. ક. બીજો ભાગ, પૃ. ૩૮૦.
૪૧ જુઓ ઉપર્યુક્ત જૈ. ગૂ. ક. બીજો ભાગ, પૃ. ૫૩૧.
૪૨ જુઓ ઉપર્યુક્ત લીં. ભા. ગ્ર. સૂ.

મહેશ્વર સૂરિઓ

'જ્ઞાન પંચમી કથા' અથવા 'પંચમી માહાત્મ્ય'ના રચનાર સજ્જન ઉપાધ્યાયના શિષ્ય મહેશ્વર સૂરિ વિ. સં. ૧૧૦૯ પછી તો નથી જ થયા એ વાત નિર્વિવાદ છે કારણ કે જ્ઞાન પંચમી કથાની જૂનામાં જૂની તાડપત્રીય પ્રતિનો લેખન સંવત ૧૧૦૯ છે તે આપણે આજ લેખમાં આગળ જોઈ ગયા.[૪૩] આના અનુસંધાનમાં એ પણ જણાવવું આવશ્યક છે કે 'જૈન ગ્રન્થાવલિ'માં ઉલ્લેખેલ ભવિદત્તાખ્યાન કે ભવિષ્યદત્તાખ્યાનકાર મહેશ્વરસૂરિ તે બીજા કોઈ નહિ પણ 'જ્ઞાન પંચમી'ના લેખક મહેશ્વરસૂરિ. તે પણ આજ લેખમાં આગળ આપણે તપાસી ગયા.[૪૪]

અપભ્રંશભાષામાં પાંત્રીશ ગાથામાં 'સંયમમંજરી'ના લખનાર એક બીજા મહેશ્વરસૂરિનો ઉલ્લેખ અહિં કરી લેવો જોઇએ.[૪૫]

ત્યાર બાદ એક ત્રીજા મહેશ્વરસૂરિ તે થઈ ગયા કે જેણે 'પાક્ષિક અથવા આવશ્યક સપ્તતિ' ઉપર ૧૦૪૦ ગાથા પ્રમાણ ટીકા લખી છે.[૪૬] આ મહેશ્વરસૂરિ વાદિદેવસૂરિના શિષ્ય હતા અને એ હિસાબે તેમનો અસ્તિત્વકાળ વિક્રમીય તેરમી સદીનો લગભગ મધ્યભાગ સંભવે. તેમણે રચેલી વૃત્તિનું નામ 'સુખ પ્રબોધિની' છે. એ વૃત્તિ રચવામાં તેમને વજ્રસેન ગણિએ સહાય પણ કરી હતી[૪૭] (જુઓ કાંતિવિજયજી પ્રવર્તકનો પુસ્તકર ભંડાર, વડોદરા, નં. ૧૦).

ચોથા મહેશ્વરસૂરિ તે થઈ ગયા કે જેમણે 'કાલિકાચાર્ય કથા' આવન પ્રાકૃત ગાથામાં લખી છે.[૪૮] 'જૈન ગ્રન્થાવલિ' પૃ. ૨૫૦ની નોટમાં ઉમેરે છે કે "આ મહેશ્વર સૂરિ તે કયા તે બાબત કાંઈ ચોક્કસ પૂરાવો મળી શકતો નથી. પણ તે પ્રાચીન વખતમાં થયેલા હોવા જોઇએ. તેમના સંબંધમાં પીટર્સનના બીજા રિપોર્ટમાં ('જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઇતિહાસ'માં બીજો નહિ પણ પહેલો રિપોર્ટ લખ્યો છે) પૃ. ૨૯માં સદરહુ કથાની નોંધ લેતાં પ્રાન્તે "ઇતિ શ્રી પલ્લીલ ('જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઇતિહાસ'માં આ ગચ્છને પલ્લીવાલ ગચ્છ તરીકે ઓળખાવેલ છે અને તે સાચું છે)[૪૯] ગચ્છે મહે-

---

૪૩ જુઓ પાદનોંધ ૪. તેઓ સજ્જન ઉપાધ્યાયના શિષ્ય હતા તે માટે જુઓ 'જ્ઞાન પંચમી કથા'ના પ્રશસ્તિગત નિમ્નોક્ત શ્લોકો :–

दोपक्खुज्जोयकरो दोसासंगेण वज्जिओ अमओ ।
सिरिसज्जणउज्झाओ अउव्वचंदुव्व अक्खत्थो ॥
सीसेण तस्स रइया दस वि कहाणाइ इमे उ **पंचमिए** ।
सूरिमहेसरएणं भवियाणं बोहणट्ठाए ॥

૪૪ જુઓ પાદનોંધ ૯.

૪૫ જુઓ ઉપર્યુક્ત જૈ. ગ્ર. પૃ. ૧૯૨; ઉપર્યુક્ત જૈ. સા. સં. ઈ. પૃ.૩૩૧; લીં. ભા. ગ્ર. સૂ. પૃ. ૧૭૬; ઉપર્યુક્ત ૫. ભા. ગ્ર. સૂ. (અંગ્રેજી પ્રાસ્તાવિક) પૃ. ૬૩; Printed in the introduction of भविस्सयत्तकहा (ગા. ઓ. સી. નં. ૨૦).

૪૬ ઉપર્યુક્ત જૈ. ગ્ર. પૃ. ૧૪૩.

૪૭ ઉપર્યુક્ત જૈ. સા. સં. ઈ. પૃ. ૩૩૬.

૪૮ ઉપર્યુક્ત જૈ. ગ્ર. પૃ. ૨૫૦.

૪૯ ઉપર્યુક્ત જૈ. સા. સં. ઈ. પૃ. ૪૩૧.

શ્વરસૂરિભિર્વિરચિતે કાલિકાચાર્ય કથા સમાપ્તા" આવો ઉલ્લેખ છે. સંવત્ ૧૩૬૫ નો નોંધ્યો છે પણ અમારા ધારવા મુજબ તે પ્રતિ લખ્યાનો હોવો જોઇએ. આ બાબત 'સંયમમંજરી'માં પણ વિશેષ ખુલાસો જોવામાં આવતો નથી."

પાંચમા મહેશ્વરસૂરિ એ થઈ ગયા કે જેમણે 'વિચાર રસાયન પ્રકરણ' (અમદાવાદના ડેલાના ઉપાશ્રયની ટીપમાં આનું નામ 'વિચારણ પ્રકરણ' જોવામાં આવે છે પણ તે 'વિચાર રસાયન પ્રકરણ' જ હોય એમ સંભવે છે) ૮૭ ગાથામાં સંવત્ ૧૫૭૩માં રચ્યું.[૫૦]

છઠ્ઠા મહેશ્વરસૂરિ તે દેવાનંદ ગચ્છના મહેશ્વરસૂરિ કે જેઓ સંવત્ ૧૬૩૦ માં થઈ ગયા.[૫૧]

સાતમા મહેશ્વરસૂરિનો ઉલ્લેખ લીંબડીની સૂચીમાં મળી આવે છે. તેમણે 'શબ્દ ભેદ પ્રકાશ' રચ્યો હતો જેનો લેખન સંવત્ વિ. સ. ૧૬૪૪ લીંબડી ભંડારવાળી પ્રતિમાં નોંધેલો છે. નવ પત્ર છે અને ૩૬૬ શ્લોક સંસ્કૃતમાં છે.[૫૨]

આઠમા મહેશ્વરસૂરિ સંબંધેની થોડીક વિગત 'જૈન ગ્રન્થાવલિ'માં મળી આવે છે. તેઓ વર્ધમાન સૂરિના શિષ્ય હતા અને ૧૨૩ ગાથામાં 'સિદ્ધાંતોદ્ધાર પ્રકરણ' રચ્યું હતું એવો ઉલ્લેખ તેમાં છે.[૫૩] 'જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઇતિહાસ'માં એમ જણાવ્યું છે કે 'સિદ્ધાંત–વિચાર' અથવા 'સિદ્ધાંતોદ્ધાર' (પી. ૧,૩૩) વિમલસૂરિના શિષ્ય ચંદ્રકીર્ત્તિ ગણિએ રચ્યો હતો.[૫૪]

'જૈન ગ્રન્થાવલિ' તો બીજા બે મહેશ્વરસૂરિઓ પણ જણાવે છે જેમાંના એકે 'લિંગભેદ નામમાળા'[૫૫] અને બીજાએ ૩૦૦૦ શ્લોક પ્રમાણ 'વિશ્વકોષ' રચ્યો હતો.[૫૬] આ રીતે દશ મહેશ્વરસૂરિઓ થયા.

અને અગીઆરમાં મહેશ્વરસૂરિ લીંબડી ભંડારની સૂચિ પ્રમાણે એ થયા કે જેમણે સંસ્કૃતમાં 'શબ્દ પ્રભેદ' નામનો ૨૦૦ શ્લોક પ્રમાણ ગ્રંથ લખ્યો. તેના સાત પૃષ્ઠ છે.[૫૭]

આ અગીઆર મહેશ્વરસૂરિઓ પૈકી 'જ્ઞાન પંચમી કથા'ના લખનાર મહેશ્વરસૂરિએ બીજો કોઈ ગ્રંથ લખ્યો છે કે નહિ તે તપાસવાથી કયા મહેશ્વરસૂરિ ભેળવડાણા છે તેની ખબર પડશે. 'પંચમી કથા'ના લખનાર મહેશ્વરસૂરિએ પોતાને માટે સજ્જન ઉપાધ્યાયના પોતે શિષ્ય હતા તે સિવાય કશું જ પ્રશસ્તિમાં જણાવ્યું નથી. છતાં પોતે વિક્રમીય અગીઆરમી સદીના પ્રથમ દશકા પહેલાં થયા હતા એતો આપણે આગળ

---

૫૦ ઉપર્યુક્ત જૈ. સા. સં. ઈ. પૃ. ૫૧૮; ઉપર્યુક્ત જૈ. ગ્ર. પૃ. ૧૩૫.
૫૧ ઉપર્યુક્ત જૈ. સા. સં. ઈ. પૃ. ૬૦૬.
૫૨ જુઓ ઉપર્યુક્ત લી. ભા. ગ્ર. સૂ. પૃ. ૧૪૦.
૫૩ જુઓ ઉપર્યુક્ત જૈ. ગ્ર. પૃ. ૧૩૬.
૫૪ જુઓ ઉપર્યુક્ત જૈ. સા. સં. ઈ. પૃ. ૨૭૬.
૫૫ જુઓ ઉપર્યુક્ત જૈ. ગ્ર. પૃ. ૩૧૨.
૫૬ જુઓ ઉપર્યુક્ત જૈ. ગ્ર. પૃ. ૩૧૩.
૫૭ જુઓ ઉપર્યુક્ત લીં. ભા. ગ્ર. સૂ. પૃ. ૧૪૦.

જોઈ ગયા. એટલે જ્યાં ગુરુભેદ અને સમયભેદ સ્પષ્ટપણે બતાવવામાં આવ્યો હશે ત્યાં તો પંચમી કથાના રચનાર મહેશ્વરસૂરિ તે તે મહેશ્વર સૂરિથી જુદા એમ બેધડકપણે કહી શકાશે.

'આવશ્યક સપ્તતિ' ઉપર ટીકા લખનાર મહેશ્વરસૂરિ વાદિદેવ સૂરિના શિષ્ય હતા તેથી, 'કાલિકાચાર્ય કથા' પ્રાકૃતમાં લખનાર મહેશ્વરસૂરિ પલ્લિવાલ ગચ્છમાં થઈ ગયા તેથી, 'વિચાર રસાયન પ્રકરણ'ના રચનાર મહેશ્વરસૂરિ સં. ૧૫૭૩ માં વિદ્યમાન હતા તેથી, દેવાનંદ ગચ્છના મહેશ્વરસૂરિ ગચ્છભેદે તથા સં. ૧૬૩૦ માં થઈ ગયા તેથી, 'સિદ્ધાંતોદ્ધાર પ્રકરણ'ના રચનાર મહેશ્વરસૂરિ વર્ધમાનસૂરિના શિષ્ય હતા તેથી, અને 'શબ્દ ભેદ પ્રકાશ,' 'લિંગભેદ નામ માળા,' 'વિશ્વકોષ,' અને 'શબ્દ પ્રભેદ'ના લખનાર ચારેય મહેશ્વરસૂરિઓ અર્વાચીન દેખાય છે તેથી એ નવેય મહેશ્વરસૂરિઓ 'જ્ઞાન પંચમી' કથાના લેખક મહેશ્વરસૂરિ કરતાં ભિન્ન છે એ નિર્વિવાદ છે. હવે રહ્યા એક 'સંયમ મંજરી'ના લખનાર મહેશ્વરસૂરિ જે પ્રસ્તુત 'જ્ઞાન પંચમી કથા'ના લેખક મહેશ્વરસૂરિ હોય એવી સંભાવના રહે છે. અપભ્રંશ ભાષામાં 'સંયમ મંજરી' નામનો પ્રકરણ ગ્રન્થ લખનાર મહેશ્વરસૂરિએ તે ગ્રંથમાં પણ પોતાના સમય વગેરે વિષે કશો ઉલ્લેખ કર્યો નથી. પોતાના 'હિસ્ટરી ઑફ ઈન્ડીઅન લિટરેચર' ભાગ. ૨. માં[૫૮] વિન્ટરનિત્ઝ 'સંયમ મંજરી'ના લખનાર મહેશ્વરસૂરિને હેમહંસસૂરિના શિષ્ય ભૂલથી માનીને હેમચંદ્રસૂરિના સમસામયિક અથવા ૧૩૦૯ પહેલાં તો અવશ્ય થયેલા માને છે. 'કાલકાચાર્ય કથાનક'ના કર્ત્તા મહેશ્વરસૂરિ અને સંયમમંજરીના મહેશ્વરસૂરિ બન્ને એક છે એમ કલ્પી, 'કાલકાચાર્ય કથાનક'ની તાડપત્રીય પ્રતિ ઈ. સ. ૧૩૦૯ માં લખાયેલી મળી આવેલ છે તે ઉપરથી સંયમમંજરીના રચનાર મહેશ્વરસૂરિ ૧૩૦૯ પહેલાં મોડામાં મોડા થયા હોવા જોઇએ એમ ગણી તેઓ હેમહંસસૂરિના શિષ્ય છે એમ આગળ કહ્યું તેમ ભૂલથી માની તેમને હેમચંદ્રસૂરિના સમસામયિક બનાવે છે. આ આખી વિચારસરણિ ભૂલ ભરેલી દેખાય છે. પહેલાં તો એ કે 'કાલકાચાર્ય કથાનક'ના રચનાર મહેશ્વરસૂરિ તેજ 'સંયમમંજરી'ના રચનાર મહેશ્વરસૂરિ, મેં આગળ કહ્યું તેમ, માનવાનું ખાસ કાંઈ કારણ નથી. તે ઉપરાંત, મહેશ્વરસૂરિ હેમહંસસૂરિના શિષ્ય હતા એ ખોટું છે કારણ કે ઉલટું હેમહંસસૂરિ (પૂર્ણચંદ્રસૂરિ શિષ્ય)ના શિષ્યે 'સંયમમંજરી' નામના પ્રકરણ ગ્રન્થ ઉપર પ્રાકૃત–સંસ્કૃત કથાઓથી અલંકૃત વિસ્તીર્ણ વ્યાખ્યા રચી પ્રકરણકાર તરફનો પોતાનો આદરભાવ વ્યક્ત કર્યો છે. એટલે પૂર્ણચંદ્રસૂરિ શિષ્ય હેમહંસસૂરિ શિષ્ય તો વૃત્તિકાર થયા, નહિ કે પ્રકરણકાર; અલબત્ત, પોતાની એ વ્યાખ્યામાં વ્યાખ્યાકાર હેમહંસસૂરિ શિષ્ય પણ પ્રકરણકાર મહેશ્વરસૂરિ સંબંધે કશુંજ લખતા નથી. મહેશ્વરસૂરિ 'સંયમમંજરી'ના રચનાર હતા એ પણ કદાચ વ્યાખ્યાકાર જાણતા નો'તા કારણ કે મહેશ્વરસૂરિ શબ્દ પ્રયોગને બદલે તેઓ પ્રકરણકાર કહીનેજ લેખકને ઓળખાવે છે. આ હેમહંસસૂરિ શિષ્ય તે કદાચ હેમસમુદ્ર

---

૫૮ જુઓ પૃ. ૫૮૯ની સાતમી પાદનોંધ.

હોય.[૫૯] પૂર્ણચંદ્રસૂરિ – હેમહંસસૂરિ – હેમસમુદ્રસૂરિ નાગોરી તપાગચ્છના હતા કે ચંદ્ર-ગચ્છના હતા તે વિષે મતભેદ છે.[૬૦]

આ 'સંયમમંજરી'ની ત્રણ તાડપત્રીય પ્રતિઓ પાટણ ભંડારમાં છે.[૬૧] જેસલમેરના બૃહદ્ભંડારમાં પણ એક તાડપત્રીય પ્રતિ છે[૬૨] અને લીંબડી ભંડારમાં પણ એક હસ્તલિખિત પ્રતિ છે.[૬૩] ભાષા અપભ્રંશ છે અને કુલ ગાથા ૩૫ છે. તેના ઉપર વિસ્તીર્ણ વ્યાખ્યા પૂર્ણચંદ્રસૂરિ શિષ્ય હેમહંસસૂરિના શિષ્યે લખેલી છે. આ ગ્રંથ મુદ્રિત થયેલ છે.[૬૪] 'સંયમમંજરી'ના રચનાર મહેશ્વરસૂરિ અગીઆરમી સદી (વિક્રમીય) માં થઈ ગયા[૬૫] તેથી 'જ્ઞાન પંચમી કથા'ના લેખક મહેશ્વરસૂરિ અને આ મહેશ્વરસૂરિ એક હોય એમ સંભવે છે.

*

---

૫૯ જુઓ ઉપર્યુક્ત જૈ. સા. સં. ઈ. પૃ. ૫૮૫.

૬૦ જુઓ ઉપર્યુક્ત પુસ્તકનું ઉપર્યુક્ત પૃ. તથા–ઉપર્યુક્ત પ. ભા. ગ્ર. સૂ. પૃ. ૧૧૩.

૬૧ જુઓ ઉપર્યુક્ત. પ. ભા. ગ્ર. સૂ. પૃ. ૬૮, ૧૬૨ તથા ૧૯૩.

૬૨ જુઓ ઉપર્યુક્ત જે. ભા. ગ્ર. સૂ. પૃ. ૩૮.

૬૩ જુઓ ઉપર્યુક્ત લીં. ભા. ગ્ર. સૂ. પૃ. ૧૭૬.

૬૪ જુઓ ગા. ઓ. સી. નં. ૨૦.

૬૫ જુઓ ઉપર્યુક્ત જૈ. સા. સં. ઈ. પૃ. ૩૩૧.

શું વિક્રમાદિત્ય મહાન્ સમ્રાટ્ હતો ?

લે૦ — શ્રીયુત ડુંગરસી ધરમસી સંપટ.

*

સંવતકાર સમ્રાટ્ વિક્રમાદિત્ય કોણ હતો? ક્યારે થયો? એણે કેવા મોટા વિજયો મેળવ્યા? તે સંબંધી ઇતિહાસવેત્તાઓની વચ્ચે મોટા મતભેદો છે; આ સંબંધી ઇતિહાસ હજી કાંઈ ચોકસ નિર્ણય લાવી શક્યો નથી. ઇતિહાસજ્ઞો આ સંબંધી જુદા જુદા મતો ધરાવે છે. હમણાં શ્રી વિક્રમાદિત્યની ૨૦૦૦ની સંવત્સરી ઉજવવાની હીલચાલ ચાલે છે. આ સમયે જુદા જુદા પ્રાચીન ઇતિહાસવેત્તાઓ અને પુરાતત્ત્વજ્ઞોના મતો સંક્ષિપ્તમાં અત્રે દર્શાવ્યા છે.

યુરોપિયન ઇતિહાસવેત્તાઓ ગુપ્તવંશના મહાન સમ્રાટ ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યને (ઇસુની ચોથી સદી) ખરા વિક્રમાદિત્ય તરીકે ગણે છે. કાલિદાસ કવિને પણ એના જ સમયમાં મુકે છે. આપણા સનાતની વિદ્વાનો વિક્રમાદિત્યને ઉજ્જયિનીના મહાપરાક્રમી સમ્રાટ્ અને પરોપકારી નૃપતિ તરીકેનું ચક્રવર્તિપણું આપીને મહત્તા દર્શાવે છે. પરંતુ એ માન્યતાને ટેકો આપનાર સિક્કા, સ્મરણસ્થંભો, પ્રાચીન ગ્રન્થોના પુરાવા કે પ્રાચીન પરદેશી પ્રવાસીઓના ઉલ્લેખો દેખાડી શકતા નથી. વિક્રમાદિત્ય મહાન સમ્રાટ્ હતો એવો એકેય ઐતિહાસિક પુરાવો નથી. ગ્રીક લેખકો, ચીના પ્રવાસીઓ પણ વિક્રમાદિત્ય સંબંધી કોઈ પ્રકાશ પાડતા નથી. વિક્રમાદિત્યના સમયનો અને મહત્તાનો ચોકસ નિર્ણય આપનારા શિલાલેખો વિગેરે કાંઈ મળતા નથી.

આપણા આધુનિક વિદ્વાનો પણ વિક્રમાદિત્ય સંબંધી જૂદા જૂદા અભિપ્રાયો ધરાવે છે. એ સમ્રાટ્ કોણ હતો? ક્યારે થયો? અને શા તેના મહાન પરાક્રમો હતા? તે સંબંધી ઇતિહાસજ્ઞો જુદા જુદા મતો ધરાવે છે. એ હિંદુ આર્ય હતો કે પરદેશી વંશનો હતો તે માટે પણ જૂદા જૂદા અભિપ્રાયોના અનુમાનો આપણી સમક્ષ મુકાયા છે. વિક્રમાદિત્યના પરોપકાર સંબંધી 'વૈતાળ પંચવિંશતી,' 'સિંહાસન બત્રીસી,' કથાસરિત્સાગર,' 'ભોજ પ્રબંધ' અને જૈન રાસાઓમાં અનેક કથાઓ છે. પરંતુ 'ભવિષ્ય પુરાણ'ની અનૈતિહાસિક કથાઓની પેઠે એ સર્વનો ઐતિહાસિક પાયો નથી. માત્ર લોકરંજનકથા સિવાય કોઈ પણ રીતે એના ઉપર આધાર મુકાય તેમ નથી. 'વાયુ,' 'વિષ્ણુ પુરાણ' અને 'શ્રીમદ્ ભાગવત'માં ઘણી શ્રદ્ધા આવે એવી ઐતિહાસીક વંશાવળીઓ છે. પરંતુ એ કોઈમાં પણ વિક્રમાદિત્ય સંબંધી ઉલ્લેખ મળતો નથી. એના માટે મૌન સેવવામાં આવ્યું છે.

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી જૂનામાં જૂનો ઉલ્લેખ જૈનોના 'કાલિકા કથાનક'માં મળે છે. ઉજ્જયિનીના ગર્દભીલવંશનો રાજા ગંધર્વસેન એક જૈન સાધ્વીને પોતાના અંતઃપુરમાં ઉપાડી ગયો. એ આર્યાના ભાઈ કાલકાચાર્ય ઇરાન જઈ ત્યાંના શકોના સરદારોને સમજાવીને હિંદ તેડી લાવ્યા. એમણે મળીને ગંધર્વસેનને હરાવ્યો. સાત વરસ સુધી આ શકોનું રાજ્ય અવંતિ ઉપર રહ્યું (બુદ્ધિપ્રકાશ પુ. ૭૬ પૃ. ૮૮, દ્વિ. આ.

કેશવલાલ ભાઇનો લેખ). એ ગંધર્વસેનના રાજકુમાર વિક્રમાદિત્યે પેઠણના અરિષ્ટ-કર્ણ–સાતકર્ણી આંધ્રપતિની મદદ મેળવી શકોને હરાવ્યા. વિક્રમાદિત્યે શકારિનું બિરૂદ ધારીને સંવતનો આરંભ કર્યો હોય એમ જૈનો માને છે. જૈનો વિક્રમાદિત્યને જૈન માને છે. જૈનો એના સંવતને પણ સ્વીકારે છે. પાછળથી આંધ્રોએ માળવા લઈ લીધું હતું પરંતુ આ સર્વને સ્વતંત્ર ઇતિહાસનો કોઈ ટેકો નથી. જૈનોની માન્યતા મુજબ ઉજ્જેનનું રાજ્ય મોટું સામ્રાજ્ય નહોતું. એ ટક્યું લાગતું પણ નથી.

પ્રસિદ્ધ વિદ્વાન્ સર જૉન માર્શલની શોધખોળ મુજબ તક્ષશિલા ખાતે એક ખરોષ્ઠી ભાષામાં લેખ મળ્યો છે. તે પ્રમાણે અઝીજ પહેલાના સંવતનો એ લેખ હોવાના ચિહ્નો તેમાં છે. એમાં અઝીજ સંવતનું ૧૩૬ મું વરસ હોવાનો ઉલ્લેખ છે. એના પહેલાના સમ્રાટ્ મૌઝનો સમય ખ્રિસ્ત પહેલાં ૭૫ નો બરાબર બંધ બેસતો મળે છે. અઝીજના પછીનો ત્રીજો રાજા ગોન્ડોફરસ ઈ. સ. ૧૯માં રાજ્ય કરતો હતો. ગ્રીક સિક્કાઓના સહકારથી બનાવેલી વંશાવળી એમાં બરાબર મળી જાય છે. આથી અઝીજ પહેલો બરાબર વિક્રમ સંવતની શરૂઆતના સમયમાં આવી જાય છે. ખ્રિસ્ત પહેલાનું ૫૮ મું વરસ વિક્રમ સંવતનું ગણાય છે. ઉપલા લેખમાં કોઈ રાજાનું નામ નથી. આથી આ અનુમાન બરાબર નથી એમ ઘણાં વિદ્વાનો માને છે. આ લેખમાં "મહાન સમ્રાટ્, રાજાધિરાજ ઈશ્વરપુત્ર કુશાન" એટલાં શબ્દો ખરોષ્ઠી લિપિમાં છે. આ મહાન સમ્રાટ્ કડફીસસ હોવાનું સર જૉન માર્શલ ધારે છે. આ અનુમાનને હિંદના ઇતિહાસજ્ઞોનો ટેકો નથી.

પ્રોફેસર કે. એમ. શૅમ્બાવનેકર M. A. પોતાના જર્નલ ઑફ ધી યુનિવર્સીટી ઑફ બૉમ્બે (વો. ૧ પાર્ટ, ૬ May 1933)ના લેખમાં વિક્રમાદિત્યને ઈ. સ. પહેલા ૫૭–૫૮ વરસોમાં થયાનું માને છે. એઓ 'કથાસરિત્સાગર'નો આશ્રય લે છે. પિશાચ ભાષામાં રચાયલી 'શ્રી બૃહત્કથા'નું 'કથાસરિત્સાગર' રૂપાંતર છે. 'કથાસરિત્સાગર'માં વિક્રમાદિત્ય અને તેના પિતા મહેન્દ્રાદિત્ય બન્ને મોટા શિવ ભક્તો હતા. શંકરના મલ-યાવત ગણના અવતાર તરીકે વિક્રમાદિત્યને ત્યાં ગણવામાં આવ્યો છે. જૈનો વિક્રમા-દિત્યને જૈન તરીકે ઓળખાવે છે. એના પિતાનું નામ ગંધર્વસેન બતાવે છે. પ્રોફેસર શૅમ્બાવનેકર 'મેઘદૂત' અને 'વિક્રમોર્વશીય' નાટકમાં ઇન્દ્ર માટે વાપરેલી મહેન્દ્ર ઉપાધિ ઉપર બહુ ભાર રાખતા જણાય છે. એઓના મંતવ્ય પ્રમાણે યુરોપિયન વિદ્વાનોની માન્યતા જે વિક્રમાદિત્યને ચોથા સૈકાના ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય તરીકે જણાવે છે તે પાયા વગરની છે.

શ્રી કાશીપ્રસાદ જાયસ્વાલ વિક્રમ બરાબર થયાનું માને છે. એમની ગણતરી પ્રમાણે ઈ. સ. ૫૭–૫૮ માં વિક્રમ માળવામાં થયા હતા. પરંતુ એઓ ચક્રવર્તિ ન-હતા. એઓ જૈન ગણતરી પ્રમાણે બરાબર સમય મેળવી આપે છે. જૈનોના સરસ્વતી ગચ્છની પટ્ટાવલીઓમાં શ્રી મહાવીરસ્વામીનો આ જગતમાંથી ઈ. સ. પૂર્વે ૫૪૬ વરસમાં ઉત્સર્ગ માને છે. એ પટ્ટાવલીઓ પ્રમાણે વિક્રમાદિત્ય પહેલાં ૪૯૦ વરસે એમનું નિર્વાણ મનાયું છે. એ ગણતરી પ્રમાણે –

૩૫૩ વરસો શ્રીમહાવિરના નિર્વાણ પૂર્વેના વ્યતીત થયા ત્યારે પાલક રાજા અવન્તીની ગાદી ઉપર હતો. એ રાજા બુદ્ધ ભગવાનના સમયાનુયાયી પ્રદ્યોત રાજાનો પુત્ર હતો. પાલક રાજા મૌર્યો અને શૂંગ સમ્રાટ્ પુષ્યમિત્રના સમયમાં હતો.
૬૦ વરસો પુષ્યમિત્રથી તે શૂંગ રાજા ભાનુમિત્ર સુધી પસાર થયા હતા (ભાનુમિત્રના સિક્કાઓ મળ્યા છે).
૪૦ વરસો પછી સમ્રાટ્ નહવાન અથવા નહપાન થયો.
૧૩ વરસો ગર્દભિલ્લ રાજા જે વિક્રમનો પિતા હતો તેનું રાજ્ય ચાલ્યું (શ્રી જાયસ્વાલ એ રાજાને ગૉન્ડોફરસ સમ્રાટ્‌ની સાથે એક જ હોવાનું માને છે).
૪ વરસો સંવતકારના સંવત શરૂ કરવાના વરસો.

વિક્રમ એમની માન્યતા પ્રમાણે ૧૮મે વરસે રાજ્ય સિંહાસને બેઠો હતો. વિક્રમનો સંવત જૈન મત પ્રમાણે શ્રીમહાવીરના નિર્વાણ પછી ૪૮૮ મા વરસે શરૂ થયો હતો. (૪૭૦+૧૮) આ ૪૮૮ વરસોમાં ૫૭–૫૮ ઉમેરતાં ૫૪૫–૫૪૬ ખ્રિસ્ત પહેલાના વરસો બરાબર આવે છે.

શ્રી વિક્રમાદિત્યના સંવત સંબંધી ક્યાંયે કોઈ સિક્કા મલ્યા નથી. એ સમયના ગ્રીક ઇતિહાસકારોએ કાંઈ ઉલ્લેખ કર્યો નથી. બૌદ્ધ સમયના સાહિત્યમાં પણ વિક્રમાદિત્ય સંબંધી મૌન સેવાયું છે. એના સમયમાં અથવા એ સમયની ૩૦૦–૪૦૦ વરસની મર્યાદામાં કોઈ શિલાલેખ કે તામ્રપત્ર પણ વિક્રમના સંબંધમાં પ્રાપ્ત થયું નથી. પુરાણોની વંશાવલીમાં પણ વિક્રમ સંબંધી કાંઈ ઈશારો માત્ર નથી. માત્ર જૈનોનું 'કાલિકા કથાનક' જ એના સંબંધી ઉલ્લેખ કરે છે. વિક્રમાદિત્યના પરોપકાર, મહત્તા, પરદુઃખભંજકતા સંબંધી બહોળું દંતકથા સાહિત્ય હિંદની કેટલીક ભાષાઓમાં છે. એ સર્વ માત્ર રસીલી વાર્તારૂપે કહેવાયું છે. એની ઐતિહાસિક કિંમત કાંઈ નથી. વિક્રમ સંવતનો સૌથી પ્રથમ ઐતિહાસિક ઉલ્લેખ મંદસોરના લેખો (ચોથી કે પાંચમી સદીના જ) કરે છે. જૈનો અને માલવો આ સંવતને ઈ. સ. ૫૭–૫૮ થી શરૂ થતું હતું એમ માન્યતા ધરાવતા આવ્યા છે. વિક્રમની પહેલાં ૩૫૯ વરસો ઉપર પ્રદ્યોતનો કુમાર પાલક અવન્તિનો રાજા હતો પછી પાટલીપુત્રના મહાન સમ્રાટો એ પ્રદેશના માલીક થયા. એમના પછી નહપાન, વિક્રમ વગેરે સાધારણ નાના રાજાઓ થયાનું જૈનો માને છે.

શ્રી વિક્રમાદિત્ય મોટો ચક્રવર્ત્તિ સમ્રાટ્ હોવાની એકેય સાબીતી કે લેખ હજી સુધી પુરાતત્ત્વજ્ઞોને મળી શક્યો નથી. મૌર્યવંશના મહાન્ સમ્રાટ્ પ્રિયદર્શી અશોક (ઇસુની ત્રીજી સદી)થી તે ઠેઠ ગુપ્તવંશના ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય સુધીના સાતસો વરસોની લાંબી મુદતમાં કોઈ મહાન્ ચક્રવર્ત્તિ ભૂપતિ હિંદમાં થયો નથી. અલબત્ત, શૂંગવંશનો અગ્નિમિત્ર, પૈઠણનો સાતકર્ણી પહેલો અને સાતકર્ણી બીજો (સાતવાહન કે, શાલીવાહનના નામે ઓળખાય છે), કુશાન વંશનો કનિષ્ક એ વિજયી મોટા રાજાઓ હતા. પરંતુ એમાંથી કોઈ પણ હિંદના ચક્રવર્ત્તિપણાનું બિરૂદ મેળવી શકે તેવું ન હતું. વિક્રમાદિત્ય ચક્રવર્ત્તિ કે મહાન પુરૂષ થઈ ગયા તેની એકેય ઐતિહાસિક સાબીતી અલભ્ય-

છે. અલબત્ત, એ અવન્તિનો સાધારણ રાજા હોવાની માન્યતાને જૈન સાધનો બરાબર ટેકો આપે છે. વિક્રમાદિત્ય જરૂર થઈ ગયો હોવો જોઈએ નહિ તો એનો સંવત કેમ ચાલે ?

હવે જે જે ઐતિહાસિક પુરાવા મળ્યા છે તે પુરાવાઓ પ્રમાણે હિંદમાં એ સમયે કોણ કોણ રાજ્યો હતા તે આપણે અવલોકીએ. એ સમયે શકો અને માલવોની શક્તિ ઉત્તરહિંદના પંજાબ વિભાગમાં વધતી જતી હતી. આ શકોએ ઉજ્જયિનીના ગર્દભિલ્લ રાજાને કાઢી મુક્યો હોય તે તદ્દન બનવા જોગ છે. પૈઠણરાજ સાતકર્ણી બીજાનો (સાતવાહન અથવા શાલિવાહનનો) સહકાર મેળવીને વિક્રમાદિત્યે એમને (શકોને) કાઢી મુક્યા હોય તે તદ્દન સંભવિત છે. આ પરદેશી શકોએ બાકટ્રીઆના ગ્રીક યવનોના રાજ્યનો અંત આણ્યો હતો. આ બનાવ ઇસુ પહેલાં ૧૩૫ વરસે બન્યાનું અનુમાન છે. શકોનું રાજ્ય મથુરા ઉપર ઈ. સ. અગાઉના પ્રથમ સૈકામાં હતું તે એમના સિક્કાઓની પ્રાપ્તિથી સાબીત થાય છે. શક સમ્રાટ્ રજુબુલા અને એના ઉત્તરાધિકારી સોડાસના સિક્કાઓ મળ્યા છે. પંજાબથી તે જમના નદી સુધીના પ્રદેશમાં એનું રાજ્ય ઈ. સ. પહેલાની સદીમાં હતું એ જણાય છે. શકોને તદ્દન મારી કાઢવા માટે તો ઇસુની ચોથી સદીનો ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય જ જવાબદાર હતો.

શૂંગવંશનો બ્રાહ્મણરાજા પુષ્યમિત્ર ઈ. સ. પૂર્વે ૧૮૫–૧૪૪ માં થઈ ગયો છે. મૌર્ય સમ્રાટોમાંથી છેલ્લા રાજા બૃહદ્રથને મારીને એ સિંહાસન ઉપર આવ્યો હતો. યવનો (ગ્રીકો) ને હરાવી એણે કચ્છ, સૌરાષ્ટ્ર અને પંજાબ જીતી લીધાં હતાં. એનો પુત્ર અગ્નિમિત્ર મહાન વિજેતા હતો. કાલિદાસના 'માલવિકાગ્નિમિત્ર'નો એ નાયક છે. તેણે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. ઈ. સ. ૭૩ માં છેલ્લા શૂંગરાજા દેવભૂતિને મારીને એના કાણ્વવંશના બ્રાહ્મણ પ્રધાને રાજ્ય લઈ લીધું હતું. એઓનું રાજ્ય માળવા પાસે જ વિદિશામાં હતું. એ વંશ. ઈ. સ. પૂર્વે ૭૩ થી ૨૮ સુધી ચાલ્યો જણાય છે. વિક્રમાદિત્ય એ વંશના રાજાઓનો સમકાલીન હતો. કોઈ ચક્રવર્ત્તિ ન હતું.

આંધ્ર અથવા શાલિવાહન વંશ ખૂબ લાંબો ચાલ્યો જણાય છે (ઈ. સ. પૂર્વે ૩૨૦ થી ઈ. સ. ૨૨૫). એ વંશ પૈઠણમાંથી આવ્યો હતો. એના પહેલા રાજા સાતકર્ણીએ પુષ્યમિત્રને હરાવ્યાની સંભાવના છે. ઉજ્જયિની એણે જીતી લીધું હોવાનો સંભવ છે. સાતકર્ણી પહેલાના પૌત્રે માળવા તથા મહારાષ્ટ્ર જીતી લીધા હતા. સાતકર્ણી બીજો વિક્રમાદિત્યના સમયમાં સૌથી મોટો સમ્રાટ્ હતો. એણે વિક્રમાદિત્યને મદદ આપી માળવા અપાવ્યું હોય એવો સંભવ છે. ઐતિહાસિક પુરાવો કાંઈ નથી. પાછળથી એજ રાજાએ વિક્રમ કે તેના વંશજ પાસેથી ઉજ્જયિની લઈ લીધું હતું. માળવામાંથી શકોને હાંકી કાઢનાર સાતકર્ણી બીજો હતો. ભીલસાના ટીંબા ઉપરથી સાતકર્ણીનો નં૦ ૩૪૬ વાળો શિલાલેખ મળ્યો છે. ઠેઠ ઈ. સ. ૨૨૫ સુધી આંધ્રોનું મહાન્ સામ્રાજ્ય ચાલ્યું હતું. એનો શકો ઉપરનો વિજય છેવટે ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યે સંપૂર્ણતાએ ઇસુની ચોથી સદીમાં પહોંચાડ્યો.

મહાન્ અશોકે કલિંગ (ઓરીસા) દેશ (ઈ. સ. પૂર્વે ૨૬૨) જીતી લીધો હતો. પરંતુ મૌર્યવંશના પતન પછી એ દેશ સ્વતંત્ર થયો હતો. એ કલિંગ વંશમાં જૈન ધર્મ

પાળનાર ચેતવંશનો સમ્રાટ્ ખારવેલ ઉદયગિરીની ગુફાના લેખો (૧૩૪૫ થી ૧૩૫૦) ના લેખોથી અને હાથીગુમ્ફાના લેખથી એ મોટો રાજા હતો તે સાબીત થાય છે. એ વંશના રાજાઓ વિક્રમાદિત્યના સમયમાં બળવાન હોવાનો સંભવ છે.

મથુરામાં એ સમયે કૃષ્ણભક્તિ અને જૈનધર્મ બંને પ્રચલિત હતા. એમાં શરૂઆતમાં સુરસેનોનું રાજ્ય હતું. શૂંગ સમયના બાર રાજાઓના નામો પુરાણોમાંથી મળે છે. ઈ. સ. ના પહેલા સૈકામાં છેલ્લા રાજા બ્રહ્મમિત્રનું નામ અહિચ્છત્રના રાજા ઇન્દ્રમિત્ર સાથે મળે છે. શૂંગવંશના રાજાઓ એમના ચક્રવર્ત્તિ હતા. શકોએ મથુરા જીતી લીધું હતું. શકો પણ વૈષ્ણવો બન્યા હોય એમ એમના સિક્કાઓ સૂચિત કરે છે.

કૌસંબી (અવધ), વિદેહ (ઉત્તર બિહાર), કાશી, મગધ (દક્ષિણ બિહાર), અંગ (મોંગીર અને ભાગલપુર) ના રાજાઓના સિક્કા મળે છે. પરંતુ નામ સિવાય બીજી હકીકત મળી શકી નથી.

ઈ. સ. પૂર્વે પહેલા સૈકામાં મહારાષ્ટ્ર, નાસીક અને પુના જીલ્લાઓ, ગૂજરાત, સુરાષ્ટ્ર તથા માળવાના થોડા ભાગમાં પરદેશી ક્ષત્રપોનો અધિકાર હતો. એઓ શકજાતિના હતા. પંજાબમાં યવનો (ગ્રીકો)ની સત્તા આ શકોએ તોડી હતી.

ભારશૈવોના નાગ (બ્રાહ્મણ) રાજાઓ પાછળથી સાતવાહન વંશના રાજાના ખંડીઆ થયા હતા. તેઓ બુંદેલ ખંડના હતા.

આ સિવાય આ સમયમાં હિંદમાં અનેક રાજાઓ નાના નાના વિસ્તારમાં રાજ્ય કરતા હતા જેમાં કેટલાક સ્વતંત્ર અને કેટલાક ખંડીઆ હતા. રાજપૂત વંશોના એ મૂળ પુરૂષો હતા. આમાંના કેટલાકના સિક્કાઓ પણ મળ્યા છે. આ રાજાઓ કોઈ મોટા સમ્રાટ્ની સામે નમી પડતા હતા. પરંતુ સાધારણ રીતે સ્વતંત્ર રહેતા હતા. પંજાબમાં યૌદ્ધેય અને રાજપૂતાનામાં અર્જુન નામના રાજપૂતોના સમૂહો હતા.

આ રીતે વિક્રમાદિત્યના સંવતકારના મહત્ત્વ અને પરાક્રમો સંબંધી કાંઈ પાયાદાર હકીકત મળતી નથી. એ સાધારણ રાજા હોય એમ ઘણા માને છે. કારણ કે મોટો ચક્રવર્ત્તિ અને વિજેતા હોવાનું એકેય પ્રમાણ ઇતિહાસ કે પુરાતત્ત્વ બતાવતું નથી.

* *
*

ગુજરાતમાં બૌદ્ધધર્મનો પ્રચાર

લે૦ – શ્રીયુત ધનપ્રસાદ ચંદાલાલ મુનશી.

*

સૌરાષ્ટ્ર–જૂનાગઢમાં મૌર્ય સમ્રાટ્ અશોકના શિલાલેખથી ફ્લે છે કે મૌર્યોના શાસનકાળમાં વર્તમાન ગુજરાત–કાઠિયાવાડમાં બૌદ્ધ ધર્મ પ્રવર્તમાન થઈ ચૂક્યો હતો. મૌર્યોના ઉદય પૂર્વે અને બુદ્ધ ભગવાન નિબ્બાણ–નિર્વાણ પામ્યા તે વખતે વર્તમાન ગુજરાતમાં બૌદ્ધ ધર્મ પ્રચારમાં આવી ચૂક્યો હતો એમ બૌદ્ધોની સાહિત્ય ગૂંથણીથી ખબર પડે છે. આ લેખમાં બુદ્ધના સમયનો અને કૈંક તે પહેલાંનો વર્તમાન ગુજરાતનો ઐતિહાસિક, ભૌગોલિક ચિતાર અને બુદ્ધ ધર્મ કયારે પ્રચારમાં આવ્યો એ આપવા અલ્પ પ્રયાસ કર્યો છે.

ઈસિવી સન પૂર્વે ૮૦૦–એ સમય મહાજનપદ યુગ કહેવાય છે. મહાભારતના દારૂણ યુદ્ધ પછી અને મહાજનપદ યુગ સુધીનો સંકલિત ઇતિહાસ જોઇએ તેવો પ્રાપ્ત થતો નથી. બૌદ્ધોના 'અંગુત્તર નિકાય'માં[1], મજ્જિમ દેશ–મધ્ય ભારતમાં[2] સોળ મહાજનપદ હોવાનો ઉલ્લેખ છે. બુદ્ધદેવના સમયમાં પણ આ સોળ જનપદ અસ્તિત્વમાં હતા. 'અંગુત્તર નિકાય'માં સોળ મહાજનપદની નામાવલી આ પ્રમાણે છે. (૧–૨) કાશી–કોશલ, (૩–૪) અંગ–મગધ, (૫–૬) વૃજિ–મલ્લ, (૭–૮) ચેદી–વત્સ, (૯–૧૦) કુરૂ–પાંચાલ, (૧૧–૧૨) મત્સ્ય–શૂરસેન, (૧૩–૧૪) અશ્મક–અવન્તિ, (૧૫–૧૬) ગાંધાર–કમ્બોજ: આમાંના ચૌદ જનપદ મધ્ય ભારતમાં આવેલા હતા. બૌદ્ધોના 'અંગુત્તર નિકાય' પ્રમાણે જૈનોના 'ભગવતી સૂત્ર'માં સોળ મહાજનપદના નામ ઉપરાંત કેટલાક બીજા દેશોની નામાવલી વિશેષ મળે છે ('અંગુત્તર નિકાય' કરતાં 'ભગવતી સૂત્ર' કેટલાક સૈકા પછીનો ગ્રન્થ હોવાનું મનાય છે). મહાભારતના કર્ણપર્વમાં જનપદ અથવા પ્રજાના સ્થળ નિવાસનો નિર્દેશ છે.

જૂના બૌદ્ધ સાહિત્યમાં ઉત્તરાપથ અને દક્ષિણાપથનો ઉલ્લેખ મળે છે. ડૉ. રાઈસ ડેવીડ્સ જણાવે છે કે સોળ મહાજનપદ સિવાય બીજા નાના નાના ગણ રાજ્યો અને જનપદો ભારતવર્ષમાં પથરાયેલા હતા. આ સાહિત્યમાં પાશ્ચાત્ય દેશ–અપરાન્તનો ઉલ્લેખ મળતો નથી; પણ પશ્ચિમ સાગર તટના પ્રાચીન નગરો સિન્ધુ–સૌવીરનું પાટ-

---

૧ અંગુત્તર નિકાય પુ. ૧, પૃષ્ઠ ૨૧૩; પુ. ૪, પૃષ્ઠ ૨૫૨, ૨૫૬, ૨૬૦.

૨ મજ્જિમદેશ–મધ્ય ભારત એ પ્રાચીન આર્યાવર્ત. બૌદ્ધ અને બ્રાહ્મણ સાહિત્યમાં આ પ્રદેશની સીમા મળે છે. પ્રાચીન સૂત્ર યુગમાં–બૌદ્ધાયનના ધર્મસૂત્રમાં આર્યાવર્તની–મધ્યદેશની પૂર્વસીમા જ્યાં સરસ્વતી નદી અદ્રશ્ય થઈ તે સ્થળ, પશ્ચિમે કાલકવન (પ્રયાગ આગળનો કેટલોક વિભાગ–કનિંગહામની હિંદની પ્રાચીન ભૂગોળ–એસ. એન. મજુમદાર કૃત. પ્રસ્તાવના નોંધ–૧ પૃષ્ઠ ૬૦) ઉત્તરે પારિયાત્ર અને દક્ષિણે હિમાલય [બૌદ્ધાયન ધર્મસૂત્ર ૧,૧–૨–૯ : અને વશિષ્ઠ ૧–૮]. મનુ ભગવાનના ધર્મશાસ્ત્રમાં આર્યાવર્તની દક્ષિણે વિન્ધ્યાથી ઉત્તરે હિમાલય, પશ્ચિમે વિનશન અથવા અંદશ (જ્યાં સરસ્વતી અદ્રશ્ય થઈ તે સુધીનું સ્થળ), અને પ્રયાગ પૂર્વસીમાડો. પુરાણમાં મધ્યદેશની સીમા મનુના ધર્મશાસ્ત્ર પ્રમાણે જ આલેખેલી મળેછે.

નગર, રૈરૂક, અપરાન્તનું ભરૂચ – ભૃગુકચ્છ અને સુપ્પારક – સોપારાના નામ ઉપલબ્ધ થાય છે. બૌદ્ધ સાહિત્યમાં અવન્તિના રાજનગર ઉજ્જનને પશ્ચિમ દેશમાં ગણ્યો છે. એ જોતાં અવન્તિના પાટનગર ઉજ્જન અને રેવાતટના ભરૂચના પુરાતન ઐતિહાસિક દોહનમાંથી આધુનિક ગુજરાતની ભૂમિકાના ઇતિહાસની ઘટનાનું સર્જન થઈ શકે છે.

ધાર્મિક ઉત્થાન મજ્ઝિમ દેશ – મધ્યદેશ અને મગધમાં હતું. જ્યારે ભારતના ઉદ્યોગ અને વ્યાપારનું કેન્દ્ર હતું બનારસ – કાશી. ઉત્તરાપથના ગાંધારના પાટનગર તક્ષશિલાથી ખુશકી માર્ગે – જમીન રસ્તે બધા સોદાગરી વાહનો અને વણઝારાની પોઠો કાશીએ આવતા હતા. કાશીથી વત્સદેશની રાજધાની કૌશામ્બીએ આવી રાજમાર્ગ ઉજ્જનને મળતો હતો. ઉજ્જનથી ધોરી રસ્તો ભરૂચ બંદરે અને શૂપારક – સોપારા આવી મળતો હતો. ઉજ્જનથી દક્ષિણાપથના ગોદાવરી તટના પૈઠણ (પ્રતિષ્ઠાન) સુધી વ્યાપારી વહેવાર હતો. જનપદમાં કાશીનું નામ મળે છે.

સાગર અને નદી તરફનો વેપારી વહેવાર કાંઠાના સમૃદ્ધ નગરોએથી ચાલતો હતો. ગંગા, જમના, સિન્ધુ અને નર્મદા નદીઓ વાટે દરિયે થઇને સુવર્ણભૂમિ (વર્તમાન બર્મા) અને ઠેઠ રાતા સમુદ્ર અને ભૂમધ્ય સાગર સુધી સોદાગરી વહાણો સફરે જતા હતા. 'સમુદ્રવાણીજ્ય જાતક', 'બવેરૂ' અને 'સુપ્પારક જાતક' કથાનકોથી ફળે છે કે એ યુગમાં પશ્ચિમની દુનિયા જોડે વ્યાપારી વહેવાર ધમધોકાર ચાલતો હતો. સૌવીરના રૈરૂક બંદરના અસ્ત પછી ભરૂચનું બંદર વધારે પ્રગતિમાન અને વિખ્યાતિ પામ્યું એમ ડૉ. રાઇસ ડેવીડ્સ જણાવે છે.[3]

ઉત્તરાપથમાં આ સમયે સાર્વભૌમ સત્તા ન હતી, પણ 'અંગુત્તર નિકાય'માં વર્ણવેલા મહાજનપદ મગધ, કૌશલ, અવન્તિ અને વત્સ સમૃદ્ધ અને શક્તિશાલી હતા. બિંબિસાર, પ્રસેનદી (પ્રસેનજિત), પજ્જોત (ચંડપ્રદ્યોત) અને ઉદયી – ઉદયન આ ચાર રાજ્યોના સ્વામી હતા. તેઓ શાક્ય ગૌતમના સમકાલીન હતા; અને ગૌરવ અને કીર્તિથી રાજ્ય કરતા હતા. આ રાજેન્દ્રોની ઇતિહાસ ગાથા અને ધાર્મિક ભાવના બૌદ્ધ, જૈન ગ્રંથોમાં અને પુરાણોમાં મળે છે. તેઓ એક અથવા બીજી રીતે વૈવાહિક સંબંધે જોડાયેલા હતા; અનેઉત્તરની સાર્વભૌમ સત્તાસારૂ પરસ્પર વિગ્રહ ખેલતા હતા.

આ ચાર શક્તિસંપન્ન રાજ્યો યુગધર્મ પ્રમાણે શાસન કરતા હતા, એ સમયે યુવાન ગૌતમે મહાભિનિષ્ક્રમણ કર્યું – શાક્ય ગૌતમે ઘર ત્યાગ કર્યો. નિરંજરા તટે બૌદ્ધો જેને બોધિ કહે છે તે સિદ્ધાર્થે પ્રાપ્ત કર્યું. ગૌતમ બુદ્ધ થયા.

---

૩ Buddhist India by T. W. Rhys Davids, p. 38. રૈરૂક નગરના સ્થળ વિષે ઘણો મતભેદ છે. કેટલાક પ્રમાણે તે નગર હિંદની ઉત્તર પશ્ચિમે અથવા પશ્ચિમ તરફનો એક દેશ હોવાનું માને છે. કનિંગહામે ખંભાતના અખાતના મથાળે ઇડર અથવા બંદરી પ્રાન્ત હોવાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. ડૉ. રાઈસ ડેવીડ્સ કાઠિયાવાડની ઉત્તરે કચ્છના અખાત તરફ મૂકે છે. જયચંદ્ર વિદ્યાલંકાર સૌવીરની રાજધાની રૈરૂકને વર્તમાન રોરી કહે છે. Cunningham's Ancient Geo. p. 569. Buddhist India by R. Davids, p. 330, 'ભારતીય ઇતિહાસકી રૂપરેખા', પુ. ૧; પૃ. ૩૨૮.

બોધિવૃક્ષ નીચે ગૌતમને જે બોધ થયો એ કંઈ નવો દાર્શનિક સિદ્ધાન્ત ન હતો; એમના શબ્દોમાં કહીએ તો એ પૌરાણિક પન્ડિતતા (પુરાતન પન્ડિતોનો)નો ધર્મ હતો. એ જમાનામાં ઇષ્ટ ધર્મ આડંબર અને ઢોંગના આવરણમાં દબાઈ ગયો હતો. બુદ્ધે જોયું કે ધર્મ નથી બનાવટી કર્મકાંડમાં, કે નથી વિતંડાવાદમાં કે નથી શરીરસંપત્તિ કે વ્યર્થ સુખમાં. આ જમાનામાં બ્રાહ્મણ માત્ર કર્મકાંડમાંજ રચ્યા પચ્યા હતા. બીજા ઘણા નવા પંથો (તિત્થિયા) નીકલી પડ્યા હતા, જે માત્ર વાદવિવાદમાં ઝમકતા હતા. બુદ્ધનું કહેવું હતું કે જે મનુષ્યનું જીવન સરલ, સાચું અને સીધું છે એ પૂરો ધાર્મિક છે. આ સરલ ધર્મમાર્ગ જેને બુદ્ધે આર્ય અષ્ટાંગી માર્ગ કહ્યો છે તે જનતા સમક્ષ મૂક્યો. એના આઠ અંગ છે. સમ્યક્ (સાચી) દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વાણી, સમ્યક્ કર્મ, સમ્યક્ આજીવિકા, સમ્યક્ વ્યાયામ (ઉદ્યોગ), સમ્યક્ સ્મૃતિ (વિચાર) અને સમ્યક્ સમાધિ (ધ્યાન). આ પ્રકારે જે આદમીનું જીવન ઠીક છે તે ચાહે ગરીબ હોય કે અભણ હોય પણ યજ્ઞયાગી કે શાસ્ત્રાર્થ કરવા વાલા કરતાં ધર્માત્મા છે. 'સુત્તનિપાત'માં બુદ્ધના આ ધર્મને સર્વ માર્ગોમાં નિપુણ અને સુખનો માર્ગ કહ્યો છે.[૪] 'ધમ્મપદ'માં સંયમ સહિત આવરણને ધર્મનો સાર કહ્યો છે.[૪*] ગૌતમની પ્રતિભામાં એવું બલ હતું કે એમના જીવનકાલમાં ધાર્મિક ક્રાન્તિ એવી પ્રગટી કે શતાબ્દીઓના ઢોંગ, આડંબર અને અંધ વિશ્વાસના તરંગોનો નાશ થયો. પ્રજા સીધી દૃષ્ટિ અને સરલ બુદ્ધિથી જીવનના પ્રત્યેક પ્રશ્ન જોવા અને વિચારવા લાગી.

બૌદ્ધ ધર્મનું ક્ષેત્ર મજ્ઝિમ દેશ અને મગધ હતું.[૫] તથાગત (બુદ્ધ)નો ધર્મ આજ પ્રદેશમાં ઉછર્યો, પોષાયો અને સતત ચાલીશ વર્ષે બુદ્ધ–નિયમ સંઘે (Buddha–the Law and the Order) ત્રિરત્નોનું પ્રબલ વ્યક્તિત્વ પ્રગટાવ્યું. અનેક ધર્મના, વાદના–બ્રાહ્મણ, જટીલ, આજીવક અને જૈન જેવાના–પ્રતિકૂલ આક્રમણો હોવા છતાં બુદ્ધે પોતાના પ્રબલ શાંતિવાદના સિદ્ધાન્તના સંસ્કાર પ્રસાર્યા. નિકાય ગ્રન્થોથી ફળે છે કે બૌદ્ધ ધર્મ મજ્ઝિમ દેશની સીમાની મર્યાદા વટાવી અવન્તિ, અપરાન્ત અને એ પ્રદેશના નાકાના બંદર સુપ્પારક સુધી તથાગતના જીવન કાળમાં ધાર્મિક ભાવનાની આંચ પ્રગટેલી લાગે છે.

બૌદ્ધ સાહિત્યમાં મગધ અને મધ્ય દેશના નગરોનો ઉલ્લેખ ઘણો મળે છે. મગધનો રાજા શૈશુનાગ બિંબિસાર[૬] શ્રેણિક (સેણિક) અને તેનો પુત્ર અજાતશત્રુ કુણિક બુદ્ધના

---

૪ 'સુત્તનિપાત' ૩૮૧,૩૮૬. (૪*) 'ધમ્મપદ' ૨૪–૨૫. 'જાતક' ૪,૩૦૦. ભા. ઈ. રૂ. પુ. ૧, પૃ. ૩૫૮.

૫ મગધ=વર્તમાન પટણા અને બિહારના ગયાનો પ્રદેશ એ પ્રાચીન મગધ.

૬ જનપદ યુગમાં મગધમાં બાર્હદ્રથ વંશનું રાજ્ય હતું, તે વંશનો નાશ કરી કાશીના શિશુનાક–શૈશુનાગ (ઇ. સ. પૂ. ૭૨૭–૬૮૭) નું શાસન મગધમાં શરૂ થયું. સંસ્કૃત શેવાશિનાગનું પ્રાકૃત રૂપાંતર શિશુનાક–શૈશુનાગ છે; પ્રસિદ્ધ જ્યોતિષી ગ્રંથ 'ગર્ગસંહિતા'ના યુગ પુરાણ અધ્યાયમાં બિંબિસારના પ્રપૌત્ર અજ ઉદયીને શૈશુનાગનો આલેખ્યો છે. એ જોતાં બિંબિસારનો પૂર્વજ શૈશુનાગ હતો. તેઓ ક્ષાત્ર–બન્ધુ–વ્રાત્ય (પ્રજા) ક્ષત્રિય કહેવાતા. ભા. ઈ. રૂ. પુ. ૧, પૃ. ૪૯૯ અને ૫૦૬. સીતાનાથ પ્રધાન Chronology of Ancient India ('પ્રાચીન હિંદની રાજવંશાવલી') મગધમાં બાર્હદ્રથ વંશનો છેલ્લો રાજા રિપુંજય હતો જેનો નાશ તેના મંત્રી પુનિકે–પજ્જોતના પિતાએ–કર્યો હતો એમ જણાવે છે.

સમકાલીન હતા. બન્ને પિતા પુત્રે બુદ્ધ દેવનો ઉપદેશ સ્વીકારેલો. મગધનું પાટનગર ગિરિવ્રજ અથવા રાજગૃહ હતું. બિંબિસારના પ્રપૌત્ર અજ ઉદયીના સમયમાં મગધ સામ્રાજ્યનું આધિપત્ય ગુજરાતે સ્વીકારેલું એમ ઐતિહાસિક સાધનોથી જાણવા મળે છે.

અવન્તિ: સોળ મહાજનપદમાં–મહાદેશોમાં અવન્તિનું સ્થાન મળે છે. વર્તમાન માળવા, નિમાર અને મધ્ય પ્રાંતનો કેટલોક હિસ્સો મલી પ્રાચીન અવન્તિ જનપદ ગણાતું હતું. જનપદ નામાવલીમાં અવન્તિ અને દક્ષિણાપથના અશ્મક[૭] પ્રદેશનું સંયુક્ત નામ મળે છે, એ ઉપરથી કેટલાક વિદ્વાનો અવન્તિની ગણતરી દક્ષિણાપથમાં કરે છે. અવન્તિ જનપદની સીમા પણ વિશાળ હતી. ઈસુની પૂર્વે–જનપદ યુગમાં, બુદ્ધના સમયમાં અને નન્દ યુગમાં ગુજરાતની રાજકીય સત્તા અવન્તિ જનપદ જોડે સંધાયેલી હતી. એના સંસ્કાર પણ ગુજરાતમાં પ્રસર્યા હતા.

અવન્તિ જનપદ એ સમયમાં બે વિભાગમાં ઉત્તર અને દક્ષિણે વહેંચાયેલું હતું એમ ડૉ. ભાંડારકર જણાવે છે. ઉત્તર અવન્તિનું રાજધાનીનું નગર ઉજ્જન–ઉજ્જયિની અને દક્ષિણનું પાટ નગર માહિષ્મતી હતું. અચ્યુતગામીએ ઉજ્જન વસાવ્યું એમ 'દીપવંશ'માં ઉલ્લેખ મળે છે[૮] (દીપવંશનો રચના કાળ ઈસુની ત્રીજી અથવા ચોથી સદીનો મનાય છે). અશોકના લઘુ શિલાલેખમાં ઉજ્જૈન નામ છે. બધા ધર્મ સાહિત્યમાં ઉજ્જનની કથા આલેખેલી મલે છે. ઉજ્જનનો સત્તાધીશ ચંડપ્રદ્યોત હતો અને બુદ્ધનો તે સમકાલીન હતો.

દક્ષિણાપથના અવન્તિની રાજધાનીનું નગર માહિષ્મતી હતું. 'દીઘનિકાય'ના મહાગોવિંદસુત્તમાં માહિષ્મતીમાં વેશાભુ નામનો રાજા શાસન કરતો હતો એમ ઉલ્લેખ છે. માહિષ્મતી રાજધાનીના નગરની જોડે વ્યાપારનું કેન્દ્ર હતું અને નર્મદાને કાંઠે કાંઠેથી ભરૂચ અને માહિષ્મતી જોડે વ્યાપારી વહેવાર ચાલતો હતો.

'મત્સ્યપુરાણ' પ્રમાણે મગધ–અવન્તિ–ઉજ્જનમાં સુધનુકુલોત્પન્ન જરાસંધ વંશમાંના છેલ્લા રાજા વિશ્વજિતના પુત્ર રિપુંજયનું શાસન હતું. પુરાણમાં એનો રાજ્યકાળ ૫૦ વર્ષનો આપ્યો છે. ઈ. સ. પૂ. ૫૬૩–૫૧૩ એનો અમાત્ય પુનિક ('ભાગવત' ૧૨ મા સ્કંધમાં શુનક નામ છે) હતો. એણે, વૃદ્ધ રિપુંજયનો વધ કરી પોતાના પુત્ર પજ્જોત–પ્રદ્યોતને ઉજ્જનની ગાદીએ બેસાડ્યો. સીતાનાથ પ્રધાન 'પ્રાચીન હિંદની રાજવંશાવલી'માં પ્રદ્યોતના રાજ્યાભિષેકનું વર્ષ ઈસુની પૂર્વે ૫૧૩ આપે છે. જાયસ્વાલ અવન્તિના વીતિહોત્ર વંશનો અંત આણી પ્રદ્યોતના રાજતિલકનું વર્ષ ઇસવી સન પૂર્વે ૫૬૮ કહે છે.[૯] પ્રદ્યોત વીર અને પરાક્રમી રાજા હતો. એક મહાન સૈન્યના અધિપતિનો

---

૭ 'સુત્તનિપાત્ત'માં અશ્મકનો ઉલ્લેખ મળે છે. ગોદાવરી તટે અશ્મકની રાજધાનીનું નગર પૌદન્ય–પોતલી હતું. તેની ઉત્તરે મૂળક જેનું રાજનગર પ્રતિષ્ઠાન–પૈઠણ હતું. પુરાતન કાળમાં–બૌદ્ધ સમયમાં પ્રતિષ્ઠાન–પૈઠણ અને ભરૂચ વચ્ચે વ્યાપારી વહેવાર હતો. શાતકર્ણીના રાજકીય ઇતિહાસથી (ઈ. સ. પૂર્વે), તેમજ 'પેરીપ્લસ ઓફ ધી ઇરેથ્રીયન સી'માં (ઈ. સ. ૮૦) અને ટોલેમીની ભૂગોળથી (ઈ. સ. ૧૫૦) આ વાતની સાક્ષિ મળે છે.

૮ 'દીપવંશ', ઓલ્ડનબર્ગ પ્રતિ, પૃ. ૫૭.

૯ 'ભારતીય ઇતિહાસની રૂપ રેખા', પુ. ૧, ઘટનાવલીકી તાલિકાયેં ઔર તિથિયાં, પૃ. ૪૬૩, જ. બિ. ઓ. સો. સન ૧૯૧૫ અને ૧૯૧૯.

તે ગર્વ ધરાવતો હતો, એથી ઇતિહાસમાં એને મહાસેન બિરૂદ મળેલ છે. ઐતિહાસિક લોકકથા પ્રમાણે વત્સ દેશના રાજનગર કૌશામ્બી (અલ્હાબાદ જીલ્લાનું કોસમ-ગામ)ના રાજા ઉદયનના શ્વસુર તરીકે તે જાણીતો છે. એની પુત્રી વાસુલદત્તા – વાસવ-દત્તા ઉદયન વેરે પરણી હતી. મહાસેન પ્રદ્યોતથી પાડોસી રાજ્યો બ્હીતા હતા. મગધનો અજાતશત્રુ કુણિક (The crooked-armed) ચંડ પ્રદ્યોત (ચંડ= ભયંકર)થી ગભરાતો હતો. મહાસેન ચંડ પ્રદ્યોતનો અધિકાર – રાજ્યસીમા – અવન્તિ, અપરાન્ત – પશ્ચિમ ભારત સુધી લંબાયેલો હતો એમ પૌરાણિક કથાથી તેઓ ઇતિ-હાસની મર્યાદા બાંધતા જણાય છે. પૂર્વ ભારત, મધ્ય દેશ અને અપરાન્તનું સંગમ સ્થાન ઉજ્જન હતું. શૂરા ચંડપ્રદ્યોતે સ્થાપેલી મહત્તા ગુજરાતમાં લગભગ એક સૈકા સુધી રહી હતી.

અપરાન્ત એ પશ્ચિમ ભારત યાને પશ્ચિમ સાગર તટ પ્રદેશ એમ ગેઝેટિયર[10] વગેરે ગ્રંથોથી ફલે છે. ભારત વર્ષમાં જ્યાં પ્રજા સ્થિર થઈ વ્યક્તિત્વ જમાવ્યું એ સ્થળો ધીમે ધીમે જનપદ કહેવાયા. પુરાણોમાં અપરાન્તા, ભૃગુકચ્છા જનતાના સ્થળ નિવાસનો ઉલ્લેખ છે. મહાજન પદમાં અથવા બુદ્ધદેવના જમાનામાં અપરાન્તની સીમાવર્તુલ અંકિત કરવાના જોઇએ એવા સાધન મળતા નથી. જયચંદ્ર વિદ્યાલંકાર[11] પોતાના ગ્રંથમાં અપરાન્તની સીમામાં, મારવાડ, સિન્ધ, ગુજરાત અને કોંકણ સુધી અપરાન્ત પ્રદેશની મર્યાદા હોવાનું કહે છે. ઇસુની છટ્ઠી સાતમી સદીમાં ચીની પ્રવાસી હ્યુએન સંગની યાત્રાના આધારે કનિંગહામની 'ભારતની પ્રાચીન ભૂગોળ'માં શ્રી મજૂમદાર સિન્ધ, પશ્ચિમ રજપૂતાના, કચ્છ, ગુજરાત અને નર્મદા નદીના નિચાણ પ્રદેશનો સમાવેશ અપરાન્તની સીમામાં થતો હતો એમ કહે છે. કેટલાક સાહિત્યમાં ઉજ્જનને પશ્ચિમ દેશમાં ગણ્યો છે. પ્રાચીન કાળમાં ભરત ખંડના પાંચ વિભાગો હોવાનો ઉલ્લેખ મળે છે. ભરત નાટ્યશાસ્ત્રમાં ચાર પ્રવૃત્તિઓનો નિર્દેશ છેઃ–[12] ઔડ-માગધી પ્રાચ્ય, અવન્તિ પાશ્ચાત્ય, દાક્ષિણાત્ય, તથા પાંચાલી અર્થાત્ પાંચાલ, મધ્યમાં મધ્ય દેશ અને ઉત્તરાપથ. આ ગ્રંથમાં અવન્તિને પશ્ચિમ દેશમાં ગણ્યો છે. 'નિકાય'માં અને 'વિનય'માં મજ્ઝિમ દેશની સીમા ઉપરના દેશોની નામાવલીથી મલે છે. તેમાં અવન્તિ જનપદને પશ્ચિમ દેશમાં ગણ્યો છે, નિકાય ગ્રન્થોમાં અપરાન્ત – પશ્ચિમ હિંદનો ઉલ્લેખ નથી પણ અપરાન્તના કેટલાક નગરોનો અને અવન્તિ જનપદનો ઉલ્લેખ મળે છે. 'વિનય'માં અને 'દિવ્યાવદાન'માં અપરાન્ત નામનું દિગ્દર્શન થાય છે. આ સાહિત્યદોહનથી ફલે છે કે બુદ્ધ ભગવાનના સમયમાં પશ્ચિમ ભારતની સીમામાં અવન્તિ – ઉજ્જન, સિન્ધુ-સૌવીર, અપરાન્ત, રેવાતટનું ભારૂકચ્છ અને સોપારાનો સમાવેશ થતો હતો.

---

૧૦ Bombay Gazetteer, Part 1, p. 36, note 6. અપરાન્ત વાસ્તે જુઓ લેખકનો લેખ 'વર્તમાન ગુજરાતે ગુજરાત નામ ક્યારે ધારણ કર્યું?' અગિયારમું સાહિત્ય પરિષદ્ સંમેલન, લાઠી.

૧૧ અપરાન્તઃ आडावला और सह्याद्रिको एक रेखा मान लें तो उस रेखा के पच्छिम के प्रदेश, अर्थात्, मारवाड, सिन्ध, गुजरात और कोकण, अपरान्त या पच्छिमी आँचलमें गिन जावे। 'ભારતીય ઇતિહાસ કી રૂપરેખા', પુ. ૧, ખંડ ૧, પ્ર. ૧, પૃ. ૩૯ મા ઉપર भारतकी भूमि.

૧૨ 'ભારત નાટ્યશાસ્ત્ર', કાવ્યમાલા, ૪૨ (નિર્ણયસાગર), અંક. ૧૩, શ્લોક ૨૫.

બૌદ્ધોના પુરાતન સાહિત્યમાં સૌરાષ્ટ્ર નામનો ઉલ્લેખ મલતો નથી. મધ્ય દેશથી અપરાન્ત–સૌરાષ્ટ્ર ઘણા દૂર હતાં. એ જમાનો બુદ્ધિવાદનો અને પરિવર્તનનો હતો. મધ્ય ભારત એનું કેન્દ્ર હતું. પૂર્વ પ્રદેશની સંસ્કૃતિ, સંસ્કારિતા અને સભ્યતા, ગુજરાત–કાઠિયાવાડમાં પહોચ્યા હોય એમ જણાતું નથી. સ્થિતિચુસ્ત બ્રાહ્મણોનો અધિકાર સમાજ ઉપર હોય એમ જણાય છે. માનવ જાતના વર્ગીકરણ થયા હતા પણ વિશાળ સમૂહ નાગ જાતિનો હતો. પશ્ચિમ સાગર તટના એક બેટમાં વૃષ્ણિઓએ સભ્યતા પ્રગટાવી હતી,[૧૩] પણ 'પેરીપ્લસ ઓફ ધી યુરેથ્રીયન સી' પ્રમાણે સૌરાષ્ટ્રમાં કદાવર શરીરવાલા કાલા રંગના માનવી–કેટલાક વિદ્વાનો પ્રમાણે આહીરની–આભીરજાતિ નિવાસ કરતી હતી (ઈ. સ. ૮૦).[૧૪] અપરાન્ત અથવા મધ્ય દેશના વહેવારથી સૌરાષ્ટ્ર સંધાયેલું હોય એમ જણાતું નથી. મૌર્યોના સમયમાં સૌરાષ્ટ્ર પ્રગતિમાન બન્યું એમ અશોકના શિલાલેખથી, ઉપરકોટના ગુફાવિહારોથી ફળે છે. જાતક કથામાં–'ઇન્દ્રીય જાતક'માં સુરઠ્ઠ જનપદનો ઉલ્લેખ છે. 'સારભંગ જાતક'માં સોરઠને સીમાડે સતોદીક નદી વહેતી હતી એમ નિર્દેશ મળે છે. પૂર્વ નન્દ યુગમાં પંજાબથી સૌરાષ્ટ્ર અને વિદર્ભ સુધી સ્વતંત્ર સંઘરાષ્ટ્રોનું વર્તુલ હતું એમ જયચંદ્ર વિદ્યાલંકાર જણાવે છે.[૧૫] આ સંજોગો જોતાં અપરાન્તથી સૌરાષ્ટ્ર જૂદું હોય એમ સંભવે છે. બુદ્ધ ભગવાનના નિર્વાણ પહેલાં બુદ્ધના ઉપદેશનો પ્રચાર સૌરાષ્ટ્રમાં પહોચ્યો ન હતો એમ નિકાય ગ્રન્થોથી ફળે છે.

નિકાય ગ્રન્થમાં[૧૬] અવન્તિ જનપદનું નામ મળે છે. જાતકની પ્રાચીન સંગ્રહીત ગાથામાં ભારૂકચ્છ[૧૭]–ભરૂચની હકીકત મળે છે. પાલી વાઙ્મયમાં જાતક કથા એક જૂદું સાહિત્ય છે અને તેમાં બુદ્ધ ભગવાનના અર્થાત્ બોધિસત્ત્વ સાથે સંબંધ ધરાવતી, બુદ્ધના જન્મ જન્માંતરની કથાઓ આપેલી છે. હિંદુઓમાં અવતારની માન્યતા છે તેમ બૌદ્ધોમાં બોધિસત્ત્વની માન્યતા છે. જાતક કથાઓની સંખ્યા ઘણી છે અને તેમાંની બધી કથા બુદ્ધના પૂર્વ જન્મ કે જીવન જોડે સંબંધ ધરાવતી નથી, પણ અતિ જૂના કાળમાં જૂદી જૂદી જાતની લોક કથા કે લોક વાર્તા લોકોમાં પ્રચલિત હતી; તેમાંથી બુદ્ધના જીવન જોડે કોઇને કોઈ રીતે સંપર્ક સાધી કથાકારોએ અને સંગ્રહકારોએ સંકલિત

---

૧૩ વાહિકની દક્ષિણે સૌરાષ્ટ્રમાં અન્ધક–વૃષ્ણિઓનું (સાત્વત–યાદવોનું) દ્વિરાજન્ય હતું. (વાહીક=વર્તમાન પંજાબ–સિન્ધ), સાત્વત રાષ્ટ્ર–સંઘમાં એક સાથે બે રાજન્ય (મૂખિયા) ચુંટવાની પ્રથા હતી; અને પ્રત્યેક રાજન્ય એક એક વર્ગ (શાખા)નો પ્રતિનિધિ ગણાતો. મગધ સામ્રાજ્યની પશ્ચિમે પંજાબથી સૌરાષ્ટ્ર અને વિદર્ભ સુધી સ્વતંત્ર સ્વરાજ્યોનો એક ઘેરાવો હતો. 'પૂર્વનન્દ યુગમેં વાહિક (પંજાબ–સિન્ધ) ઔર સુરાષ્ટ્ર કે સંઘરાષ્ટ્ર' 'ભારતીય ઇતિહાસકી રૂપરેખા', પુ. ૧, ખંડ ૩, પ્ર. ૧૨, પૃ. ૪૧૪–૪૧૬.

૧૪ જુઓ લેખકનો લેખ 'ગુજરાતના પ્રાચીન કિનારાની ભૂગોળ' બારમું સાહિત્ય સંમેલન, ઇતિહાસ વિભાગ, પૃ. ૫૬.

૧૫ ભા. ઇ. રૂ. પુ. ૧, પૃ. ૪૧૬.

૧૬ 'અંગુત્તર નિકાય'.

૧૭ 'ભારૂજાતક સુસ્સોન્દીજાતક', ૩૬૦. 'સુપ્પારક જાતક', ૪૬૩. 'જાતક', પુ. ૩, ૧૮૯,૧૯૦, ગાથા ૫૭. પુ. ૪, ૧૩૭,૧૩૮,૧૩૯; ગાથા ૧૦૬,૧૪૦,૧૦૮,૧૧૦,૧૧૪,૧૧૬,૧૪૨.

કરી છે. આમાં ઘણી ઘણી કથાઓ પ્રાચીન છે. તેમાંની કેટલીક બુદ્ધના સમયની અને કેટલીક તો તેથીયે ઘણી પ્રાચીન છે. જાતકમાં ગાથા કે સૂત્ર રૂપે છે તે પ્રાચીન છે. ઈસુની પૂર્વેના પહેલા સૈકામાં સિંહલના રાજા વટગામીએ જાતક કથાનો સંગ્રહ લેખનમાં ઘટાવ્યો એમ સિંહલ ઇતિહાસથી ફળે છે.

ભૌગોલિક:

આ જાતક સંગ્રહમાં પ્રાચીન ભારૂ જાતક નામની કથા મળે છે. 'પ્રી બુદ્ધિસ્ટ ઇન્ડિયા' યાને 'પ્રાગ્બૌદ્ધ કાલીન ભારત' ગ્રન્થમાં શ્રી. રતિલાલ મહેતાએ જાતક કથાનકના યુગના અંદાજ બાંધ્યા છે. તેમાં ઈ. સ. પૂ. ૨૦૦૦ થી ૧૪૦૦ના અંદાજી યુગમાં 'ભારૂ જાતકની' કથાનો યુગ આલેખ્યો છે. ભૃગુ શબ્દનું પાલી રૂપાન્તર ભારૂ થાય છે. તેમાં ભારૂ રાજાની કથા છે.[૧૮] અને એ ભારૂકચ્છ કથામાં ભરૂચ નગરના અસ્તિત્વ અને લયની હકીકત આપેલી છે. ભારૂ જાતક કથાનો અંદાજી યુગ સ્વીકારી લઇએ તો એ યુગમાં ભરૂચ નગર અસ્તિત્વમાં હતું એમ માનવાને કારણ મળે છે.

આવી જ બીજી એક પુરાતન 'સુપ્પારક જાતકકથા' છે જેમાં આપણા પૂર્વજ આર્ય મહાજનોના ભૌગોલિક જ્ઞાનનું દિગ્દર્શન થાય છે. તદુપરાંત ભરૂચ નગરની પ્રાચીનતાની હકીકત પણ પ્રાપ્ત થાય છે. ઋગ્વેદ કાળમાં, ઉત્તર વૈદિક કાળમાં અને ઉપનિષદ યુગમાં આર્યાવર્તને દુનિયાના બીજા દેશો જોડે વ્યાપારી અને રાજકીય સંબંધ કેવો હતો એના કેટલાંક પ્રામાણિક દૃષ્ટાંતો અને બીજા દેશોના પ્રાચીન અવશેષોથી ફળે છે. ભૌગોલિક વહેવાર બાબત 'સુપ્પારક કથા'ની ઇતિ વત્તુ આ પ્રમાણે મળે છે :– "ભરૂચ બંદરેથી સાત સો વેપારીઓ એક વહાણમાં અંધ સુપ્પારક (અંધ બોધિસત્ત્વ)ને પોતાનો નિયામક નિયુક્ત કરી મહાસમુદ્રોના પર્યટને નીકળ્યા. તેઓ (૧) ખૂરમાલ સમુદ્રમાં આવી પહોચ્યા. આ સાગરમાં 'સી' નાકવાલી મોટા આદમીના કદ જેવડી માછલીઓ ડૂબકીઓ મારતી હતી, જ્યાંના જળમાં હીરા હતા; (૨) પછી અગ્નિમાલ સમુદ્રમાં આવ્યા, જ્યાં આગની જ્વાલા અને મધ્યાન્હના સૂર્ય જેવા નીર ચમકતાં હતાં અને જળ સોને ભરેલાં હતાં; (૩) એ છોડી દધિમાલ સમુદ્રમાં આવ્યા, જ્યાં દૂધ અને દહીં જેવા જળ અને ગર્ભમાં ચાંદી હતી; (૪) પછી કુશમાલ સમુદ્ર આવ્યો જેના પાણીમાં નીલ આસ્માની પુષ્કળ નીલમ પાકતા હતા; (૫) પછી આવ્યો નળમાલ સાગર જ્યાંના પાણી માણેક જેવા ચમકતા અને જેમાં માણેક ભરેલા હતા; (૬) અંતે તેઓ વલભા સમુદ્રમાં આવી પહોચ્યા જ્યાંનો સાગર અતિ તોફાની, ગંભીર અને તેના પાણી ઘોર સ્વર કરતા હતા; પાણીની છોળો સપાટીથી ગગને ઉછલતી હતી. સમુદ્રમાં પ્રવાસ કરવાનું એટલું જોખમી અને અસહ્ય હોવાથી સોદાગરો ગભરાઈ ગયા. બોધિસત્ત્વની સચ્ચ કિરિયાથી – સત્યક્રિયાથી તેઓ પાછા સહી સલામત ભરૂચ બંદરે આવી પહોચ્યા (જાતક કથા ૪૬૩).

આ કથાનક સંબંધમાં સ્વ. પંડિત જાયસ્વાલે 'સુપ્પારક કથા'માં વર્ણવેલા સાગરોની ઓળખ અને પ્રાચીન ભારતનો વિદેશ જોડેનો સંપર્ક કેવો વિશાળ હતો એ વિષે સુંદર

---

૧૮ 'દિવ્યાવદાન'માં રૈરૂક નગરનું પતન અને ભીરૂ – ભિરૂ – ભરૂ – કચ્છ નગર વસાવ્યાની હકીકત છે. દી. વ.

અને સપ્રમાણ નિબંધ આલેખન કર્યો છે.[૧૯] પંડિતજીના મત પ્રમાણે ખૂરમાલ સમુદ્ર એ વર્તમાન ફારસની ખાડી યાને ઇરાનનો અખાત છે. એના તટ ઉપર બાબુલી–બેબિલોનિયન–પ્રજાનો નિવાસ હતો. એ લોક પોતાના દેવ–સંસ્કૃતિના વિધાતા મત્સ્ય માણસને માનતા અને પૂજતા હતા. ખૂર એક બાબુલી દેવતા કહેવાતો, જેનું નામ અભિલેખોમાં રાજા ખમ્મુરાબી મળે છે (ઈ. સ. પૂ. ૨૨૦૦ અંદાજ). દધિમાલ એ રાતો સમુદ્ર જેના નીરમાં મોટી ચીકાશ વાલી ચીજ તરતી હોવાને કારણે અને તેના રંગીત પ્રકાશ ઉપરથી આ નામ ઉદ્‌ભવ્યું લાગે છે. અગ્નિમાલ એ રાતા સમુદ્ર અને એડન વચ્ચેનો સોમાલી તટ આગળનો સમુદ્ર. જાતક કથામાં કુશમાલીનો નિર્દેશ છે તે નીલકુશતિન નામ યોગ્ય હોય એમ લાગે છે. આ ઉપરથી નીલ નદી (વર્તમાન નાઈલ નદી)નો નિકાસનો દેશ અને કુશ દ્વીપનો તટ સમુદ્ર માનવાનું કારણ મળે છે. પુરાણોમાં કુશ દ્વીપમાંથી નીલનદીની ઉત્પત્તિ માનેલી છે, એ આધારે વર્તમાન નૂબિયાને કુશ દ્વીપ માનવો જોઇએ. પુરાણોના વર્ણન અનુસાર કપ્તાન સ્પીકે નીલ (નાઇલ) નદીના નિકાસ યાને મુખની શોધ ખોળ કર્યાની હકીકત જાણીતી છે. આ પ્રદેશમાં કુશ લોક રાજ્ય કરતા હતા. આ વિગતો જોતાં નૂબિયાનું પુરાતન નામ કુશદ્વીપ હોવાનું સંભવે છે. કુશ પ્રજાનો રાજ્ય કાળ ઈ. સ. પૂર્વે ૨૨૦૦–૧૮૦૦ માં હતો એમ તેઓના અભિલેખોથી સિદ્ધ થયું છે. એ ઉપરથી કુશમાલી તે કુશદ્વીપ કહી શકાય. નળમાલ એ નહેરોની પરંપરાનો પ્રદેશ અથવા સાગર તટ. પ્રાચીન કાળમાં સ્વેજની નહેરની માફક એક નહેર રાતા સમુદ્ર અને નાઇલ નદીને જોડતી હતી. આ નહેર ઇસુની પૂર્વે ૧૩૯૦ સુધી અસ્તિત્વમાં હતી. ઇસવી સન પૂર્વેની પહેલી સદીથી ઈ. સ. પૂર્વે ૬૦૯ સુધીની તવારીખ તપાસતાં આ નહેર અદ્રશ્ય થઈ હોવાની ખબર પડે છે. વલભા મુખ એ જ્વાલામુખી સમુદ્ર. જાયસ્વાલના અભિપ્રાય પ્રમાણે એનો અર્થ ભૂમધ્યસાગર નો પૂર્વ વિભાગ કહી શકાય.

લિપિ નિષ્ણાત પંડિતોની શોધ ખોળના પરિણામે પ્રાચીન ભારતવર્ષ અને બીજા દેશોની લિપિનો ઉદ્‌ભવ કેમ થવા પામ્યો એ બાબતના તેઓના અભિપ્રાયના દોહન-માંથી પં. જાયસ્વાલ ભારતીય અને શેબાઈ (શેબા=વર્તમાન યેમનનું પ્રાચીન નામ જ્યાંની લિપિ દક્ષિણ સેમેટિક=સામીનો એક ભેદ ગણાય છે) લિપિઓની સામ્યતા ઉપરથી બન્ને દેશો વચ્ચે પ્રાચીન કાળમાં સંપર્ક હોવાનું માને છે. ઘણા વિદ્વાનો આ લિપિ ઉલટા સ્વરૂપમાં લિપિ બદ્ધ થઈ હોવાનું માને છે. કનિંગહામના કથન[૨૦] પ્રમાણે

---

૧૯ Journal of Bihar and Orissa Reserch Society, 1920, pp. 139 ff. ભા. ઇ. રૂ. પુ. ૧, ખંડ ૩, ટિ. ૧૮, પૃ. ૪૮૪–૪૮૫ 'પ્રાગ્બુદ્ધ ભારતનો પશ્ચિમી જગત જોડેનો સંપર્ક'.

૨૦ 'કોઇન્સ ઓફ એન્શયન્ટ ઇન્ડિયા' (પ્રાચીન ભારતના સિક્કા), પૃ. ૩૯, ૪૧. ઇ. સ. પૂ. ૧૪૦૦ સુધી સેમેટિક લિપિનું અસ્તિત્વ ન હતું પણ ઈ. સ. પૂ. ૯૦૦માં આ લિપિ અસ્તિત્વમાં હતી એમ ખબર પડે છે, એ જોતાં ઈ. સ. પૂ. ૧૨૦૦–૧૧૦૦માં આ લિપિની શરૂઆત થઈ. કાના (ઉત્તર સેમેટિકનો એક ભેદ)ની લિપિથી શેબાઈ લિપિ અધિક પુરાતન છે. શેબાના પાડોશી હબ્શ–એબિસિનિયા–ઇથિઓપિયાની ગીય લિપિ શેબાઇને મળતી છે. આ લિપિના ઐતિહાસિક અને પ્રામાણિક નિષ્ણાત લેપ્સિયસે ચોક્કસ અભિપ્રાય આપ્યો છે કે આ લિપિઓ ભારતીય પદ્ધતિની છે. ટેલરે ('આલ્ફાબેટ', પુ. ૨, પૃ. ૩૧૫) જેઓ સેમેટિકમાંથી બ્રાહ્મી લિપિ ઉદ્‌ભવી છે તે માનનારના અભિપ્રાયના જવાબમાં

શેબાઈ લિપિ ભારતીય લિપિમાંથી અવતરણ પામી છે અને વધુમાં કહે છે. કે ભારત નિવાસીઓ પોતાની લિપિ સોળ સો માઈલ દૂર પૂર્વમાં જાવામાં લઈ ગયા એજ પ્રકારે પશ્ચિમમાં લઈ ગયા છે. મીસર અને શેબાનો પરસ્પર સંબંધ ઈ. સ. પૂ. ૨૦૦૦ થી તથા ભારત વર્ષનો અને શેબાનો ઈ. સ. પૂ. ૧૦૦૦ થી નિશ્ચિતરૂપથી માનવાને કારણ મળે છે એમ પંડિત જાયસ્વાલ જણાવે છે.

'વિનય', 'દિવ્યાવદાન' અને 'જાતક કથાઓ'ના ઉલ્લેખથી ફળે છે કે ભરૂચ બંદરની વ્યક્તિગત પ્રાચીનતા અને વ્યવસ્થા—વ્યાપારી વહેવાર—જનપદ યુગમાં ચાલુ હતો. ભરૂકચ્છ પટ્ટણ—તીર્થ—વ્યાપારનું કેન્દ્ર હતું. વારાણસી—કાશી, સાવત્થી વગેરેથી વ્યાપારી કાફલાનો રાજમાર્ગ સળંગ હોવાથી સોદાગરો ઉજ્જન થઈ ભરૂચ બંદરે આવતા હતા.[૨૧] પશ્ચિમના બંદરેથી બાવેરૂ—બેબિલોન[૨૨], રાતા સમુદ્ર અને નાઇલ (નીલ) દ્વારા ભૂમધ્ય સુધી સોદાગરી વહાણો સફર કરતા હતા. સુવર્ણ ભૂમિ અને ભરૂચ વચ્ચે પણ સાગર વહેવાર ચાલુ હતો.[૨૩] તામ્રપર્ણિ—સિંહલ (લંકા) એ યુગમાં પ્રગતિમાન અથવા સમૃદ્ધિવાન થયું હોય એમ જણાતું નથી. ઉજ્જન અને ભરૂચ રાજકીય અને વ્યાપારિક દૃષ્ટિએ સંધાયેલા હતા. પ્રથમ બૌદ્ધ ધર્મનો ઉપદેશ ઉજ્જને સ્વીકાર્યો; એ પછી અપરાન્ત, ભરૂચ અને સોપારામાં ધર્મ ચક્ર પ્રવર્તનની જ્યોત કેમ પ્રગટી તે જોઇએ.

ગુજરાતમાં બૌદ્ધ ધર્મ: બૌદ્ધ ધર્મનું કેન્દ્ર મગધ હતું. સંઘનો વિશાળ ભિખ્ખુ સમુદાય પ્રાચ્ય દેશમાંનો હતો. 'દીઘનિકાય'ના પરિનિબ્બાણ સુત્ત (સૂત્ર) વગેરે ગ્રંથોમાં પ્રાચ્ય દેશની હકીકત મળે છે. આ સાહિત્ય સંપત્તિના આધાર ઉપરથી બૌદ્ધ ધર્મના અભ્યાસી ડૉ. ઓલ્ડનબર્ગે બુદ્ધ ધર્મનું ક્ષેત્ર પ્રાચ્ય દેશ હોવાનો અભિપ્રાય અંકિત કર્યો હતો. જ્યારે નિકાય ગ્રન્થોના બારીક અભ્યાસી નલિનાક્ષ દત્ત જણાવે છે કે બુદ્ધ ભગવાને પ્રાચ્યદેશની સીમાની મર્યાદા વટાવી પશ્ચિમમાં વેરંજા (Vera-nja), મધુરા[૨૪] (Madhura = મહોલી) અને ઉત્તર કુરૂના નગરો સુધી વિહાર કર્યો હતો એમ નિકાય ગ્રન્થોથી ફળે છે. આ હકીકતના સાધનમાં તેઓ લખે છે કે બૌદ્ધ સંઘમાં પ્રાચ્ય દેશના સાધુ સમુદાય ઉપરાંત પચ્ચંતિમ જનપદ (Paccantim Janapada or Border Countries)—સીમાંત જન પદના ભિક્ષુઓ પ્રવિષ્ટ થયેલા હતા.

બૌદ્ધોના મજ્ઝિમદેશની સીમાંત ઉપરના દેશો પચ્ચંતિમ જનપદ કહેવાતા એમ બૌદ્ધ સાહિત્યમાં નિર્દેશ છે. સંકસ્સ, અવન્તિ, ગાંધાર જેવા દેશો પચ્ચંતિમ જનપદમાં

કનિંગહામે ચોખ્ખું લખ્યું છે કે શેબાઈ લિપિ બ્રાહ્મીલિપિમાંથી જ નીકલી છે ('પ્રાચીન ભારતના સિક્કા' પૃ. ૪૦). જાયસ્વાલ અને ઓઝા આ મત સ્વીકારે છે કે બ્રાહ્મી લિપિમાંથી સામી અક્ષરોની ઉત્પત્તિ હોવાનો સંભવ છે. ભા. ઈ. રૂ. પુ. ૧, ખંડ ૨, ટિ. ૧૪, પૃ. ૨૭૬।૭. 'ભારતીય વર્ણમાલાનો ઉદ્ભવ'. આ અભિપ્રાય હજુ મતભેદનો છે એમ જયચંદ્ર વિદ્યાલંકાર જણાવે છે.

૨૧ 'મહાજનક જાતક', ૫૨૯.

૨૨ 'બવેરૂ જાતક', ૩૩૯.

૨૩ 'સુસ્સેન્દી જાતક મજ્ઝિમ નિકાય ૧, પૃ. ૫૫.

૨૪ મધુરા = મથુરાની દક્ષિણ—પશ્ચિમે પાંચ માઈલ મહોલી છે તે. (Maholi) C. E. B. By Law pp. 20-21.

ગણાતા એમ ઉલ્લેખ મળે છે. બુદ્ધે જે નીતિ-નિયમ પોતાના બૌદ્ધ સંઘ વાસ્તે ઘડ્યા છે તે મજ્જિમ દેશ – મધ્ય ભારતના સાધુ સંઘને લગતા જ ઘડ્યા છે. આ આચાર-પદ્ધતિ ગ્રન્થ તે વિનય ગ્રન્થ કહેવાય છે. આ ગ્રન્થથી ફળે છે કે સંઘ સમુદાયમાં મધ્ય ભારત સિવાય પચ્ચંતિમ જનપદનો સાધુ સમુદાય પણ હતો.

ભગવાનના પ્રેમ ધર્મની પ્રેરણા અને ઉપદેશના પ્રચાર અર્થે ભિખ્ખુઓ મગધમાં વિહાર કરતા હતા તે જ પ્રમાણે કેટલાક ભિખ્ખુઓ પચ્ચંતિમ જનપદમાં વિહારે જતા હતા. અવન્તિ જનપદ દૂર હોવાથી ત્યાં બૌદ્ધ ધર્મના અનુયાયી અને ઉપાસકોની સંખ્યા ઘણી ઓછી હતી. ઉપદેશ અને પ્રેરણાની પ્રવૃત્તિ જાગૃત રાખવા સાધુઓ ઉજ્જને પગદંડો કરતા એમ નિકાય સાહિત્યથી ફળે છે. ઉજ્જને આવવાનો રાજમાર્ગ વિકટ અને મરડીયાવાલો હતો. સાધુઓને માર્ગની વિટંબણા ઘણી વેઠવી પડતી હતી. ભગવાને દૂર દેશ જતા સાધુઓની વિટંબણા ધ્યાનમાં લઈ, મજ્જિમ દેશમાં ભિખ્ખુઓને જોડા પહેરવાનો જે પ્રતિબંધ કર્યો હતો તે ઉજ્જને વિહારે આવતા સાધુઓને તે પ્રતિબંધમાંથી મુક્તિ આપ્યાનો ઉલ્લેખ વિનય ગ્રન્થથી જાણવા મળે છે.[૨૫] અપરાન્તના ભિખ્ખુ મત્તાનીપુત્તની વિનંતિ સ્વીકારી નવીન ઉપાસકો અર્થે સંઘના નીતિ-નિયમમાં કેટલોક હળવો ફેરફાર કર્યાની હકીકત બૌદ્ધોના ગ્રન્થમાં છે. અવન્તિ – ઉજ્જનમાં ધર્મની પ્રવૃત્તિ જાગૃત કરનાર બૌદ્ધ ધર્મની પ્રચંડ પ્રેરણા રેલાવનાર ઉજ્જન નિવાસી – ધર્મનો પ્રતિનિધિ થેર મહાકચ્ચાયન હતો.

મહાકચ્ચાયનનું પૂર્વ નામ નાલક હતું. વિન્ધ્યાચળના ઋષિ કાલા દેવળ–અસિતનો ભત્રીજો અને અવન્તિ–ઉજ્જનના ચંડપ્રદ્યોતના પુરોહિતનો તે પુત્ર થતો હતો. ઋષિ અસિતની આજ્ઞા સ્વીકારી નાલક બુદ્ધનું પ્રવચન સાંભળવા કાશી ગયેલો. નાલકે[૨૬] બુદ્ધનો ઉપદેશ શ્રવણ કરી કાશીમાં જ બૌદ્ધ ધર્મની દીક્ષા લીધી. એના સાથીઓ પણ બૌદ્ધ ધર્મમાં પ્રવિષ્ટ થયા. અવન્તિનો વેદપારંગત બ્રાહ્મણ નાલક બૌદ્ધ ગ્રંથોમાં થેર મહાકચ્ચાયન નામે પ્રસિદ્ધ છે. બુદ્ધ ભગવાનનો ઉપાસક નાલક–કચ્ચાયન અવન્તિ આવ્યો, અને બૌદ્ધ મઠની[૨૭] સ્થાપના કરી. આ વિહારમાં અપરાન્તના પુન્ન મત્તાનીપુત્ત અને સોન્ન કુટિકન્નને અને વેલુ ગ્રામના સોદાગર ઇસીદત્તને કચ્ચાયને બૌદ્ધ ધર્મના ઉપાસક બનાવ્યા. બુદ્ધ ભગવાનના દશ જ્યોતિર્ધરોમાં – યાને શ્રેષ્ઠ સ્થવિરોમાં મહાકચ્ચાયનનું સ્થાન ધર્મભાસીતકારનું હતું એમ બૌદ્ધોના ધર્મ-ગ્રન્થોથી ફળે છે.

મહાકચ્ચાયન અને અપરાન્તાના સોન્ન કુટિકન્નની પ્રબલ પ્રેરણા અને પ્રયાસે અવન્તિ બૌદ્ધ ધર્મનું કેન્દ્ર બન્યું. મગધ – મધ્યદેશમાં ભગવાનને ધર્મચક્ર પ્રવર્તમાન કરવા જૈન, જટીલ, આજીવક, વેદ પારંગત બ્રાહ્મણો વગેરે ધર્મોના પ્રતિકૂળ આક્રમણ સામે ઝઝુમવું પડયું હતું. તેવા આક્રમણો સામે મહાકચ્ચાયનને ઉજ્જનથી સોપારા

---

૨૫ 'વિનય', ૧, પૃ. ૧૯૮. 'દિવ્યાવદાન', પૃ. ૨૧.

૨૬ મહાવસ્તુ ૨, પૃ. ૩૦. ૩, પૃ. ૩૮૨.

૨૭ કુરરગૃહ-પપાત-પબ્બત (Kurura-graha-papat-pabbata)પર મક્કરકત (Makkara kata) નામના વિહાર સ્થાપ્યાનો ઉલ્લેખ છે.

સુધી ધર્મભાવનાની જ્યોતિ પ્રગટાવવા કટીબદ્ધ થવું પડયું હતું. ઉજ્જનના સંસર્ગે ગુજરાતમાં બૌદ્ધ ધર્મ વ્યાપક બન્યો.

વિનયમાં નિર્દેશેલા મજ્જિમદેશની સીમાથી પશ્ચિમ ભારત દેશ દૂર હતો, પણ રાજકીય, વ્યાપારી અને ધાર્મિક સંસ્કૃતિએ સંધાયેલો હતો એમ ઇતિહાસ અને ભૂગોળ તવારીખનો સમન્વય કરતાં જણાય છે. ડૉ. ઓલ્ડનબર્ગે કેટલાક ધાર્મિક ગ્રન્થોને આધારે બૌદ્ધ ધર્મ પ્રાચ્યદેશની સીમામાં જ પ્રવર્તમાન થયો હોવાની મર્યાદા બાંધી હતી પણ નલીનાક્ષ દત્તના અભિપ્રાયને માન્ય રાખતાં બૌદ્ધ ધર્મ પ્રાચ્ય દેશની સીમા વટાવી પચ્ચંતિમ જનપદોમાં ઉજ્જન, અપરાન્ત,–ભરૂચથી સોપારા–સુધી બુદ્ધના ઉપદેશનો સંચાર થયો હતો એમ નિકાય ગ્રન્થોથી ફ્લે છે. આમાંના ઘણા નગરોમાં ચૈત્ય અને વિહારોની સ્થાપના અને ભિખ્ખુ સમુદાય સ્થાયી થયો હોવાનો ઉલ્લેખ મળે છે; ઈ. સ. પૂ. ૫૪૪.

અપરાન્તમાં યાને ગુજરાતમાં બૌદ્ધ ધર્મના ઉપદેશનો પ્રચાર કરનાર અપરાન્તનો સોન્ન કુટિકન્ન હતો. પ્રેરણા મહાકચ્ચાયનની હતી. અપરાન્તનો સાધુ સમુદાય ધૂત વાદીન–આરન્નક ભિખ્ખુવાદનો અનુયાયી હતો. ધૂતવાદનો પ્રણેતા મહાકસ્સપ હતો. ધાર્મિક ગ્રંથોની સાંકળ ગૂંથતા ફ્લે છે કે ગુજરાતે બૌદ્ધ ધર્મનો ઉપદેશ સ્વીકાર્યો હતો પણ તે સંદેશ સૌરાષ્ટ્રે પહોંચ્યો હોય એમ જણાતું નથી. સાત્વત વૃષ્ણિઓનું એ જનપદ સ્વતંત્ર હતું. મૌર્યયુગમાં લાટ, સૌરાષ્ટ્ર અને આનર્ત એમ ત્રણ વિભાગે ઓળખાતું પ્રાચીન ગુજરાત, બુદ્ધના સમયમાં સૌરાષ્ટ્ર અને ગુજરાત (લાટ અને આનર્ત)માં વિભક્ત હોય એમ જણાય છે. લાટ, સૌરાષ્ટ્ર અને આનર્ત એ મૌર્ય યુગમાં પુરાતન ગુજરાતના નામનો ઉદ્ભવ થયો હોય એમ સંભવે છે. મૌર્યોના શાસનયુગમાં અથવા સમ્રાટ્ અશોકના સમયમાં વર્તમાન ગુજરાતમાં બૌદ્ધ ધર્મ વ્યાપક બન્યો હતો એમ અશોકના જૂનાગઢના શિલાલેખથી અને બાવાપ્યારાની જૂની બૌદ્ધ ગુફાથી ફ્લે છે. કાઠિયાવાડ સિવાય ગુજરાત તળમાં બૌદ્ધ ધર્મના અવશેષ–એ ધર્મ કેવા સ્વરૂપમાં પ્રચારમાં હતો તેવા અવશેષ મળ્યા નથી. પ્રીયદર્શી અશોકના સમયમાં ભરૂચ ભૃગુકચ્છના સંઘારામનો અધિષ્ઠાતા સુદર્શન હતો.[૨૮] ભગવાન બુદ્ધના જીવન કાળમાં પ્રગતિમાન થયેલો ધર્મ, ઇશુના આઠમા–નવમા સૈકા સુધી ગુજરાતના રાષ્ટ્રકૂટોના અમલ દરમ્યાન એક યા બીજા સ્વરૂપે પ્રચારમાં હતો એમ કક્ક સુવર્ણવર્ષ અને ધ્રુવરાજ બીજાના શક સંવત ૭૪૬ અને ૮૦૬ ના તામ્રપત્રોથી ફ્લે છે.† ચીની પ્રવાસી હ્યુએન સંગના પ્રવાસ ગ્રન્થ સી-યૂ-કી થી ફ્લે છે કે સૌરઠ, લાટ અને સિંધમાં થેરવાદ સંપ્રદાયના અનુયાયી હતા.

ઇતિહાસની પૂર્તિ: અવન્તિ–ઉજ્જનનો ચંડપ્રદ્યોત મૃત્યુ પામ્યો; ઈ. સ. પૂ. ૫૪૪. (શ્રી. પ્રધાન પ્રાચીન હિંદની વંશાવલી–Chronology of Ancient India માં પ્રદ્યોતના રાજવર્ષ ઇ. સ. પૂ. ૫૧૪–૪૯૦ વાયુ અને મત્સ્ય પ્રમાણે આપે છે.) એ

---

૨૮ ઇન્દ્રિય અને સારભંગ જાતક. સારભંગ જાતકમાં સૌરાષ્ટ્રનો ઉલ્લેખ છે, આ કથા ઘણું કરીને મૌર્ય યુગની હોય એમ મનાય છે. † જુઓ લેખકનો–'ગુજરાતના રાષ્ટ્રકૂટો' નામનો લેખ, ગુજરાતી પત્ર સં. ૧૯૯૨ નો દીવાલી અંક પૃ. ૧૩૪, તેમજ પ્રસ્થાન–પુ. ૧૯ અંક ૫ સં. ૧૯૯૧ પૃ. ૪૦૫, માં લેખકનો 'ગુજરાતનાં ધ્રુવરાજ બીજાનું દાનપત્ર' એ નામનો લેખ.

સમયે મગધના અજાત શત્રુના શાસનનું છઠ્ઠું વર્ષ હતું. જૈન સાહિત્ય પ્રમાણે જે રાત્રિએ ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા તે રાત્રિએ ચંડપ્રદ્યોતના ઉત્તરાધિકારી પાલકનો અવન્તિ–ઉજ્જનમાં રાજ્યાભિષેક થયેલો એમ ઉલ્લેખ છે. પુરાણો પ્રદ્યોતનો રાજકાલ ત્રેવીશ વર્ષનો આંકે છે. (વાયુ ૯૯, ૩૧૧. મત્સ્ય ૨૭૨, ૩.) પ્રદ્યોતના ધર્મ વિશે સ્પષ્ટતા નથી. જૈન, બૌદ્ધ અને બ્રાહ્મણ ત્રણે ધર્મો પ્રદ્યોતને પોતાના ધર્મનો અનુરાગી હોવાનો ઉલ્લેખ છે. મહાસેન પજ્જોતે બૌદ્ધ ધર્મનો ઉપદેશ સ્વીકારેલો કે નહીં એ વિશે બૌદ્ધ ગ્રન્થોમાં અલ્પ નિર્દેશ મળે છે. એટલું નક્કી છે કે એનો રાજ્ય વિસ્તાર ઘણો વિસ્તૃત હતો અને મગધ, કૌશમ્બી જેવા શક્તિસંપન્ન રાજ્યો તેનાથી બ્હીતાં હતાં. એના બે પુત્ર ગોપાળ અને પાલક.

પૌરાણિક ઘટના પ્રમાણે અવન્તિ વંશમાં પ્રદ્યોત તેનો ઉત્તરાધિકારી પાલક અને તે પછી વિશાખ યૂપ–ગોપાળ દારક થયો. કેટલાક પાઠમાં વિશાખ યૂપ પછી ઉજ્જનના સત્તાધીશ અવન્તિવર્ધનનું નામ મળે છે. પાલકનો રાજ્યકાલ ચોવીશ વર્ષનો કહે છે. સીતાનાથ પ્રધાન પ્રમાણે પ્રદ્યોતનો પુત્ર ગોપાળ કૌશમ્બીના ઉદયનના રાજદરબારમાં રહેતો હતો. ઉદયનના મૃત્યુ પછી ગોપાળ અસિતગિરિમાં જઈ સાધુજીવન ગાળવા લાગ્યો. તેના પુત્ર અજકને પાલકે બંદીવાન કર્યો હતો. કથાસરિત્સાગરની કથા અનુસાર પાલક પછી તેનો ભાઈ ગોપાળ દારક (બાલક) ઉજ્જનની ગાદીએ આવ્યો એમ ઉલ્લેખ છે. મૃચ્છકટિક પ્રમાણે પાલક પ્રજાપીડક હોવાથી પ્રજાએ પાલકને રાજગાદીએથી ઉઠાડી મૂકી ગોપાળને આર્યક (અજક) નામ આપી રાજતિલક કર્યું. પટણામાંથી અજ ઉદયીની જે પ્રતિમા મળી છે તેના પ્રતિલેખ અને અનુશ્રુતિનું અનુસંધાન કરી પંડિત જાયસ્વાલ[29] આર્યક–અજક તે મગધનો અજ ઉદયી અજાત શત્રુનો પૌત્ર હોવાનું જણાવે છે. આર્યક ઉજ્જનના ગોપાળ દારક યાને વિશાખ યૂપને હરાવી મગધ અને અવન્તિનો સત્તાધીશ થયો હતો. પ્રદ્યોતનું અવન્તિ જનપદ–અવન્તિનું વિસ્તૃત સામ્રાજ્ય પાલકે ટકાવી રાખ્યું. વિશાખયૂપના શાસનના થોડા વર્ષ પછી અવન્તિ જનપદની સ્વતંત્રતા મગધે છીનવી લીધી. વિશાખ યૂપનો રાજ્યકાલ ઘણો લાંબો હતો એમ પુરાણો વદે છે.

મગધનો અજાતશત્રુ મરણ પામ્યો. ઈ. સ. પૂ. ૫૧૮. કુણિકનો રાજ્યકાલ બત્રીશ વર્ષનો કહેવાય છે.[30] મહાવંશ[31] પ્રમાણે અજાતશત્રુના શાસનના આઠમા વર્ષમાં બુદ્ધ ભગવાન નિર્વાણ પામ્યા. વિષ્ણુ પુરાણ પ્રમાણે મગધની ગાદીએ શૈશુનાગ દર્શક આવ્યો. (જાયસ્વાલ પ્રમાણે રાજ્યકાળ ઈ.સ.પૂ. ૫૧૮–૪૮૩) બૌદ્ધ અનુશ્રુતિ પ્રમાણે દર્શકનાં નામ દર્શક શૈશુનાગ, નાગદાસક, કાકવર્ણી વગેરે મળે છે. એની બેન કૌશમ્બીના વૃદ્ધ ઉદયીન જોડે પરણી હતી.[32] જૈન સાહિત્યમાં[33] મગધના ગાદીવારસ

૨૯ મેરૂતુંગ 'વિચાર શ્રેણી.' 'જૈન કાલગણના' કલ્યાણવિજયજી.

૩૦ મત્સ્ય. ૨, ૩૧.

૩૧ મહાવંશ ૨, ૩૦.

૩૨ ભારતીય ઇતિહાસ કી રૂપ રેખા પુ. ૧. પૃ. ૪૯૬–૪૯૭.

૩૩ સ્થવિરાવલિ ૬, ૨૨, ૧૮૮. રોય ચૌધરી પુરાણને આધારે અજાતશત્રુનો ઉત્તરાધિકારી દર્શક હતો એમ ઉલ્લેખે છે. જાયસ્વાલની માન્યતા પણ આ પ્રમાણે છે. Raychandhari p. 130. Prgiter: Dynasties of Kaliage pp. 21–63. Jayaswal J. B. ORS. 1919. ભાસના સ્વપ્નવાસવદત્તામાં મગધના રાજા દર્શકનો સ્વીકાર કર્યો છે.

દર્શકનું નામ મળતું નથી, પણ જૈન સ્થવિરાવલિ પ્રમાણે અજાત શત્રુ પછી ઉદયન-અજ ઉદયી મગધ સામ્રાજ્યનો સ્વામી થયો એમ ઉલ્લેખ છે. જાયસ્વાલ મગધની ગાદીએ દર્શક પછી તેનો ઉત્તરાધિકારી તેનો પુત્ર અજ ઉદયી ગાદીએ આવ્યો એમ જણાવે છે.

અજ ઉદયી તેના પિતામહ અજાત શત્રુ જેવો પરાક્રમી હતો. એણે બિંબિસારના મગધ સામ્રાજ્યની સીમા વધારવાની જિજ્ઞાસા ઘણી જ હતી. એનો રાજ્યકાલ તેર અથવા સોળ વર્ષનો કહેવાય છે; ઈ.સ.પૂ. ૪૮૩-૪૬૭ (જાયસ્વાલ પ્રમાણે). બૌદ્ધ અને જૈન સાહિત્ય પ્રમાણે અજ ઉદયીએ નવું રાજનગર પાટલિપુત્ર (વર્તમાન પટણા) વસાવ્યું.[૩૪] ઇતિહાસથી ફળે છે કે કેટલાક સૈકા સુધી ભારતવર્ષના અસ્ત અને ઉદયનું કેન્દ્ર પાટલિપુત્ર હતું.

ઇસિવીસનના ઓગણીસમા સૈકામાં ભારત વર્ષના પ્રાચીન ઇતિહાસના ગર્ભને પ્રકાશ આપનાર કનિંગહામ સાહેબને પટણા નજીકના બસ્તી ગામમાંથી કેટલીક પ્રતિમાઓ મલી હતી. આ પ્રતિમાઓ યક્ષની હોવાનો નિર્દેશ તેમના ગ્રંથમાં મળે છે. આ પ્રતિમાઓ કલકત્તા મ્યુઝીયમમાં સુરક્ષિત પડી છે. ઇશુની વીસમી સદીમાં જાયસ્વાલે આ પ્રતિમાઓમાંથી એક પ્રતિમાના પ્રતિલેખનું વાંચન કરી તે પ્રતિમા મગધના અજ ઉદયીની હોવાનું જાહેર કર્યું હતું.[૩૫] આ વિષયમાં દરેક ઐતિહાસિક પંડિતોએ, લિપિ અને સ્થાપત્યના નિષ્ણાતોએ પોતપોતાની કળાની મહત્તાનો ભાગ ભજવ્યો છે, અને ઇતિહાસપટ ઉપર આ પ્રતિમા વિશે અનેક લેખોદ્વારા અનેરો પ્રકાશ પાડ્યો છે. પંડિત જાયસ્વાલનો અભિપ્રાય સ્વીકારી લઇએ તો, મગધ સામ્રાજ્યના સમ્રાટ્‌ની પ્રતિમા-જે સમયે ગુજરાત એવા ભૂમિ પ્રદેશનું નામ નિશાન ન હોતું-એ પ્રદેશના ઇતિહાસના સાધનના આલેખનમાં ગુજરાતના રાજાધિરાજની પ્રથમ પ્રતિમા મલી એમ કહી શકાય.

અવન્તિ અને મગધે પોણા સૈકા સુધી શાંતિ ભોગવી. શૂરા અજ ઉદયીએ અવન્તિની મહત્તા તોડવા સંકલ્પ કર્યો. અજ ઉદયીનો સમકાલીન ઉજ્જનમાં વિશાખ યૂપ શાસન કરતો હતો. મગધરાજ અવન્તિ ઉપર સવારી લઈ ગયો અને વિશાખ યૂપને રણ મેદાનમાં નમાવ્યો. પ્રધાન પ્રમાણે અવન્તિને મગધ સામ્રાજ્યમાં જોડનાર અજ ઉદયીનો ઉત્તરાધિકારી શૈશુનાગ-નન્દિવર્ધન હતો.[૩૬] કલ્કિપુરાણ પ્રમાણે વિશાખ

---

૩૪ વાયુ પુરાણ પ્રમાણે ઉદયીએ પોતાના રાજ્યના ચોથા વર્ષમાં કુસુમપુર-પાટલિપુત્ર વસાવ્યું. રોય ચૌધરી. હિન્દનો પ્રાચીન ઇતિહાસ પૃ. ૧૩૧ પાર્જીટર પૃ. ૬૯. પ્રધાન પૃ. ૨૧૬.

૩૫ બસ્તી પ્રતિમા ઉપર મગે अचो છીધીશે=ભગવાન અજઃ ક્ષોણ્યધીશ=અજ પૃથ્વીપતિ. અને બીજી પ્રતિમા બેસીવાલીના લેખમાં स्वप स्वते वटनन्दि। સર્વક્ષેત્રેવર્તનન્દિઃ સંપૂર્ણ સામ્રાજ્યવાલા વર્તં નન્દિ. જાયસ્વાલના વાચન ઉપર લિપિ અને પ્રાકૃતના નિષ્ણાતોએ, અને ભાષા વિશારદો અને પ્રતિમાનિરીક્ષકોએ અનેક નિબંધો લખી જુદા જુદા મત પ્રદર્શિત કર્યા છે. કેટલાક પંડિતો પં. જાયસ્વાલના મતને સહમત થયા છે જ્યારે કેટલાકે આ વાંચનમાં મતભેદ જાહેર કર્યો છે. ભા. ઈ. રૂ. રેખા.

૩૬ રૉય ચૌધરી જણાવે છે કે પુરાણો અને સીલોનના બૌદ્ધોના ગ્રંથોના ઉલ્લેખો એકજ નન્દ વંશનું અસ્તિત્વ સ્વીકારે છે. આ ગ્રંથો નન્દિવર્ધનને શૈશુનાગ વંશના રાજા તરીકે ઓળખે છે અને તેને નન્દવંશથી તદ્દન જુદોજ હોવાનું જણાવે છે. રૉ. ચૌ. પૃ. ૧૩૩.

યૂપે ઉદયી જોડે સંધી કરી પોતાની રાજગાદી ઉજ્જનથી માહિષ્મતી ખસેડી. માહિષ્મતીમાં એણે દશ વર્ષ રાજ્ય કર્યું. એકંદરે વિશાખ યૂપનો રાજ્યકાલ પચાસ વર્ષનો પુરાણોમાં આપ્યો છે. કથાસરિત્સાગર પ્રમાણે વિશાખ યૂપ પછી અવન્તિનો રાજા અવન્તિવર્ધન થયો.[૩૭] એનો રાજ્યકાલ ત્રીશ વર્ષનો કહેવાય છે. અવન્તિ જનપદના રાજકીય પતન પછી ભારત વર્ષમાં મગધનું પ્રતિદ્વન્દ્વિ રાજ્ય કોઈ રહ્યું નહીં. અજ ઉદયી પછી શૈશુનાગ નન્દિવર્ધન મગધનો સ્વામિ થયો.

નન્દિવર્ધન (નન્દ) એક દિગ્વિજયી સમ્રાટ્ હતો. (ઈ.સ.પૂ. ૪૫૮) એણે ઉજ્જનના અવન્તિવર્ધનના મૃત્યુ પછી અવન્તિજનપદ મગધ સામ્રાજ્યમાં ભેળવી દીધું. એ સમયથી પાટલિપુત્રના રાજકુમાર મગધના પ્રતિનિધિ તરીકે ઉજ્જનમાં શાસન કરતા હતા. નન્દિવર્ધન મગધના દક્ષિણ પૂર્વ સમુદ્ર તટ ઉપરનો કલિંગ દેશ જીતી વિજયના ચિહ્ન તરીકે જૈન પ્રતિમા મગધ લઈ આવ્યો હતો એમ શિલાલેખથી ફળે છે.[૩૮]

બૌદ્ધ સાહિત્યના દોહનમાંથી – મહાવંશમાં વર્ણવેલો કાલાશોક – તારાનાથે સંબોધેલો કામાશોક અને પુરાણોએ આલેખેલો નન્દિવર્ધન એકજ વ્યક્તિ હતી એમ પં. જાયસ્વાલ માને છે.[૩૯] સીતાનાથ પ્રધાન પુરાણોએ નિર્દેશેલો શૈશુનાગ – નન્દિવર્ધન અને મહાવંશનો કાલાશોક બન્ને ભિન્ન વ્યક્તિઓ મગધ સામ્રાજ્યના શાસક હોવાનું જણાવે છે. અજ ઉદયી પછી શૈશુનાગ – નન્દિવર્ધન તે પછી મહાનન્દિ અને તેના પછી મહાપદ્મ અનુક્રમે મગધની પાટે આવ્યા. પુરાણોમાં જે મહાપદ્મનું વર્ણન છે તે અને બૌદ્ધ ગ્રંથનો કાલાશોક બન્ને એકજ વ્યક્તિ હોવાનું પ્રધાન માને છે. પંડિત જયચંદ્ર વિદ્યાલંકાર 'ભારતીય ઇતિહાસકી રૂપરેખા' ગ્રંથમાં 'નન્દિવર્ધન (નન્દ) અને શૈશુનાગ' સમસ્યા લેખમાં આ પ્રમાણે જણાવે છે, "નન્દિવર્ધને અવન્તિનો પરાજય કરેલો એ હકીકત નિશ્ચિત છે. ખારવેલના લેખ પ્રમાણે નન્દદ્વારા કલિંગ દેશ ઉપર વિજય પ્રાપ્ત થયેલો એ પણ સ્પષ્ટ છે. પાટલિપુત્રમાં નન્દરાજા દ્વારા બ્રાહ્મણોની મળેલી સભામાં વ્યાકરણકાર પાણિની હાજર હતા એ પ્રસિદ્ધ છે. આ બધી ઐતિહાસિક હકીકત તારવતાં પંડિત જાયસ્વાલે નિર્દેશેલો નન્દિવર્ધન – કાલાશોક બન્ને એક જ વ્યક્તિ હોવાનું નિશ્ચિતરૂપે માનવાનું કારણ મળે છે."[૪૦] કાલાશોક – નન્દિવર્ધનના શાસન કાળમાં બુદ્ધ ભગવાનના નિર્વાણના એક સૈકા પછી કાલાશોકના નેતૃત્વ તળે વૈશાલીમાં બૌધોની બીજી સંગીતિ (સંઘ) મળી હતી. આ પરાક્રમી રાજાનો રાજ્ય વિસ્તાર દક્ષિણ, પૂર્વ તથા પશ્ચિમ સાગર તટ સુધીનો હતો. એણે હિમાલયના દેશોમાં

---

૩૭ सुनामावन्तिवर्धनः ॥ કથા–સ–સા. ૧૧૨, ૧૩. પ્રધાન પૃ. ૨૩૪ વંશાવલી પૃ. ૨૩૫.

૩૮ જાયસ્વાલ. જ. બિ. ઓ. રિ. સો. પુ. ૨૩ પૃ. ૨૪૫ સ્મીથ, જ. રો. એ. સો. ૧૯૧૮ પૃ. ૫૪૬. ચંદા: Memoirs of the Archaeological Survey of India No. 1 pp. 11–12. Raychaudhari p. 138.

૩૯ જાયસ્વાલ. જ. બિ. ઓ. રિ. સો. વર્ષ ૧૯૧૫. પૃ. ૭૭.

૪૦ ભારતીય ઇતિહાસકી રૂપરેખા. પુ. ૧ પૃ. ૭૪, મહાવંશ, દિવ્યાવદાન, બી. સી. લો. Buddhist Studies p. 15 ff.

વિજય પ્રાપ્ત કર્યો હતો. કાશ્મીર અને તેનાં પાડોશી રાજ્યો નન્દને આધીન હતાં. આ ઐતિહાસિક ઘટના પ્રમાણે કાલાશોક—નન્દિવર્ધનના સામ્રાજ્યની સીમામાં અપરાન્ત—ગુજરાતનો સમાવેશ થતો હતો.

કાલાશોક—નન્દિવર્ધન પછી તેનો પ્રતાપી પુત્ર મહાનન્દિ[૪૧] મગધની ગાદીએ આવ્યો. (ઈ. સ. પૂ. ૪૦૬—૩૭૪ અંદાજી) એનો વારસદાર પુત્ર નિર્બળ હતો. એ પછી અભિભાવક મહાપદ્મ મગધ સામ્રાજ્યનો સત્તાધીશ થયો. પુરાણો એને ક્ષત્રિયોનો ઘાતક અથવા બીજો પરશુરામ કહે છે. એ પછી નવનન્દ (નવા નન્દો) થયા. આ નવા નન્દોના છેલ્લા નન્દની સત્તાનું પતન કરી મૌર્ય (મોરિય) ચંદ્રગુપ્ત મગધ સામ્રાજ્યનો સ્વામિ થયો. મૌર્ય સત્તાના ઉદયે ગુજરાત પણ મૌર્ય સામ્રાજ્યની છત્રછાયામાં ગણાયું.

મગધની સંસ્કૃતિ અવન્તિ જનપદે સ્વીકારી, અવન્તિ ઉજ્જનની સંસ્કૃતિ—સંસ્કારિતા અપરાન્ત—ગુજરાતમાં પ્રસરી. એ પ્રમાણે ઈશુની પૂર્વેના પાંચમા છઠ્ઠા સૈકાના પ્રાચીન ગુજરાતના ઇતિહાસની ભૂમિકાનું સર્જન ઉજ્જન—અવન્તિ જનપદ પુરૂ પાડે છે.

* *
*

૪૧ Pargiter 'Dynasties of the Kali age' pp. 25, 69. Smith : Early His. of India. p. 41. Raychaudhari p. 40.

सादृश्य (ANALOGY) नुं स्वरूप*

ले० – श्रीयुत हरिवल्लभ भायाणी, एम्. ए.

*

ભાષાનું સંકુલ સ્વરૂપ

વાણી અને વિચાર વચ્ચે રહેલા સંબંધની તપાસ કરતાં એક વસ્તુ તરતજ આપણી નજરમાં આવશે કે આપણું ચિત્તંત્ર અસંખ્ય અને અનેકવિધ વ્યાપારો અને વૃત્તિઓના ભંડાર જેવું છે, જ્યારે જેની દ્વારા આ ચિત્તંત્રના વ્યાપારો વ્યક્ત કરવાના છે, તે ભાષા પાસે પ્રમાણમાં ઘણાં પરિમિત સાધનો હોય છે. આ અસમાનતાને પહોંચી વળવા માટે—મનોવ્યાપારોની સંકુલતા ઉચિતપણે વ્યક્ત કરવા માટે—સ્વાભાવિક રીતે જ ભાષાને પોતાના ઝીણામાં ઝીણાં તત્ત્વોનો પણ અર્થસૂચકપણે ઉપયોગ કરવો પડે છે. પરિણામે મનોવ્યાપારોમાં જે સંકુલતા રહેલી છે તે ભાષાકીય ઘટનાઓમાં પણ અમુક પ્રમાણમાં પ્રતિબિંબિત થાય છે. આ હકીકત બતાવે છે કે પહેલી નજરે પણ કંઈક અટપટી દેખાતી ભાષાકીય ઘટનાઓ તેમના ખરા સ્વરૂપમાં તો ખૂબ જ ગૂંચવણભરી હોવી જોઇએ અને આપણે કોઈ પણ ભાષાના અર્વાચીન સ્વરૂપને ભાષાસામગ્રીનાં જુદી જુદી ભૂમિકામાં થયેલા રૂપાંતરોની તુલના કરી ઐતિહાસિક દૃષ્ટિએ છણીએ છીએ ત્યારે તો આપણને ભાષાના સ્વભાવમાં રહેલી આ સંકુલતાની પૂરી પીછાણ થાય છે. આથી આપણે સમજી શકીએ કે પ્રાચીન ભાષાઓના અભ્યાસીને આ દૃષ્ટિએ કેટલા જાગ્રત રહેવાની જરૂર છે. મૂળ ભાષાના બોલાતા સ્વરૂપના માત્ર ગણતર લિખિત અવશેષો સાથે તેને કામ કરવાનું હોય છે, અને આ અવશેષોની દરિદ્રતા, કોઈ પણ વર્તમાન બોલાતી ભાષાની અનર્ગળ સમૃદ્ધિની સરખામણીમાં તદ્દન ઉઘાડી છે. બીજીરીતે કહીએ તો, પ્રાચીન ભાષાના અભ્યાસીને ઝીણી-મોટી અસંખ્ય ભાષાકીય ઘટનાઓથી ઊછળતા, જીવન્ત બોલચાલની ભાષાના મહાસાગરને બદલે લિપિના કાંઠાથી મર્યાદિત, મૃત વાઙ્મયિક ભાષાનું બંધિયાર ખાબોચિયું તપાસવાનું હોય છે. તેથી તેને આધારે તે જે નિર્ણયો બાંધે છે, તેમાં ખાસ સાવચેતીની જરૂર રહે છે.

ભાષાશાસ્ત્રમાં સાદૃશ્યના સિદ્ધાન્તનો પ્રવેશ

અને એક રીતે અર્વાચીન ભાષાશાસ્ત્રના ઇતિહાસમાં સાદૃશ્યના તત્ત્વની ઓળખ અને સ્વીકાર આ હકીકતની સાખ પૂરે છે. ઈસવી ઓગણીશમી સદીનો આરંભ એ અર્વાચીન ભાષાશાસ્ત્રીય અભ્યાસનો ઉષઃકાળ. ભાષાના સ્વભાવની હજી ઉપરછલ્લી જ પીછાન થઈ હતી. ભાષા પર અસર કરતાં બળોની હજી માત્ર થોડી થોડી ઝાંખી થઈ હતી. સંસ્કૃત, અવેસ્તા, ગ્રીક, લેટીન, સેલ્ટી, ટ્યુટોની, સ્લાવોની વગેરેના તુલનાત્મક અને ઐતિહાસિક અભ્યાસને પરિણામે, ભાષાઓનું સ્વરૂપ બદલવામાં ધ્વનि-

---

* ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલનના ચૌદમા અધિવેશનના ભાષાશાસ્ત્ર વિભાગ માટે રજૂ કરાયેલો નિબંધ.

વ્યાપારો (Phonetic processes) કેવી રીતે પ્રવર્તે છે તેનો કંઈક ખ્યાલ આવ્યો હતો. અભ્યાસ વધતાં તેમના પરિબળની વધારે ને વધારે પીછાણ થતી ગઈ. પણ હજી જોઇતી ચોક્કસાઇનો અભાવ હતો. જેમ જેમ અભ્યાસનું ક્ષેત્ર વિસ્તરતું ગયું, બીજાં ભાષાકુળોનાં બંધારણ અને ઇતિહાસ તપાસાવા લાગ્યાં, તેમ તેમ, ફલિત થતા નિર્ણયોમાં પ્રથમ જે અસ્પષ્ટતા હતી, તે દૂર થવા લાગી. બીજાં શાસ્ત્રોમાં જે ઝીણવટ અને ચોક્કસાઈ જરૂરી ગણાતી તેમનો ભાષાશાસ્ત્રીય અભ્યાસમાં પણ આગ્રહ રખાવા લાગ્યો. એક ભાષાની બે પૂર્વાપર ભૂમિકાઓની તપાસણીદ્વારા ધ્વનિઓમાં થયેલા વિકારોનો સમાવેશ કરતા જે ધ્વનિનિયમો (Phonetic laws) તારવવામાં આવતા, તે પહેલાં તો 'સગવડિયા' કહી શકાય તેવા હતા; કેમ કે માત્ર મુખ્ય મુખ્ય ઘટનાઓની સમાનતા ધ્યાનમાં લઈ તેમને આધારે અનુમાનો દોરાતાં. જે કેટલીક ખૂંચતી હકીકતો આ નિયમોનો છડેચોક ભંગ કરતી દેખાતી તેમની તરફ નજીવા અપવાદો, અનિયમિતતાઓ તરીકે દુર્લક્ષ કરવામાં આવતું પણ હવે તો આવા અપવાદોનેય આવરી લેતા બીજા પેટા-નિયમોની તપાસ કરવામાં આવતી. હતી આમ ધ્વનિ–નિયમોની સાર્વત્રિકતા પર વધુ ને વધુ ભાર મૂકાતો ગયો. પરિણામે ઓગણીશમી સદીના છેલ્લા ચરણમાં "ધ્વનિ-નિયમો જાણે કે આંખો મીચીને જ – અન્યનિરપેક્ષપણે – એક પ્રકારની અબાધિત અનિવાર્યતાથી પ્રવર્તે છે" એવો, ધ્વનિવ્યાપારોને અણઘટતું અતિમહત્ત્વ આપી દેતો અને તેથી અતિ-ગણનાની કોટિમાં મૂકી શકાય તેવો વાદ ઉભો થયો. આનું એક અગત્યનું પરિણામ એ આવ્યું કે ધ્વનિ-નિયમોના અપવાદોને શાસ્ત્રીયપણે સમજાવવામાં સાદૃશ્યનું તત્ત્વ કેવું કામ કરી રહ્યું છે એ સ્પષ્ટ થતું ગયું; અને ભાષાના વિકારક બળોની થએલી તલસ્પર્શી તપાસને લીધે ધ્વન્યાત્મક બળો (Phonetic forces) નો પણ ભાષા-વિકાસમાં કેટલો અસામાન્ય ફાળો છે, એ લક્ષમાં આવ્યું. પહેલાં જેની "આભાસી સાદૃશ્ય" (false analogy) કહી કુત્સા કરાતી, જેની તરફ ધ્વનિ-નિયમોના વિરોધી અને અનિયમિતતાઓના ઉત્પાદક તરીકે કરડી નજરે જોવામાં આવતું, તે સાદૃશ્યનો સ્વભાવ ખરા રૂપમાં જણાતાં એ પ્રકારના ખ્યાલો દૂર થયા, અને ધ્વનિ-નિયમોના અગત્યના સહયોગી અને પૂરક તરીકે તેને ઉચિત સ્થાન અપાયું.

આથી ભાષાકીય અભ્યાસની પદ્ધતિમાં પણ દૂરગામી પરિવર્તન થયું. શરૂઆતમાં જ્યારે થોડા સીધાસાદા ધ્વનિ નિયમોની અસર નીચે, ઉપરછલ્લી સમાનતાને અણઘટતું મહત્ત્વ આપી, ઝીણી ઝીણી વિગતોની કડાકૂટ કર્યા વિના ઝટ દઇને શબ્દોની વ્યુત્પત્તિ રજૂ કરવામાં આવતી, ત્યારે ભાષાદેહનો રૂપ-પલટો સમજાવવો એ રમતવાત લાગતી. એથી ઉલટું ધ્વનિ-નિયમોનું ધોરણ કડક થયું ત્યારે કેટલીક વાર તો એવી સ્થિતિ આવીને ઉભી રહેલી કે મૂળ નિયમને વશ વર્તતા શબ્દો કરતાં અપવાદો અને અનિયમિતતાઓ વધી પડે. સાદૃશ્યના સિદ્ધાન્તે જ આવીને ઘટતી વ્યવસ્થા આણી અને સમજાવ્યું કે જેમ કેટલાક શબ્દો આડું–અવળું પગલું ભર્યાવિના સરળ રસ્તે ઉતરી આવે છે તેમ બીજા કેટલાક શબ્દો એવી અતકર્ય અટપટી ગલીકૂંચીઓમાંથી પસાર થઇને આવે છે, કે તેમની રખડપટ્ટીના પ્રેરક બળો તદ્દન

અસમંજસ હોવાની આપણને ખાતરી થયા વિના ન રહે. વળી, સાથે એ પણ સ્પષ્ટ થયું કે શબ્દોને (અથવા તો બીજી ભાષાસામગ્રીને) તેમના વાતાવરણથી છૂટા પાડીને તેમનો ઇતિહાસ તપાસવો એ તદ્દન અશાસ્ત્રીય છે. કારણ, કોઈ પણ શબ્દનો ઇતિહાસ ઘડવામાં તેનાં ધ્વનિદેહ અને અર્થસામગ્રી સાથે એક યા બીજી દૃષ્ટિએ સાદૃશ્ય ધરાવતા શબ્દોનો ખૂબ જ અગત્યનો ફાળો હોય છે. આમ, ભાષાકીય ઘટનાઓના સંકુલ સ્વરૂપનો ખરેખરો ખ્યાલ સાદૃશ્યના તત્ત્વે જ આપ્યો. અહીં આપણે આ સાદૃશ્યના સ્વરૂપનાં કેટલાંક પાસાંની ઝાંખી કરીશું.

સાદૃશ્યનું સ્વરૂપ

સાદૃશ્યનું સ્વરૂપ પાઉલે આ પ્રમાણે સ્પષ્ટ કર્યું છે[૧]: "(૧) જનનીભાષા ભારત-યુરોપીય વિભક્તદશાને પામી તે પહેલાંના દૂરદૂરના કાળની ભાષાભૂમિકામાં પણ પૂર્ણસ્વરૂપે તૈયાર થએલા શબ્દો જ હતા, નહિ કે છૂટકરૂપે રહેલા ધાતુઓ, અંગો ને પ્રત્યયો: અને એ શબ્દો જુદાજુદા અંશોની મેળવણીરૂપ છે, એવી વાપરનારને ગંધ પણ ન હતી—આ સાદી હકીકત કદી લક્ષ બહાર ન જવી જોઇએ. અને બોલનાર બોલતી વેળા, સ્મૃતિમાં સંઘરેલા જે ભંડાર પર આધાર રાખે છે તે ભંડાર આવા પૂર્ણસ્વરૂપે તૈયાર શબ્દોનો બનેલો હોય છે: તેની પાસે કાંઈ છૂટક પ્રકૃતિ અને પ્રત્યયોનો જથ્થો નથી હોતો કે જેમાંથી તે તે પ્રસંગે જરૂરનું રૂપ તેમની (એટલે કે પ્રકૃતિ અને પ્રત્યયની) મેળવણીદ્વારા ઘડી કાઢે. (૨) આમાં એવું કહેવાનો આશય નથી કે બોલનાર જે જે રૂપ વાપરે છે તે દરેક તેનું સાંભળેલું અને સ્મૃતિસ્થ કરેલું હોય છે. એ વાત જ અસંભવિત છે. ઊલટું, તેણે કદી ન સાંભળ્યા હોય કે કાંઈ ખાસ ધ્યાન આપ્યું ન હોય તેવા વિભક્તિરૂપો, આખ્યાતિક રૂપો, વગેરે ઘડવાની પણ તેનામાં શક્તિ હોય છે. (૩) પણ આવું ઘડતર, તેના મગજમાં છૂટક પ્રકૃતિ ને પ્રત્યયોનું અસ્તિત્વ જ ન હોવાથી, તેમની મેળવણીદ્વારા કરવું અશક્ય, એટલે તેવા દરેક ઘડતર માટે, આસપાસની બીજી વ્યક્તિઓ પાસેથી પહેલેથી શીખી લીધેલા તૈયાર ઘડતરના શબ્દબીબાંનો જ આધાર લેવાતો હોય છે. એ પહેલેથી શીખી લીધેલા તૈયાર ઘડતરના શબ્દો મૂળ તો તેણે એક એક કરીને જાણ્યા હોય છે અને (૪) પછીથી વ્યાકરણી વિભાગો (Grammatical catagories)ને મળતી તેમની વર્ગણી કરી દીધી હોય છે; પણ પોતાની સ્મૃતિમાં રહેલી શબ્દમંડળીઓ વ્યાકરણના વિભાગોને મળતી આવે છે એવો તે શબ્દમંડળીઓની સ્વરૂપસ્થિતિનો સ્પષ્ટ ખ્યાલ ખાસ કેળવણી સિવાય આવતો નથી. આ પ્રકારની ટોળાબંધી—જુદા જુદા શબ્દોની અમુક સાદૃશ્યને આધારે કરેલી વિવિધ વર્ગણી—સ્મરણશક્તિને ઘણી સહાયક બને છે, એટલું જ નહિ, પણ તેને માટે એવા બીજા નવીન રૂપો ઘડવાનું સંભવિત બનાવે છે. 'સાદૃશ્ય' તરીકે જે સિદ્ધાંત જાણીતો છે તે આ જ."

---

૧. મૂળ પાઉલ (Paul) ના "Prinzipien der Sprachgeschichte" (૧૯૦૯)માંથી અંગ્રેજીમાં અનુવાદિત ટાંચણ સ્વીટ (Sweet): Collected Papers (૧૯૧૩), પા. ૧૧૨ ઉપર; યેસ્પર્સન (Jespersen): Language, પા. ૯૪.

આમ, દરેક બોલનાર બોલતો હોય છે ત્યારે સાદૃશ્યમૂલક રૂપો સતત સરજ્યે જતો હોય છે એ સ્પષ્ટ છે. તેથી [૧] સ્મૃતિ દ્વારા પુનઃસર્જન અને [૨] સાહચર્ય દ્વારા અભિનવ ઘડતર : આ બે સાદૃશ્યના અનિવાર્ય ઘટકો છે.

અને ઉચ્ચારણઅવયવો (vocal organs) દ્વારા ભાષાનું ઉત્પાદન અને આ ઉત્પાદનના મૂળમાં પ્રવર્તી રહેલા માનસિક વ્યાપારો : એ બે વચ્ચેનો પરસ્પર સંબંધ—અર્થાત્ ભાષાની પાછળ રહેલું માનસશાસ્ત્ર (psychology of speech)—જરા ધ્યાનપૂર્વક તપાસીએ તો આ સાદૃશ્યના તત્ત્વનું આવું સ્વરૂપ અને વર્ચસ્વ શા કારણોને લીધે છે તે આપણાથી સારી રીતે સમજી શકાય. પ્રથમ આપણે પાઉલના પૃથક્કરણે આપેલાં બીજકોનો જ વિસ્તાર કરવાનો છે, અને પછી તેને આધારે આગળ વિચાર કરીશું.

શબ્દઉત્પાદનના પૂર્વવ્યાપારો

શબ્દોનો ઉત્પાદનવ્યાપાર તપાસતાં બે અગત્યની ઘટનાઓ તરફ આપણું લક્ષ ખેંચાય છે. પ્રથમ તો જે શબ્દો આપણા ઉચ્ચારણવ્યાપારને લીધે વ્યક્ત થાય છે, તે શબ્દો કોઈ પણ જાતના પૂર્વ સંબંધ વિના, તદ્દન અદ્ધરથી જ નવા સરજાઈને બહાર પડે છે, એવું નથી. સામાન્યરીતે આપણી નાની વયથી આસપાસના સમાજમાં જે ભાષા પ્રચલિત હોય તેને આપણે આંતરિક અનુકરણશક્તિ દ્વારા સ્વભાષા તરીકે અપનાવતા આવીએ છીએ. જે જે શબ્દોના વપરાશથી આપણે જાણીતા થઈએ છીએ, તેમને આપણી સ્મૃતિમાં સંઘરીએ છીએ. સાંભળવામાં આવતા શબ્દોનાં બિંબ કે આકૃતિ (verbal image) તેમની ધ્વનિસામગ્રી અને અર્થસામગ્રી સાથે આપણી સ્મૃતિ પર અંકિત થઈ જાય છે. એટલે આપણે વિચારોને વાણીદ્વારા વ્યક્ત કરવા હોય છે, ત્યારે સામાન્ય સંજોગોમાં શબ્દબિંબોના ભંડારમાંથી અનુકૂળ બિંબોની વીણણી કરી તેમને આપણે મૂર્ત સ્વરૂપ આપીએ છીએ.[૨]

---

૨ જુઓ વાંદ્રૃયે (Vendryes): Language, પા. ૬૫ અને પછીનાં.

અર્વાચીન ભાષાશાસ્ત્રના આ વિચારોની ઝાંખી આપણે અઢી હજારથીયે વધારે વરસ પહેલાનાં ભારતવર્ષના ભાષાશાસ્ત્રીઓનાં લખાણોમાં કરી શકીએ છીએ. નિરુક્તકાર યાસ્ક (ઈસુપૂર્વે ૬ઠ્ઠી–૭મી સદી) પોતાના કોઈ પૂર્વાચાર્ય ઔદુમ્બરાયણનો મત નોંધે છે : " વચન માત્ર (ઉચ્ચારણના) અવયવોમાં જ શાશ્વત છે એમ ઔદુમ્બરાયણ (માને છે)." એટલે કે ભાષાધ્વનિઓ ઉચ્ચારણઅવયવોથી છૂટા પડી શ્રવણેન્દ્રિયનો સ્પર્શ કરે અને અર્થબોધ થાય એટલા પૂરતા જ અસ્તિત્વમાં હોય છે, તેમની અંતઃકરણ ઉપર કોઈ શાશ્વત છાપ પડતી નથી. આ મત તે સમયથી જાણીતી થએલી શબ્દના નિત્યત્વ–અનિત્યત્વને લગતી ચર્ચાનો એક પક્ષ છે. શબ્દનું ખરૂં સ્વરૂપ શાશ્વત માનતો બીજો પક્ષ સમય જતાં વૈયાકરણોના સ્ફોટવાદ તરીકે પ્રસિદ્ધ થાય છે. વૈયાકરણોમાં પતંજલિ વગેરેએ, મીમાંસકોમાં જૈમિનિ વગેરેએ, અને આલંકારિકોમાં આનંદવર્ધન, મમ્મટ વગેરેએ આ વિષય સારી રીતે ચર્ચ્યો છે (જુઓ, લક્ષ્મણ સરૂપકૃત 'નિરુક્ત'નું અંગ્રેજી ભાષાન્તર પા. ૬ ઉપરના ઉલ્લેખો અને પા. ૨૦૩ ઉપરનાં ટાંચણ). એ ધ્યાનમાં રાખવા જેવું છે કે વૃત્તિકાર દુર્ગાચાર્ય (આ. ઈસવી ૧૩મી સદી) વર્ણદ્વારા વ્યક્ત થતો વિનાશી શબ્દ અને તેની બુદ્ધિ પર પડતી અવિનાશી છાપ એ બે વચ્ચે સ્પષ્ટપણે ભેદ પાડે છે. અને તેમને માટે અનુક્રમે 'શબ્દવ્યક્તિ' અને 'શબ્દાકૃતિ' (સરખાવો અંગ્રેજી સંજ્ઞા verbal image) એવી સંજ્ઞાઓ યોજે છે. પ્રાચીન ભારતના વિદ્વાનોના ભાષા વિશેના વિચારો(શબ્દની વૃત્તિઓ, અભિહિતાન્વયવાદ, અન્વિતાભિધાનવાદ, વગેરે) ની અર્વાચીન ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ મુલવણી થવાની ઘણી જરૂર છે.

શબ્દનું અનેકરંગી અર્થવર્તુળ

હવે આ શબ્દબિંબો કે શબ્દો આપણા મનમાં એકલાઅટૂલા નથી રહેતા. એક તો આપણે જે અનેકરંગી પ્રસંગો અને પરિસ્થિતિઓમાં અમુક શબ્દ વપરાતો જોયો જાણ્યો હોય છે, તે બધાનો પાસ એ શબ્દને લાગે છે; અને સૂક્ષ્મ અર્થોના ઝીણા-જાડા તાંતણાઓનું જાળું શબ્દની ચોતરફ બંધાય જાય છે. એક દાખલો લઈએ. "એ માતા અને બાલક", "બાળકબુદ્ધિ", "માનવી મૂળ તો પ્રકૃતિનું બાળક", "કુટુંબ જીવનની અને જાહેર જીવનની આટઆટલી જવાબદારીઓ સ્વીકારવા છતાં તેના હૃદયનો બાળકભાવ હજી જરા પણ ઓછો નથી થયો", "શ્રી બાળકરામની સેવાની જોઈતી કદર હજી થઈ નથી", વગેરે પ્રયોગોમાંના બાળક શબ્દની વિવિધ અર્થસૂચકતા તે શબ્દનો ઉપયોગ કરનાર જાણતો હોય છે. ઉપરાંત તે શબ્દના અર્થની ચિત્રવિચિત્ર રંગોળીમાં વ્યક્તિગત અનુભવની પણ ભાત પડે છે. સૂતિકાગૃહની પરિચારિકા, અનાથાશ્રમનો સંચાલક, સંતતિનિયમનનો અભ્યાસક, કવિ, માતા, કેળવણીકાર એ સૌના 'બાળક' શબ્દ સાથે જડાયલા સંસ્કારો કંઈક અંશે એકબીજાથી નિરાળા અને વિશિષ્ટ પ્રકારના હોય છે. વળી કોઈના જીવનમાં કોઈ બાળક સાથે એવો પ્રસંગ બન્યો હોય કે તેની સ્મૃતિની સાથે તે સદાને માટે જડાઈ ગયો હોય, તેવી વ્યક્તિને કાને 'બાળક' શબ્દ પડતાં જ તેનો ભૂતકાળનો અનુભવ પાંગરી ઊઠે છે. એટલે તેના માનસે રચેલા 'બાળક' શબ્દના અર્થવર્તુળમાં આ વિશિષ્ટ તત્ત્વનો પણ સમાસ થએલો હોય છે. દરેક શબ્દનું આ પ્રમાણે જ સમજવાનું.

શબ્દબિંબોનો શ્રેણીબંધ

પણ બીજું વધારે ધ્યાન ખેંચે તેવું તો એ છે કે આપણા ચિત્તપર છપાયેલા શબ્દો સમાજપ્રેમી માનવીની માફક પોતાના ધ્વનિ, રૂપ અને અર્થ સાથે થોડી ઘણી સગાઈ ધરાવતા બીજા શબ્દો સાથે મળીને અલાયદી ટોળીઓ જમાવતા હોય છે.

લીધું, દીધું, પીધું, કીધું, ખાધું.
ચડવું, પડવું, લડવું, રડવું, દડવું, જડવું.
ચડસાચડસી, મારામારી, ગાળાગાળી, કાપાકાપી, મુક્કામુક્કી.
દેવ-દેવો, માણસ-માણસો, સમાજ-સમાજો, ગુલાબ-ગુલાબો.
ચડવું-ચડ-ચડાણ, ઊતરવું-ઊતર-ઉતરાણ, માંડવું-માંડ-મંડાણ.

આમ સમાનરૂપ અને સમાનધ્વનિ શબ્દોની ટોળીઓ બંધાય છે. કોઈ વ્યક્તિએ અમુક રૂપ કદી ન સાંભળ્યું હોય છતાં બીજા તેવા સંબંધોને આધારે તે તેને તરત ઘડી કાઢે છે. દાખલા તરીકે કોઈએ 'દીધું' એવું રૂપ 'દેવું'ના ભૂતકાળ માટે યોજ્યું, તો કાં તો તેણે 'દેવું' ના ભૂતકાળ તરી કે 'દીધુ' વપરાયલો સાંભળ્યો હોય, તેનું બિંબ તેની સ્મૃતિમાં સંઘરાયું હોય અને આ પ્રસંગ આવતાં તેનો ઉપયોગ તેણે કર્યો હોય; (૨) કાં તો પહેલાં સાંભળેલું હોય છતાં તેની સ્મૃતિમાં એટલા ઝાંખા સ્વરૂપમાં રહ્યું હોય કે જો તેના મનમાં આ 'દીધું' રૂપને સરખા સ્વરૂપવાળાં બીજાં રૂપો ('લીધુ', 'પીધું', વગેરે)નો સહયોગ ન થયો હોત તો તેને આ પ્રસંગે 'દીધું' યાદ કરવામાં

કંઈ પણ સહાય ન મળી હોત અને તો તેને ભૂલી જવાથી વાપરી શક્યો ન હોત. (૩) અથવા તો વાપરનારે 'દીધું' કદી સાંભળ્યો જ ન હોય. માત્ર 'દે છે', 'દેશે', 'દેવું' વગેરે સાંભળ્યા હોય. પણ આ ઉપરાંત તેણે "લેવું–લીધું : પીવું–પીધું : કહેવું–કીધું" આ જાણીતા રૂપોની આવી વર્ગણી કરી રાખી હોવાથી, તેને આધારે તત્ક્ષણ 'દેવું'ના સંબંધે 'દીધું' ઘડી કાઢયું હોય. આમ આવી દરેક બાબતમાં સ્મૃતિ અને સર્જનલક્ષી તરંગ (fancy) નો—સ્મૃતિદ્વારા પુનઃસર્જન અને સાહચર્યદ્વારા અભિનવ ઘડતરનો—કેટકેટલો ફાળો છે તેનો નિર્ણય કરવો ઘણીવાર મુશ્કેલ હોય છે.

આમાંથી એક સત્ય એ ફલિત થાય છે કે અમુક બોલાયેલા રૂપની વાસ્તવિક સ્વરૂપઓળખ માટે "ભાષામાં તે પ્રચલિત છે?" અથવા "વ્યાકરણીઓએ તારવેલા ભાષાના નિયમોની સાથે એની સંગતિ છે ખરી?" એવો પ્રશ્ન નહીં પણ "આ હમણાં વપરાયું તે રૂપ વાપરનારની સ્મૃતિમાં પહેલેથી જ હતું કે તેણે પહેલી જ વાર ઘડી કાઢયું છે, અને જો પહેલી જ વાર ઘડી કાઢયું હોય તો કયા સાદૃશ્યે?" એવો પ્રશ્ન પુછાવો જોઇએ. કારણ, વાસ્તવિક ભાષા માત્ર બોલનાર વ્યક્તિમાં જ જીવંતરૂપે રહે છે, અને શાસ્ત્રીય અન્વેષણમાં પણ ભાષાને બોલનાર વ્યક્તિથી છૂટી પાડી શકાય નહિ. વ્યાકરણ અને કોષમાં વ્યક્ત થતી ભાષાને—એટલે કે શક્ય હોય તેવા બધા શબ્દો અને રૂપોના સમૂહને—નગદ વાસ્તવિકતા ધરાવતી માની લેવી—એ માત્ર એક ભાવાત્મક અમૂર્તતા (abstraction) છે એ વિસરી જવું—એ મોટી ભૂલ છે.[3]

રૂપતંત્રના પરિવર્તક બળ તરીકે સાદૃશ્ય

પણ આપણે વિષયાન્તર છોડી સાદૃશ્યના કાર્યક્ષેત્ર પર જ આવીએ. ભાષા સમય જતાં જે ભૂમિકાઓ બદલે છે, તેમાં ધ્વનિવ્યાપારોની સાથે સાથે સાદૃશ્યનું તત્ત્વ પણ પોતાનો પ્રભાવ પાડી રહ્યું હોય છે. રૂપતંત્ર(morphology)ની કાયાપલટ મુખ્યત્વે સાદૃશ્યને આભારી હોય છે. વૈદિક સમયની બોલીઓના સંકુલ વ્યાકરણી બંધારણની સરખામણીમાં પ્રાકૃતોનું બંધારણ ઘણું સાદું છે; પ્રાકૃતોની સાથે સરખાવતાં અર્વાચીન ઉત્તર ભારતીય ભાષાઓ વ્યાકરણદૃષ્ટિએ વધારે સરળ ગણી શકાય તેવી છે. ભાષામાં વિપુલપણે વપરાતાં અંગોનાં રૂપોના સાદૃશ્યે તેથી જુદા પ્રકારનાં અંગોનાં રૂપ ઘડાય છે, ને તેથી અપવાદો, વિવિધતા અને વિશિષ્ટતા દૂર થઈ એકરૂપતા પ્રવર્તે છે. સંસ્કૃતના મૂળમાં રહેલા બોલચાલના ભાષાસ્વરૂપમાં નામિક અકારાન્ત અંગોના બાહુલ્યને લીધે ઇતરસ્વરાન્ત અને વ્યંજનાન્ત અંગોનાં વધુ વપરાશમાં આવતાં રૂપો પણ અકારાન્ત અંગોના રૂપ પ્રમાણે થવા લાગ્યા. વિકરણ અ અને અય્ લેતા આખ્યાતોની મોટી સંખ્યાને લીધે, ગણભેદ લુપ્ત થવા લાગ્યા. કાળ અને અર્થ ઉપર પણ સાદૃશ્યનો પ્રભાવ પડ્યો અને રૂપતંત્રમાં પૃથક્ક્રિયાનું (analytical) તત્ત્વ વધ્યે જતાં ઉત્તરોત્તર સરળતા આવતી ગઈ: પ્રાચીન ભારતીય–આર્યમાંથી મધ્ય ભારતીય–આર્યનું અને તેમાંથી અર્વાચીન ભારતીય–આર્યનું રૂપતંત્ર આ રીતે વિકસ્યું. દરેક ભાષાના ઇતિહાસમાં સાદૃશ્યનો આવો પ્રભાવ નજરે પડે છે.

---

૩ યેસ્પર્સન: Language, પા. ૯૪–૯૫.

પ્રાસ અને અનુપ્રાસ

આપણે ઉપર જોયું તેમ એક શબ્દ બીજા અનેક શબ્દ સાથે વિવિધ સંબંધથી સંકળાએલો હોય છે. આથી એક શબ્દનો પ્રયોગ થતો હોય ત્યારે તેના કેટલાક સાથીઓ તેની પાછળ જ સ્મૃતિપટ પર તરી આવે છે. પ્રાસ અને અનુપ્રાસ પાછળ આવું ધ્વનિસાદૃશ્ય કામ કરી રહ્યું છે. આવું સાદૃશ્ય સ્મૃતિને જાળવી રાખવું બહુ સરળ પડે છે. એટલે તેના પ્રયોગનાં અનેક ઉદાહરણો આપણને મળી આવે. શાક્તોના પંચ મકાર (માંસ, મત્સ્ય, મુદ્રા, મદિરા, મૈથુન) લાલ, બાલ ને પાલ, સુરતના ત્રણ નન્ના, વગેરેમાં આ જોઈ શકાય.

કહેવતો

કંઠસ્થ રાખવાની હોવાને લીધે કહેવતોમાં તો ધ્વનિસાદૃશ્યનું તત્ત્વ ખૂબ ઉપયોગમાં લેવાયું છે. સામાન્ય લોકમાનસને પ્રાસ–અનુપ્રાસનો સારો શોખ હોય છે, એ પણ આમાં વધારેના કારણ તરીકે ગણાવી શકાય. "શિરા માટે શ્રાવક થવું" એ કહેવતમાં શ્રાવકોમાં સામાન્ય વપરાશનાં અને તેથી તરત યાદ આવે તેવાં 'શિરા' ઉપરાંત બીજાં બેચાર મિષ્ટાન્નો હોય છે, છતાં શિરો જ કહેવત માટે યોગ્ય ગણાયાનું કારણ એટલું જ કે 'શ્રાવક'ના શકાર સાથે અનુપ્રાસ સાધે તેવો 'શિરો'જ છે. 'છોકરાંની ટાઢ બકરાં ચરી જાય' એમાં ઈતર પશુઓ કરતાં 'બકરાં'ની પસંદગી થઈ તેની પાછળ બકરાઓમાં ટાઢ ચરી જવાનો કોઈ ખાસ ગુણ છે એવું નથી, પણ બીજા કોઈ સામાન્યરીતે જાણીતા પશુના નામ કરતાં "બકરાં"ના ધ્વનિ 'છોકરાં' એ ધ્વનિસમૂહ સાથે બરાબર પ્રાસ મેળવવાનું કાર્ય સાધી શકે છે, એજ કારણ છે. "ભેંસ આગળ ભાગવત"માં બીજા પ્રાણીઓ અને પુરાણો કરતાં "ભેંસ" અને "ભાગવત" કહેવતકારની દૃષ્ટિએ એટલા માટે ચઢિયાતાં છે કે તેઓ 'ભ–ભ'નો પ્રાસ આપી શકે છે. આવા અનેક દાખલા ટાંકી શકાય. એ દરેકમાં શબ્દપસંદગી પાછળનાં નિર્ણાયક ધોરણમાં ધ્વનિસાદૃશ્ય એ પ્રાથમિક અગત્યનું ધોરણ છે.

શબ્દશ્લેષ

પ્રાસ–અનુપ્રાસ ઉપરાંત શ્લેષ જેવા શબ્દાલંકારો પણ સાદૃશ્યને લીધે જ સંભવિત બને છે. પ્રસ્તુત વિષયને વ્યક્ત કરવાને યોજાયેલો શબ્દ જો ધ્વનિ, રૂપ કે અર્થના સાદૃશ્ય કે સાહચર્યથી બીજા કોઈ શબ્દ કે અર્થ સાથે સંકળાએલો ન હોય તો પ્રસ્તુત ઉપરાંત અપ્રસ્તુતનું સૂચન થવાનો સંભવ જ ન રહે અને પરિણામે ચમત્કૃતિ પણ ન ઉપજે. "શકુન્તલાવી"માં 'શકુન્તલા'ના કેટલાક ધ્વનિ સાથે 'શકુન્ત' એ ધ્વનિસમૂહનું સાદૃશ્ય હોવાથી જ 'શકુન્તલાવી' ને 'શકુન્તલા આવી' આપણને સ્ફુરે. "ફરીયાદ" સાથે 'ફરી' અને 'યાદ' આપણા શબ્દબિંબોના ભંડારમાં વર્ગબંધુઓ તરીકે સંઘરાએલા હોય તોજ એ અર્થની શક્યતા.

લૌકિક વ્યુત્પત્તિ

અને અહીં આપણે લૌકિક વ્યુત્પત્તિ(folk-etymology)ના પ્રદેશ પાસે આવી પહોંચીએ છીએ. જેમ શ્લેષના એક પ્રકાર સભંગ શ્લેષ ('શકુન્તલા'વી')માં

એક જ ધ્વનિસમુદાયના જુદી જુદી બે રીતે કરાતા વિશ્લેષને અવલંબી જુદા જુદા બે અર્થ સુચવાય છે, તેમ લૌકિક વ્યુત્પત્તિઓમાં અમુક શબ્દ કે સમાસના ખરા ઘડતરના અજ્ઞાનને લીધે ભળતી જ વ્યુત્પત્તિ આપવામાં આવે છે. અમુક શબ્દ, તેના વાસ્તવિક ઘટકોને બદલે સાદૃશ્યને આધારે કોઈ જુદા જ ઘટકોનો બનેલો લાગે છે, અને તેથી એ નવા કલ્પેલા ઘટકોના અર્થમાંથી મૂળ શબ્દનો અર્થ તાણીતૂશીને કાઢવામાં આવે છે. દરેક સમયની અને દરેક દેશની ભાષામાં આનાં ઉદાહરણો મળી આવશે. વૈદિક યુગની ભાષામાં આવાં પુષ્કળ ઉદાહરણો મળે છે. અથર્વવેદની યાતુ-વિદ્યા અને અભિચારને લગતી ક્રિયા માટે વપરાતા મંત્રોના શ્લિષ્ટ શબ્દોમાં લૌકિક વ્યુત્પત્તિની સ્પષ્ટ ગંધ આવે છે.[4] આ ઉપરાંત બ્રાહ્મણગ્રંથો તો આ પ્રકારના "વ્યુત્પત્તિવેડા"થી ઉભરાય છે. અમુક યજ્ઞક્રિયામાં જે મંત્ર યોજાતો હોય તે મંત્રના પદોમાંથી મારીમચડીને પ્રસ્તુત પ્રસંગને અનુરૂપ અર્થ કાઢવામાં આવે છે: 'આહુતિઓ' એ ખરેખર તો 'આહુતિ'ઓ છે કારણ કે એમના વડે યજમાન દેવોનું 'આહ્વાન' કરે છે. (ઐતરેય બ્રાહ્મણ, ૧૨). કારણ કે હોતા 'આનું આવાહન કર, પેલાનું આવાહન કર' એમ યથાસ્થાન દેવતાઓનું 'આવાહન' કરાવે છે, તેથી તે 'હોતા' છે." (ઐત૦ બ્રા૦, ૧૨) "કારણ કે (વેચાતા લીધેલા સોમનાં ચાલ્યાં ગયેલાં બળ અને વીર્ય) આઠ (अष्ट) ઋચાનું પઠણ કરવાથી (પાછા) મેળવ્યા (अश्नुवत) તેથી अष्ट એ अष्ट કહેવાય છે." (ઐત૦ બ્રા૦, ૩૧). આખા બ્રાહ્મણ સાહિત્યમાં આવી વ્યુત્પત્તિઓ વેરાયલી છે. યાસ્કનું 'निरुक्त' પણ આવી લૌકિક વ્યુત્પત્તિઓથી ભરપૂર છે. પછીના સાહિત્યમાં પણ લૌકિક વ્યુત્પત્તિઓનો તોટો નથી. नार એટલે પાણી, તે જેનું अयन (આશ્રયસ્થાન) છે તે नारायण (મનુસ્મૃતિ, ૧૧૦). "'જેનું માંસ હું અહીં ખાઉં છું, મને (मां) તે (स) પરલોકમાં ખાશે' આજ માંસનું માંસ-પણું છે." (મનુ૦ ૫।૫૫) કુમારસંભવમાં કાલિદાસ उ (પાદપૂરક) અને मा (નિષેધાર્થ) [='તપ કર નહિ'] એ બંનેના સંયોગ વડે હિમાલયની પુત્રી उमानुं નામ સાધે છે, તેમાં સોંઘી વ્યુત્પત્તિનો જ આશરો લેવાયો છે. સંસ્કૃત કાવ્યો અને નાટકો પરની ટીકાઓમાં આવી સંખ્યાબંધ વ્યુત્પત્તિઓ મળી આવે છે. પ્રાકૃત 'કુમારપાલ-પ્રતિબોધ' (પા. ૨૧૯) સંસ્કૃત ब्राह्मणना પ્રાકૃત સ્વરૂપ माहण ની વ્યુત્પત્તિ આપે છે કે मा એટલે 'નહિ' हण એટલે 'હિંસા કર'—તેથી હિંસા ન કરે તે ખરો माहण (બ્રાહ્મણ) છે. અને આ વ્યુત્પત્તિ મૂળના વિમલસૂરિના पउमचरियમાંથી છે. ગુજ-રાતીમાં પણ લૌકિક વ્યુત્પત્તિઓ શોધવા જવું પડે તેવું નથી. 'કલા'ને 'પી' ગયો તે 'કલાપી', 'ઉરે' જે 'વસી' તે 'ઉર્વશી', 'વાણિયા' એટલે 'વહાણિઆ' કારણ કે તે વહાણ ઉપર બેસીને આવ્યા. તરમાં તર તે 'ભણતર'. વૈષ્ણવોમાં આ વ્યુત્પત્તિ જાણીતી છે.: 'કૃષ્ણાવળી' (=ડુંગળી) એટલે 'કૃષ્ણ' પાસેથી પાછી 'વળી'.[5]

---

૪ જુઓ બ્લુમફીલ્ડ (Bloomfield): Hymns of the Atharvaveda, સૂક્ત ૪।૩૬।૭, ૫।૧૩।૫, ૫।૧૮।૮, ૬।૮૫, ૭।૧૨।૩, વગેરે પરનું ટિપ્પણ.

૫ કોઈ વેળા આમાં બુદ્ધિચાતુર્ય દેખાડવાનો પ્રયાસ પણ જોઈ શકાય. મેં ગીતાના એક શ્રદ્ધાળુ વાચક પાસેથી જાણેલું કે 'ગીતા' એટલે 'તાગી' 'તાગી' બરાબર 'ત્યાગી', એટલે કે ગીતા ત્યાગનો ઉપદેશ કરે છે, વાચન કરનારને ત્યાગી બનાવે છે!

લોકકથા અને દેવકથા

આ ઉદાહરણોને ઝીણવટથી તપાસતાં એક વસ્તુ છૂપી નહિ રહે. આવી લૌકિક વ્યુત્પત્તિમાંથી કોઈ કોઈ વાર લોકકથાઓ કે દેવકથાઓ પણ ઘડી કાઢવામાં આવે છે. બ્રાહ્મણ ગ્રન્થોમાંથી આપેલા ઉદાહરણોમાં આ વધારે સ્પષ્ટપણે દેખાશે. 'શચીપતિ' (='બળનો સ્વામી' ઈન્દ્ર) એ શબ્દમાંથી 'શચી' (ઇન્દ્રાણી) આ રીતે જ ઘડાણી[૬]. સંસ્કૃત કોશોમાં कुशीलव શબ્દ 'નટ' એ અર્થમાં આપ્યો છે. શબ્દની વ્યુત્પત્તિ ચર્ચાસ્પદ છે. આ શબ્દનો રામાયણમાં આવતા કુશ અને લવ સાથે બેશક સંબંધ છે. પણ કોઈ એમ માને છે કે કુશ અને લવ રામાયણમાં આવા પ્રકારના વીરચરિત કાવ્યના પહેલા પાઠક તરીકે રજૂ થયા છે, તેથી તેમને આધારે થોડાઘણા અભિનય સહિત આખ્યાન કરનાર દરેકને માટે અને છેવટે નટ માટે, 'કુશ' અને 'લવ' જોડાઈ બનેલો 'કુશીલવ' શબ્દ પ્રચલિત થયો. પણ મને બીજો મત[૭] ખરો લાગે છે. માણભટ કે ચારણને કંઈક મળતા સૂત અને માગધોમાંથી કોઈ વિશિષ્ટ વર્ગને માટે મૂળ कुशीलव શબ્દ પ્રચલિત હશે. પછીથી રામાયણ જ્યારે આદિકાવ્ય ગણાવા લાગ્યું હોય ત્યારે કે તે પહેલાં આખ્યાનરૂપ કાવ્યના સૌથી પહેલા પાઠક તરીકે कुशीलव માંથી कुश અને लव ઉપજાવી કાઢવામાં આવ્યા હોય. રામાયણના 'ઉત્તરકાંડ'ની પ્રક્ષિપ્તતા અને કુશ અને લવના કૃત્રિમરીતે થએલા જન્મની કથા આ અનુમાનને ટેકો આપે છે. તેવી જ રીતે, અથર્વવેદનાં એક સૂક્ત(૧–૧૧–૩)માં પ્રસવના અધિષ્ઠાતા તરી કે सूषन् (સર૦ √ सू० 'જન્મ આપવો') દેવનો ઉલ્લેખ છે. ખરી રીતે सूषन् જેવો કોઈ શબ્દ જ નથી; પણ પુષ્ટિના દેવ पूषन् ના ધ્વનિસાદૃશ્યથી એ સૂક્તકારે ક્ષણિક તરંગમાં सूषन् દેવ ઘડી કાઢેલ છે.

કેટલીક લોકકથા કે દેવકથાના સર્જનમાં આદિ ઉદ્‌ભવસ્થાન તરીકે આવી છોકરમતિયા કે અસમંજસ લાગતી લૌકિક વ્યુત્પત્તિઓ હોય છે એ બીના ઘણી અચરજ પમાડે તેવી લાગે પણ તેનાં કારણો તપાસતાં તેમાં નવાઈનું તત્ત્વ જરા પણ નહિ દેખાય. સામાન્ય જનતાનું માનસ હમેશાં સરળતાપ્રેમી અને ધોકાપંથી વૃત્તિવાળું હોય છે. તેમાં તેને કંઈક કંઈક સાદૃશ્યને આધારે શબ્દબિંબોની ટોળાબંધી કરી દેવાની ખાસિયતનો આધાર મળે છે. એટલે જ્યારે તે શબ્દો પર વ્યાપૃત થાય છે ત્યારે તે લાકડે માંકડું વળગાડવા જેવું જ કરે છે. દેખાતી રીતે મોંમાથા વિનાના લાગતા ગમે તેવા એ શબ્દોને તોડી ફોડી કંઈક નવું ઉપજાવે છે કે એ અર્થોનો ખીચડો કરે છે. અનુકૂળ સંજોગો મળતાં આવા શબ્દાંશો કે સંકરશબ્દો ભાષામાં સ્થાન પામે છે. આમાં કથાસર્જક કલ્પનાનું બળ કામ કરી રહ્યું હોય તો માત્ર વ્યુત્પત્તિ આગળ ન અટકતાં લોકમાનસ કથાસર્જન સુધી પણ પહોંચી જાય છે.

ધ્વનિઓની ગરબડ

આથી શબ્દના ધ્વનિદેહમાં થતી ગરબડ કે તેના અર્થમાં ઉભા થતા ગૂંચવાડા પર પણ પ્રકાશ પડે છે. પરભાષાનો વિશિષ્ટ ધ્વનિરચનાવાળો શબ્દ કાને પડતાં

---

૬ આ માટે જુઓ "દેવકથાસૃષ્ટિ: તેનાં સર્જક બળો, સર્જન અને વિકાસ", પ્રસ્થાન: આષાઢ, ૧૯૯૬.

૭ સરખાવો મેકડોનલ (Macdonell): Sanskrit Dictionary, कुशीलव શબ્દ નીચે.

આપણે તેને મળતા સ્વભાષાના કોઈ શબ્દ સાથે તેને જોડવા પ્રેરાઇએ છીએ. મુંબઈના ઉપનગર 'વાંદરા'નું નામકરણ મૂળમાં કોઈ શ્રી ઐન્દ્રે પરથી થયું હોય એ સંભવિત છે, પણ લોક માનસે તેનો જાણીતા અભિધાન (vocable) 'વાંદરા' સાથે મેળ બેસાડી દીધો છે. 'સાન્તાક્રુઝ'ને બદલે 'શાન્તાપુરુષ' બોલાતું મારા સાંભળવામાં આવ્યું છે. આમાં પરદેશી અર્થવિહીન લાગતા ધ્વનિસમુદાયને સ્થાને સાર્થ (સાર્થ એ રીતે કે 'શાન્તા' શબ્દ ગુજરાતીમાં છે અને 'પુરુષ' પણ ગુજરાતીમાં છે) શબ્દોનો સહઉપન્યાસ કરવામાં આવ્યો છે.

સાદૃશ્યમૂલક ધ્વનિવિકારની લાક્ષણિકતા

એ લક્ષમાં રહે કે આ ઉદાહરણો ધ્વનિસાદૃશ્ય (phonetic analogy)નાં છે. જ્યારે આગળ ટાંકેલાં ઘણાંખરાં રૂપસાદૃશ્ય (formal analogy)નાં હતાં. રૂપસાદશ્યને લીધે અમુક શબ્દ કોઈ વિશિષ્ટ રૂપ માટે પહેલાં અમુક પ્રત્યયો લેતો હોય પણ પછીથી તેવા જ રૂપ માટે તેનાથી જુદા પ્રકારના પ્રત્યયો લેતા બીજા શબ્દ-સમૂહની અસર નીચે પોતાના પ્રત્યયોને બદલે તે શબ્દસમૂહને માટે વપરાતા પ્રત્યયો લેવા માંડે છે. જ્યારે ધ્વનિસાદૃશ્યને લીધે એક શબ્દના ધ્વનિઓમાંથી અમુકને સ્થાને, બીજા શબ્દોના ધ્વનિઓની અસર તળે બીજા જ ધ્વનિ ઘુસી જાય છે.

અને શબ્દના ધ્વનિદેહમાં પલટો થવાનાં કારણોમાં ધ્વનિનિયમો અને સાદૃશ્ય બંને વચ્ચે જે સ્પષ્ટ ભેદ છે તે આજ છે. ધ્વનિબળોની અસર નીચે થતા ફેરફારોમાં અમુક ધ્વનિની ઉત્તરોત્તર શ્રેણીદ્વારા કાયાપલટ થાય છે—ધ્વનિનો ક્રમબદ્ધ વિકાસ થાય છે; જ્યારે સાદૃશ્યમૂલક ધ્વનિપરિવર્તનમાં અમુક ધ્વનિનું સ્થાન બીજો જુદા પ્રકારનો ધ્વનિ સીધેસીધું જ લઈ લે છે; તેમાં નિયમિત વિકાસ નથી હોતો. તેમાં તો એકને સ્થાને બીજાનો આદેશ (substitution) જ થાય છે. દાખલો લઇએ તો **પ્રાચીન ભારતીય-આર્ય** આંતરસ્વરીય અઘોષ સ્પર્શો **મધ્ય ભારતીય-આર્ય**માં લુપ્ત થાય છે, તે અઘોષસ્પર્શ > ઘોષ સ્પર્શ > ઘર્ષ (fricative) > લોપ—એ ક્રમે જ; પણ 'સાન્તાક્રુઝ' > 'શાન્તાપુરુષ' એમાં જે '૦ક્રુ૦' ને સ્થાને '૦પુ૦' આવે છે, તેમાં કોઈ અવાન્તર ધ્વનિભૂમિકાઓએ ભાગ ભજવ્યો નથી; '૦ક્રુ૦' ને સ્થાને સીધેસીધો જ '૦પુ૦' મુકાયો છે. આથી એ પણ સ્પષ્ટ થશે કે ધ્વનિબળોની અસર નીચે થતા ફેરફારો, તે ધ્વનિ ધરાવતા ભાષાના બધાય શબ્દોને લાગુ પડે છે—એટલે કે આખુંય ધ્વનિતંત્ર તેમનું આલંબન હોય છે; જ્યારે સાદૃશ્યમૂલક ફેરફારો વ્યક્તિગત—અમુક એક શબ્દ પૂરતા જ મર્યાદિત હોય છે.

અર્થસંકર

અર્થગૂંચવાડાનાં મૂળ પણ આમાં જ રહેલાં છે. સાદૃશ્યને આધારે અમુક શબ્દમાં મૂળથી ઘટક તરીકે ન હોય તેવા ધ્વનિસમૂહને ઘટક તરીકે કલ્પવામાં આવે ત્યારે સ્વભાવિક રીતે જ નવા કલ્પેલા ઘટકોનાં મૂળ અર્થ અને તે શબ્દના મૂળ અર્થ વચ્ચે મેળ બેસારવાના પ્રયત્નમાં એક અથવા તો બન્ને અર્થવિકાર પામે, તો કોઈ વાર નવા શબ્દો જ ઘડી કાઢવામાં આવે. વિધવામાં વિયુક્તિવાચક વિ૰ આદિ ઘટક તરીકે

રહેલો છે એવો ભ્રમ પ્રચલિત થતાં એ શબ્દ એકાત્મક હોવા છતાં વિ+ધવા એ રીતે એનો વિભાગ કરવામાં આવ્યો અને મૂળ શબ્દના અર્થને અવલંબીને ધવ શબ્દ 'પતિ' એ અર્થમાં નવો ઘડી કાઢવામાં આવ્યો. આની અસર નીચે 'મધુનો વંશજ' તે 'માધવ' (=કૃષ્ણ), આ ને બદલે माया: धव: "લક્ષ્મીનો પતિ" (='વિષ્ણુ' એટલે પછી 'કૃષ્ણ') તે 'માધવ' એવો વિગ્રહ કરવામાં આવ્યો. અસુર √अस्० અને ०उर०ने બદલે નઞર્થ અ૦ અને સુરનો બનેલો લાગે એટલે સુર૦ જેવો નવો શબ્દ જ ઘડાય. वट्ट० 'વડલો', वाटिका० 'વાડ' 'વાડી', વગેરેના મૂળમાં રહેલું √वृ० 'ઘેરવું'નું કોઈ રૂપ वृत ભૂલાઈ જતાં √वट्० 'ઘેરવું' એવો નવો ધાતુ જ કલ્પાય. વળી બોલાતી ભાષામાં સળંગ વાક્યો જ બોલાતાં હોવાથી, ખોટા શબ્દવિભાગને લીધે અર્થગૂંચવાડો ઘણી વાર ઊભો થતો હોય છે; દેશી રાજ્યના એક રાજવી 'જર્મન કાઉન્ટ'ને બદલે 'જર્મન કા ઊંટ' સમજ્યાથી થએલી ધમાલ અહીં ઉદાહરી શકાય.

સાદૃશ્યનો કાર્યપ્રદેશ

આ પ્રમાણે શબ્દોનો ધ્વનિદેહ અને તેમનું અર્થવર્તુળ, ભાષાનું વ્યાકરણી બંધારણ કે રૂપતંત્ર, પ્રાસ, અનુપ્રાસ ને શ્લેષ જેવા શબ્દાલંકારો, કહેવતો, લૌકિક વ્યુત્પત્તિ, લોકકથા ને દેવકથા—આટલા વિશાળ ક્ષેત્ર પર સાદૃશ્યનું તત્ત્વ પોતાની કારીગરી ચલવતું હોય છે, અને એ હકીકત ભાષાશાસ્ત્રમાં તેનું સ્થાન પ્રથમ કોટીની અગત્યનાં તત્ત્વોમાં છે એ સ્પષ્ટપણે દેખાડી આપે છે.

*

धर्माभ्युदय महाकाव्य अने महामात्य वस्तुपाल-तेजपाल

*

लेॱ — श्रीयुत कनैयालाल भाॱ दवे

अन्नदानैः पयःपानैर्धर्मस्थानैश्च भूतलम् ।
यशसा वस्तुपालेन रुद्धमाकाशमण्डलम् ॥ १ ॥

उपदेशतरङ्गिणी

ઇતિહાસ શબ્દનો વાચ્યાર્થ પ્રાચીન ઇતિવૃત્ત એવો થાય છે. પરંતુ વ્યાપક દૃષ્ટિએ તપાસતાં તે શબ્દના ભિન્ન ભિન્ન પર્યાયો માલુમ પડે છે. તેમાં એકલાં ચરિત્રો જ ગુંથવામાં આવે છે એવી રૂઢ ભાવના આજે જનસમાજમાં પ્રચલિત છે પણ તેના કરતાં ઇતિહાસ બીજી કેટલીયે વિશિષ્ટ બાબતો જેવી કે ધર્મ, ન્યાય, દાન, ઔદાર્ય, રાજધર્મ, સચ્ચરિત્ર, શીલ, તપ, વિવેક, દાક્ષિણ્ય વગેરે લોકોત્તર ધર્મોનું શિક્ષણ આપે છે. જે ઇતિહાસ જનસમાજને કર્તવ્યના પાઠ ન શીખવે તેને સાચો ઇતિહાસ કહી શકાય નહિ. તેવા નિઃસત્ત્વ ઇતિવૃત્તોની ગણના ઇતિહાસ ગ્રન્થોમાં કરવાથી ઉલટું ઇતિહાસનું ગૌરવ ઘટે છે. ગુજરાતનો મધ્યકાલીન ઇતિહાસ પહેલ પાડેલા કાચ જેવો છે. તેના દરેક પાસાનું નિરીક્ષણ કરતાં તેમાં જુદા જુદા રંગો ભાસે છે. સાદા શબ્દોમાં કહીએ તો તે એક જ્ઞાનકોષ છે. ઇતિહાસનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો તેમાં જોવામાં આવે છે. રાજા અને પ્રજાના ગૌરવાન્વિત સંસ્મરણોથી તે સભર છે. તેમાંથી એક નરશાર્દૂલના ચરિત્રની યશગાથાનું વર્ણન કરવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો છે.

તે ચરિત્ર નાયક કોણ? જેણે સમસ્ત ગુજરાતને દેવાલય મંડિત કરી હતી. પોતાનું સમસ્ત જીવન જે મહાનુભાવે લોકકલ્યાણ માટે જ નિયોજ્યું હતું. એ દાનેશ્વરીમાં કર્ણ અને બલિના અવતારરૂપ હતો. જ્ઞાતિએ વૈશ્ય હોવા છતાં યુદ્ધ કલામાં તે સમરકેસરી ગણાતો. રાજખટપટમાં ચાણક્ય સમાન મુત્સદ્દી હોવા છતાં વિદ્વત્તામાં તેણે મહાકવિની ઉપાધિ મેળવી હતી. તે હતો પ્રાગ્વાટકુલભૂષણ ધર્મધુરંધર સચિવેન્દ્ર વસ્તુપાલ — જેણે એકલા જૈન ધર્મના જ નહિ પણ શૈવ, વૈષ્ણવ, શાક્ત અને મુસ્લીમ ધર્મોનાં પણ છૂટા હાથે ધર્મકાર્યો કર્યાં હતાં. તેનું ચરિત્ર એક જ્ઞાનસંહિતા જેવું છે જેનું અનુશીલન અને શ્રવણ શ્રોતા, વક્તા ઉભયનું કલ્યાણ સાધે છે એટલું જ નહિ પણ માનવજન્મના સાફલ્યનું સાધન કરવાની પ્રેરણા કરી સાચો રાહ સૂચવે છે. તેના સારાય જીવનમાં ધર્મ, દાન, શીલ, તપ, વિવેક, સચ્ચરિત્ર, વિનય વગેરે ઉત્તમ ગુણોની સુવાસ પ્રસરી રહી છે. આવા લોકોત્તર ગુણોને લઈ તેઓ જૈન અને જૈનેતર સમાજમાં વધુ સન્માનનીય બન્યા હતા. તેમણે રાજા અને પ્રજાની અનન્ય પ્રીતિ મેળવી પોતાનું જીવન ધન્ય કર્યું છે એટલું જ નહિ પણ તેમનાં પ્રાતઃસ્મરણીય નામોએ આજે જનસમાજમાં અમરતા પ્રાપ્ત કરી છે.

वस्तुपालविषयक ऐतिहासिक साहित्य

આ મહાનુભાવનું ચરિત્ર અને તેના સુકૃત કાર્યો નિરૂપિત કરતા કેટલાય ગ્રન્થો આજે ઉપલબ્ધ થાય છે. તેમાં ઘણાખરા સંસ્કૃતમાં અને બાકીના બીજા ગૂર્જર ભાષામાં રચાયા છે. આ ચરિત્રગ્રન્થો પૈકી કેટલાક તેમની હયાતીમાંજ રચાયા છે જે તેમના આશ્રિત કવિવરો દ્વારા તેમણે કરેલા સત્કાર્યોની પ્રશંસા કરવા લખાયા હતા એમ જણાય છે.

પ્રખ્યાત કવિ સોમેશ્વરે कीर्तिकौमुदी ગ્રન્થ તેમના જીવન અને કવનનું સ્તવન કરવા રચ્યો છે. આ સિવાય सुरथोत्सव અને उल्लाघराघवना છેલ્લા સર્ગોમાં પોતાની પ્રશસ્તિ સાથે વસ્તુપાળના જીવનને લગતી ટૂંક હકીકત આપી છે. તેણે બંધાવેલા ગિરનાર અને આબૂ ઉપરનાં મંદિરોની प्रशस्ति રચનાર આજ કવિ હતો. તેમાં પણ વસ્તુપાલના ચરિત્ર અને સત્કર્મો માટે ટૂંક નોંધ કરી છે. બીજા એક અરિસિંહ નામક કવિએ વસ્તુપાળના જીવન સાથે તેણે કરેલાં સુકૃત કાર્યોનું વિવેચન કરવા सुकृतसंकीर्तन નામક ગ્રન્થ રચ્યો છે જેમાંથી ચાવડા અને ચૌલુક્યોનો પણ કેટલીક ઇતિહાસ મળી આવે છે. જયસિંહ સૂરિએ हम्मीरमदमर्दन નાટક અને वस्तुपाल प्रशस्ति કાવ્યો રચ્યાં છે. તેમાં વસ્તુપાલની યુદ્ધ કુશળતા અને હમ્મીર સાથે થયેલ યુદ્ધ પ્રસંગને નાટકના રૂપમાં યોજ્યા છે. આ બધામાં નવીન ભાત પાડતાં તેમના ગુરૂ ઉદયપ્રભસૂરિ વિરચિત धर्माभ्युदय અને सुकृतकीर्तिकल्लोलिनी કાવ્યો છે. એમાંના धर्माभ्युदय કાવ્યનું વિસ્તૃત વિવેચન પ્રસ્તુત લેખમાં કરવાનું હોવાથી તેનો પરિચય આગળ ઉપર વિસ્તારથી આપવામાં આવ્યો છે જ. कीर्तिकल्लोलिनी ગ્રન્થ એક સર્વોત્કૃષ્ટ કાવ્ય છે. તેની પ્રાસાદિકતા, આલંકારિકતા અને પદ્યરચના ઉત્કૃષ્ટ પ્રકારના જોવામાં આવે છે. सुकृतसंकीर्तनની માફક તેની શરૂઆત વનરાજથી કરવામાં આવી છે. તેમાં ચાવડા અને ચૌલુક્યોનો ક્રમબદ્ધ ઇતિહાસ આપ્યા પછી વસ્તુપાલવંશવર્ણન, વસ્તુપાળ ચરિત્ર અને તેનાં ધર્મકાર્યોની ટૂંક નોંધ આલંકારિક ભાષામાં રજુ કરી છે. આ બધા કાવ્યોની રચના વસ્તુપાળના સમકાલીન થએલી છે એટલે તેમની ઐતિહાસિકતાના વિષયમાં શંકાને અવકાશ નથી. કદાચ પ્રશંસાત્મક વર્ણનોમાં અલંકારયુક્ત હકીકતો મૂકી હોય તે સ્વાભાવિક છે.

બાલચંદ્ર સૂરિએ वसंतविलास કાવ્ય રચ્યું છે જેમાં વસ્તુપાળનું જીવનવૃત્ત અને તેના સત્કાર્યોનું વિસ્તૃત વર્ણન સંસ્કારી ભાષામાં આપ્યું છે. વસ્તુપાળના જીવન બાદ તરત જ રચાએલા ગ્રન્થોમાં આ મુખ્ય છે. કારણ કે તે વસ્તુપાળના મરણબાદ થોડાંક જ વર્ષોમાં રચાયો છે. આ સિવાય મેરૂતુંગકૃત प्रबंधचिंतामणि, જિનપ્રભ રચિત तीर्थकल्प, રાજશેખરકૃત चतुर्विंशति प्रबंधમાં પણ વસ્તુપાલના જીવનને સ્પર્શ કરતી કેટલીક હકીકત નોંધાઈ છે. છેલ્લામાં છેલ્લું વ્યવસ્થિતરીતે રચાયેલું જિનહર્ષકૃત वस्तुपाल चरित्र છે જેમાં કેટલીક અનન્ય હકીકતો સચવાઈ છે. તે મોટે ભાગે कीर्तिकौमुदी અને चतुर्विंशति प्रबंधના આધાર ઉપર રચવામાં આવ્યું છે.

ગૂર્જર ભાષામાં હીરાનંદ સૂરિ, લક્ષ્મીસાગર સૂરિ, પાર્શ્વચંદ્ર અને સમયસુંદર વગેરેએ वस्तुपाल रासाઓ રચ્યા છે જે લગભગ સંસ્કૃત કાવ્ય ગ્રંથોને અનુરૂપ છે. વર્તમાન-

યુગમાં કેટલાક વિદ્વાનોએ તેમના ચરિત્રને ઐતિહાસિક દૃષ્ટિએ અવલોક્યું છે. સ્વ. ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલે સુકૃતસંકીર્તન, વસંત વિલાસ, હમ્મીરમદમર્દન અને નરનારાયણાનંદની પ્રસ્તાવનામાં તત્સંબંધી વિદ્વત્તાપૂર્ણ સંશોધનો કર્યાં છે. આ સિવાય-સ્વ. વલ્લભજી આચાર્યે કીર્તિકૌમુદીના ગુજરાતી ભાષાંતરની પ્રસ્તાવનામાં, શ્રી. ઝવેરી જીવણચંદ સાકરચંદે જૈનપત્રના અંકમાં અને શ્રી નરહરિભાઈ પરિખે મધપૂડામાં વસ્તુપાળના જીવન સંબંધી લેખો લખ્યા છે. નાગરી પ્રચારિણી પત્રિકા ભા. ૪ના અંક પહેલામાં શ્રી. શિવરામ શર્માએ "સોમેશ્વરદેવ ઔર કીર્તિકૌમુદી" નામક વિવેચન પૂર્ણ નિબંધ લખ્યો છે. આ બધાનો સમન્વય સાધી શ્રી મોહનલાલ દલીચંદ દેશાઈએ જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઇતિહાસમાં વસ્તુપાલ ચરિત્ર અને તેના સાહિત્યની સુંદર સમાલોચના કરી છે. આ બધા ગ્રંથોની હકીકત લગભગ એક બીજાને મળતી આવે છે. કેટલાકમાં તેનાં સુકૃત કાર્યો અને વર્ણનોની વધઘટ જોવામાં આવે છે. ઉપર્યુક્ત ગ્રંથો પૈકી ઘણાખરા અલ્કે ધર્માભ્યુદય કાવ્ય સિવાયના બધા ગ્રન્થો પ્રકાશિત થયા છે. હવે આ ઐતિહાસિક અને ધાર્મિક દૃષ્ટિબિંદુ રજુ કરતો ધર્માભ્યુદય ગ્રંથ પરમપૂજ્ય મુનિવર શ્રી પ્રવર્તક કાંતિવિજયજીના સુશિષ્ય–પ્રશિષ્ય મુનિ શ્રી ચતુરવિજયજી અને મુનિ શ્રી પુણ્યવિજયજી જેવા વિદ્વાન્ સાધુ પુરૂષો દ્વારા સંપાદિત થઈ सिंघीजैनग्रन्थमालाના એક મૂલ્યવાન મણિ તરીકે પ્રકાશમાં મૂકાય છે જે અભિનંદનાર્હ છે. એમાંથી વસ્તુપાળના જીવન ઉપરાંત કેટલીક અનન્ય હકીકતો પણ જાણવા જેવી મળી શકે છે. વસ્તુપાળનાં અનેક સત્કાર્યોમાં શત્રુંજય અને રૈવતકની સંઘયાત્રા એ મહત્ત્વનું ધર્મકાર્ય હતું. આ યાત્રાની કેટલીક વિશિષ્ટ હકીકતો ધર્માભ્યુદય પૂરી પાડે છે.

धर्माभ्युदय યાને संघपतिचरित्र महाकाव्य

આ મહાકાવ્ય તેના અભિધાન અનુસાર સંઘાધિપતિઓનાં કર્તવ્યને લગતાં ચરિત્રો રજુ કરે છે જેથી સમાજના માનસ ઉપર ધર્માભ્યુદયની છાપ પડે છે. તેની બીજી વિશિષ્ટતા તેમાંથી વસ્તુપાલ ચરિત્રની સહેજ ઝાંખી થવા ઉપરાંત સંઘપતિ વસ્તુપાળે સંઘસહિત કરેલ શત્રુંજયતીર્થની મહાયાત્રાનું વ્યવસ્થિત વર્ણન છે. આ આખોય ગ્રન્થ શુદ્ધ સંસ્કૃત ભાષામાં રચાયો છે. તેના કુળ પંદર સર્ગ અને ૫૨૦૦ શ્લોક છે.[1]

તેની રચના મહાકાવ્યની પદ્ધતિએ કરવામાં આવી છે. તેનો પહેલો અને પંદરમો સર્ગ ઇતિહાસલક્ષી છે. તેમાં વસ્તુપાળવંશવર્ણન, વસ્તુપાળના કુલગુરૂઓનો પરિચય, વસ્તુપાલે કરેલ સંઘ યાત્રાનું વર્ણન અને વસ્તુપાળના ગુરૂ વિજયસેન સૂરિના નાગેન્દ્ર ગચ્છમાં થયેલ પૂર્વાચાર્યોની રસિક હકીકત નોંધાઈ છે. બાકીના સર્ગોમાં પુણ્ય-પવિત્ર મહાપુરૂષોનાં પૌરાણિક વર્ણનો છે. આ ગ્રંથનો પહેલો અને પંદરમો સર્ગ વિવિધ વૃત્તોમાં રચાયો છે. તદુપરાંત દરેક સર્ગના અંતમાં મૂકાયેલા વસ્તુપાળના પ્રશંસાત્મક શ્લોકો પણ જુદા જુદા છંદોમાં છે, જ્યારે પૌરાણિક હકીકતો રજુ કરતા બાકીના સર્ગો મોટે ભાગે અનુષ્ટુપમાં લખાયા છે. આ બધા છંદોમાં શાર્દૂલવિક્રીડિત, સ્રગ્ધરા, ઇંદ્રવજ્રા, વસંતતિલકા અને મંદાક્રાંતા મુખ્ય છે. કાવ્યની ભાષા પ્રાસાદિક અને સાલંકાર

१ प्रत्येकमत्र अन्याग्रं विगणय्य विनिश्चितम् । द्वात्रिंशदक्षरश्लोकद्विपञ्चाशच्छतीमितम् ॥

છે. આખો ગ્રંથ અર્થગાંભીર્ય અને પદલાલિત્યની ઝમક વાળો છે. દરેક સર્ગના અંતે વસ્તુપાળની પ્રશંસા કરતા એક બે શ્લોકો મુકવામાં આવ્યા છે જે વસ્તુપાળનું અપ્રતિમ ગૌરવ પ્રદર્શિત કરે છે. આ પદ્ધતિ सुकृतसंकीर्तन, नरनारायणानन्द અને वसंतविलासકારે પણ અખત્યાર કરી છે. આ મહાકાવ્યના કેટલાક શ્લોકો नरनारायणानन्द, उपदेशतरंगिणी અને चतुर्विंशति प्रबंधમાં ઉદ્ધૃત થયા છે.[2] વસ્તુપાળ જેવા કવિવરે પોતાના જ કાવ્યમાં ધર્માભ્યુદયના કેટલાક શ્લોકોને સ્થાન આપી તે ગ્રંથનું મહત્ત્વ અદ્વિતીય હોવાનું જાહેર કર્યું છે. આથી વસ્તુપાલના હૃદયમાં આ ગ્રન્થ માટે અનન્ય સદ્ભાવ હતો એમ પણ જણાય છે. સત્પુરૂષ પોતાની શ્લાઘા સ્વમુખે કરે તે અયોગ્ય લેખાય તે ન્યાયે વસ્તુપાલે ગુરૂની ઉક્તિઓ મૂકી હશે એમ સાધારણ અનુમાન થાય છે. બીજા કોઈ કવિની તેવી ઉક્તિઓ નહિ ગ્રહણ કરતાં ગુરૂના જ શ્લોકો કેમ દાખલ કર્યા તે પ્રશ્નના સમર્થનમાં એમ કહી શકાય કે આ ગ્રન્થોક્ત ગુરૂદેવની ઉક્તિઓએ વસ્તુપાળના માનસ ઉપર વધુ પ્રભાવ પડયો હતો જેનો સચોટ પુરાવો धर्माभ्युदयकाव्यમાંથી ઉદ્ધૃત કરેલ ગુરૂપ્રોક્ત ઉક્તિઓ આપે છે. આ ગ્રન્થનું મુખ્યનામ संघपतिचरित्र છે પણ તેમાં ધર્મનો અભ્યુદય સાધનારાં, ધર્મ ઉપર પ્રકાશ વેરનારાં વસ્તુપાળનાં ધાર્મિક સત્કર્મોનું વિવરણ રજુ કરાયું હોઈ તેનું અપર નામ "धर्माभ्युदय महाकाव्य" છે એવો અભિપ્રાય ગ્રંથકાર ધરાવે છે.[3]

ग्रंथ प्रयोजन

આ ગ્રંથનું સમુત્થાન કેવા કારણને લઈ થયું હતું તે માટેના સ્વતંત્ર ઉલ્લેખો કર્તાએ રજુ કર્યા નથી. વસ્તુપાળનો અનન્ય ધર્મપ્રેમ સુપ્રસિદ્ધ છે. જગતની વ્યામોહ ભાવનાનું ભાન તેને જીવનની શરૂઆતમાં જ થયું હતું. અસાર સંસારની પ્રલોભનજનક અને વંચક ભાવનાઓથી દૂર રહેવા તેનું હૃદય હંમેશાં પ્રયત્ન કરતુ. મનુષ્યજન્મનું સાચું શ્રેય જગકલ્યાણ અને ધર્માચરણમાં જ છે એવો ગુરૂદ્વારા મળેલો અમૂલ્ય ઉપદેશ તેની રગેરગમાં વહેતો હતો. સત્ત્વશુદ્ધ ભાવનાઓના પ્રતાપે તેઓ સદાકાળ જીવન સાફલ્યનો સર્વોત્કૃષ્ટ માર્ગ શ્રવણ, મનન, સત્સમાગમ અને અનુશીલન દ્વારા મેળવવા પ્રયત્ન કરતા હતા. એક વખત વસ્તુપાળે પોતાના કુલગુરૂ વિજયસેન સૂરિને જિજ્ઞાસાપૂર્વક મનુષ્યજન્મની સાર્થકતાનું સાધન પૂછયું હતું.[4] ગુરૂએ તેનો જવાબ

---

૨ જુઓ નરનારાયણાનંદ મહાકાવ્યના સર્ગ. ૨-૮-૧૦ના અંત્ય શ્લોકો તથા ચતુર્વિંશતિ પ્રબંધ અને ઉપદેશતરંગિણીમાં સંગ્રહાયેલા ધર્માભ્યુદય કાવ્યના શ્લોકો.

३ सङ्घपतिचरितमेतत्, कृतिनः कर्णावतंसतां नयत ।
श्रीवस्तुपालधर्माभ्युदयमहो महितमाहात्म्यम् ॥
धर्माभ्युदयकाव्य. स. १, श्लो. १७.

४ कदाचिदेषमन्त्रीशः, कृतप्राभातिकक्रियः ।
गत्वा पुरो गुरोस्तस्य, नत्वा विज्ञो व्यजिज्ञपत् ॥
....
....
तदत्र कारणं किञ्चिदभिरूपं निरूप्यताम् ।
कारणानां हि नानात्वं, कार्यभेदाय जायते ॥
धर्माभ्युदय. सर्ग. १. श्लो. २६-२९

ટૂંકમાં જ આપતાં ધર્મનાં ગૂઢ તત્ત્વો દાન, શીલ, તપ અને ભાવના (પ્રભાવના)માં સમાયેલા હોવાનું નિદર્શન કરતાં ભાવનાની પ્રધાનતા દર્શાવી. પરંતુ વસ્તુપાળના હૃદયનું સમાધાન થયું નહિ. મંત્રીશ્વરના હૃદયમાં છૂપાયેલી આત્મકલ્યાણની ઉત્કટ ભાવના જોતાં ગુરૂ શ્રી વિજયસેનસૂરિએ ફરીથી તે જ હકીકતને પૂરતા વિવેચન સહ વસ્તુપાળને સમજાવતાં કહ્યું કે, પુણ્યકાર્યો કરનાર મનુષ્ય સ્વચ્છ બુદ્ધિ અને પરોપકાર દ્વારા પોતાનું જીવન ધન્ય બનાવે છે. કલ્યાણકારી ઉન્નત ભાવના દ્વારા જગકલ્યાણકારી પ્રભાવના સાધી શકાય છે. વધુમાં ઋષિપ્રણીત ભાવનાનાં પ્રશસ્ય અંગો નિરૂપિત કરતાં અષ્ટાહ્નિકા મહોત્સવ, રથયાત્રા અને તીર્થયાત્રાનો ઉલ્લેખ કરી સર્વ સુકૃત કાર્યોમાં સસંઘ તીર્થયાત્રા કરવાનું ભાર પૂર્વક જણાવ્યું. ત્યાર બાદ તીર્થયાત્રાવિધિ, તેના નિયમો, સંઘપતિએ પાળવાનાં વ્રતો અને ધર્મકર્મોનું સશાસ્ત્ર વર્ણન કરતાં સંઘપતિ બની તીર્થયાત્રા કરવાનો આદેશ આપ્યો. એટલું જ નહિ પણ પૂર્વકાળમાં જે ધર્મદ્રષ્ટા મહાપુરૂષોએ યાત્રાઓ અને ધર્મકાર્યો કર્યા હતા તેના યથાસ્થિત વિવેચનો કર્યાં અને તે જ પ્રમાણે ધર્મશાસ્ત્રકારોએ નિર્દિષ્ટ કરેલ તીર્થયાત્રા વિધિસહ સસંઘયાત્રા કરી સમાજમાં નવીન આદર્શ પેદા કરવા વસ્તુપાળને ખાસ ઉપદેશ આપ્યો.

આથી ગ્રન્થ પ્રયોજનનું મુખ્ય કારણ જનસમાજમાં ધર્માચરણની શુદ્ધ ભાવના પેદા કરવા માટેનું જ હતું જેને આ જ ગ્રંથના કેટલાક શ્લોકોથી પુષ્ટિ મળે છે.[५] આ જ ગ્રન્થકારે વસ્તુપાળનું વંશવર્ણન અને સુકૃત કાર્યોની ભવ્યનોંધ રજુ કરતું सुकृतकीर्तिकल्लोलिनी નામક કાવ્ય સર્વોત્કૃષ્ટ ભાષામાં રચ્યું છે, છતાં ફરીથી તે જ ચરિત્રને વિશિષ્ટ કારણ સિવાય કર્તા પુનઃ પ્રતિપાદિત કરે તેમ માની શકાય નહી. વળી ધર્માભ્યુદયકાવ્ય, તેનું કથાસાહિત્ય, અને તેમાં સમાએલા ધાર્મિક ઝોક વગેરેનો વિચાર કરતાં આ ગ્રન્થ ધર્મપ્રચારના શુભ ઉદ્દેશના કારણે અને વસ્તુપાલની તીર્થયાત્રાનું ઐતિહાસિક વર્ણન કરવા માટે રચવામાં આવ્યો હતો એ સ્પષ્ટ છે. ગ્રંથની ફળશ્રુતિ પણ તેવો જ અભિપ્રાય વ્યક્ત કરે છે. કર્તા પોતે જ આ મહાકાવ્યને યશ અને ધર્મરૂપ શરીરવાળું તેમ જ વિશ્વાનંદ લક્ષ્મીનો પ્રકાશ કરનારૂં સૂચવે છે,[६] તેથી ગ્રંથકારનો ઉદ્દેશ ઐતિહાસિક હકીકતોને ધાર્મિક દૃષ્ટિએ પ્રતિપાદિત કરવાનો પણ જણાય છે. તેના ઐતિહાસિક વિધાનો કેટલીક નક્કર હકીકતો પૂરી પાડે છે. આશ્રિત કવિઓ કેટલીક વખત પોતાના આશ્રયદાતાની પ્રશંસા કરતાં અતિશયોક્તિ વાપરે છે. પરંતુ આ કાવ્યમાં તેવા પ્રયોગો મૂકવામાં આવ્યા હોવાનું લાગતું નથી. તેથી ઐતિહાસિક દૃષ્ટિએ પણ આ ગ્રન્થ મહત્ત્વ ધરાવે છે.

वस्तुपाल वंशवर्णन

ગ્રન્થની શરૂઆતમાં કર્તા દેવગુરૂનું મંગલ સ્તવન કરી ગ્રન્થનું નામાભિધાન વ્યક્ત

---

५ एतत् सुवर्णरचितं, विश्वालंकरणमनणुगुणरत्नम् ।
संघाधीश्वरचरितं, एतदुरितं कुरुत हृदि सन्तः ॥

धर्माभ्युदय. सर्ग. १५. ४७

६ आकल्पस्थायि धर्माभ्युदयनवमहाकाव्यनाम्ना यदीयम् ।
विश्वस्याऽऽनन्दलक्ष्मीमिति दिशति यशो-धर्मरूपं शरीरम् ॥

॥ पंचदशसर्गान्ते

કર્યા બાદ પોતાના પૂર્ણ ભક્ત અને જિનશાસનના પરમ અનુરાગી વસ્તુપાલની ઓળખાણ આપતાં તેમના પૂર્વજોનો ટૂંક પરિચય નોંધે છે. આ જ કર્તાયે પોતાના सुकृतकीर्तिकल्लोलिनी કાવ્યમાં વસ્તુપાલ અને તેના પુરોગામી વંશધરોનું ભવ્ય વર્ણન કરતા અઢાર શ્લોકો રચ્યા છે; જ્યારે આ મહાકાવ્યમાં તે પાંચ જ શ્લોકોમાં સમેટી દે છે. ગ્રંથકાર આ ગ્રન્થને મહાકાવ્ય તરીકે જાહેર કરે છે અને મહાકાવ્યના નિયમ મુજબ ચરિત્ર નાયકનું વિવેચન વિસ્તારથી કરવું જોઇયે છતાં સૂરિશ્રીયે તેને સંક્ષેપમાં મૂકવું ઉચિતમાન્યું છે. તેનું કારણ એમ લાગે છે કે આ મહાકાવ્ય વસ્તુપાલની કીર્તિ અમર કરવાના કારણથી રચવાનો ગ્રન્થકારનો ઉદ્દેશ ન હતો, પણ જન સમાજને તે દ્વારા ઉપદેશ આપી તેના જેવાં સત્કર્મો કરવાની પ્રેરણા ઉત્પન્ન કરવાનો જ હતો. આથી સૂરિશ્રીએ ધાર્મિક વસ્તુનું પ્રધાન વિવેચન કરવાના આશયને લઈ વસ્તુપાલના પૂર્વજોનું કીર્તિગાન વિસ્તૃત રીતે આ ગ્રન્થમાં નહિ નિયોજ્યું હોય એમ માનું છું. છતાં તેના આદિપુરૂષથી વસ્તુપાલ સુધીના મહાનુભાવોની યોગ્ય પિછાન થોડા શબ્દોમાં પણ સંપૂર્ણતઃ આપી છે. વસ્તુપાલ ચરિત્ર વર્ણન અને તેનાં સુકૃત કાર્યોની આલોચના કરવા લખાયેલા सुकृतसंकीर्तन, सुकृतकीर्तिकल्लोलिनी, कीर्तिकौमुदी, અને वसंतविलास વગેરે કાવ્યોમાં તેમનું વંશવર્ણન ભભકદાર ભાષામાં રજુ કરાયું છે જ્યારે અહીંઆ ગ્રંથકાર એક જ શ્લોકમાં તે બધી હકીકત જાહેર કરતાં કહે છે કે "પ્રાગ્વાટ્ ગોત્રમાં અણહિલપુર નામક નગરને વિષે ચંડપનો પુત્ર ચંડપ્રસાદ થયો. જેનાથી સોમ અને તેનાથી આસરાજ પુત્ર થયો, જે કાલકૂટને ભક્ષણ કરનાર શ્રી કંઠ (રૂદ્ર)ના કંઠસ્થળ વિષે રહેલ વિષજ મળના નાશકર્તા નવીન અમૃત જેવા યશવાળો થયો."[૭] કવિ ટૂંકમાં પોતાને કહેવાનું બધું સમજાવી દે છે. "તે આસરાજથી લક્ષ્મીના ધામરૂપ કુમારદેવીના કુક્ષિસરમાં વસ્તુપાલ નામક પુત્ર થયો. તેમના અગ્રજ (મોટાભાઈ) મલ્લદેવ અને અનુજ (નાનાભાઈ) તેજપાલ નામક ભ્રાતૃઓ થયા."[૮] ત્યાર બાદ તેઓએ મંત્રીશ્વરની મુદ્રા કેવીરીતે પ્રાપ્ત કરી તેનો પૂર્વ પરિચય આપતાં કવિ લખે છે કે તે સમયમાં ચૌલુક્યકુલચંદ્ર લવણપ્રસાદના કુલને ઉજ્જવલ કરનાર વીરધવલ દેવ રાજ્ય ધુરાને ધારણ કરતા હતા. ગુજરાતના પ્રાચીન પાટનગર અણહિલપુરનો સંસ્થાપક વનરાજ હતો તે આખ્યાયિકાને અનુસરી આ ગ્રંથકારે પણ અણહિલપુરને આદિરાજ વનરાજની કીર્તિપ્રભા જેવું જણાવ્યું છે. વસ્તુપાલમાં ઉત્તમ પ્રકારના સાત વિ-કારો હતા તેની નોંધ લેતાં સૂરિશ્રી કહે છે કે "વિભૂતિ, વિક્રમ, વિદ્યા, વિદગ્ધતા, વિત્ત, વિતરણ (દાન), વિવેક વગેરે વિ-કારો, ગુણો વસ્તુપાળમાં હોવા

---

७ श्रीमत्प्राग्वाटगोत्रेऽणहिल्पुरभुवश्चण्डपस्याङ्गजन्मा
जज्ञे चण्डप्रसादः सदनमुरुधियामङ्गभूस्तस्य सोमः ।
आसाराजोऽस्य सूनुः किल नवममृतं कालकूटोपभुक्त-
श्रीकश्रीकण्ठकण्ठस्थलमलविपदुच्छेदकं यद्यशोऽभूत् ॥ १८ ॥

८ सोऽयं कुमारदेवीकुक्षिसरः सरसिजं श्रियः सदनम् ।
श्रीवस्तुपालसचिवोऽजनि तनयस्तस्य जनितनयः ॥ १९ ॥
यस्याग्रजो मल्लदेव, उतथ्य इव वाक्पतेः ।
उपेन्द्र इव चेन्द्रस्य, तेजःपालोऽनुजः पुनः ॥ २० ॥ सर्ग. १.

છતાં તેનામાં વિકાર (દુષ્ટભાવ) ન હતો.[૯] વસ્તુપાલ નામ 'વ'થી શરૂ થાય છે તે આદિ શબ્દનો સુમેળ સાધી કર્તા તેજ શબ્દમાં જુદા જુદા ગુણોનું દિગ્દર્શન કરાવે છે. આવી જ અલ્કે આને મળતી એક ઉક્તિ વસ્તુપાલના કવિ **સોમેશ્વરે આબુ** પ્રશસ્તિમાં રચી છે. જેમાં કવિ કહે છે કે વંશ, વિનય, વિદ્યા, વિક્રમ અને સુકૃતકાર્યોમાં વસ્તુપાલ સમાન કોઈ પણ પુરૂષ ક્યાંય મારી દૃષ્ટિયે આવતો નથી.[૧૦] આ પ્રમાણે ગ્રંથ રચયિતા ધર્મગ્રન્થને અનુકૂળ વસ્તુપાલનું વંશવર્ણન ટૂંકમાં પણ અલંકારસંયોજન સાથે નોંધી તેની મુખ્ય મુખ્ય હકીકતોને આલેખે છે.

સંઘપતિ અને તેના ધર્મો

ધર્માચરણના મુખ્ય અંગોમાં તીર્થયાત્રા એ આવશ્યક અંગ મનાય છે. દરેક ધર્મમાં તીર્થયાત્રાનું મહત્ત્વ દર્શાવેલું છે. હિંદુધર્મનાં ઘણાં ખરાં પુરાણોમાં તીર્થમાહાત્મ્યનાં ભારોભાર વર્ણનો જોવામાં આવે છે. આ સિવાય મુસ્લીમ, પારસી, ક્રિશ્ચિયન વગેરે બીનહિન્દુ ધર્મોમાં પણ તીર્થયાત્રાનાં વિવેચનો લખાયા છે. જૈન ધર્મશાસ્ત્રકારોએ પણ તીર્થયાત્રાનું અપૂર્વ મહત્ત્વ પોતાના ધર્મગ્રન્થોમાં નોંધ્યું છે એટલું જ નહિ પણ ધર્મનાં સર્વોત્કૃષ્ટ સાધનોમાંનું તે એક હોવાનું ભારપૂર્વક સૂચવ્યું છે. ધર્મદ્રષ્ટા **વિજય**સેન સૂરિએ વસ્તુપાલને ધર્મોપદેશ આપતાં તીર્થયાત્રા કરવાનો અપ્રતિમ આદેશ આપ્યો હતો એમ આગળ જણાવી ગયા છીએ. કેવળ મોજશોખ અને વિવિધ શહેરોની શોભા નિહાળવામાં જ તીર્થયાત્રાનું કર્તવ્ય પૂર્ણ થાય છે એવો ભ્રામક વ્યવહાર આજના સમયમાં જોવામાં આવે છે પણ સાચીરીતે તે માન્યતા બરાબર નથી. જૈન અને હિન્દુધર્મોમાં યાત્રાવિધિનાં સ્વતંત્ર પ્રકરણો લખાયાં છે, જેમાં યાત્રિકે પાળવાના નિયમો, વ્રતો, દાનો અને આચાર ધર્મોનું ખાસ શિક્ષણ આપવામાં આવ્યું છે. પણ જૈન ધર્મશાસ્ત્ર તો તેથી પણ આગળ વધી તીર્થયાત્રા કરવા જતાં પોતાની સાથે હજારો મનુષ્યોને લઈ મોટો સંઘ કાઢી સસંઘ યાત્રા કરવાનું અદ્વિતીય માહાત્મ્ય રજુ કરે છે. આવી ઉદાત્ત ભાવનાનું દર્શન જૈન ધર્મના જનકલ્યાણકારી ઉન્નત વિચારોને યશ કલગી અપાવે છે. કારણ તેમાં સંઘપતિ પોતાના ખર્ચે હજારો માનવોને તીર્થયાત્રાનો અમૂલ્ય લ્હાવો લેવરાવી અક્ષય પુણ્યની લ્હાણ આપે છે. આ ઉપરાંત આવી સસમૂહ સંઘયાત્રાના વિધાયકે પાળવાના નિયમો, વ્રતો, દાનો અને આચારધર્મોને અસિધારા વ્રતની માફક ચુસ્તપણે પાળવાનો આદેશ જૈન શાસ્ત્રો આપે છે. અને તે પ્રમાણે વ્રતાચરણ કરનારને જ સંઘપતિ બિરૂદ આપવાનું ધર્મશાસ્ત્રો કહે છે. તેમાં જણાવેલા સંઘપતિના ધર્મો એક સાચા આત્મસંન્યાસ ગ્રહણ કરનાર યોગીને અનુરૂપ છે. એમાં લોકકલ્યાણની ઉદાત્ત ભાવનાઓ ઠેર ઠેર જોવામાં આવે છે.

વિજયસેન સૂરિએ તીર્થયાત્રાવિધિ અને સંઘપતિનાં કર્તવ્યોને વિસ્તૃત રીતે આ ગ્રન્થમાં આલેખતાં કહ્યું છે કે:–સંઘપતિપણું અત્યંત દુર્લભ છે. જે મનુષ્ય સંઘ-

---

९ विभुताविक्रमविद्याविदग्धतावित्तवितरणविवेकैः ।
यः सप्तभिर्वि-कारैः कलितोऽपि बभार न विकारम् ॥ २२ सर्ग. १

१० अन्वयेन विनयेन विद्यया विक्रमेण सुकृतक्रमेण च ।
क्वापि कोऽपि न पुमानुपैति मे वस्तुपालसदृशो दृशोः पथि ॥
सोमेश्वरकृतअर्बुदप्रशस्ति ।

પતિ બની તીર્થાભિવંદન કરે છે તેને ધન્ય છે. પૂર્વના પુણ્યયોગે આત્મઉદ્ધારક સંઘપતિપણું પ્રાપ્ત થાય છે. સંઘપતિએ સૌથી પ્રથમ ગુરૂની આજ્ઞા લઈ પૂર્ણ ઉત્સાહ સાથે સંઘપ્રસ્થાનનું મુહૂર્ત નક્કી કરવું. પોતાની સાથે સંઘયાત્રામાં આવવા માટે સાધર્મિકોને બહુમાનપુરઃસર આમંત્રણ પત્રિકાઓ મોકલવી. તેમને વાહન વગેરેની વ્યવસ્થા કરી આપવી. જલોપકરણ, છત્ર, દીપધારણ કરનારા (મશાલચીયો) ધાન્ય, વૈદ્ય, દવાખાનું, ચંદન, અગર, કર્પૂર, કેસર, વસ્ત્ર વગેરે માર્ગમાં ઉપયોગી તેમજ જિનાર્ચનાદિમાં ઉપયોગી સામગ્રી તૈયાર કરી સાથે લેવી. શુભ મુહૂર્તે પોતાના ઇષ્ટદેવને પુણ્યપવિત્ર તીર્થ જળવડે સ્નાન કરાવી તેમની વિવિધ ઉપચારોવડે પૂજા રચવી. તેમની સામે બેસી ગુરૂપદેશ પ્રમાણે સંઘપતિ દીક્ષાને ગ્રહણ કરવી. દિક્પાળોને મંત્ર સાથે બલિપ્રદાન કરવું અને પુષ્પ, વસ્ત્રો, તથા મંત્રાદિકવડે પૂજિત રથમાં પ્રભુને પોતે પધરાવવા. ગુરૂને આગળ કરી સસંઘ ચૈત્યવંદન કરવું. ક્ષુદ્રોપદ્રવોનો નાશ કરવા કવચ, મંત્ર, અસ્ત્રપ્રયોગો વગેરેને ગુરૂ સન્નિધ અભિમંત્રણ કરી સાથે રાખવા અને જયધ્વનિ–મંગલધ્વનિ કરતા વાજતે ગાજતે શહેરમાંથી નીકલી નગરની નજદીકમાં જ મંગલપ્રસ્થાન કરવું. પછી વિવિધ સ્થાનોથી યાત્રા કરવા માટે આવતા સાધર્મિકોને ધન, વાહન, વગેરેની સહાય આપી સત્કાર કરવો. સાથે આવેલા બંદી (ભાટ, ચારણ વ.), ગાયક (ગાયન–સ્તવન કરનારા) અને મહાત્માઓને વસ્ત્ર, ભોજ્ય, દ્રવ્ય વગેરેથી સત્કારવા. માર્ગમાં આવતાં ચૈત્યોનું પૂજન કરવું અને ખંડિત હોય તેનો જીર્ણોદ્ધાર કરાવવો. ચૈત્યવગેરેનો વહીવટ કરનાર સાધર્મિકોનું વાત્સલ્ય અને વહીવટની તપાસ કરવી. દીનોને દાન અને ભયવાળાઓને અભય પ્રદાન આપી બંદી (કેદી) મનુષ્યોને બંધન મૂક્ત કરવા. પંકમગ્ન (કાદવમાં ખુંચી ગએલાં) શકટો (ગાડાઓ)ને બહાર કઢાવવા, ભાંગી ગયા હોય તેને પોતાના શિલ્પીઓ પાસે તૈયાર કરાવવા. ક્ષુધિતોને અન્ન, તૃષિતોને જળ, વ્યાધિગ્રસ્તોને ઔષધ, અને શ્રમનિઃસહોને વાહન વગેરેનો બંદોબસ્ત કરી આપવો. પોતે બ્રહ્મચર્ય, તપ, શમ વગેરે ધર્મોનું યથોક્ત પાલન કરવું. ક્રમ પ્રમાણે આવતાં તીર્થોમાંથી પુષ્પાધિવાસિત પવિત્ર જળના ઘડાઓ ભરી લેવા અને ત્રૈલોક્યપતિ જિન ભગવાનનો સ્નાત્ર પૂજા મહોત્સવ રચવો. તેવા મહોત્સવોમાં દૂધ, દહિં, કર્પૂર વડે પંચામૃત સ્નાત્ર અવશ્ય કરવું. પ્રભુને ચંદન, કર્પૂર, કસ્તૂરી વગેરેનું વિલેપન કરવું. સ્વર્ણાભરણ, પુષ્પમાળા અને વસ્ત્રાદિક પદાર્થો અર્પણ કરી અગરૂ, ચંદન આદિ સુગંધિ દ્રવ્યોનો ધૂપ આપવો. કર્પૂરની આરાત્રિક કરી પુષ્પાંજલિ અર્પવી અને વિવિધ સાધન સામગ્રીસાથે ચૈત્યવંદન–દેવવંદન કરવું.

માલાધારણ અને મુખોદ્‌ઘાટન મહોત્સવ વખતે દેવ-દ્રવ્યની વૃદ્ધિ માટે તેમાં સ્વશક્ત્યનુસાર દ્રવ્ય કોષાગારમાં અર્પણ કરવું અને ગદ્‌ગદ્‌વાણી વડે દીનતા દર્શાવી પ્રભુનું અંતઃકરણ પૂર્વક શુદ્ધ ભાવથી સ્તવન કરવું. આમ પ્રભુના પૂજન અર્ચન કાર્યો કરતાં તીર્થયાત્રા કરી તીર્થાધિરાજનું ધ્યાન કરતા કરતા શુભ મુહૂર્તે નગર પ્રવેશ કરવો અને પ્રભુને ઘેર પધરાવવા. ઘેર આવીને ધર્મબંધુઓ, મિત્રવર્યો, પૌરજનો સહિત શ્રીસંઘનું ભોજનાદિ વડે સામિવાત્સલ્ય કરવું. સૂરિશ્રી વધુમાં કહે છે કે સંઘપૂજા એ મહાદાન છે અને એ ભાવયજ્ઞ ગણાય છે. પરોપકાર, બ્રહ્મવ્રતાચરણ,

યથાશક્તિ તપ અને અનાથોને દાન એ ચાર મહાસ્થાનોની પુણ્યાનુબંધી પુણ્યલક્ષ્મીને સંઘપતિએ આરાધવા જોઇએ. જે ભવ્ય મનુષ્ય ઉપર્યુક્ત પ્રકારે વ્રત નિયમસહિત સસંઘ તીર્થ યાત્રા કરે છે તે સૌભાગ્ય અને ભાગ્યવાનને સંઘપતિત્વરૂપ લક્ષ્મી પોતે જ વરે છે. તીર્થયાત્રાનું આવું અદ્‌ભૂત વર્ણન પુણ્યયશોભિવૃદ્ધિ માટે કોને આકર્ષતું નથી? આવા જ વર્ણનો જ્ઞાતાધર્મકથા, વ્યવહાર સૂત્ર અને બીજા અનેક જૈન ધર્મશાસ્ત્રોમાં લખાયા છે. તેમાંથી મનુષ્ય સ્વકર્તવ્યના પાઠ શીખી શકે છે. એટલું જ નહીં પણ જનકલ્યાણકારી ઉદાત્ત ભાવનાના સચોટ પુરાવાઓ પૂરા પાડે છે. વસ્તુપાળે આવું જ સંઘપતિવ્રત ધારણ કર્યું હતું જેની સવિસ્તર આલોચના હવે પછી કરવામાં આવનાર છે.

प्राक्कालीन संघपतिओ अने यात्रिको

સસંઘ યાત્રા કરવી, તેને ઉચિત ધર્મો આચરવા, પોતાની સલ્લક્ષ્મી ઉપરનો મિથ્યામોહ ત્યાગ કરી તેને આવા સત્કાર્યોમાં નિયોજવી એ એક દુષ્કર કાર્ય છે. તેમાં તપ, દાન, દયા, ઔદાર્ય, શ્રદ્ધા અને દીનતા વગેરે ઉત્તમ ગુણોને ખાસ કરીને પચાવવા પડે છે. આપણા પંચમહાભૌતિક શરીરમાં રહેલા ષડ્‌રિપુઓ (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર) ઉપર્યુક્ત ગણાવેલા સાત્વિક ગુણોના દુશ્મનો છે. આજના ભૌતિક વાદમાં તે ષડ્‌રિપુઓને પરાસ્ત કરવા એ સાધારણ કાર્ય નથી. જો કે સાત્વિક ગુણોનો પ્રાદુર્ભાવ થતાં આ મહારિપુઓ આપો આપ ચાલ્યા જાય છે પણ તેવા દૈવી ગુણોને હૃદયમાં સ્થિર કરવા તે અસાધારણ કાર્ય છે. સદાચરણ, સત્સમાગમ, પૂર્વ કર્મ અને પ્રભુની સંપૂર્ણ સહાય હોય તોજ મનુષ્ય તે કાર્યમાં સફળતા મેળવે છે. વિજયસેનસૂરિએ તે સત્યને સુંદરરીતે સમજાવતાં વસ્તુપાળને અમૂલ્ય ઉપદેશ આપ્યો હતો. જેમાં સંઘપતિ અને તેના ધર્મોની પ્રતરણા કરતાં પ્રાક્‌ કાળમાં આવા સત્કર્મો કરનારા જે જે દૈવી પુરૂષો થયા છે તેમનાં યથોચિત વૃત્તાંતો રસિક ભાષામાં સૂરિશ્રીએ રજુ કર્યા છે. તે બધી હકીકત સવિસ્તરરીતે આપતાં તો આખું એક સ્વતંત્ર પુસ્તક થવા સંભવે તેથી તેઓનો ટૂંક પરિચય આપીનેજ અહીં સંતોષ માનવો પડે છે.

શત્રુંજય તીર્થની ઐતિહાસિકતા ઠેઠ પુરાણકાળ સુધી લઈ જવામાં આવે છે. તેનાં જુદા જુદા એકવીસ નામો છે. ત્યાં અનેક દૈવી પુરુષો, ચક્રવર્તિઓ, સિદ્ધો, મુનિઓ અને નૃપતિઓએ આવી તીર્થયાત્રાનું મહત્પુણ્ય સંપાદન કર્યું હતું. અહીં યુગાદીશે તપ કર્યું હતું. ઋષભ, નેમીશ્વર વગરે અર્હતોએ અહીં નિવાસ કર્યો હતો. ભરતેશ્વરે આ પુણ્યગિરિ ઉપર તીર્થાધિરોહણ કરી જિનાધીશનું ચૈત્ય બંધાવ્યું હતું. તેજ રીતે ઇશ્વાકુ વંશીય સગર રાજાએ પોતાના પૂર્વજોના ઉદ્ધાર માટે આ મહાતીર્થની યાત્રા કરી તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. ત્યાર બાદ તેજ વંશમાં થયેલ રઘુકુળતિલક રામચંદ્રે રાવણનો સંહાર કરી આ સર્વશ્રેષ્ઠ તીર્થની યાત્રાએ આવતાં જિન પ્રભુનું ચૈત્ય બંધાવ્યું અને તેનો સમુદ્ધાર કર્યો. કુરુકુલનો વિનાશ કરનાર પાંડવોએ પણ વિમલાચલની યાત્રાનો પરમ લાભ પ્રાપ્ત કર્યો હતો. આ સિવાય આ ભવ્યતીર્થના સુપ્રસિદ્ધ યાત્રિકોમાં નમિ–વિનમિ વગેરે મહર્ષિઓ, દ્રાવિડ, વાલખિલ્યાદિ નૃપો,

જયરામાદિ રાજર્ષિઓ, નારદાદિ મુનિવરો, પ્રદ્યુમ્ન, સાંબ પ્રમુખ કુમારો, આદિત્ય-યશા તથા સગરાદિ રાજવિઓ, અને ભરતના પુત્ર શૈલક, શુક વગેરે મુખ્ય હતા. આ તીર્થનો અનેક વખત ઉદ્ધાર થયો છે. વિવિધ તીર્થકલ્પ અને સુકૃત કીર્તિકલ્લો-લિનીમાં તે બધા તીર્થોદ્ધારકોની નોંધ લેતાં સંપ્રતિ, વિક્રમાદિત્ય, સાતવાહન, પાદ-લિપ્ત, આમદત્ત, ભરત, સગર, દાશરથી, જાવડિ, શીલાદિત્ય, અને વાગ્ભટનાં નામો જણાવ્યાં છે.[11] મધુમતી (મહુવા)માં જન્મ લેનાર મહાનુભાવ શ્રેષ્ઠી જાવડે અહીં ઘણુંજ દ્રવ્ય ધર્મકાર્યોમાં વાપરી જ્યોતીરૂપ જિનબિંબની પ્રતિષ્ઠા કરી હતી. તે વિક્રમાદિત્ય પછી ૧૦૮ વર્ષ બાદ થયો હતો એમ જિનપ્રભસૂરિએ ઉલ્લેખ કરી ત્યાં જિનબિંબની પ્રતિષ્ઠા કર્યાની નોંધ લીધી છે.[12] વલ્લભિપતિ શીલાદિત્યે આ ગિરિરાજ ઉપર જિનાલય બંધાવ્યું હતું. ગૂર્જરેશ્વર સિદ્ધરાજના મંત્રિવર્ય આશુકે આ પવિત્ર નગાધિરાજ તીર્થની યાત્રા કરી પોતાની અનન્ય ભક્તિ પ્રદર્શિત કરવા નેમિનાથનું મંદિર બંધાવ્યું એટલુંજ નહિ પણ ત્યાં આવનારા યાત્રિકોની તૃષા શાંત કરવા એક ભવ્ય વાપિકા (વાવ)નું સ્થાપત્ય કરાવ્યું હતું.

ગુર્જરેશ્વર સિદ્ધરાજે આ તીર્થના પૂજન, અર્ચન માટે બાર ગામો આપ્યા હતા. સિદ્ધરાજ પછી ગાદી ઉપર આવનાર સોલંકીકુલભૂપાલ કુમારપાળે તથા તેના મંત્રી ઉદયને આ તીર્થની યાત્રા કરી અહીં અનેક ધર્મકાર્યો કર્યાં હતા. ઉદયન પુત્ર વાગ્ભટે આ મહાન્ વિમલાચલ ઉપર નાભિ પ્રભુનું નૂતન મંદિર વિશાલ શિલા અને કપિ-શીર્ષકોથી શોભતા કોટ સહ બંધાવ્યું હતું. અને તે પવિત્ર મહાતીર્થની નજદીકમાં કુમારપુર વસાવ્યું જેની મધ્યમાં નીલમણિયુક્ત પાર્શ્વજિનબિંબની સ્થાપના કરાયેલ ત્રિભુવન વિહાર બંધાવ્યો તેમ જ તે નગરની પાસે પ્રભુના પૂજન, અર્ચન માટે પુષ્પ વાટિકા કરાવી હતી. આ પ્રમાણે આ પુણ્યપાવિત તીર્થની યાત્રાનો અમૂલ્ય લાભ દેવો, મહર્ષિઓ, ચક્રવર્તિઓ, નૃપતિઓ, મંત્રિઓ, અને લક્ષ્મીધરો વગેરે અનેક મહાપુરૂષોએ પ્રાપ્ત કર્યો હતો એમ ગ્રન્થકારે વિસ્તારથી નોંધ્યું છે.[13] આની સંક્ષિપ્ત નોંધ આજ ગ્રન્થકારે પોતાના સુકૃતકીર્તિકલ્લોલિની માં લીધી હોવાનું આગળ જણાવી ગયા છીયે. એ વસ્તુપાલના પિતા આશરાજે આ તીર્થાધિરાજની યાત્રા કરી હતી એમ વસંત-

---

११ (१) सम्प्रतिर्विक्रमादित्यः, सातवाहनवाग्भटौ ।
पादलिप्ताऽऽमदत्ताश्च तस्योद्धारकृतः स्मृताः ॥ ३५ ॥
शत्रुंजय तीर्थकल्प

(२) अस्मिन्नाभिभुवः प्रभोस्तनुभवश्चक्री स चक्रे पुरा
चैत्यं श्रीभरतः परे तु सगरक्ष्मापालमुख्या व्यधुः ।
देवो दाशरथिः प्रथासुतपतिः प्राग्वाटभूर्जावडिः
शैलादित्यनृपः स वाग्भटमहामन्त्री च तस्योद्धृतिम् ॥ १६६ ॥
सुकृतकीर्तिकल्लोलिनी

१२ अष्टोत्तरवर्षशतेऽतीते श्रीविक्रमादिह ।
बहुद्रव्यव्ययाद् बिम्बं जावडिः स न्यवीविशत् ॥ ७१ ॥
विविधतीर्थकल्पे-शत्रुंजयतीर्थकल्प.

૧૩ જુઓ આજ ગ્રન્થનો સર્ગ. ૭, શ્લોક. ૬૭ થી ૮૩. વિશેષ માટે જુઓ પુરાતન પ્રબંધ સંગ્રહમાં પાન. ૫૮ ઉપર શ્લોક ૧૫૮ થી ૧૬૧.

વિલાસમાં બાલચંદ્રસૂરિએ જણાવ્યું છે. તે સમયે વસ્તુપાલ પણ સાથે હતા. આવા મહાન તીર્થાધિરાજની સસંઘ યાત્રા કરવાની અદ્વિતીય પ્રેરણા વસ્તુપાલને **વિજયસેનસૂરિ**એ કરી હતી જેથી તેમણે ધર્મશાસ્ત્રના નિયમાનુસાર સંઘપતિની દીક્ષા ગુરૂપાસેથી ગ્રહણ કરી **વિમલાદ્રિતીર્થ**ની પવિત્ર યાત્રાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું. વસ્તુપાળ પછી પણ **સમરાશાહ** અને પેથડશાહે આ ભવ્ય તીર્થની યાત્રા અને જીર્ણોદ્ધાર કર્યાના ઉલ્લેખો **સમરરાસુ**, **નાભિનંદનજિનોદ્ધાર પ્રબંધ** અને **પેથડરાસ** ઉપરથી જણાય છે.[૧૪]

વસ્તુપાલની સસંઘ યાત્રા

ગુરૂના આદેશ મુજબ વસ્તુપાલે **સંઘાધિપતિ** બની શત્રુંજયની મહાયાત્રા કરી હતી. તેણે કુલ એકંદર તેર યાત્રાઓ કરી હતી એમ અનેક પ્રમાણોથી જણાયું છે.[૧૫] તેમાં પોતાના પિતા **આસરાજ** સાથે સંવત ૧૨૪૯ અને ૧૨૫૦ માં તથા પોતે સંઘપતિ દીક્ષા ધારણ કરી સં. ૧૨૭૭–૧૨૯૦–૧૨૯૧–૧૨૯૨ અને ૧૨૯૩ માં શત્રુંજય તથા **ગિરનાર** બન્નેની યાત્રાઓ કરી હતી. જ્યારે એકલા **વિમલાચળ** (શત્રુંજય)ની પરિવાર સાથે સાત યાત્રાઓ સં. ૧૨૮૩-૮૪-૮૫-૮૬-૮૭-૮૮-૮૯ માં અનુક્રમે નિયોજી હતી.

આ બધા યાત્રામહોત્સવોના જુદા જુદા વિવેચનો તેમનું જીવનચરિત્ર આલેખતા ગ્રંથોમાં વ્યવસ્થિત રીતે નોંધાયા નથી. આ ગ્રન્થ ઉપરાંત सुकृतसंकीर्तन, कीर्तिकौमुदी અને वसंतविलास કાવ્યમાં તીર્થયાત્રાનાં વર્ણનો આપેલા છે.[૧૬] પણ તે કઈ કઈ યાત્રાનાં વર્ણનો છે તેનો સ્પષ્ટ નિર્દેશ કર્યો નથી. वसंतविलासમાં વર્ણન કરેલ યાત્રાવર્ણન તેની છેલ્લી સં. ૧૨૯૩ ની યાત્રાનું વર્ણન હોવાનું લાગે છે; જ્યારે धर्माभ्युदय, सुकृतसंकीर्तन અને कीर्तिकौमुदीનાં વર્ણનો સંવત્ ૧૨૯૦ પહેલાંની કોઈ યાત્રાના હોવા જોઈએ એમ લાગે છે. કારણ धर्माभ्युदयનો રચનાકાળ સંવત ૧૨૯૦ પહેલાં આવે છે જેની પર્યાલોચના "રચનાકાળ"ના શિરોલેખ નીચે હવે પછી કરવામાં આવનાર છે. તેજ પ્રમાણે सुकृतसंकीर्तन પણ તેના સમકાળમાં રચાયું હોવાનું સ્વ. **ચીમનલાલ** દલાલે

---

૧૪ સમરરાસ (ગા. ઓ. સી. માં છપાયેલ પ્રાચીન ગુર્જરકાવ્ય સંગ્રહ), મંડલીકકૃત પેથડરાસ તથા નાભીનંદન જિનોદ્ધાર પ્રબંધ વ.

૧૫ (१) सं. १२४९ वर्षे संघपतिस्वपितृ ठ. श्रीआशाराजेन समं महं श्रीवस्तुपालेन श्रीविमलाद्रौ रैवते च यात्रा कृता। सं. ५० वर्षे तेनैव समं स्थानद्वये यात्रा कृता। सं. ७७ वर्षे स्वयं संघपतिना भूत्वा सपरिवारयुतं ९० वर्षे सं. ९१ वर्षे सं. ९२ वर्षे सं. ९३ वर्षे महाविस्तरेण स्थानद्वये यात्रा कृता । श्री शत्रुंजये अमून्येव पंच वर्षाणि तेन सं. ८३ वर्षे सं. ८४ सं. ८५,८६,८७,८८,८९ सप्त यात्राः सपरिवारेण तेन तेने ...श्री नेमिनाथाम्बिकाप्रसादाद्याः...भूता भविष्यति ।

(२) त्रयोदश तीर्थयात्राः संघपतिभूय: कृताः। तीर्थकल्प पा. ८०

વૉટસન મ્યુઝીયમ રાજકોટનો શિલાલેખ.

(३) अथ स मरुवृद्धो देवी भवतः सार्धत्रयोदशसंख्या यात्रा अभिहितवती। दु. के. शास्त्री संपादित प्रबंधचिंतामणि पा. १६३

૧૬ જુઓ सुकृतसंकीर्तन, સર્ગ ૫-૭-૮-૯; कीर्तिकौमुदी, સર્ગ ૯; वसंतविलास, સર્ગ ૧૦-૧૧-૧૨.

તેની પ્રસ્તાવનામાં જણાવ્યું છે. તદુપરાંત, ધર્માભ્યુદય કાવ્ય ના યાત્રાવર્ણનને સુકૃતસંકીર્તન તથા કીર્તિકૌમુદી કેટલેક અંશે અનુસરે છે; જ્યારે વસંતવિલાસનું વર્ણન તેથી જુદું પડે છે. આથી વસંતવિલાસ અને ધર્માભ્યુદય કાવ્યનાં યાત્રાવર્ણનો જુદી જુદી તીર્થયાત્રાઓનાં હશે એવું અનુમાન થાય છે. સુકૃતસંકીર્તન અને કીર્તિકૌમુદીનાં યાત્રાવર્ણનો કરતાં ધર્માભ્યુદયનું યાત્રાવિવરણ અનેક દૃષ્ટિએ ઉત્કૃષ્ટતા જાહેર કરે છે તેટલું જ નહિ પણ બધા યાત્રામહોત્સવ સ્તોત્રોમાં ઉદયપ્રભનું આ યાત્રાવર્ણન નવીન આદર્શ પેદા કરે છે. તે જેટલું રસિક છે તેટલું જ ભાવવાહી છે. તેમાં અતિશયોક્તિને બીલકુલ અવકાશ નથી. તેના શબ્દે શબ્દમાં નિસર્ગતા અને ધર્મભાવનાનો અપ્રતિમ રસ ટપકતો જોવામાં આવે છે. તેમણે આલેખેલ યાત્રાવર્ણન અને તેની રોચક શૈલી ગ્રન્થકારને એક સાચા વિવેચક તરીકે જાહેર કરે છે. તેની ટુંક આલોચના અહીં આપવામાં આવે તો અસ્થાને નહિ ગણાય એમ માની તત્સંબંધી કેટલુંક વિવરણ અત્રે રજુ કરવા પ્રયત્ન કર્યો છે.

વસ્તુપાલના હૃદયમાં રહેલી ધર્મની ઉદાત્ત ભાવનાના પરિણામે પોતાના ગુરૂ શ્રી વિજયસેનસૂરિના ઉપદેશામૃતથી પ્રેરણા મેળવી તેમણે મહાયાત્રાનો અદ્વિતીય પ્રસંગ ધર્મશાસ્ત્રના નિયમ મુજબ યોજ્યો હતો. શુભ મુહૂર્તે આ યાત્રાનું સંઘપ્રસ્થાન શરૂ થયું. ધોળકાથી નીકળી સંઘે કાસહૃદ (કાસીંદ્રા)માં પડાવ નાખ્યો. રસ્તામાં આવતાં દરેક ગામ અને શહેરનાં દેવમંદિરો, તીર્થો અને ઉપાશ્રયોના પૂજન, અર્ચન તથા જીર્ણોદ્ધાર કરી સંઘપતિ તેમને સત્કારતા. ઠેર ઠેર સાધર્મિકવાત્સલ્યો થતા. આ પ્રમાણે ધર્માચરણ કરતાં તીર્થધ્યાનમાં દત્તચિત્ત વસ્તુપાલ સંઘ સાથે શત્રુંજય પહોંચ્યો. તીર્થયાત્રાની પ્રેરણા વસ્તુપાલને ગુરૂ દ્વારા થઈ હતી તે હકીકતને પ્રામાણિક માની દરેક યાત્રાવર્ણન લખનારાએ અપનાવી છે.[૧૭] ઉદયપ્રભસૂરિ આ યાત્રામાં પ્રખ્યાત ધર્માચાર્યો કે બીજા મુખ્ય મુખ્ય યાત્રિકો માટે કંઈ પણ નિર્દેશ કરતા નથી જ્યારે સુકૃતસંકીર્તનકાર વિજયધર્મસૂરિ સાથે મલધારીગચ્છીય નરચંદ્રસૂરિ, વાયડગચ્છીય જિનદત્તસૂરિ, સંડેરકગચ્છના શાંતિસૂરિ અને ગલ્લક લોકોના વર્ધમાનસૂરિ વગેરે પ્રખ્યાત ધર્માચાર્યો હતા એમ નોંધે છે.[૧૮] વસંતવિલાસનું યાત્રા વર્ણન આથી જુદું છે. પણ તેમાં કેટલીક હકીકતો વિસ્તારપૂર્વક સંગ્રહવામાં આવી છે. તેણે તો જુદા જુદા

---

૧૭ नागेन्द्रगच्छमुकुटस्य मुनेरनूनमाकर्ण्यकर्ण्यमिति मन्त्रिपतिर्विचारम् ।
नत्वा स्वधामनि जगाम जिनेन्द्रयात्रानिर्माणनिर्मलमनोऽतिमनोरथश्रीः ॥ ४४ ॥

सुकृतसंकीर्तन, सर्ग, ४

વિશેષમાં જુઓ નરનારાયણાનંદ, સર્ગ. ૧૬ શ્લો. ૩૨-૩૩.

૧૮ अथाचलन् वायटगच्छवत्सलाः कलास्पदं श्रीजिनदत्तसूरयः ।
निराकृतश्रीषु न येषु मन्मथः चकार केलिं जननीविरोधतः ॥ ११ ॥
भवाभिभूतेन मनोभुवा भयादनीक्षितैः कृत्स्नभवाभिभूतिभिः ।
अचालि सण्डेरकगच्छसूरिभिः प्रशान्तसूरैरथ शान्तिसूरिभिः ॥ १२ ॥
शरीरभासैव पराभवं स्मरः स्मरन्ननश्यत्किल यस्य दूरतः ।
सवर्धमानाभिधसूरिशेखरस्ततोऽचलद्गल्लकलोकभास्करः ॥ १३ ॥

सुकृतसंकीर्तन, सर्गः ५

શહેરોમાંથી તે યાત્રામાં આવેલ સંઘપતિઓનો નિર્દેશ કરતાં લખ્યું છે કે ચારમંડલાધિપતિઓ, લાટ, ગૌડ, મરૂ, ડાહલ, અવંતિ અને અંગ દેશના સંઘપતિઓ પોતાના સંઘ સહ આ યાત્રામાં આવ્યા હતા જેમનું યોગ્ય સમ્માન ઉપાયનો-ભેટણાં વડે વસ્તુપાલે કર્યું હતું.[૧૯] સંઘે પ્રસ્થાન કરી નાભેય પ્રભુની ભક્તિ અને કીર્તિ પ્રદર્શિત કરતાં કાસહૃદમાં પડાવ નાખ્યો જ્યાં વસ્તુપાળે જિનાર્ચાઓ કરી હતી, એ ઉદયપ્રભના કથનને સુકૃતસંકીર્તનથી ટેકો મળે છે. વધૂમાં તે ઉમેરે છે કે વસ્તુપાળે અહીં નાભિતનુજ (ઋષભદેવ)ના મહાપ્રાસાદમાં મહોત્સવ રચ્યો હતો.[૨૦] જ્યારે વસંતવિલાસનો કર્તા સંઘે કાસહૃદના બદલે વલભિપુરમાં મેલાણ કર્યું હોવાનું કહે છે[૨૧] જ્યાંથી વિજયસેનસૂરિએ શત્રુંજય પર્વતને બતાવ્યો. વસ્તુપાળે અહીં સ્વામિ વાત્સલ્ય કર્યું હતું. આ સ્પષ્ટરીતે જણાય કે ધર્માભ્યુદયના યાત્રાવર્ણનથી વસંતવિલાસનું યાત્રાવિવરણ જુદું છે. આ સિવાય પણ બીજાં કેટલાંક સૂચનો મળી આવે છે જેથી બન્ને ગ્રંથકારોએ જુદી જુદી યાત્રાની નોંધ લીધી હતી તે હકીકતને વધુ પુષ્ટિ આપે છે જેનું તુલનાત્મક વિવેચન હવે પછી કરવામાં આવ્યું છે.

ત્યાંથી સંઘે પ્રયાણ કરી વિમલાદ્રિ ઉપર આરોહણ કર્યું. ત્યાં જઈ નાભિજિનેશના ઉત્કટ દર્શનાભિલાષી વસ્તુપાલે પૂર્ણ પ્રેમભક્તિવડે સ્નાત્રમહોત્સવ કર્યો. વિઘ્નોચ્છેદક કપર્દીયક્ષનું પૂજન, અર્ચન સારીરીતે કરી તેમને પ્રસન્ન કર્યા. સંઘમાં આવેલ યાત્રિકોને શ્રમાન્વિત થયેલા જોઈ મંત્રીવર્યનું હૃદય સ્નેહાર્દ્ર બન્યું. ત્યાં તેમણે ભગવાન આદિનાથના મંદિર પાસે ઇંદ્રમંડપ બંધાવવાનો પ્રારંભ કર્યો એમ ઉદયપ્રભસૂરિ જણાવે છે[૨૨] જ્યારે વસંતવિલાસનો કર્તા સંઘ પાલીતાણા ગયો ત્યાં વસ્તુપાલે પાર્શ્વપ્રભુનું પૂજન કર્યું અને ત્યારબાદ સંઘે વિમલાચલ ઉપર પ્રસ્થાન કર્યું. વિમલાદ્રિ ઉપર જઈ સૌથી પ્રથમ કપર્દિયક્ષની વિવિધ ઉપચારો વડે પૂજા કર્યા પછી ભગવાન

---

१९ लाटगौडमरुकच्छडाहलावन्तिवङ्गविषयाः समन्ततः।
तत्र संघपतयः समाययुस्तोयधाविव समस्तसिन्धवः॥ २५॥
आगतां विविधदेशतस्ततः सैष सङ्घजनतां प्रमोदभाक्।
वस्तुपालसचिवः शुचिक्रियः सच्चकार विविधैरुपायनैः॥ २६॥

वसन्तविलास, सर्ग १०

२० वितन्वतः कासहृदाख्यपत्तने महोत्सवं नाभितनूजसद्मनि।
सहायतां प्रत्यशृणोन्महामतेरमुष्य द्राग्वर्त्मनि देवताम्बिका॥ १६॥

सुकृतसंकीर्तन, सर्ग. ५

२१ उत्प्रयाणकमचीकरत्कृती संघलोकसुखदप्रयाणकः।
संघराट् वलभिपत्तनावनीमण्डलेऽतिसुरमण्डलेश्वरः॥ ४२॥
तत्र सङ्घपतये नवेन्दुवत्पावनो विमलसंज्ञितो गिरिः।
अंगुलीकिसलयाग्रसंज्ञया दर्शितो विजयसेनसूरिभिः॥ ४३॥

वसन्तविलास, सर्गः १०

२२ तत्र स्नात्रमहोत्सवव्यसनिनं मार्तण्डचण्डद्युति,
क्लान्तं सङ्घजनं निरीक्ष्य निखिलं सार्द्रीभवन्मानसः।
सद्यो माद्यदमन्दमेदुरतरश्रद्धानिधिः शुद्धधी-
र्मंत्रीन्द्रः स्वयमिन्द्रमण्डपमयं प्रारम्भयामासिवान्॥ ८॥

धर्माभ्युदय, सर्गः १०

આદિનાથની અષ્ટપ્રકારી પૂજા રચી પ્રશંસનીય ચીનવસ્ત્ર (ચીની રેશમ)નું ધ્વજા-રોપણ કર્યું હતું એમ નોંધે છે.[२३] પરંતુ અરિસિંહ તો ધર્માભ્યુદયના કથન મુજબ વસ્તુપાલે શત્રુંજય ઉપર જઈ કપર્દિયક્ષનું પૂજન કરીને ભગવાન આદિનાથનો મહામહોત્સવ કર્યો હતો એમ કહે છે.[२४] તેમાં વસંતવિલાસ પ્રમાણે પાદલિપ્તપુરની હકીકત જોવામાં આવતી નથી. આથી પણ ઉદયપ્રભ અને અરિસિંહનાં યાત્રાવર્ણનો એક જ સંઘના વિવેચનો હોવાનું સ્પષ્ટ જણાય છે. મંત્રીશ્વરે અહીં વિવિધપ્રકારી સ્નાત્રમહોત્સવ ભવ્યરીતે કર્યો હતો તેનું રસિક વર્ણન ધર્માભ્યુદયકારે અહીં ત્રણ શ્લોકોમાં વિસ્તારવડે રચ્યું છે. તે દાનવીરે ત્યાં અનેક પ્રકારે દાનધર્મો અને પૂજામહોત્સવો રચ્યા હતા. સંઘ આઠ દિવસ રહ્યો ત્યાં સુધી અષ્ટાહ્નિકા મહોત્સવ ભારે દબદબા સાથે કર્યો. આદિનાથ ભગવાનના મંદિરપાસે નૃત્ય ગાન કરવા માટે મંત્રીવરે ઇંદ્રમંડપ બંધાવ્યો હતો તેની નોંધ વસંતવિલાસમાં પણ લેવાઈ છે.[२५] અનન્યભક્તિવડે જિનેશનાં પૂજન, અર્ચન કરી વસ્તુપાળે સંઘ સહ પર્વત ઉપરથી અવરોહણ કરી અજાહરા (અજારા) તરફ પ્રયાણ આદર્યું. ત્યાંના અજયપાલ નૃપતિએ સંઘનો સુંદર સત્કાર કર્યો અને તે રાજવીથી વંદ્યમાન ત્યાંના પાર્શ્વપ્રભુનું પૂજન કરી સંઘ કોડીનાર ગયો એમ ઉદયપ્રભસૂરિએ જણાવ્યું છે.[२६] જ્યારે વસંતવિલાસનો કર્તા સંઘને શત્રુંજયથી એકદમ પ્રભાસમાં લાવે છે જો કે ઉદયપ્રભનું સંઘયાત્રાવર્ણન વસંતવિલાસના કરતાં ટુંકમાં છે પણ તેમાં જે હકીકતો નોંધાઈ છે તે પ્રામાણિકતાની પરાકાષ્ઠા રજુ કરે છે તેટલુંજ નહીં પણ કેટલીક નક્કર હકીકતો પૂરી પાડે છે. કોડીનારથી સંઘ દેવપાટણ (પ્રભાસ) ગયો ત્યાં ઇંદ્રાદિદેવોથી સંસ્તૂયમાન (સ્તવન કરાયેલા) અમૃતાંશુલાંછનવાળા કાલારિ ભગવાન પિનાકપાણિ સોમનાથ મહાદેવનું વસ્તુપાળે સારીરીતે યજન કર્યું. સર્વ ધર્મ ઉપર સહિષ્ણુભાવવાળા અને વાડાબંધીના મિથ્યાભેદોને નહીં માનનારા તે મહાનુભાવે જિનેશના યાત્રા માર્ગમાં આવનાર સોમનાથ ભગવાનનું વિના સંકોચે યજન કરી જૈન અને જૈનેતરોને સાંપ્રદાયિક અસહિષ્ણુ માનસનો ત્યાગ કરવા આદર્શ દ્રષ્ટાંત રજુ કર્યું. તેજ હકીકત સુકૃતસંકીર્તનમાં પણ આપી છે. વસંતવિલાસનો કર્તા વધુમાં અહીં વસ્તુપાળે પ્રિયમેલક તીર્થમાં સ્નાન કરી સુવર્ણ અને જવાહીરનાં દાનો બ્રાહ્મણોને આપ્યાં હતા તેમજ ચંદ્રપ્રભ પ્રભુનું પૂર્ણ ભક્તિવડે યજન કર્યું હતું એટલી નવીન હકીકત મુકે છે.[२७] આ હકીકત બીજા કોઈ યાત્રાવર્ણન કરનાર ગ્રંથકારે લીધી નથી. આથી પણ વસંતવિલાસમાં આલેખાયેલ યાત્રાવર્ણન ધર્માભ્યુદય વગેરે ગ્રન્થમાં જણા-

---

૨૩ જુઓ વસંત વિલાસ, સર્ગ ૧૦, શ્લોક ૫૮ થી ૮૩

૨૪ સુકૃત સંકીર્તન, શ્લોક ૧૨ થી ૪૨

૨૫ प्रेक्षणक्षणमथो विचक्षणस्तीर्थभर्तुरयमग्रतो व्यधात् ।
नर्तकीकुचतटत्रुटन्मणिस्रग्मणिप्रकरपुञ्जितावनी ॥ ८४ ॥
वसन्तविलास महाकाव्य, सर्ग. १०

२६ अंजाहराख्ये नगरे च पार्श्वपादानजापालनृपालपूज्यान् ।
अभ्यर्चयन्नेष पुरे च कोडीनारे स्फुरत्कीर्तिकदम्बमम्बाम् ॥ १२ ॥
धर्माभ्युदयमहाकाव्य, सर्ग १५

२७ वसंतविलास काव्य, सर्ग ११, श्लोक ७० थी ७२

વેલી યાત્રા કરતાં બીજી યાત્રાનું હોવાનું સૂચવે છે. ત્યાંથી સંઘ વામનસ્થલી (વંથળી) થઈ રૈવત (ગિરનાર) ગયો. બીજા કોઈ ગ્રન્થકારે પ્રભાસથી વામનસ્થળી સંઘ ગયાની હકીકત મુકી નથી જ્યારે ઉદયપ્રભે તેને વ્યવસ્થિતરીતે નોંધી છે. આથી ઉદયપ્રભનું વર્ણન કેટલું ચોકસાઈવાળું છે તે જોઈ શકાય છે.

સંઘાધિપતિ વસ્તુપાળે રૈવતકારોહણ કરી પોતાના પાપકલ્મષનો નાશ કરવા ગજેન્દ્રપદકુંડમાં સ્નાન કર્યું અને નેમિનાથ ભગવાનની વિવિધપ્રકારી પૂજા કરી અષ્ટાહ્નિકા મહોત્સવ રચ્યો. આ પ્રમાણે આઠ દિવસ સુધી સંઘેશ વસ્તુપાળે ગિરનાર ઉપર રહી પ્રસન્ન મનવડે પુષ્કળ દાનધર્મો કર્યા અને અંબા, પ્રદ્યુમ્ન, સાંબ વગેરે ટૂંકોની યાત્રા કરી ત્યાંના તીર્થદેવતાઓનો પૂજન, અર્ચન કરી સત્કાર કર્યો. પછી પોતે સંઘ સહ નીચે ઉતર્યા. પ્રભાસથી ગિરનાર તરફ આવતાં રૈવતકની તલેટીમાં તેજપાલે વસાવેલ તેજપાલપુરનું, કુમાર સરોવર, જે તેમણે જ બંધાવ્યું હતું ત્યાં વસ્તુપાળે આદિશ્વર ભગવાનનું પૂજન કર્યું એમ વસંતવિલાસ કાવ્યનો કર્તા જણાવે છે.[૨૮] ઉદયપ્રભસૂરિએ મહાધાર્મિક વસ્તુપાળની તીર્થયાત્રા અને તેના દાનપ્રવાહની શ્લાઘા કરતાં તેનું રસિક વર્ણન અહીં સર્વોત્કૃષ્ટ ભાષામાં ગુંથ્યું છે. તેમાં યાત્રાને એક પવિત્ર નદી સાથે તુલના કરતાં જેમ નદી પોતાના પ્રવાહ માર્ગમાં આવતાં પ્રાણીમાત્રનું કલ્યાણ સાધે છે તેમ આ મહાપુરૂષે પોતાના દાનપ્રવાહને અખંડરીતે ચાલુ રાખી જનસમાજનું પરમ કલ્યાણ સાધ્યું હતું એવો આશય વ્યક્ત કર્યો છે.[૨૯] યાત્રિકવર્ગને અનેક પ્રકારે સુખસાધનો આપતા અને આનંદ પ્રમોદ આપતા વસ્તુપાળ સંઘ સહ ધોળકા ગયા. ત્યાં તેમનું સન્માન કરવા તેજપાળ અને પૌરજનોની સાથે વિરધવલદેવે સામા જઈ જિનપ્રભુને નમસ્કાર કર્યા. વસ્તુપાળે ત્યાં જિનપ્રભુને રથમાંથી નીચે પધરાવી ભક્તિવડે પૂજન કર્યું અને સંઘને ભોજન, વસ્ત્રાદિકવડે સંતોષ આપ્યો.

વીરધવલે વસ્તુપાળને કુશળ વર્તમાન પુછી વિવેક દર્શાવ્યો. ઉદયપ્રભસૂરિયે આ યાત્રાનું વર્ણન થોડાક શબ્દોમાં સંપૂર્ણતઃ આપ્યું છે. તેમની લેખનશૈલી વિદ્વાન મનુષ્યોને પણ મોહ પમાડે છે, કારણ તેમાં કર્ણકટુતા કે શબ્દાડંબરની છાયા કોઈ પણ ઠેકાણે જોવામાં આવતી નથી. જે હકીકત રજુ કરાઈ છે તેમાં પૂરતી ચોકસાઈ અને પ્રામાણિકતા ઉપર ખાસ લક્ષ્ય આપ્યું છે. તેથી જ બીજા બધા યાત્રાવર્ણનો કરતાં ઉદયપ્રભનું યાત્રાવિવેચન વધુ પ્રામાણિક અને સન્માન્ય છે. આ ગ્રંથનું ધાર્મિક મહત્ત્વ અનેકગણું હશે પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ પણ તેનું મહત્ત્વ ઓછું નથી એમ કહેવું પડે છે.

આ તીર્થયાત્રાઓમાં કેટલાં મનુષ્યો, રથો, ગાડાંઓ, રક્ષકો, સુખાસનો અને ઈતિર જન સમુદાય વગેરે હતા તેની કેટલીક નોંધ જુદા જુદા ગ્રન્થોમાં જોવામાં આવે છે. યાત્રા વર્ણન આલેખનારા कीर्तिकौमुदी, सुकृतसंकीर्तन, वसंतविलास કે धर्माभ्युदय

---

૨૮ वसंतविलास काव्य, સર્ગ ૧૧, શ્લોક, ૭૩ થી ૭૬

૨૯ पुरः पुरः पूरयता पयांसि घनेन सान्निध्यकृता कृतीन्दुः।
स्वकीर्तिवन्नव्यनदी ददर्श ग्रीष्मेऽतिभीष्मेऽपि पदे पदेऽसौ ॥ २१ ॥
धर्माभ्युदय काव्य, सर्ग १५

ગ્રન્થના રચયિતાઓએ તે સંબંધી કાંઈ પણ નિર્દેશ કર્યો નથી પણ જિનપ્રભના તીર્થકલ્પમાં તથા પ્રબંધચિંતામણિ અને વસ્તુપાલ તેજપાલ રાસામાંથી તત્સંબંધી કેટલીક માહિતી ઉપલબ્ધ થશે. જો કે તેમાં કેટલું સત્ય સમાયેલું હશે તેનું પૃથક્કરણ કરવા પૂરતાં પ્રમાણો નથી છતાં તેમાં કેટલીક અતિશયોક્તિ હોવાનું ભાસે છે. પરંતુ તે સંબંધી નક્કર હકીકત જ્યાંસુધી પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી તેને સત્ય માની લેવામાં વાંધો નથી એમ માની જેતે ગ્રન્થોમાંથી તેનાં સૂચનો અહીં રજુ કર્યાં છે. જિનપ્રભસૂરિ તીર્થકલ્પમાં તેનો નિર્દેશ કરતાં લખે છે કે "વસ્તુપાળની પ્રથમ તીર્થયાત્રામાં ૪૫૦૦ ગાડાં (શય્યાપાલકો સહિત), ૭૦૦ સુખાસનો, ૧૮૦૦ પાલખી, ૧૯૦૦ હાથી, ૨૧૦૦ શ્વેતાંબરો, ૧૧૦૦ દિગંબરો, ૪૫૦૦ જૈન ગાયકો અને ૩૩૦૦ બંદીજનો હતા.[३०] પ્રબંધચિંતામણિમાં ૫૫૦૦ વાહનો, ૨૧૦૦ શ્વેતાંબરો, ૧૦૦૦ ઘોડેસ્વારી રક્ષકો, ૭૦૦ ઊંટો અને સંઘરક્ષકાધિકારિ ચાર મહાસામંતો યાત્રામાં હતા એમ નોંધ્યું છે.[३१] જ્યારે વસ્તુપાલ તેજપાલ રાસામાં તેની આદશાહી સૂચી આપતાં સંવત ૧૨૭૩ અને ૧૨૮૫ ની યાત્રાઓના સંઘવર્ણનો રજુ કર્યાં છે તેમાં નીચે પ્રમાણે જનસમુદાય, સાહિત્ય, રક્ષકો અને વાહનોની નોંધ આપી છે.

	સંવત ૧૨૭૩માં	સંવત ૧૨૮૫માં
સેજવાળાં (વેલડીયો)	૫૫૦૦	૪૦૦૦
સુખાસન (સીઘરામ)	૭૦૦	૭૦૦
પાલખી	૫૦૦	૫૦૦
શ્રીકરણ (મહેતા)	૨૯૦૦	૦
ઘોડા	૪૦૦૦	૪૦૦૦
બળદ ઘુઘરમાળવાળા	૨૦૦૦	૦
ઊંટ	૦	૨૦૦
જૈન ગાયક	૪૮૪	૪૫૦
બંદીજન (ભાટચારણ)	૩૩૦૦	૩૩૦૦
વાદી (અન્યધર્મી)	૩૩૦૦	૦
ભટ્ટ	૭૦૦	૦
આચાર્ય	૭૦૦	૭૦૦
દિગંબર સાધુ	૧૧૦૦	૧૧૦૦
શ્વેતાંબર સાધુ	૨૧૦૦	૦
યતી	૦	૨૨૩૨

---

३० तत्र प्रथमयात्रायां चत्वारि सहस्राणि पंचशतानि शकटानां सशय्यापालकानां सप्तशती सुखासनानां अष्टादशशती वाहिनीनां एकोनविंशतिः शतानि श्रीकरीणां एकविंशतिः शतानि श्वेतांबराणां एकादशशती दिगम्बराणां चत्वारि शतानि सार्धानि जैनगायकानां त्रयस्त्रिंशच्छती बन्दीजनानाम् । **विविधतीर्थकल्पे** वस्तुपालतेजपालमंत्रिकल्प.

३१ सर्वसंवाहनानामर्धपंचमसहस्राणि, एकविंशतिशतानि श्वेतांबराणां, संघतद्रक्षाधिकारे सहस्रं तुरङ्गमाणां सप्तशती रक्तकरभीणां, संघरक्षाधिकारिणश्चत्वारो महासामन्ताः ।

प्रबंधचिंतामणि, पा. १६२. श्री दु. के. शास्त्री संपादित.

ગાડાં	૧૫૦૦		૪૫૦૦
વાહિની (ડોળી)	૧૦૦૦		૧૮૦૦
દાંતનાં સિંહાસન	૩૦૦	=રથમાં છે	૨૪
સાગનાં ,,	૧૨૦૦		૦
લાકડાનાં દહેરાં	૦		૧૨૦
સંઘવી	૪		૪
કુલમાણસ	૭૦૦૦૦૦		૭૦૦૦૦૦
કુલ ખરચ	૩૩૧૪૧૮૮૦૦		૨૯૮૦૨૦૯૦૭

આ ઉપરથી સંઘની ભવ્યતાનો કાંઈક ખ્યાલ આવી શકે છે.[૩૨] જો કે આ સૂચીમાં અતિશયોક્તિને અવકાશ છે પણ તેના ઉપરથી એટલું તો સમજી શકાય છે કે વસ્તુપાલે હજારો મનુષ્યોને સાથે લઈ પરમપુનિત જૈન તીર્થોની અનેક યાત્રાઓ ભારે દબદબાથી કરી હતી. આ સિવાય જિનહર્ષના वस्तुपाल चरित्रમાં પણ તેની યાત્રાનું વિગતવાર વર્ણન આપ્યું છે. આથી વસ્તુપાલની ધર્મભાવના, લોકકલ્યાણનો ઉચ્ચ આદર્શ અને મહાન ત્યાગ અપૂર્વ હતો એમ કહ્યા સિવાય ચાલે તેમ નથી. આજે પણ આવી સંઘ-યાત્રાઓ જૈન દાનવીરો કરે છે અને જગતને અદ્વિતીય ત્યાગ તથા ઉદાત્ત ધર્મભાવનાના પદાર્થપાઠો શીખવે છે.

वस्तुपालनां सुकृत कार्यो

વસ્તુપાલની કીર્તિ કેવા અદ્ભુત ગુણોને લઈને દિગંતવ્યાપી બની હતી તેનાં વિશિષ્ટ કારણો આ મહાનુભાવના ચરિત્રમાંથી જ્ઞાત થાય છે. તે નરશ્રેષ્ઠમાં વિદ્વત્તા, રાજ્યવ્યવહારની કુશળતા, વીરતા અને અદ્વિતીય ધર્મભાવના હતી પરંતુ તે બધા કરતાં તેને જગતમાં વધુ યશ અપાવનાર તેનાં દાનકાર્યો હતાં. તેના જેવો ઉદાર ધની ભૂતલે ફરીથી પાક્યો નથી. જુદા જુદા ગ્રંથોમાંથી તેનાં દાનકાર્યોના જે ઉલ્લેખો મળે છે તેથી તેની દાનભાવના જગતમાં અજોડ હતી એમ લાગ્યા વગર રહેતું નથી. કવિશ્રી સોમેશ્વરે તેના માટે સાદા શબ્દોમાં લખ્યું છે કે "વસ્તુપાલે અન્નદાન, જલપાન, અને ધર્મસ્થાનોથી પૃથ્વીને અને તે વડે પ્રાપ્ત થયેલ યશથી આકાશમંડળને ભરી દીધું છે."[૩૩] તેણે કરાવેલાં ધર્મસ્થાનો, મહાદાનો અને ધર્મકાર્યોની જુદી જુદી નોંધો सुकृतसंकीर्तन, कीर्तिकौमुदी, वसंतविलास, प्रबंधचिंतामणि, प्रबंधकोष, જિનહર્ષકૃત वस्तुपालचरित्र અને तीर्थकल्प વગેરે કેટલાય ઐતિહાસિક પ્રબંધો અને રાસાઓમાં આવેલી છે. તે બધામાં કેટલીક વધઘટ જોવામાં આવે છે. તેની સવિસ્તર યાદિ પૂરતા વિવેચનસાથે કરતાં એક સ્વતંત્ર નિબંધ થવા સંભવ છે. ઉદયપ્રભસૂરિએ આ મહાકાવ્યમાં પણ તેનાં કેટલાંક સુકૃત કાર્યોની નોંધ કરી છે, જેનું કેટલુંક વિવેચન અહીં કરવામાં આવ્યું છે.

---

૩૨ જુઓ કીર્તિકૌમુદીના સમશ્લોકી ગુજરાતી ભાષાંતરની પ્રસ્તાવનામાં સ્વ. વલ્લભજી આચાર્યે રજુ કરેલ वस्तुपाल तेजपाल रासाમાંની સંઘના સાહિત્યની સૂચિ, પ્રસ્તાવના, પા. ૨૭

૩૩ આ નિબંધની શરૂઆતમાં મુકેલો उपदेशतरंगिणीનો શ્લોક.

તે દાનશૂરે શત્રુંજય ઉપર આદિનાથ ભગવાનના મંદિર આગળ ઇંદ્રમંડપ બંધાવ્યો હતો જેની નોંધ આગળ પણ આપી ગયા છીએ. ગ્રંથકાર ફરીથી તેનો ઉલ્લેખ કરતાં તે મંડપની પાસે સ્તંભન પાર્શ્વનાથ અને ગિરનારના નેમિનાથ ભગવાનનાં મંદિરો બંધાવ્યાં હોવાનું જણાવે છે. આ જ હકીકતને ગ્રંથકારે પોતાના सुकृतकीर्ति-कल्लोलिनी કાવ્યમાં પણ મુકી છે.[૩૪] सुकृतसंकीर्तनકાર પણ આ બન્ને ગ્રંથોના કથનને પુષ્ટી આપે છે.[૩૫] वसंत विलास અને तीर्थकल्पમાં ધર્મસ્થાનો અને દેવ-મંદિરો બંધાવ્યાના મોઘમ ઉલ્લેખો છે; પણ કયે કયે સ્થળે, કેટલાં મંદિરો, કોનાં કોનાં બંધાવ્યાં હતાં તેની પૃથક્ પૃથક્ વિચારણા કરી નથી. આ ઇંદ્રમંડપમાં सुकृतकीर्ति-कल्लोलिनी નામક સંસ્કૃત કાવ્ય વિવિધ વૃત્તોમાં રચાયેલા ૧૭૯ શ્લોકોવાળું શિલો-ત્કીર્ણ કરવામાં આવ્યું હતું એમ કેટલાક ઉલ્લેખો ઉપરથી જણાય છે. ઉદયપ્રભસૂરિએ પણ આ મહાકાવ્યમાં ઇંદ્રમંડપમાં મુકવામાં આવેલી વસ્તુપાળની યશઃપ્રશસ્તિની પ્રશંસા રજુ કરતાં સુંદર શબ્દોમાં તેનો ઉલ્લેખ કર્યો છે.[૩૬] આ મંદિરમાં વસ્તુપાળે ગુરુ, પૂર્વજ, સંબંધિ, અને મિત્રની મૂર્તિઓ તેમ જ તે બન્ને ભ્રાતૃયુગલની અશ્વારૂઢ પ્રતિમાઓ બનાવી મુકી હતી. सुकृतकीर्तिकल्लोलिनीમાં ફક્ત તેનો ઉલ્લેખ જ છે જ્યારે सुकृतसंकीर्तनકાર તે બન્ને ભાઇઓ (વસ્તુપાળ–તેજપાળ)ની તથા વીરધવળની હાથી ઉપર બેઠેલી મૂર્તિઓ મુકી હતી એમ નોંધે છે.[૩૭] બન્નેના કથનમાં વધુ તફાવત નથી ફક્ત તેમાં ઘોડાને બદલે હાથી ઉપર હોવાની જણાવી છે. આ સિવાય प्रबंधचिंता-मणिમાંથી પણ ઇંદ્રમંડપ અને બીજાં વિવિધ ચૈત્યો બંધાવ્યાની તથા પોતાની અને ગુરુવગેરેની મૂર્તિઓ બેસાડ્યાની હકીકત મળી આવે છે.[૩૮] વસ્તુપાળે આ પવિત્ર તીર્થમાં ગિરનારની સાંબાદિટૂંકોના જેવી રચના કરાવી હતી. ત્યાં જિનમંદિરો ઉપર કલશો (શિખર કળશો) બેસાર્યા અને ઉપર્યુક્ત પ્રાસાદો ઉપર સુવર્ણ દંડો (ધ્વજ-દંડો) મુકવામાં આવ્યા હતા. આદીશ્વર ભગવાનના મંદિર ઉપર જ્ઞાન, દર્શન, અને

---

૩૪ व्यातन्वन्नमरेन्द्रमण्डपमयं श्रीरैवतस्तम्भना-
लङ्कारप्रभुनेमिपार्श्वसहितं तीर्थेऽत्र शत्रुञ्जये ।
प्राग्वाटान्वयवार्द्धिवर्धनविधुर्धात्रीशमन्त्रीश्वितो
श्लाघ्यः सङ्घपतिः सतां विजयते श्रीवस्तुपालोऽधुना ॥ १६७ सुकृतकीर्तिकल्लोलिनी

३५ शत्रुञ्जयाद्रिमुकुटस्य पुरो जिनस्य तेनेन्द्रमण्डपमिदं तदकारि किञ्चित् ।
अप्येकवारमधिगम्य जना यदन्तर्जन्मान्तरेऽपि न भजन्ति कदापि तापम् ॥ १५
सुकृतसंकीर्तन, सर्ग ११

३६ श्रीवस्तुपालसचिवस्य परे कविन्द्राः कामं यशांसि कवयन्तु वयं तु नैव ।
येनेन्द्रमण्डपकृतोऽस्य यशःप्रशस्तिरस्त्येव शक्रहृदि शैलशिलाविशाले ॥
धर्माभ्युदय महाकाव्य, पंचमसर्गान्ते.

३७ मूर्तित्रयं हरिकरिस्थमपूरि तेजःपालस्य वीरधवलस्य तथात्मनोऽसौ ।
सन्नद्धमुक्कुरकलिप्रलयाय मूर्तमग्र्यं युगत्रयमिवात्र पवित्रदेशे ॥ १९
सुकृतसंकीर्तन, सर्ग ११

३८ नन्दीश्वरावतारे प्रासादान् इन्द्रमण्डपं च तन्मध्ये गजाधिरूढश्रीलवणप्रसादवीरधवल-मूर्तिः, तुरङ्गाधिरूढां निजमूर्ति तत्र सप्तपूर्वपुरुषमूर्तीः सप्तगुरुमूर्तीश्च । प्रबन्धचिन्ता० पृ. १६१

ચારિત્ર્યરૂપી મહારત્નનિધાન સરખા ત્રણ સુવર્ણકલશો મંત્રીશ્વરે મુકાવ્યા હતા. એ ઉપરાંત બે અતિમૂલ્યવાન તોરણો ત્યાં કરાવ્યાં હતાં.

શત્રુંજય પાસે આવેલું અર્કપાલિત (અંકેવાલિયા) ગામ જે રાણાક શ્રી વીરધવળની સત્તામાં હતું તે તેમની પાસેથી આ મંદિરોના પૂજનાર્ચનાર્થે અપાવ્યું. તેની નોંધ सुकृतकीर्तिकल्लोलिनीમાં પણ આપવામાં આવી છે. પરંતુ બીજા ગ્રન્થકારોએ તે સંબંધી કાંઈ પણ ઈસારો કર્યો નથી. વધુમાં ત્યાં અશ્વાવતાર મંદિર બંધાવી મુનિસુવ્રતની મૂર્તિ બેસાર્યાનું તથા પરબ બંધાવ્યાનું જણાવ્યું છે. જ્યારે सुकृतसंकीर्तनકાર ત્યાં તળાવ ખોદાવ્યાનું કહે છે. પાલિતાણામાં પોતાની સ્ત્રી લલિતાના નામ ઉપરથી લલિતા સરોવર બંધાવ્યું હોવાનો ઉલ્લેખ કર્યો છે. તેની અલંકારપૂર્ણ ભાષામાં પ્રશંસા કરતાં કવિ કહે છે કે જાણે મંત્રીશની કીર્તિનો પ્રકાશ કરતું હોય તેવું આ સરોવર નિર્મળ જળ યુક્ત છે. આ સરોવરની નોંધ બધા ગ્રન્થકારોએ લીધી છે. આદીશ્વર ભગવાનની પાછળ સુવર્ણનું પૃષ્ઠપટ્ટ (પુંઠીયું) કરાવી અર્પણ કર્યું. શ્રીનાભિસૂનુ પ્રભુના પ્રાસાદમાં વસ્તુપાળે સુવર્ણતોરણ કરાવ્યું. ત્યાર બાદ કવિએ બન્ને મંત્રીવરોની કેટલીક યશગાથાઓ અલંકારપૂર્ણ ભાષામાં રજુ કરી છે. વસ્તુપાળે વસ્ત્રાપથના માર્ગમાં રહેલા તપસ્વિઓના શાસનોનો ઉદ્ધાર કરી તેમની પાસેથી લેવાતો કર માફ કર્યો અને તેમને પ્રસન્ન કર્યા. આ હકીકત પણ નવીન છે. બીજા કોઈ ગ્રન્થમાં તે જોવામાં આવતી નથી. છેવટમાં ગ્રન્થકર્તા વસ્તુપાળે શત્રુંજય ઉપર નંદીશ્વરતીર્થ અને અનુપમાસર બંધાવ્યાનો ઉલ્લેખ કરી યોગ્ય શબ્દોમાં પ્રશંસ્યું છે. વધૂમાં રૈવતકના તાપસોને ગામનું દાન કર્યાની હકીકત જણાવી તેનાં સુકૃતકાર્યોની નોંધ સમેટી લે છે. ઉપરોક્ત કથાનુસાર કવિ કેટલીક નવીન હકીકતો રજુ કરે છે. આથી કવિનું યાત્રાવર્ણન તેમજ ધર્મકાર્યોનું વર્ણન વધુ ચોકસાઈ વાળું હોવાનું જણાય છે. અંતમાં ગ્રંથકાર વસ્તુપાળની અને તેના દાનકાર્યોની યોગ્ય શબ્દોમાં પ્રશંસા કરી धर्माभ्युदय महाकाव्यनी ફલશ્રુતિમાં કહે છે કે વિશ્વાલંકૃત કરનાર અને ગુણરત્નોના ભંડારરૂપ આ સુવર્ણ રચિત સંઘાધીશ્વર ચરિત્ર સજ્જન પુરુષોના હૃદયમાનસમાં રહેલાં દુરિતોનો નાશ કરો એવો આદેશ આપી વિરમે છે.

उदयप्रभसूरि અને તેમના પૂર્વાચાર્યો

જે સાધુ પુરુષના પુનિત વચનામૃતોથી પવિત્ર બની વસ્તુપાળે મહાન દાનધર્મો કર્યા હતા તે મહાનુભાવ અને તેમના વિદ્વાન શિષ્ય ઉદયપ્રભસૂરિનો તે ગચ્છના પૂર્વાચાર્યોસાથે ટૂંક પરિચય આપ્યા સિવાય આ નિબંધ અપૂર્ણ જ લેખાય. તેથી તેમની યથાયોગ્ય પિછાન આપવા અહીં પ્રયત્ન કર્યો છે. આ ગ્રંથના રચયિતા મુનિવર્ય ઉદયપ્રભસૂરિ સુપ્રસિદ્ધ નાગેન્દ્ર ગચ્છના હતા. તેમણે પોતાના ગચ્છનો પૂર્વપરિચય આપતાં કહ્યું છે કે "નાગેન્દ્ર ગચ્છમાં શાંતિસુધાના કલશસમાન અને સંસારદ્રુમોન્મૂલન તત્ત્વાદેશ આપનાર મહેન્દ્રસૂરિ થયા. તેમના પટ્ટધર શ્રી શાંતિસૂરિ થયા જેમણે દિગંબરો ઉપર વિજય મેળવ્યો હતો. તેમના પછી નાગેન્દ્રગચ્છસિંહાસનાધિરૂઢ શમદમને ધારણ કરનાર આનંદસૂરિ અને અમરચંદ્રસૂરિ થયા. વાદિચક્રવર્તિ આ બન્ને સૂરિઓએ

સિદ્ધરાજની રાજસભામાં વાદિઓને પરાસ્ત કર્યા હતા. તેથી રાજાધિરાજ સિદ્ધરાજે તે બન્નેને व्याघ्रशिशुक અને सिंहशिशुक બિરુદો આપ્યાં હતાં.[३९] ઉદયપ્રભસૂરિ અને તેમના પૂર્વાચાર્યોનો આવો જ પરિચય सुकृतकीर्तिकल्लोलिनी અને सुकृतसंकीर्तनમાં આપવામાં આવ્યો છે.[४०] આજ અમરચંદ્રે सिद्धांतार्णव નામક મહાગ્રન્થ રચ્યો હતો એવું અનુમાન છે. કારણ तत्त्वचिंतामणिમાં તાર્કિક ગંગેશ ઉપાધ્યાયે સિંહવ્યાઘ્ર लक्षणो મુક્યાં છે જે આ બન્ને માટે હશે એમ ડૉ. સતીશચંદ્ર વિદ્યાભૂષણ માને છે.[४१]

તેમની પછી ધર્મગાદી ઉપર શ્રીહરિભદ્રસૂરિ આરૂઢ થયા જે સચ્ચારિત્ર અને બીજા પ્રશસ્ય ગુણોને લઈ કલિકાલ ગૌતમથી ખ્યાતકીર્તિ થયા. તેમના શિષ્ય વિજયસેનસૂરિ થયા જે અગણિત ગુણોના ભંડાર સમાન અને વ્યાખ્યાન વાચસ્પતિ હતા. તેમના સદ્ધર્મે પ્રેરક વ્યાખ્યાનો માનવહૃદયને સચોટ અસર કરતાં. તેમની પુનિત પાવન વ્યાખ્યાનગંગા વનરાજવિહારતીર્થરૂપ અણહિલપુર પાટણના પંચાસર મંદિરમાં વહન કરતી હતી. આ મુનિરાજ વસ્તુપાળના પરમગુરુ હતા. વસ્તુપાળે કરેલાં દાનો, ધર્મકાર્યો અને યાત્રાઓની મુખ્ય પ્રેરણા ધર્મોદ્ધારક આ મહાન આચાર્ય પાસેથી જ મળી હતી એમ અનેક ગ્રન્થકારોયે નોંધ્યું છે. વસ્તુપાળે સ્થાપિત કરેલા કેટલાંક જિનબિંબોના સ્થાપક પણ આજ વિજયસેનસૂરિ હતા એમ તે બિંબોની નીચેની પ્રશસ્તિઓ ઉપરથી જ્ઞાત થાય છે.[४२] તેમણે કોઈ ગ્રન્થો લખ્યા હશે કે કેમ? તે સંબંધી વધુ માહિતી મળી શકી નથી. તેમના વિદ્વાન શિષ્ય ઉદયપ્રભસૂરિ થયા જે આ મહાકાવ્યના પ્રણેતા હતા. તેઓ ઉચ્ચ કોટીના વિદ્વાન હતા એમ તેમણે રચેલા અનેક ગ્રન્થો ઉપરથી માલમ પડે છે. આ મહાકાવ્ય તેમણે ગુરૂ શ્રીવિજયસેનસૂરિના આદેશથી રચ્યું હતું તેની સગર્વ નોંધ ગ્રન્થપ્રશસ્તિમાં લીધી છે.[४३] આ સિવાય શત્રુંજય યાત્રાનું વિવરણ કરતી ઐતિહાસિક હકીકતોથી સભર સંસ્કૃત કાવ્ય પ્રશસ્તિ

---

३९ अस्तावबाङ्मयपयोनिधिमन्दराद्रिमुद्राजुषोः किमनयोः स्तुमहे महिम्नः।
बाल्येऽपि निर्दलितवादिगजौ जगाद यौ व्याघ्र-सिंहशिशुकाविति सिद्धराजः ॥ ४
—धर्माभ्युदयकाव्य अंत्यप्रशस्ति।

४० (१) सुकृतकीर्तिकल्लोलिनी, શ્લોક १५४ (ગા.ઓ.સી.ના हमीरमदमर्दन नाटकસાથે છપાયેલ)
(२) शैशवेऽपि मदमत्तवादविद्वारवारणनिवारणक्षमौ।
यौ जगाद जयसिंहभूपतिर्व्याघ्रसिंहशिशुकाविति स्वयम् ॥ २० ॥
सुकृतसंकीर्तन, सर्ग ४

४१ જુઓ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત', ઇતિહાસ પા. २५०

४२ આબુના લૂણસિંહ વસહિકામાંની નેમિનાથ પ્રભુની સ્થાપના વિજયસેનસૂરિએ કરી હતી એમ તેની પ્રશસ્તિ ઉપરથી જણાય છે. જુઓ 'પ્રાચીન જૈન લેખ સંગ્રહ'માંની તેની પ્રશસ્તિ. તારંગા ઉપર વસ્તુપાળે અજિતસ્વામિ ચૈત્યમાં આદિનાથ ભગવાનના જિનબિંબનો ગોખલો બંધાવ્યો હતો તેમાં આદિનાથની પ્રતિષ્ઠા કરાવનાર વિજયસેનસૂરિ હતા એમ ત્યાંના સંવત १२८५ના શિલાલેખ ઉપરથી જણાય છે. જુઓ 'પ્રાચીન જૈન લેખસંગ્રહ'માં તે લેખ.

४३ इत्युक्त्वा गतयोस्तयोरथ पथो द्रष्टे प्रभातक्षणे,
विज्ञाप्य स्वगुरोः पुरः सविनयं नम्रीभवन्मौलिना।
प्राप्याऽऽदेशममुं प्रभोर्विरचयामासे समासेदुषा,
प्रागल्भीमुदयप्रभेण चरितं निस्यन्दरूपं गिराम् ॥ १२ ॥
धर्माभ्युदयमहाकाव्ये अंत्यप्रशस्ति।

सुकृतकीर्तिकल्लोलिनी રચી છે. જેને શત્રુંજય ઉપર વસ્તુપાળે બંધાવેલ ઈંદ્રમંડપમાં શિલાપૃષ્ઠપર (પથ્થરમાં) કોતરવામાં આવી હતી. તે હકીકત આગળ પણ આપી ગયા છીએ. આ બન્ને ગ્રન્થો ઉપરાંત ઉદયપ્રભસૂરિએ જ્યોતિષ વિષયક आरंभसिद्धि ग्रंथ, संस्कृत नेमिनाथ चरित्र, षडशीति અને कर्मस्तव ઉપર ટિપ્પણ, धर्मदासगणीकृत उपदेशमाला ઉપર उपदेशमालाकर्णिका નામક ટીકા વગેરે ગ્રન્થો લખ્યા છે. આ મહાકાવ્ય તેમણે મલધારી ગચ્છીય નરચંદ્ર મુનિ પાસે સંશોધાવ્યું હતું, તેની નોંધ લઈ અંતમાં આ ધર્મસંહિતા ચિરકાળ સુધી વિદ્વજ્જનોના હૃદયકમળમાં ધર્મની સૌરભ પ્રકટાવો એવો આશિર્વાદ આપતાં સૂરિ શ્રી ગ્રન્થની ઇતિશ્રી કરે છે. આવી જ પ્રશસ્તિઓ આ ગ્રન્થકારે સ્વરચિત બીજા ગ્રન્થોમાં પણ મુકી હશે. પરંતુ તે બધા ગ્રંથો મેળવી તેની પૂરતી તપાસ કરવાનો લાભ મળી શક્યો નથી. અનુમાનથી લાગે છે કે તે બધામાં આવી જ હકીકતો જુદા જુદા સ્વરૂપે અલંકારપ્રચુર ભાષામાં ગુંથવામાં આવી હશે.

रचनाकाळ

આ ગ્રન્થ ક્યારે રચાયો તે માટે ગ્રન્થકારે કાંઈ પણ ઉલ્લેખ કર્યો નથી. વસ્તુપાળે શત્રુંજયની અનેક યાત્રાઓ કરી હતી તેમાં આ કઈ યાત્રાનું વર્ણન છે તે પણ સ્પષ્ટ નથી. પરંતુ આ ગ્રન્થ ક્યારે લખાયો તેની નોંધ ગ્રન્થ પ્રશસ્તિના અંતમાં લેવાઈ છે. તેમાં તે સંવત ૧૨૯૦ના ચૈત્ર સુદિ ૧૧ને વાર રવિના દિવસે સ્તંભતીર્થમાં (ખંભાતમાં) આ મહાકાવ્ય વસ્તુપાલે લખાવ્યું એવો સ્પષ્ટ ઉલ્લેખ છે.[44] આથી આ ગ્રન્થ તે અગાઉ રચાયો હતો એમ ચોકસ લાગે છે. વસ્તુપાળની અનેક યાત્રાઓ કરતાં આ યાત્રાનું વર્ણન એક કરતાં વધુ વિદ્વાનોએ આલેખ્યું છે. તેથી બધી યાત્રાઓમાં આ તીર્થયાત્રા અનનુભૂત હશે તેમાં શંકા નહી, અર્થાત્ તે મહાયાત્રા હશે એમ માનું છું. प्रबंध चिंतामणिમાં વસ્તુપાળે મહાયાત્રાનો પ્રારંભ સંવત ૧૨૭૭માં કર્યો હતો એમ જણાવ્યું છે.[45] આ હકીકતને ગિરનારના સંવત ૧૨૯૩ના શિલાલેખથી પુષ્ટિ મળે છે તેમાં પણ વસ્તુપાળે સંવત ૧૨૭૭માં સંઘપતિ બની યાત્રા કર્યાનું સૂચવ્યું છે. આથી વસ્તુપાળે સંવત ૧૨૭૭માં મહાયાત્રા કરી હતી એમ લાગે છે. આ તીર્થયાત્રામાંથી આવ્યા બાદ થોડાક વખત પછી આ ગ્રન્થની રચના કરવામાં આવી હોવી જોઇએ એટલે તે સંવત ૧૨૭૭ થી ૯૦ સુધીમાં રચાઈ ગયો હતો એમાં શક નહી. અને તે પ્રમાણે धर्माभ्युदय काव्यની રચના સંવત ૧૨૭૯-૮૦માં થઈ હશે એવું અનુમાન થાય છે. આ અનુમાન કરવાનું ખાસ કારણ તેના માટે સીધે સીધા પ્રમાણોના અભાવને લઇને છે. છતાં તે ૧૨૯૦માં લખાયો હતો એવો સ્પષ્ટ પુરાવો મળતો હોવાથી તે વસ્તુપાળના સમકાળમાં સંવત ૧૨૯૦ પહેલાં રચાયો હતો એમ સ્પષ્ટ રીતે સાબીત થાય છે.

* * *

---

४४ सं० १२९० वर्षे चैत्र शु० ११ रवौ स्तम्भतीर्थवेलाकूलमनुपालयता महं० श्रीवस्तुपालेन श्रीधर्माभ्युदयमहाकाव्यपुस्तकमिदमलेखि ॥

४५ अथ सं० १२७७ वर्षे सरस्वतीकण्ठाभरणलघुभोजराजमहाकविमहामात्यश्रीवस्तुपालेन महायात्रा प्रारेभे ॥ —प्रबन्धचिन्तामणि, पा० १६२. श्री दु. के. शास्त्रि संपादित.

प्राचीन गुजराती साहित्यमां 'गुजरात'ना उल्लेखो

*

लेо — अध्याо भोगीलाल ज. सांडेसरा, एम. ए.

આપણા પ્રાન્તને અત્યારે સર્વસામાન્ય પ્રચારમાં છે તે 'ગુજરાત' નામ ક્યારે મળ્યું એ એક વિવાદાસ્પદ પ્રશ્ન છે. સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યમાં, શિલાલેખો અને તામ્રપત્રોમાં — અત્યારે મળતા પૂરાવાઓ જોતાં તો — નિરપવાદ રીતે, તેમ જ અપભ્રંશ અને પ્રારંભિક ગુજરાતીના સાહિત્યમાં સામાન્ય રીતે गूर्जरत्रामण्डल, गूर्जरत्राभूमि, गुज्जरत्ता, गुजरत्, गूर्जरत्रा, गूर्जरात्र, गुर्जराद्द, गुर्जरधरणि, गुज्जरदेश, गुर्जरभूमि, गुजरधर એવા જુદાં જુદાં નામો મળે છે. દશમા સૈકા સુધીના આરબ મુસાફરો 'જુર્ઝ' (Jurz) તથા 'જુઝ્ર' (Juzr) એવાં નામો આપે છે. અલબત, જે તે સ્થળોએ આ બધાં જ નામો અત્યારના ગુજરાતને અનુલક્ષીને આપવામાં આવ્યાં છે, એમ નથી. મૂળરાજ સોલંકીએ વિક્રમના દસમા સૈકાના અંતભાગમાં પાટણમાં પોતાનું રાજ્ય જમાવ્યું અને એ રાજ્યમાં 'જ્ઞાનસંસ્કારની પરબો' બેસાડવાનો પ્રયાસ કર્યો ત્યાર પહેલાંનું 'ગૂર્જરત્રામંડલ' હાલના ગુજરાતની ઉત્તરે ભિન્નમાલ તથા જયપુર પાસેના નારાયણની આસપાસ આવેલું હતું. વિક્રમના દશમા શતક સુધી હાલના મધ્ય ગુજરાત માટે ગુજરાત કે એને મળતું ગુર્જરત્રા કે ગુર્જરદેશ જેવું નામ પ્રચારમાં નહોતું આવ્યું, એમ શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી માને છે. અત્યારનું દક્ષિણ ગુજરાત અથવા લાટ તે પછી પણ ઘણા સમય સુધી તળ ગુજરાતથી ભિન્ન ગણાતું હતું. પણ ગુજરાતની સીમાઓમાં થએલાં આ ઐતિહાસિક પરિવર્તનો સાથે અત્યારે આપણને સંબંધ નથી. આપણા પ્રાન્તનું 'ગુજરાત' એ નામ કેટલું જૂનું છે, તે જ પ્રાપ્ત થતાં સાધનો ઉપરથી — ખાસ કરીને પ્રાચીન ગુજરાતી સાહિત્યમાંથી મળતા ઉલ્લેખોના પ્રકાશમાં — તપાસવાનો આ નિબંધનો ઉદ્દેશ છે.

સ્વ. નરસિંહરાવ દિવેટિયા એમના Gujarati Language and Literature (Wilson Philological Lectures), Vol. II, p. 193 માં આ વિષયની ચર્ચા કરતાં લખે છે:

"This much, however, is certain, that the name Gujarat did not come into free use till after the Mahomedan conquest; and the first riliable mention of that specific name for our province and our literature is to be found in the Kānhadade-Prabandh."

અર્થાત્ 'ગુજરાત' નામ મુસ્લીમ રાજ્યકાળ પહેલાં સર્વસાધારણ પ્રચારમાં નહોતું અને એ નામનો પહેલો વિશ્વાસપાત્ર પ્રયોગ આપણા સાહિત્યમાં 'કાન્હડદે પ્રબન્ધ'-માંથી મળે છે, એવો શ્રી. નરસિંહરાવનો મત છે. જો કે 'કાન્હડદે પ્રબન્ધ' પૂર્વેના 'સમરારાસ'માંથી તેમણે 'ગુજરાત'નો ઉલ્લેખ રજુ કર્યો છે (પૃ. ૧૯૭). આમ છતાં 'વસ્તુપાલ-તેજપાલરાસ' કે જે સંભવતઃ 'કાન્હડદે પ્રબન્ધ' કરતાં પણ અર્વાચીન

છે (બલ્કે કોઈ રીતે 'કાન્હડદે પ્રબન્ધ' કરતાં જૂનો તો નથી જ) અને તેમના પોતાનાજ મત મુજબ ઇસિવી સનના ચૌદમા સૈકાના ઉત્તરાર્ધથી જૂનો હોઈ શકે નહીં (પૃ. ૨૧), તેમાં મળતા 'ગુજરાત'ના ઉલ્લેખને તેઓ સૌથી જૂનો ઉલ્લેખ શી રીતે ગણે છે, એ બરાબર સમજાતું નથી.

શ્રી. નરસિંહરાવે તેમનાં વ્યાખ્યાનોમાં 'વસ્તુપાલ-તેજપાલ રાસ', 'સમરરાસ' અને 'કાન્હડદે પ્રબન્ધ'માંથી 'ગુજરાત'ના પ્રયોગો તારવી બતાવ્યા છે. આપણે આ તેમ જ આ ઉપરાંત નવા મળેલા સંખ્યાબંધ પ્રયોગો તપાસીશું.

કોઈ સંસ્કૃત શિલાલેખ કે તામ્રપત્રમાં અથવા સંસ્કૃત સાહિત્યમાં **'ગુજરાત'**નો ઉલ્લેખ મળતો નથી.[1]

પરન્તુ પરદેશી લેખકોનાં લખાણોમાંથી 'ગુજરાત'ના બે ઘણા જૂના તથા અગત્યના ઉલ્લેખો મળે છે. અલ બિરુની (ઈ. સ. ૯૭૦ થી ૧૦૩૧ – વિ. સં. ૧૦૨૬ થી ૧૦૮૭) એ હિન્દુસ્તાન વિષેના પોતાના અરબી ગ્રન્થમાં તેની પૂર્વેના કેટલાક મુસાફરોની જેમ 'જુજ' (Juzr) નહીં, પણ 'ગુજરાત' (Guzrāt) એવું નામ આપ્યું છે.[2] ગુજરાતની રાજધાનીનું શહર બઝાન અથવા નારાયણ હતું અને તે કનોજથી એંશી માઇલ અગ્નિખૂણે આવેલું છે, એમ તેણે કહ્યું છે. અલ બિરુનીના સમય પૂર્વે જ નારાયણ ભાંગી ગયું હતું, અને ત્યાંના વતનીઓ બીજે સ્થળે રહેવા ગયા હતા, એમ પણ જાણવા મળે છે. આ શહેર તે જયપુર પાસેનું નારાયણ છે, એમ સિદ્ધ થયું છે.[3] વિશેષમાં અલ બિરુનીએ નારાયણના નૈઋત્યખૂણે લગભગ ૨૪૦ માઇલ (૪૨ ફરસાખ) દૂર આવેલ અણહિલવાડનો તથા સૌરાષ્ટ્રના દરિયા કાંઠે આવેલા સોમનાથનો નિર્દેશ કર્યો

---

૧ 'નૈષધીયચરિત'ની નિર્ણયસાગરની આવૃત્તિના સંપાદક પં. શિવદત્ત શાસ્ત્રીએ પોતાની સંસ્કૃત પ્રસ્તાવનામાં "राजशेखरोऽपि स्वग्रन्थैकखण्डे प्रसङ्गतोऽवर्णयत्–'नैषधीयस्य प्रथमं पुस्तकं हरिहरो **गूजरातेति** ख्यातदेशं वीरधवलनामनि राजनि वसुमतीं शासत्यानयत्'।" (સાતમી આવૃત્તિની પ્રસ્તાવના, પૃ. ૯) એ પ્રમાણે લખ્યું છે. નરસિંહરાવભાઈએ આ અવતરણ લીધું છે (Vol. II, p. 197). રાજશેખરે પોતાનો 'પ્રબન્ધકોશ' સં. ૧૪૦૫માં રચ્યો છે, એટલે આમાંના 'ગુજરાત'ના પ્રયોગને તેમણે નિઃશંક રીતે એ કાળનો ગણ્યો છે. પણ વાસ્તવિક રીતે એમ નથી. રાજશેખરના ઉપર્યુક્ત ગ્રન્થમાં 'ગુજરાત' એવો પ્રયોગ તો કયાંય મળતો નથી. એમાંનો 'હરિહરપ્રબન્ધ' કે જેમાં 'નૈષધીયચરિત' ગુજરાતમાં લાવ્યાની વાત આવે છે તેમાં પણ श्रीहर्षवंशे हरिहरः गौडदेश्यः सिद्धसारस्वतः। स **गूर्जरधरां** प्रत्यचालीत्। એ પ્રમાણે 'ગૂર્જરધરા'નો પ્રયોગ માત્ર એકવાર મળે છે (ફા. ગુ. સભાની આવૃત્તિ, પૃ. ૧૧૯)–'ગુજરાત'નો નહીં. અર્થાત્ પં. શિવદત્તે પોતાની પ્રસ્તાવનામાં રાજશેખરમાંથી શબ્દશઃ અવતરણ આપ્યું નથી, પણ 'હરિહરપ્રબન્ધ'માંના તેના કથનનો પોતાની ભાષામાં માત્ર સારોદ્ધાર આપ્યો છે. એટલે એમાંનો 'ગુજરાત' શબ્દ રાજશેખરનો નહીં, પણ પં. શિવદત્તનો છે. 'ગર્ગસંહિતા'માં ગુર્જરાટ શબ્દનો પ્રયોગ મળે છે. જુઓ–प्रद्युम्नोऽथ महावीर्यो जित्वा माहिष्मतीपतिम्। विकर्षन् महतीं सेनां **गुर्जराटं** समाययौ॥ (ગર્ગસંહિતા, વિશ્વજિત્ ખંડ, ૭મો અધ્યાય, શ્લોક ૧) તથા **गुर्जराटाधिपं** वीरमृष्यनाम महाबलम्। जग्राह सेनया कार्ष्णिस्तुण्ड्याहिं यथा विराट्॥ (એ જ શ્લોક ૨). આમાંનો 'ગુર્જરાટ' શબ્દ એ લોકપ્રચલિત 'ગુજરાત' શબ્દનું સંસ્કૃત રૂપાન્તર છે એમાં શંકા નથી. આમ હોવા છતાં સંસ્કૃત સાહિત્યમાં 'ગુજરાત'નો પ્રયોગ મળતો નથી, એ મત અબાધિત રહે છે.

૨ Dr. Edward Sachau: Alberuni's India, Vol. I, p. 202

૩ Bombay Gazetteer, Vol. I, pt. I; p. 520

છે. તે લખે છે કે અણહિલવાડની દક્ષિણે લગભગ ૧૭૦ માઈલ (૪૨ ફરસાખ) લાટદેશ આવેલો છે, જેમાં ભરુચ (Bihroj) અને રાંદેર (Rihanjur) એ બે મુખ્ય શહેરો છે.[૪] આ વર્ણન બતાવી આપે છે કે વિક્રમના અગીયારમા સૈકાના પ્રારંભમાં ઓછામાં ઓછું અત્યારના ઉત્તર તથા મધ્ય ગુજરાતને તો ‘ગુજરાત’ નામ મળી ચૂક્યું હતું.[૫]

હવે પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં ‘ગુજરાત’ના ઉલ્લેખો તપાસીએ.

૧. પાલ્હણકૃત ‘આબુરાસ’ (સં. ૧૨૮૯)

સૌથી જૂનો અને ઘણો જ મહત્ત્વનો ઉલ્લેખ સં. ૧૨૮૯માં પાલ્હણ નામે કવિએ લખેલ ‘આબુરાસ’નો છે.[૬] આબુ ઉપર મંત્રી વસ્તુપાલ-તેજપાલે સં. ૧૨૮૬માં બંધાવેલ સુપ્રસિદ્ધ મન્દિરો સંબંધી વૃત્તાન્ત ૫૫ કડીના આ ટૂંકા રાસમાં આપેલો છે. તેની ૧૧મી કડીમાં નીચે પ્રમાણે ‘ગુજરાત’નો પ્રયોગ છે–

सोळंकिय कुळ[७] संभमिउ सूरउ जगि जस वाउ ।
गूजरात धुर समुधरणु राणउ लूणपसाउ ॥

માર્કોપોલોથી કેટલાંક વર્ષ પૂર્વે આ રાસ રચાયેલો છે. પરદેશી મુસાફરની નોંધમાં તેમ જ પાલ્હણની આ કૃતિમાં ‘ગુજરાત’ નામ છે, તે એ શબ્દપ્રયોગની સારી એવી વ્યાપકતા પૂરવાર કરે છે. બીજું, ઉપલા અવતરણમાં ધોળકાના રાણા લવણપ્રસાદને ગુજરાતના ઉદ્ધારક તરીકે વર્ણવ્યો છે, એ પણ બતાવે છે કે હવે માત્ર ઉત્તર ગુજરાત નહીં, પણ આખો પ્રાન્ત ‘ગુજરાત’ તરીકે ઓળખાતો હતો.

વળી એ જ રાસમાંથી ‘ગુજ્જર દેસ’ પ્રયોગ પણ મળે છે–

गूजरदेसह मज्झि पहाणं, चंद्रावती नयरि वक्खाणं ।
वावि सरोवर सुरहि सुणीजइ, बहु यारामिहि ऊपम दीजइ ॥ २ ॥

ગુજરાતીની પ્રાચીનતમ રાસકૃતિઓ સં. ૧૨૪૧માં રચાયેલ શાલિભદ્રસૂરિકૃત ‘ભરતેશ્વર બાહુબલી રાસ’ તથા એ અરસામાં લખાયેલ એ જ કવિનો ‘બુદ્ધિરાસ’ છે. એ જોતાં સં. ૧૨૮૯નો ‘આબુરાસ’ તથા તેમાંનો ‘ગુજરાત’નો ઉલ્લેખ ખાસ મહત્ત્વનાં લેખાવાં જોઈએ.

---

૪ Dr. Edward Sachau: Alberuni's India, Vol. I, p. 205

૫ Linguistic Survey of India, Vol. IX, pt. II, p. 333

૬ કલકત્તાની રાજસ્થાન રિસર્ચ સોસાયટીના હિન્દી મુખપત્ર ‘રાજસ્થાની’ના ભાગ ૩, અંક ૧માં આ રાસ છપાયેલ છે. તેની ૫૪મી કડીમાં નીચે પ્રમાણે રચ્યા સાલ છે–

बार संवच्छरि नवमासीए वसंतमासु रंभाउलु दीहे ।
एहु रासु विसतारिहिं जाए, राखइ सयलसंघ अंबाए ॥

કર્તાનું નામ ૫૩મી કડીના ઉત્તરાર્ધમાં છે–

केवि चडावळि नेमि नमीजइ, ए सु-वयणु **पाल्हण** पुज कीजइ ॥

૭ રાસની મુદ્રિત આવૃત્તિમાં અહીં તથા બીજે સ્થળે ळ છાપેલો છે, તેથી મૂળ હાથપ્રતમાં ळ લખેલો છે, એમ સમજવાનું નથી. ‘રાજસ્થાની’ના ઉપર્યુક્ત અંકમાં છપાયેલા ‘રાજસ્થાની વર્ણમાલા’ નામના લેખમાં “ळ-ऌ=ल का मूर्धन्य उच्चारण (जो गुजराती मराठी आदिमें है)” એમ જણાવેલું છે. એટલે આ સ્થળોએ હાથપ્રતમાં ळ હોવો જોઈએ, જેને સંપાદકો ळ અથવા ऌ તરીકે છાપે છે.

૩.૧.૧૩.

૨. રાણકદેવીના દૂહા (સં. ૧૨૯૦ પહેલાં)

બીજો એટલો જ અગત્યનો ઉલ્લેખ, સિંઘી જૈન ગ્રન્થમાલામાં પ્રસિદ્ધ થયેલ 'પુરાતન પ્રબન્ધસંગ્રહ'માંથી મળે છે. જુદી જુદી હસ્તલિખિત પોથીઓ ઉપરથી સંકલિત કરવામાં આવેલા આ પ્રબન્ધસંગ્રહમાં, પૃ. ૩૪ ઉપર P सङ्ग्रहे सोनलवाक्यानि । એ શીર્ષક નીચે, ष(ख)ङ्गारे जीर्णदुर्गाधिपतौ उदयनेन हते तत्प्रिया सोनलदेवी जगाद – એટલી પ્રસ્તાવના સહિત અગીઆર પ્રાચીન ગુજરાતી દૂહાઓ છે. 'પ્રબન્ધચિન્તામણિ'માં જૂનાગઢનો રાજા નવઘણ મરણ પામતાં તેની શોકાકુલ રાણીના મુખમાં જે દૂહાઓ મૂકવામાં આવ્યા છે તેમાંના કેટલાક એમાં છે. જનસમાજમાં તેમ લોકસાહિત્યમાં એ દૂહાઓ આજે પણ – અલબત અર્વાચીન ભાષામાં – 'રાણકદેવીના દૂહા' તરીકે પ્રસિદ્ધ છે. 'પુરાતન પ્રબન્ધસંગ્રહ'માં પૃ. ૩૫ ઉપર ૧૦૯મા પદ્ય તરીકે જે દૂહો છપાયો છે તેમાં 'ગુજરાત'નો પ્રયોગ છે –

> वलि गुरूआ गिरनार, दीठ्ठू नीझरणे झरइ ।
> बापुडली गुजरात[८] पाणीहइ पहुरउ पडइ ॥

આ જ દૂહાનો આશય અત્યારે જનસમાજમાં પ્રચલિત રાણકદેવીના દૂહામાં કંઈક પ્રકારાન્તરે મળે છે. જુઓ –

> સરવો સોરઠ દેશ, જ્યાં સાવજડાં સેજળ પીએ;
> મારુ પાટણ દેશ, જ્યાં પાણી વિના પોરા મરે.

ઉપર્યુક્ત 'પુરાતન પ્રબન્ધસંગ્રહ'માંના પ્રબન્ધો જુદી જુદી પાંચ હાથપ્રતોમાંથી મળતા વ્યવસ્થિત એકીકરણ છે. એમાંની P સંજ્ઞક હાથપ્રતના અંતિમ પૃષ્ઠ ઉપર, આગળ જણાવેલા દૂહાઓ, કુમારપાલ રાજ્યપ્રાપ્તિપ્રબન્ધ તથા બીજું એક દૃષ્ટાન્ત લખેલું છે. એ જ પૃષ્ઠ ઉપર મૂળ ગ્રન્થકારનો ઉલ્લેખ નીચે પ્રમાણે છે –

> सिरिवत्थुपालनंदणमंतीसरजयतसिंहभणणत्थं ।
> नागिंदगच्छमंडणउदयप्पहसूरिसीसेणं ॥
> जिणभद्देण य विक्कमकालाउ नवइ अहियबारसए ।
> नाणाकहाणपहाणा एस पबंधावली रईआ ॥

અર્થાત્ શ્રીવસ્તુપાલના પુત્ર જયંતસિંહના પઠન અર્થે નાગેન્દ્ર ગચ્છના ઉદયપ્રભસૂરિના શિષ્ય જિનભદ્રે સં ૧૨૯૦માં વિવિધ કથાનકપ્રધાન આ પ્રબન્ધાવલીની રચના કરી. જો કે એ કૃતિમાં સં. ૧૨૯૦ પછી બનેલી ઘટનાઓનું જેમાં વર્ણન આવે છે એવા કેટલાક પ્રબન્ધો પાછળથી કોઈએ દાખલ કરી દીધા છે; પરન્તુ એ સિવાયનો બાકીનો ભાગ જિનભદ્રની કૃતિ માનવામાં કોઈ પણ બાધ નથી, એમ સંપાદક મુનિશ્રી જિનવિજયજીનો મત છે.

ટૂંકમાં, P सङ्ग्रहे सोनलवाक्यानि એ શીર્ષક નીચેના પ્રાચીન ગુજરાતી દૂહાઓ સં. ૧૨૯૦માં જિનભદ્રે કરેલી સંકલનાનો જ એક ભાગ છે. મારા માનવા મુજબ, એ દૂહાઓનો સમય વાસ્તવિક રીતે તો સં. ૧૨૯૦ પૂર્વેનો ગણવો જોઈએ. મેરુતુંગાચાર્યે

---

૮ અહીં 'ગુજરાત' સ્ત્રીલિંગમાં છે. આ વિષયની વધુ ચર્ચા માટે આગળ જુઓ.

સં. ૧૩૬૧માં 'પ્રબન્ધચિન્તામણિ' લખ્યો તેમાં રાણકદેવીના દૂહા મળે છે; પણ સૌ કોઈ સ્વીકારે છે કે એ દૂહાઓ લોકસાહિત્યમાં તો એ પૂર્વે પ્રચલિત હોવા જોઈએ. હવે એ જ દૂહા સં. ૧૨૯૦ની આ જિનભદ્રની કૃતિમાં ઉદ્ધૃત થયેલા મળે છે, એટલે ત્યાર પહેલાં લોકજીભે ચઢ્યા હોવા જોઈએ. સિદ્ધરાજે સોરઠ ઉપર સં. ૧૧૭૦માં વિજય મેળવ્યો હતો, એ સિદ્ધ હકીકત છે, એટલે ત્યાર પછીનાં વર્ષોમાં લોકકવિઓએ આ દૂહાઓ જનતામાં વહેતા મૂક્યા હશે. એટલે શતાબ્દીઓ થયાં ગુજરાતે પોતાની સ્મૃતિમાં જાળવી રાખેલા આ માર્મિક શોકકવિતાનો સમય વિક્રમના તેરમા સૈકાના આરંભમાં માનીએ તો જરાયે વધારે પડતું નથી. એ જોતાં, ઉપર ટાંકેલો 'ગુજરાત'નો ઉલ્લેખ પણ એ સમયનો ગણવો જોઈએ. આમ 'ગુજરાત'નો આ પ્રયોગ સં. ૧૨૮૯ના 'આબુરાસ'ની પૂર્વેનો છે. સં. ૧૨૯૦માં રચાયેલા ગ્રન્થમાંથી તે મળે છે માટે જ તેને 'આબુરાસ'ની પછી મૂક્યો છે. સાહિત્યમાં 'ગુજરાત'નો પ્રયોગ થવા લાગ્યો ત્યાર પહેલાં એ નામ લોકસમાજમાં પ્રચલિત થઈ ચૂકેલું, તેનો આ પણ એક પૂરાવો છે.

૩. પ્રભાચન્દ્રસૂરિકૃત 'પ્રભાવકચરિત' (સં. ૧૩૩૪)

'ગુજરાત'નો ત્રીજો મહત્ત્વનો ઉલ્લેખ પ્રભાચન્દ્રસૂરિકૃત 'પ્રભાવકચરિત'માં મળે છે. ગુજરાતના મધ્યકાલીન સાંસ્કૃતિક ઇતિહાસ માટે અતિ મહત્ત્વનો આ ઐતિહાસિક સંસ્કૃત ચરિત્ર ગ્રન્થ સં. ૧૩૩૪માં એટલે કે સારંગદેવ વાઘેલાના રાજ્યકાળમાં રચાયેલ છે. એમાં 'બપ્પભટ્ટિસૂરિચરિત'માં કનોજનો આમ રાજા બપ્પભટ્ટિસૂરિના ચારિત્ર્યની પરીક્ષા કરવા માટે તેમના ઉપાશ્રયમાં એક ગણિકાને મોકલે છે. પરન્તુ ગણિકાને આ કાર્યમાં નિષ્ફળતા સાંપડતાં તે રાજા પાસે આવીને નીચે પ્રમાણે એક અપભ્રંશ દૂહો બોલે છે :

> गयवर केरइ सत्थरइ पाय पसारिउ सुत्त ।
> निच्चोरि गुजरात[९] जिम्व नाह न केणइ भुत्त ॥

અર્થાત્ ગજવર (બપ્પભટ્ટિસૂરિનું 'ગજવર' એવું બિરુદ હતું)ના સાથરામાં પગ પસારીને સુતેલા તે નાથ નિચ્ચોરી (?) ગુજરાતની જેમ કોઈનાથી ભોગવાયા નહીં.

આ ઉલ્લેખ સં. ૧૩૩૪નો એટલે કે ગુજરાતના સ્વતંત્ર હિન્દુ રાજ્યનો અંત આવ્યો તે સમયથી ૨૬ વર્ષ પૂર્વેનો છે. વળી 'પ્રભાવકચરિત'ના મંગલાચરણમાં જ તેના કર્તા પ્રભાચન્દ્રસૂરિ લખે છે કે 'બહુશ્રુત મુનિઓ પાસેથી સાંભળીને તેમ જ પ્રાચીન ગ્રન્થોમાંથી એકત્ર કરીને આ ઇતિવૃત્તો હું વર્ણવું છું.' અર્થાત્ સંસ્કૃત ગ્રન્થમાં ઉતારેલો આ અપભ્રંશ દૂહો સં. ૧૩૩૪ પૂર્વેનો જ છે એમાં શંકા રહેતી નથી. સંસ્કૃત કાવ્યો કે પ્રબન્ધોમાં લોકોક્તિરૂપ અપભ્રંશ કે જૂના ગુજરાતી દૂહાઓ આપવાની એક જૂની પરંપરા જૈન સાહિત્યમાં છે. બપ્પભટ્ટિસૂરિનો જીવનકાળ 'પ્રભાવકચરિત'માં જણાવ્યા પ્રમાણે વિક્રમની નવમી શતાબ્દી છે. આ દૂહો પણ તેના મૂળ સ્વરૂપે એટલે પ્રાચીન હશે કે કેમ એ કહેવું મુશ્કેલ છે, પણ 'પ્રભાવકચરિત'ના રચના સમયથી ઘણા કાળ

---

૯ અહીં પણ 'ગુજરાત' સ્ત્રીલિંગમાં છે. આ વિષયની વધુ ચર્ચા માટે આગળ જુઓ.

પૂર્વે તે દૂહો લોકોમાં–ખાસ કરીને પ્રભાચન્દ્રસૂરિ જેમનો નિર્દેશ કરે છે તેવા 'બહુશ્રુત મુનિઓ'માં પ્રચલિત થઈ ચૂક્યો હશે એમાં શંકા નથી.

૪. અંબદેવસૂરિકૃત 'સમરરાસ' (સં. ૧૩૭૧)

આ પછી, સં. ૧૩૭૧માં લખાયેલો અંબદેવસૂરિકૃત 'સમરરાસ' આવે છે. શ્રી. ચિમનલાલ દલાલ સંપાદિત 'પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહ'માં તે છપાયો છે. શ્રી. નરસિંહરાવે તેમનાં વ્યાખ્યાનોના બીજા ભાગમાં (પૃ. ૧૯૭) આ રાસની રચ્યાસાલ સં. ૧૪૭૧ આપી છે, તે શરત ચૂક લાગે છે.

સં. ૧૩૬૯માં પાટણના સુબા અલફખાને શત્રુંજય ઉપરના મંત્રી બાહડે બંધાવેલા જૈન મન્દિરને તોડી નાંખ્યું હતું. આથી પાટણના એક ધનિક ઓસવાલ સમરસિંહે અલફખાન પાસે જઈ જૈન સંઘની લાગણી દર્શાવી, તથા બીજાં દેવસ્થાનોને ભ્રષ્ટ કરવામાં ન આવે એ માટેનું ફરમાન કઢાવ્યું. સમરસિંહે શત્રુંજયના મન્દિરનો જીર્ણોદ્ધાર કરવાની પરવાનગી મેળવી એ વર્ષમાં તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો તથા પાટણથી એક મોટો સંઘ લઈ તે શત્રુંજય ગયો તથા ત્યાંનાં મન્દિર અને મૂર્તિની પ્રતિષ્ઠા કરી, એ ઐતિહાસિક પ્રસંગ આ કાવ્યમાં વર્ણવેલો છે. તેની બારમી ભાષાની ચોથી કડીમાં નીચે પ્રમાણે 'ગુજરાત'નો ઉલ્લેખ છે–

सोहग ऊपरि मंजरिय बीजीय सेत्रुजि उधारि ।
......ठिय ए समरऊ ए समरउ ए आविउ गुजरात ॥

અહીં ગુજરાતનો પ્રયોગ સોરઠ સંબંધી વર્ણન કરતાં થયેલો છે, એ ખાસ નોંધ માગી લે છે.

૫. ધર્મકલશમુનિકૃત 'જિનકુશલસૂરિ–પટ્ટાભિષેકરાસ' (સં. ૧૩૭૭)

આ પછી ધર્મકલશમુનિકૃત 'જિનકુશલસૂરિ–પટ્ટાભિષેકરાસ' આવે છે. શ્રી. અગરચંદ નાહટા તથા ભઁવરલાલ નાહટા સંપાદિત 'ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ'માં આ રાસ પ્રસિદ્ધ થયેલો છે. ખરતર ગચ્છના મહાન પ્રભાવક આચાર્ય જિનકુશલસૂરિ (જેમનું દીક્ષિત નામ કુશલકીર્ત્તિ હતું)નો પટ્ટાભિષેક મહોત્સવ પાટણમાં સં. ૧૩૭૭ના જ્યેષ્ઠ વદ અગીઆરના દિવસે ઓસવાલ શેઠ તેજપાલ તથા તેના ભાઈ રુદ્રપાલે ભારે ધામધૂમથી કરાવ્યો હતો અને પદસ્થાપના રાજેન્દ્રચન્દ્રસૂરિના હસ્તે કરવામાં આવી હતી, એ પ્રસંગનું વિસ્તૃત અને છટાદાર વર્ણન આ કાવ્યમાં છે. જૈન ગૂર્જર સાહિત્યમાં આ પ્રકારનાં સંખ્યાબંધ કાવ્યો લખાયેલાં છે. સામાન્ય રીતે આવાં કાવ્યો જે તે પ્રસંગ વીતી ગયા પછી તુરત જ, ઘણુંખરું તો એ પ્રસંગ નજરે જોનાર કવિની કલમે જ લખાય છે; એટલે આ પટ્ટાભિષેક–રાસ પણ ધર્મકલશે સં. ૧૩૭૭માં અથવા તે પછી તુરત જ રચ્યો હશે, એમ માનવું યોગ્ય છે.

આ કાવ્યની આવીસમી કડીમાં નીચે પ્રમાણે 'ગુજરાત'નો પ્રયોગ છે–

सयल संघह सयल संघह केलि आवासु ।
अणहिलपुर वर नयर गुजरातधरमुखह मंडणु ।
देसदेसंतरि वहि मिलिय सयल संघ वरिसंत जिम घणु ।

पाट धुरंधर संठविउ, मिलिय मिलावइ भूरि ।
संघ महोछव कारावइ वाजंतइ वणतूरि ॥

૬. ભાષાઓનાં પ્રાચીન ઉદાહરણ (૧૫મા સૈકા પહેલાં)

કલકત્તાના 'રાજસ્થાની' ત્રૈમાસિકના ભાગ ૩, અંક ૩માં भाषाओंके चार प्राचीन उदाहरण એ શીર્ષક નીચે એક રસિક અને મનોરંજક પ્રાચીન ગદ્યપદ્યાત્મક કૃતિ છપાયેલ છે. ગુજરાત, માળવા, પૂર્વ અને મહારાષ્ટ્ર એમ ચાર પ્રદેશની સ્ત્રીઓ શત્રુંજય ઉપર ઋષભનાથના મન્દિરમાં ભેગી થાય છે અને પોતપોતાની ભાષામાં વાતચીત કરે છે.[10] આ કૃતિમાં રચ્યાસાલ નથી, પણ તેની હાથપ્રત વિક્રમના ચૌદમા સૈકાના ઉત્તરાર્ધમાં 'વિવિધતીર્થકલ્પ' લખનાર જિનપ્રભસૂરિના શિષ્યના હાથે લખાયેલ છે, આથી આ હાથપ્રતનો સમય વિક્રમના પંદરમા સૈકાના પહેલા પાદ કરતાં અર્વાચીન હોઈ શકે નહીં; અને કૃતિ પોતે તો એનાથી જૂની જ હોવી ઘટે.[11] આ કૃતિમાં 'ગુજરાત'ના ત્રણ પ્રયોગ મળે છે, જેમાંના પહેલા બે ગુજરાતણની ભાષામાં અને ત્રીજો મરાઠણની ભાષામાં છે.

(१-२) त प्रथमां चानवा गूजरी नायका भणइ । अहे बाइ एहु तुम्हारउ देसु कवण लेखामाहि गणियइ । किसउ देसु गुजरातु,[12] सांभलि माहरी वात । ××× अनि किसउ घणउं भणियइ माहरी माइ एहु देसु गुजराति[12] छाडी करि अनइ देसि किसी परि मनु जाइ ।

(३) तरि भाविक जन तं पुच्छसि मइं अनिक देस देशांतर चातुर्दिशा मागु मया देखुणी । ××× तरिया इकि नहीं सामिन पुरि सतरि सहस्र गुजरातचा सीतरि गिरि सेत्तुज्जंचा ऊपरि ।

૭. દેવપ્રભગણિકૃત 'કુમારપાલરાસ' (૧૫મા સૈકાનો પૂર્વાર્ધ)

આ પછીનો ઉલ્લેખ દેવપ્રભગણિકૃત 'કુમારપાલરાસ'નો છે. આ રાસ મારા તરફથી 'ભારતીય વિદ્યા' ત્રૈમાસિકના પુ. ૨, અંક ૩માં છપાયો છે. ૪૧ રોળામાં છપાયેલા

---

૧૦ જુઓ–

गुज्जरि तह मालविणी पूरविणी तह य चैव मरहट्ठी ।
संपत्ता इय नारी सित्तुज्जे रिसह भवणंमि ॥
× × × ×
हंसजुयल कोमल कमलि जिम सरि बुल्लइ सारसी ॥
तिम रमणि मिक्खि जिणवर भवणि निय निय बुल्लइ पारसी ॥

૧૧ આ માહિતી 'રાજસ્થાની'માં આપેલી નથી, પણ પુરાવિદ્ મુનિશ્રી જિનવિજયજીએ મને અંગત વાતચીતમાં આપી હતી. વિક્રમના ચૌદમા સૈકાના આરંભમાં લખાયેલી આવી એક ભાષાની હાથપ્રત તેઓશ્રીની પાસે છે તેમાં તથા એ જ અરસામાં લખાયેલી બીજી એક કૃતિમાં 'ગુજરાત'નો પ્રયોગ છે; પરન્તુ આ લેખ તૈયાર થયો ત્યાં સુધીમાં એ ઉલ્લેખો પ્રાપ્ત કરવાનો સુયોગ મળ્યો નથી, તેથી તેની માત્ર અહીં નોંધ કરી છે. ઉપર્યુક્ત મહત્ત્વના ઉલ્લેખો પ્રત્યે ધ્યાન ખેંચવા માટે હું મુનિજીનો આભારી છું.

૧૨–૧૨ આ બન્ને સ્થળે 'ગુજરાત' શબ્દ પુલ્લિંગમાં છે, એ તેને 'દેશ' તરીકે વર્ણવવામાં આવ્યો છે તેને આભારી છે. 'ગુજરાત'ના લિંગ વિષે વધુ ચર્ચા આગળ કરી છે.

આ ટૂંકા કાવ્યમાં કુમારપાલે પ્રવર્તાવેલી અમારિઘોષણા તથા તેણે કાઢેલા શત્રુંજયના સંઘનું વર્ણન છે. રાસના અંતે કવિ રચ્યાસંવત આપતો નથી, પણ પોતાને સોમતિલકસૂરિના શિષ્ય તરીકે ઓળખાવે છે. હવે સોમતિલકસૂરિ સં. ૧૪૨૪ સુધી વિદ્યમાન હતા. સં. ૧૪૩૬ની એક ગ્રન્થપ્રશસ્તિમાં સોમતિલકસૂરિના શિષ્યસમુદાયમાં 'મુગ્ધાવબોધ ઔક્તિક'કાર કુલમંડનની સાથે દેવપ્રભનું નામ મળે છે. એટલે વિક્રમના પંદરમા શતકના પૂર્વાર્ધમાં આ કાવ્ય રચાયાનું સિદ્ધ થાય છે. એ કાવ્યની ત્રેવીસમી કડી નીચે પ્રમાણે છે–

मंत्रीय मोकली देसि देसि बहु संघ मेलावइ,
धामी बहु आसीस दिइं, राउ जात चलावइ ।
देसविदेसह मिलिय संघ पहुतउ गूजरात,
बाहुड मंत्री वीनवइ ए सुणि स्वामी वात ॥

૮. જયશેખરસૂરિકૃત 'ત્રિભુવનદીપકપ્રબન્ધ' (૧૫મા શતકનો ઉત્તરાર્ધ)

'ઉપદેશચિન્તામણિ', 'ધમ્મિલચરિત', 'જૈન કુમારસંભવ' આદિ સંસ્કૃત ગ્રન્થોના કર્તા અંચલગચ્છીય જયશેખરસૂરિએ સં. ૧૪૬૨માં 'પ્રબોધચિન્તામણિ' નામે એક સુન્દર રૂપકગ્રન્થની સંસ્કૃતમાં રચના કરી છે. એ પછી એના વસ્તુમાં નહીં જેવા ફેરફારો કરી તેમણે ગુજરાતીમાં 'ત્રિભુવનદીપકપ્રબન્ધ'[૧૩] નામથી અત્યંત છટાદાર અને પ્રાસાદિક કાવ્ય રચ્યું છે. એટલે એ કાવ્ય સં. ૧૪૬૨ પછી થોડા સમયમાં રચાયું હોવું જોઈએ. ચોક્કસ વર્ષ કવિએ આપ્યું નથી. 'ત્રિભુવનદીપકપ્રબન્ધ'ની ૧૧૬મી કડીમાં નીચે મુજબ 'ગુજરાત'નો ઉલ્લેખ મળે છે–

कर्मवसिं जीव चिहुगति फिरइ, पितर तणउं तिहां तर्पण करइ ।
गंगातडि जल ऊरेवीइं, गूजरात तिहां आंबा पीइं ॥[१४]

૯. હીરાણંદસૂરિકૃત 'વસ્તુપાલરાસ' (સં. ૧૪૮૫)

પ્રસિદ્ધ 'વિદ્યાવિલાસ પવાડા'ના કર્તા હીરાણંદસૂરિએ સં. ૧૪૮૫માં 'વસ્તુપાલરાસ' રચ્યો છે. તેમાં વસ્તુપાલે કરેલી શત્રુંજયની તીર્થયાત્રાના સંબંધમાં જુદા જુદા દેશોનાં નામ ગણાવ્યાં છે, ત્યાં નીચે પ્રમાણે 'ગુજરાત'નો ઉલ્લેખ પણ મળે છે–

इसउ एक श्रीशत्रुंजयतणउ विचारु, महिमानउ भंडारु, मंत्रीश्वरि मनमाहि जाणी, उल्लरंग आणी, यात्रा उपरि उद्यम कीधउ, पुण्यप्रसाद तेहनउ मनोरथ सीधउ । हिव अंग वंग तिलंग कलिंग......मरुस्थल लाड मेयवाड गूजरात पारिजात सिंधुजात...... मालव मरहठ सोरठ कासी कुंकण पंचाल बंगाल प्रमुख एवंविह देसना चतुर्विध श्रीश्रमणसंघ चलाविउ ।

---

૧૩ પ્રસિદ્ધઃ પં. લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી તરફથી. એમાંથી થોડોક ભાગ કમી કરી તથા ફરી વાર સંપાદિત કરી એ કાવ્ય સ્વ. કેશવલાલ ધ્રુવે તેમનાં 'પંદરમા શતકનાં પ્રાચીન ગૂર્જર કાવ્ય'માં 'પ્રબોધચિન્તામણિ' નામથી છપાવ્યું છે.

૧૪ આ અવતરણવાળો ભાગ સ્વ. ધ્રુવે છોડી દીધો છે.

આ રાસ હજી અપ્રસિદ્ધ છે. તેની હાથપ્રત મને મુનિશ્રી પુણ્યવિજયજી પાસેથી મળી હતી.

૧૦. પદ્મનાભકૃત 'કાન્હડદે પ્રબન્ધ' (સં. ૧૫૧૨)

આ પછી સં. ૧૫૧૨માં રચાયેલું પદ્મનાભનું ઐતિહાસિક વીરરસપૂર્ણ કાવ્ય 'કાન્હડદે પ્રબન્ધ' આવે છે. એમાં 'ગુજરાત'નો પ્રયોગ નીચે પ્રમાણે તેર વખત આવે છે. આ તેર પૈકી બાર પ્રયોગો તો એ પ્રબન્ધના પહેલા ખંડમાં જ આવે છે, કે જેમાં મુખ્યત્વે અલાઉદ્દીનના લશ્કરની ગુજરાત ઉપર ચઢાઈ તથા ત્યાં તેણે કરેલી રંજાડ વર્ણવાઈ છે. બીજા ખંડમાં 'ગુજરાત' એક જ વાર આવે છે તથા બાકીના બે ખંડોમાં એ પ્રયોગ બીલકુલ નથી. એમાંના પહેલા ત્રણ ઉલ્લેખો શ્રી. નરસિંહરાવે નોંધ્યા છે–

(૧) **'गूजरातिनूं** (तु) भोजन करूं जुं तरकाणूं आणूं अरहूं' ।
माधव महितइ करिउ अधर्म नवि छूटीइ आगिलां कर्म । (१–१५)

(२) पूछइ वात पातसाह हसी **गूजराति**[15] ते कहीइ किसी ।
किस्यूं खंबायत अणहलपुर ? किस्यूं दीवगढ मांगलहूर ? । (१–२२)

(३) **गूजरातिस्यूं** मांडिसि कलहु माहारइ साथि कटक मोकलउ ।
हुडी हींदू घालूं रानि, एक मारूं एक झालूं बान । (१–२७)

(४) खूनकार तूं साचूं जाणि, **गूजराति** लेईं आपूं प्राणि ।
ततखिण तूठउ असपति राउ तस आप्यु पचाङ्ग पसाउ । (१–२८)

(५) अलूखान बलवन्तु बांदु तास दीउं फुरमाण;
गूजराति ऊपरि दल न्युधा; बीडऊं दीऊं सुरताणि (१–२६)

---

૧૫ આ સ્થળે 'ગુજરાત' સ્પષ્ટ રીતે સ્ત્રીલિંગમાં છે. રાણકદેવીના દૂહામાંનો સં. ૧૨૯૦ પૂર્વેનો જે અતિ પ્રાચીન પ્રયોગ અગાઉ ઉતાર્યો છે, તેમાં પણ बापुडली गूजरात એ પ્રમાણે 'ગુજરાત' સ્ત્રીલિંગમાં છે. સં. ૧૩૩૪માં રચાયેલ 'પ્રભાવકચરિત'માંથી ઉદ્ધૃત કરવામાં આવેલા અપભ્રંશ દૂહામાં પણ निच्चोरी गुजरात એ પ્રમાણે 'ગુજરાત' શબ્દ સ્પષ્ટ રીતે સ્ત્રીલિંગમાં છે. 'ભાષાઓનાં પ્રાચીન ઉદાહરણ'માં 'ગુજરાત' પુલ્લિંગમાં છે, તે એની પૂર્વે વપરાયેલ 'દેશ' શબ્દની અસરથી છે, એમ મેં કહ્યું છે (જુઓ ટિ. ૧૨). આ સિવાય બીજા સંખ્યાબંધ પ્રયોગોમાં લિંગ સંદિગ્ધ રહે છે અથવા આગળ–પાછળ મૂકાયેલા દેશ શબ્દને કારણે પુલ્લિંગમાં છે. 'ચોખંડી કંકાવટી, ને નવખંડી ગુજરાત' એ લોકગીતમાં તથા 'ગાંડી ગુજરાત, આગુસે લાત, પીછુસે બાત' એ કહેવતમાં 'ગુજરાત' સ્ત્રીલિંગમાં છે. વળી 'અમ્હ ઘરિ આવી રહેજ્યે નહિ તો આપું સઘલી ગુજરાતિ' (મધુસૂદન વ્યાસ–'હંસાવતી વિક્રમચરિત્ર વિવાહ'– ૨. સં. ૧૬૦૬–કડી ૪૫૧), 'જય જય ગરવી ગુજરાત' (નર્મદ), 'કોની કોની છે ગુજરાત' (નર્મદ), 'સુણ ગરવી ગુજરાત, વાત કહું કાનમાં' (મલબારી), 'ગુણવંતી ગુજરાત, અમારી ગુણવંતી ગુજરાત' (ખબરદાર), 'ગુજરાત મોરી મોરી રે' (ઉમાશંકર) વગેરે શિષ્ટ કવિઓના કાવ્યપ્રયોગોમાં પણ 'ગુજરાત' સ્ત્રીલિંગમાં છે. 'ગુજરાત'નાં સંસ્કૃત તથા પ્રાકૃતમાં અનુક્રમે गूर्जरत्रा અને गुज्जरत्ता રૂપો મળે છે, તે પણ સ્ત્રીલિંગમાં હોય છે. એટલે મારૂં માનવું છે કે 'ઠકરાત', 'ભીલાત' અને 'મ્હોલાત'ની જેમ 'ગુજરાત' પણ સ્ત્રીલિંગમાં હશે. તેની સાથે 'દેશ' અભિહિત કે અધ્યાહૃત રહેતાં તેનો પુલ્લિંગમાં–તથા બીજા કેટલાક પ્રાન્તો અને દેશોનાં નામ નપુંસકલિંગમાં પ્રયોજાતાં હોઈ નપુંસકલિંગમાં પણ–પ્રયોગ કરવામાં આવે છે, એવો મારો તર્ક છે.

(६) गूजराति सोरठ सोमईं आ वाहरि विलमूं वीतूं ।
अडकमाडि राउलि हठ कीधउ, अलूखान दल जीतूं । (१-३९)

(७) दीधी वाट समरसी राउलि; आव्यां कटक बनासि ।
गूजराति बूंबाआ पहुता; ततखिण पडीउ त्रास । (१-४७)

(८) भागा देस काहानम चिडोत्तर बावननी खेड हारि;
गूजरातिनु खोखर भाधु अजीय व आवइ पार । (१-५८)

(९) भणी कटक ऊपड्यां असाउलि । गढ मांहि मेहलूं थाणूं ।
गूजरात देस हीलोल्यूं अति कीधूं तरकाणूं । (१-६७)

(१०) गूजराति मांहि ताखति कीधी, सहू सामटी लीधूं ।
वाजी सान; खान सोमईआ भणी पियाणूं कीधूं । (१-७१)

(११) माहरा दल साहामूं कुण मांडइ ? देखि माहरी वात ?
आणीमुहि मइ देस बि लीधा सोरठ नइ गूजराति । (१-११४)

(१२) कटक सनाहु, हाती, घोडा, साहण संख नइ पार ।
गूजरात, सोरठीआं माणस झाल्या बान अपार । (१-१७९)

(१३) इम जाणि साचइ अहिनाणि, मइं नवि जाणिउ निश्चि जाणि ।
पातसाहि इम कहावी वात, 'सातलनइ आपूं गूजरात । (२-१६१)

એ જ કાવ્યમાં 'ગુજરાત'ને માટે વૈકલ્પિક 'ગૂજર' પ્રયોગ પણ મળે છે–

तिणि अवसरि गूजर धर राइ, सारंगदे नामि बोलाइ । (१-१३)
लाड देश नि सिन्धु सवालख, गूजर सोरठ लीध । (२-६३)

આજ સુધી પણ 'ગૂર્જર' નામ શિષ્ટ લેખનમાં ચાલુ રહેલું છે જ.

૧૧. લક્ષ્મીસાગરસૂરિકૃત 'વસ્તુપાલ–તેજપાલ રાસ' (૧૬મા શત૦ પૂર્વાર્ધ)

લક્ષ્મીસાગરસૂરિકૃત 'વસ્તુપાલ–તેજપાલ રાસ'માં કર્તાએ રચ્યાસાલ આપી નથી, પણ તેનો સમય નક્કી થઈ શકે એમ છે.[૧૬] લક્ષ્મીસાગરસૂરિ એ 'વિમલપ્રબન્ધ'કાર

---

૧૬ પ્રસિદ્ધ: 'જૈન સાહિત્ય સંશોધક' ખંડ ૩, અંક ૧. આ કૃતિ વિષે સ્વ. નરસિંહરાવભાઈ પોતાનાં વ્યાખ્યાનો (ભાગ ૨, પૃ. ૨૦)માં લખે છે : "The date of this work is not ascertainable nor the author's name." પરન્તુ 'જૈન સાહિત્ય સંશોધક'માં છપાયેલા રાસની ૫૭ મી કડીમાં–

लक्ष्मीसागरसूरि बोलिउ ए गिरुउ एह ए रास ।

એ પ્રમાણે કર્તા પોતાનું નામ આપે છે, અને તેથી ઉપર જણાવ્યું તેમ, કૃતિનો રચનાકાળ નક્કી થઈ શકે છે. સ્વ. ચિમનલાલ દલાલે પાંચમી સાહિત્ય પરિષદ સમક્ષ રજુ કરેલા પાટણના ગ્રન્થભંડારો વિષેના નિબંધમાં આ કાવ્ય વિષે જે ટૂંક નોંધ કરેલી તે જ માત્ર સ્વ. નરસિંહરાવભાઈ પાસે હતી. દલાલે નોંધેલી પ્રતમાં કર્તાનું નામ જ નહોતું. પરન્તુ આ કાવ્યની માત્ર બે જ કડીઓનું પૃથક્કરણ કરીને "अनइ and कहिसिउं belong to a period not earlier than the latter half of the forteenth century A. D., so for as I can see"–એ પ્રમાણે તેના રચનાકાળ સંબંધી લગભગ સત્ય નિર્ણય ઉપર નરસિંહરાવભાઈ સ્વતંત્રપણે આવી ગયા છે.

પ્રસિદ્ધ કવિ લાવણ્યસમયના ગુરુ સમયરત્નના ગુરુ હતા. પટ્ટાવલિઓ ઉપરથી જણાય છે કે તેમનો જન્મ સં. ૧૪૭૪માં થયો હતો, તથા તેમને સૂરિપદ સં. ૧૫૦૮માં અને ગચ્છનાયકપદ સં. ૧૫૧૭માં મળ્યું હતું. 'વિમલપ્રબન્ધ'ની પ્રશસ્તિમાં જણાવ્યા મુજબ, સં. ૧૫૨૧માં લક્ષ્મીસાગરસૂરિએ લાવણ્યસમયને દીક્ષા આપી હતી. તેમનું અવસાન સં. ૧૫૩૭માં થયાનું મનાય છે, પણ એ સાલ શંકાસ્પદ છે. ગમે તેમ, પણ 'વસ્તુપાલ–તેજપાલરાસ' એ તેમને સૂરિપદ મળ્યા પછીની એટલે કે સં. ૧૫૦૮ પછીની રચના છે એ ચોક્કસ. એ રાસ સં. ૧૫૧૨ પછી રચાયો હોય તો 'કાન્હડદે પ્રબન્ધ'થી આ તરફનો ગણાય. એની બીજી કડી નીચે પ્રમાણે છે–

> वस्तुपाल तेजिग तणउ अम्हे बोलिस रासो ।
> भरहषेत्र धुरि गूजरात अणहिलनिवासो ॥

૧૨. દેપાલકૃત 'જંબુસ્વામી પંચભવચરિત્ર' (સં. ૧૫૨૨)

ભોજક કવિ દેપાલે સં. ૧૫૨૨માં 'જંબુસ્વામી પંચભવચરિત્ર'[17] લખ્યું છે. તેની ૧૩૫મી કડી નીચે પ્રમાણે છે–

> गंगातटि जल ऊरेवीइ, गूजरात किम आंबा पीइ ।
> जीव मरीनइ चिहुगति भमइ, जे विस थाइ ते पुण मरइ ॥

'ત્રિભુવનદીપક'માંની આગળ ઉતારેલી પંક્તિઓ જ દેપાલે થોડાક પાઠાન્તર સાથે લીધી છે. અથવા કદાચ એમ પણ હોય કે આ પંક્તિઓ એક કહેવતના રૂપમાં પ્રચલિત બની ગઈ હોય, જેનો ઉપયોગ દેપાલે કર્યો હોય. જો એમ હોય તો તે 'ગુજરાત' શબ્દપ્રયોગની વ્યાપકતા સૂચવે છે.

ઉપસંહાર

આ પછીના સમયના સાહિત્યમાં 'ગુજરાત'નો પ્રયોગ તપાસવાની જરૂર મને લાગતી નથી,[18] કારણ કે વિક્રમના સોળમા શતકના પૂર્વાર્ધ સુધીનું સાહિત્ય પણ એ શબ્દપ્રયોગની વ્યાપકતા બતાવી આપે છે. બીજું, અહીં રજુ કરેલાં પ્રમાણો એ પણ

---

૧૭ મારા મિત્ર પં. અમૃતલાલ મોહનલાલ ભોજક પાસેની સં. ૧૫૬૦માં લખાયેલી હાથપ્રતનો મેં ઉપયોગ કર્યો છે. કાવ્ય હજી અપ્રસિદ્ધ છે. દેપાલ કવિ માટે જુઓ 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૧, પૃ. ૩૭–૪૨

૧૮ ઉપર્યુક્ત કવિ દેપાલની પછી થયેલા–અથવા સંભવતઃ એના સમકાલીન–માંડણ બંધારા કૃત 'પ્રબોધબત્રીશી'માં–

'જાણેશિ જાં તુ યમ કહિ ચડી, ગૂજરાત શેરી સાંકડી' (કડી ૫૨)

એ પ્રમાણે 'ગુજરાત'નો ઉલ્લેખ છે. 'પ્રબોધબત્રીશી'ના કર્તાની એક પ્રતિજ્ઞા તત્કાલીન કહેવતોનો સંગ્રહ કરવાની છે; પ્રસ્તુત સ્થળે 'ગૂજરાત શેરી સાંકડી'નો પ્રયોગ સ્પષ્ટ રૂપે કહેવત તરીકે જ થયો છે. જનસમાજના સર્વસામાન્ય ઉક્તિભંડોળમાં પ્રવેશ પામેલાં આવાં વાક્યો સામાન્યતઃ ઘણાં જૂનાં હોય છે, અને તેમની પાછળ ઘણીયે વાર પ્રજાજીવનના કંઈ કંઈ રહસ્યો છૂપાયેલાં હોય છે. પ્રસ્તુત ઉક્તિ ગુજરાતનાં જૂના શહેરોની રચના પરત્વે સુશ્લિષ્ટ સંક્ષેપમાં એક ઐતિહાસિક સત્ય રજુ કરે છે, એ ભાગ્યે જ કહેવું પડે તેમ છે. માંડણ વિક્રમના સોળમા સૈકામાં થઈ ગયો, એટલે તેણે પોતાના કાવ્યમાં વણી લીધેલો, તેના જ શબ્દોમાં કહીએ તો આ 'ઉખાણો' તેના સમય કરતાં સહેજે બે ત્રણ સૈકા જેટલો જૂનો હશે, એમ માનવામાં ઐતિહાસિક સત્યોની અવગણના નહીં થાય.

૩.૧.૧૪.

બતાવી આપશે કે, "આપણા પ્રાન્તનું 'ગુજરાત' એ નામ મુસ્લીમ રાજ્યકાળ પહેલાં સર્વસામાન્ય પ્રચારમાં નહોતું, અને એ નામનો પહેલો વિશ્વાસપાત્ર પ્રયોગ આપણા સાહિત્યમાં 'કાન્હડદે પ્રબન્ધ'માંથી મળે છે"– એ મત હવે સાધાર ગણી શકાય એમ નથી. વિક્રમના અગીઆરમા સૈકાનો લેખક અલ બિરુની 'ગુજરાત'નો ઉલ્લેખ કરે છે, એટલું જ નહીં પણ લાટદેશ અણહિલવાડની દક્ષિણે ૧૭૦ માઇલ દૂર આવેલો છે, એમ જણાવે છે; વિક્રમના તેરમા સૈકામાં રચાયેલા 'આબુરાસ'માં તથા સં. ૧૨૮૦ પૂર્વેના રાણકદેવીના લોકદૂહામાં પણ 'ગુજરાત'નો પ્રયોગ છે; વિક્રમના ચૌદમા સૈકાના પૂર્વાર્ધમાં રચાયેલ 'પ્રભાવકચરિત'માં ઉદ્ધૃત થયેલા અપભ્રંશ દૂહામાં પણ 'ગુજરાત'નો પ્રયોગ છે તથા એ જ સમયનો ઇટાલિયન મુસાફર માર્કો પોલો પોતાના પ્રવાસવર્ણનમાં 'ગુજરાત'ની નોંધ લે છે. આ ચારે ઉલ્લેખો મુસ્લીમ રાજ્યકાળ પૂર્વેના છે; 'સમરા રાસ' તથા 'જિનકુશલસૂરિ–પટ્ટાભિષેક રાસ'માં મળેલા 'ગુજરાત'ના ઉલ્લેખો મુસ્લીમ રાજ્યકાળ પછી તુરતના જ છે. અલ બિરુની અને માર્કો પોલો જેવા પરદેશીઓએ તો તે કાળની જીવતી ભાષામાંનો પ્રચલિત પ્રયોગ જ સાંભળીને નોંધ્યો હોવો જોઈએ. પરદેશીઓની નોંધમાં તેમ જ તત્કાલીન દેશભાષાના શિષ્ટસાહિત્ય તેમ જ લોકસાહિત્યમાં પણ 'ગુજરાત' શબ્દનો પ્રયોગ છે. એમાં સૌથી પહેલો અલ બિરુનીનો ઉલ્લેખ ધ્યાનમાં લેતાં, આપણા પ્રાન્ત માટે–ખાસ કરીને ઉત્તર અને મધ્ય ગુજરાત માટે 'ગુજરાત' એ નામ વિક્રમના અગીઆરમા શતકમાં મૂળરાજ સોલંકીના રાજ્યકાળ દરમ્યાન પ્રચારમાં આવ્યું હોવું જોઈએ.[૧૯] સંસ્કૃત–પ્રાકૃત

---

૧૯ અહીં એક આનુષંગિક પ્રશ્ન ઊભો થાય છે–આ પ્રાન્તની ભાષાને 'ગુજરાતી' નામ ક્યારે મળ્યું? ઇસવી સનની અઢારમી સદીની અધવચમાં આપણી ભાષાને આ નામ મળ્યું એમ શ્રી. નરસિંહરાવ માને છે. અલબત, તેમણે બતાવ્યું છે તે પ્રમાણે, વિક્રમના અઢારમા સૈકાના ઉત્તરાર્ધમાં લખાયેલા પ્રેમાનંદના 'નાગદમણ'માં અને ઈ. સ. ૧૭૩૧ (સં. ૧૭૮૭)માં લા ક્રોઝે નામે જર્મનની નોંધપોથીમાં આપણી ભાષા માટે 'ગુજરાતી' નામ પહેલી વાર વપરાયેલું મળે છે. પણ અગીઆરમા–બારમા સૈકામાં આ પ્રાન્તને માટે 'ગુજરાત' નામ પ્રચારમાં આવ્યા પછી ભાષાને 'ગુજરાતી' નામ મળતાં બીજા પાંચ–છ સૈકા વીતી જાય એ શું શક્ય અને સ્વાભાવિક છે? પ્રેમાનંદ પૂર્વેના સાહિત્યમાંથી આપણી ભાષા માટે 'અપભ્રષ્ટ ગિરા' (નરસિંહ મહેતો), 'પ્રાકૃત' (પદ્મનાભ અને અખો), 'અપભ્રંશ' અને 'ગૂર્જર ભાષા' (ભાલણ) એવાં નામ અત્યાર સુધીમાં મળ્યાં છે, પણ તેથી શું પૂરવાર થઈ શકે કે જનસમાજમાં એ વખતે 'ગુજરાતી' નામ નહીં જ બોલાતું હોય? 'તવારિખે ફરિસ્તા' (ઈ. સ. ૧૬૧૦=સં. ૧૬૬૬) અને 'મિરાતે સિકંદરી' (ઈ. સ. ૧૬૧૧=સં. ૧૬૬૭) એ મુસ્લીમ તવારિખોના લેખકો અમદાવાદના સુલ્તાનોને 'અહમદશાહ ગુજરાતી' 'મહમ્મદશાહ ગુજરાતી' એવાં નામથી ઓળખાવે છે. બીજી રીતે પણ 'મિરાતે સિકંદરી'નો લેખક ગુજરાતવાસી લોકોને 'ગુજરાતી' નામ આપે છે. गूजरात सोरठीआं माणस झाल्यां बान अपार (૧–૧૭૯) એ 'કાન્હડદે પ્રબન્ધ' (ર. સં. ૧૫૧૨)ના ઉલ્લેખમાં गूजरातनो અર્થ 'ગુજરાતી'–ગુજરાતના વતની એવો છે, એ સ્પષ્ટ છે. મધુસૂદન વ્યાસકૃત 'હંસાવતી વિક્રમચરિત્ર વિવાહ' (ર. સં. ૧૬૦૬)ના त्रंबसेन गुजराति राय (કડી ૬૦૬) એ ઉલ્લેખમાં પણ गुजरातिनो પ્રયોગ વિશેષણ તરીકે થયો હોય એ અશક્ય નથી. વળી પુષ્ટિમાર્ગીય કવિ માહવદાસકૃત 'ગોકુલનાથજીનો વિવાહ' (ર. સં. ૧૬૨૪) એ કાવ્યમાં 'ગુજરાતી સાથ', 'દાઢો વલો ગુજરાતિનો', 'ગુજરાતિય લોક' એવા પ્રયોગ મળે છે (જુઓ ફાર્બસ સભાનાં હસ્તલિખિત પુસ્તકોની નામાવલિ, ભાગ ૨, પૃ. ૨૫૯). મુનિ શ્રીજશવિજયજી પાસે કૃષ્ણજીવનને લગતા કોઈ જૈન રાસાની એક તૂટક હાથપ્રતનાં માત્ર ૮ થી ૧૧ સુધીનાં ચાર પાનાં છે. આદિ–અંત મળતાં નથી એટલે

સાહિત્ય, શિલાલેખો અને તામ્રપત્રો જેવાં વિદ્વન્માન્ય લખાણોમાં એનાં 'ગૂર્જરાત્રા', 'ગૂર્જરત્રા', 'ગુજ્જરત્તા' કે 'ગુર્જરાઠ' જેવાં સંસ્કારેલાં કૃત્રિમ રૂપોને સ્થાન મળે એ સમજી શકાય એવું છે.[20]

*

કર્તાનું કે કૃતિનું નામ તથા રચ્યાસંવત જાણી શકાતાં નથી. પણ ભાષા અને લિપિ ઉપરથી પ્રત વિક્રમના સત્તરમા સૈકામાં લખાયેલી લાગે છે. આ રાસાના ૧૧મા પાના ઉપર ૧૧મી ઢાળના આરંભમાં **"ઢાલ ૧૧મી ગૂજરાતી ફૂલડાંની"** એ પ્રમાણે દેશીના ઢાળનો નિર્દેશ છે. હવે, 'હરિયાલી' (ટૂંકા પદોમાં વિનોદાત્મક અવળવાણી દ્વારા ગૂઢ આધ્યાત્મિક અર્થોનો નિર્દેશ કરતો એક જૂનો કાવ્યપ્રકાર)ને 'ફૂલડાં' નામથી ઓળખવામાં આવે છે, અને તે જ અર્થ જો અહીં ઉદ્દિષ્ટ હોય તો 'ગુજરાતી ફૂલડાં'માં 'ગુજરાતી' એ ભાષાનું જ નામ ગણાય, અને એ રીતે પ્રેમાનંદ પૂર્વેનો આ 'ગુજરાતી' ભાષાનો ઉલ્લેખ ગણાય. આ ઉલ્લેખને ઘડીભર બાજુએ રાખીએ તો પણ જો આ પ્રાન્તના વતનીઓ, ઉપર જણાવ્યા પ્રમાણે, 'ગુજરાતી' કહેવાતા હોય તો તેમની ભાષા પણ એ નામે ઓળખાય એ અશક્ય નથી; અને ઉપરનાં પ્રમાણો ધ્યાનમાં લેતાં પ્રેમાનંદની પહેલાં લોકબોલીમાં પણ ભાષા માટે 'ગુજરાતી' નામ નહીં જ વપરાતું હોય એમ માનવું વધારે પડતું છે. અલબત, આ દિશામાં વિશેષ સંશોધનની જરૂર છે.

૨૦ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ (૧૯૪૨-૪૩) માટે તૈયાર કરેલો નિબંધ.

महाकवि दण्डीना समयनो हिंदुसमाज

*

लेखक—श्रीयुत चंद्रमणिशंकर जेठालाल पंडित.

સંસ્કૃત ગ્રંથોની ઉપયોગિતા.

'દશકુમારચરિત' કવિ દણ્ડીનું સંસ્કૃત ભાષામાં રચેલું દશકુમારોના ચરિત્રનું રોમાંચક ગદ્યકાવ્ય છે. કર્તાએ તેમાં જે વિવિધ પ્રકારનાં વર્ણનો આપ્યાં છે તેનાથી તેના સમયની સામાજિક સ્થિતિ અને હિંદુ સંસ્કૃતિપર સારો પ્રકાશ પડે છે. આપણા પ્રાચીન હિંદુ ગ્રંથોની એ ખાસ વિશિષ્ટતા છે કે તેઓ સમાજ અને સંસ્કૃતિનો સાચો અને સારો ઇતિહાસ પૂરો પાડે છે. આપણા સંસ્કૃત સાહિત્યના વિદ્વાન અભ્યાસી અને પ્રખર ચિંતક સ્વ. રમેશચંદ્ર દત્ત એમના "Civilization in Ancient India" નામના ગ્રંથમાં આ વસ્તુ બહુ સારી રીતે સમજાવે છે. તેઓ કહે છે કે પ્રાચીન ઇજીપ્ત, આસિરિયા, બાબીલોન, ચીન આદિ પ્રજાના ચિત્રલિપિ અને સાંકેતિક ચિત્રોના લેખો તે તે પ્રજાઓના રાજાઓ, રાજવંશો, યુદ્ધો, વગેરેની ઐતિહાસિક બીનાઓ આપે છે પણ માનવ પ્રગતિ અને સંસ્કૃતિ વિષે તે મૌન સેવે છે, જ્યારે આપણા પ્રાચીન હિંદુ ગ્રંથો ઐતિહાસિક વસ્તુ અને તેનાં વર્ણનોથી વિમુખ હોવા છતાં હિંદુ સંસ્કૃતિની પ્રગતિ અને મનુષ્યની વિચારસરણીની વૃદ્ધિ વિષે સંપૂર્ણ, સંયુક્ત અને સત્ય હેવાલ રજુ કરે છે. વાસ્તવિક રીતે કહીએ તો સંસ્કૃત ગ્રંથો જે જે કાળમાં તે લખાએલા હોય છે તે તે કાળની સામાજિક સ્થિતિની આરસીનું કામ કરે છે. "The literature of each period is a perfect picture—a photograph if we may call it—of the Hindu civilization of that period......" "પ્રત્યેક કાળનું સાહિત્ય તે કાળની હિંદુ સંસ્કૃતિનું સંપૂર્ણ ચિત્ર—બલ્કે તેનો ફોટોગ્રાફ છે..." એ એમનું કથન સંસ્કૃત ગ્રંથોની સત્ય સ્થિતિ રજુ કરતું હોઈ આ પુસ્તકને પણ લાગુ પડે છે, તેથી તે દૃષ્ટિએ જોતાં આ પુસ્તક ઉપયોગી અને રસપ્રદ હોઈ એમાંથી આપણને ઘણું જાણવાનું મળે છે.

વૈદિકધર્મનું સ્થાન પૌરાણિક ધર્મે લીધું હતું.

કવિ દણ્ડીના કાળમાં, એટલે ઇસવી સન છઠ્ઠા અને સાતમા સૈકાના આરંભમાં, કે જે કાળને અત્યાર સુધીના ઉપલબ્ધ પ્રમાણાનુસાર એના કાળ તરીકે નક્કી કરવામાં આવ્યો છે તે સમયે અને તે પહેલાં, હિંદુ ધર્મપર બૌદ્ધ ધર્મની અસર પૂરેપૂરી થઈ ચૂકી હતી. બૌદ્ધ ધર્મની ત્રિપુટી—બુદ્ધ, ધર્મ અને સંઘ—નું સ્થાન હિંદુ ત્રિમૂર્તિ બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રે લીધું હતું. બૌદ્ધ ધર્મના પહેલાના કાળમાં જે વૈદિક ધર્મ પ્રચલિત હતો તેને સ્થાને પૌરાણિક ધર્મ સ્થપાઈ ચૂક્યો હતો. બૌદ્ધ ધર્મની અસર તરીકે મૂર્તિપૂજા, દેવમંદિરો અને યાત્રાનાં સ્થળો અસ્તિત્વમાં આવ્યાં હતાં. વળી, દણ્ડી પહેલાના એટલે ચંદ્રગુપ્તના અને અશોકના કાળમાં, તથા ત્યાર પછીના એટલે કદાચ,

લગભગ એના સમકાલીન શ્રીહર્ષના કાળમાં જે આદર્શરૂપ સમાજનાં વર્ણનો પરદેશી પ્રવાસીઓએ કરેલાં છે તેનું તે સમયે કેટલેક અંશે નૈતિક અધઃપતન થઈ ગયું જણાય છે. દેશની સમૃદ્ધિ કેટલી વિપુલ હતી તેનું ગ્રંથના આરંભમાં પુષ્પપુરી નગરીનું વર્ણન સારૂં દૃષ્ટાંત આપે છે, વળી, રાજાઓની અને શ્રેષ્ઠીજનોની સમૃદ્ધિનાં વર્ણનો પણ સ્થળે સ્થળે આવે છે, તેમ જ નગરોમાં ધનાઢ્ય લોકો મોટી સંખ્યામાં વસતા હોવાનો નિર્દેશ કરવામાં આવેલો છે. સામાન્ય જનસમાજ એકંદરે સુખી અને પ્રવૃત્તિમય જણાય છે અને તે ચાતુર્વર્ણ્યમાં વિભક્ત થયેલો છે. આદિમવાસી તરીકે કિરાત, શબર, ભિલ્લ, પુલિંદ વગેરે જાતિઓનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. હિંદ અનેક સબળ રાજ્યોમાં વિભક્ત થયેલો છે અને તેમાં મગધરાજ રાજહંસ પ્રભાવશાળી અને બળવાન હોઈ એના રાજકુમાર—આ વાર્તાના નાયક—રાજવાહનને દિગ્વિજય કરવા મોકલી સાર્વભૌમપદ પ્રાપ્ત કરવા તેના દ્વારા બીજાઓ સાથે યુદ્ધ કરે છે, અને તે રાજકુમાર અનેક મિત્ર રાજકુમારોની સહાયથી સાહસકર્મો કરીને તે રાજાઓપર વિજય મેળવે છે. સાર્વભૌમત્વ પ્રાપ્ત થયા પછી રાજહંસ વાનપ્રસ્થાશ્રમ સ્વીકારી અરણ્યવાસ કરે છે અને તેના કુમાર રાજવાહનને રાજગાદી સુપરત થયાથી તે ચક્રવર્તી રાજા થાય છે. રાજકુમાર રાજવાહન અને તેના સહાયક કુમારોનાં સાહસોનું '**દશકુમારચરિત**'માં વર્ણન છે.

કવિ દાક્ષિણાત્ય હતો.

'**દશકુમારચરિત**'માં શાસનકર્તા અને સામાન્ય જનનું ચિત્ર ઠીક દોરવામાં આવ્યું છે, અને તે પ્રમાણસર અને યથાયોગ્ય છે. 'દશકુમાર'નો લેખક કવિ દાક્ષિણાત્ય હતો એમ જણાય છે. આ ગ્રંથમાં એણે કૂકડાઓની લડાઈનું જે રસુજી અને આબેહુબ વર્ણન આપ્યું છે તે એ વાતનું સમર્થન કરે છે. તદુપરાંત કાવેરી તીર્થપ્રદેશનાં સ્થળો, કલિંગ અને આંધ્ર દેશનો નિર્દેશ તથા ગોમિનીની વાર્તામાં ગૃહવધૂની કરકસરનું જે ઉત્તમ વર્ણન કવિ આપે છે તે પૂરેપૂરૂં હાલના સમય સુધીયે દક્ષિણ હિંદને લાગુ પડતું હોઈ કવિ તે પ્રદેશનો રહેવાશી હતો એ માન્યતાને પુષ્ટિ આપે છે. પછીથી કવિએ ઉત્તરના પ્રદેશોમાં ભ્રમણ કરી ત્યાં કોઈ સ્થળે વાસ કર્યો હોય એ બનવા જોગ છે. કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'નો અને વાત્સ્યાયનના 'કામસૂત્ર'નો કવિએ ઉત્તમ અભ્યાસ કરેલો જણાય છે.

હિંદુધર્મ પર બૌદ્ધધર્મની અસર.

આપણે અગાઉ જણાવી ગયા તે પ્રમાણે બૌદ્ધ ધર્મની અસરથી મૂર્તિપૂજા પ્રચલિત થઈ ચૂકી હતી. બ્રહ્મા, વિષ્ણુ અને શિવે ઇષ્ટ દેવતાઓનું સ્થાન લીધું હતું અને તેમની મૂર્તિઓનું પૂજન થતું હતું. ઉજ્જયિનીના મહાકાળેશ્વર અને વિંધ્યવાસિની દેવીનો મહિમા મોટો ગણાતો હતો. દેવદેવીઓ ભક્તોને સ્વપ્નમાં દર્શન દઈ ઇષ્ટફલપ્રાપ્તિનો માર્ગ બતાવતા હતા; અને ઇષ્ટપ્રાપ્તિને અર્થે તેમની તુષ્ટિ કરવામાં આવતી હતી. નર-નારાયણના અર્ચનથી મગધરાજ રાજહંસને પુત્રપ્રાપ્તિ થાય છે અને માલવપતિ માનસાર રાજહંસપર વિજય મેળવવા તપથી મહાદેવજીને પ્રસન્ન કરી શત્રુમર્દનનો વર

મેળવે છે, અને તદર્થે આયુધ તરીકે પ્રચંડ શત્રુસંહારિણી ગદા પ્રાપ્ત કરે છે. સુહ્મપતિ તુંગધન્વા વિંધ્યવાસિનીની પૂજા કરી સંતતિ મેળવે છે. આમ આખા ગ્રંથમાં સ્થળે સ્થળે દેવોની પૂજાઓ, અર્ચનાઓ, યાત્રાઓ તથા ઉત્સવોનો નિર્દેશ કરેલો જોવામાં આવે છે. શ્રાવસ્તીમાં શંકરોત્સવ ઉજવાય છે અને તેમાં શંકરપત્ની ગિરિસુતા અંબિકાદેવી વિરાજમાન છે. વળી, ફાગણ મહિનામાં અંત:પુરની સ્ત્રીઓ તીર્થયાત્રોત્સવ ઉજવે છે ત્યારે તીર્થસ્થળે ગંગાજળમાં સ્ત્રીઓ જળવિહાર કરે છે. વસન્તસમયે માનસારની કુંવરી અવન્તિસુંદરી નગરની સીમાએ આવેલા ઉદ્યાનમાં સખીઓ સાથે આવી વસન્તોત્સવ ઉજવે છે અને કામદેવની પ્રતિમાનું પૂજન કરે છે. ચંપાનગરીનો રાજા સેંકડો રમણીઓથી વીંટળાઈ ઉપવનમાં પ્રકટ રીતે પૂરવાસીઓની હાજરીમાં કામોત્સવ ઉજવે છે, અને તે ઉત્સવ વિષે નગરવાસીઓને ઘોષણાથી ખબર આપવામાં આવેલી હોય છે. વળી, સુહ્મદેશના રાજા તુંગધન્વાની પુત્રી કંદુકાવતી એના પિતાને વિંધ્યદેવીના વરદાનથી પુત્ર અને પુત્રી મળેલાં હોઈ દેવીના આદેશાનુસાર નગરજનોની સમક્ષ અસાધારણ ચાતુર્ય અને ચાપલ્ય દર્શાવી દડો ઉછાળવાની રમત રમે છે, કે જે પ્રસંગનો કવિએ કંદુકોત્સવ નામથી ઉલ્લેખ કરી તેને બહુ જ રસિકતાથી વર્ણવ્યો છે. રાજા રાજહંસ રાણી વસુમતીનો સીમન્તોત્સવ પોતાના મિત્રો અને રાજાઓને બોલાવી અતિ ઉત્સાહ સાથે ભવ્ય રીતે ઉજવે છે.

બ્રાહ્મણો માનપ્રદ બન્યા છે.

વૈદિક કાળમાં વિશિષ્ટ જાતિપદને નહિ પામેલા અને કોઈ વિશિષ્ટ અધિકારને પ્રાપ્ત નહિ કરી શકેલા બ્રાહ્મણો આ કાળમાં સમાજમાં બહુ માનને પાત્ર બન્યા છે. તેમની ગણના શ્રેષ્ઠ કોટિમાં થવા માંડી છે, અને તેમને ભૂદેવ, મહીસૂર, ધરણીસૂર વગેરે માનયુક્ત શબ્દોથી ઓળખવામાં આવે છે. રાજાઓ યજ્ઞોમાં દક્ષિણાથી તેમનું સન્માન કરે છે, અને તેમના ગુજરાન માટે ક્ષેત્રાદિ (અગ્રહાર)નું દાન આપે છે. અથર્વવેદના બ્રાહ્મણોને ખાસ પુરોહિતના પદે નિયોજવામાં આવતા, કેમકે તેઓ મંત્રતંત્રના જાણકાર રહેતા. બ્રાહ્મણ છતાં નિંદવાલાયક આચરણ અને ચારિત્રવાળા, અને બ્રાહ્મણોના ધર્મ નહિ પાળતા હોઈ પોતાને નામના બ્રાહ્મણ કહેવડાવનારા બહુ તિરસ્કારપાત્ર ગણાતા. દક્ષિણાથી રાચનાર બ્રાહ્મણો પર સખ્ત કટાક્ષ કરવામાં આવ્યો છે. એક સ્થળે રાજાને પુરોહિત પાસે કવિ કહેવડાવે છે, "હમણાંનાં ખોટાં સ્વપ્નાં દેખા દે છે, ગ્રહ બહુ કઠણ છે, શકુન અશુભ છે, શાંતિ કરવી જોઈએ. બધાં હોમનાં સાધનો સુવર્ણનાં બનાવેલાં હોવા જોઈએ. આમ કરવાથી કર્મ ફળદાયી બને છે. વળી, આ બ્રાહ્મણો બ્રહ્મ જેવા છે. એમની કરેલી શુભ વિધિઓ બહુ કલ્યાણકારી નીવડે છે. વળી, તેઓ કષ્ટદાયક રીતે દરિદ્રી, ઘણાં બાળકોવાળા, અહર્નિશ પૂજાપાઠ કરનારા, તેજસ્વી અને હજી સુધી તમારી પાસેથી દક્ષિણા નહિ પામેલા છે. એમને આપેલું દાન સ્વર્ગીય આયુષ્ય આપનાર અને અરિષ્ટનો નાશ કરનાર નીવડે છે." આ દક્ષિણામાં પુરોહિતનો બહુ મોટો ભાગ હોય છે એ ભાગ્યે જ કહેવાની જરૂર હોય. પૂજવાયોગ્ય બ્રાહ્મણકુમારને સકલ વિદ્યામાં પ્રવીણ, દેવતાને પ્રત્યક્ષ કરાવનાર, યુદ્ધમાં નિપુણ અને મણિ,મંત્ર તથા ઔષધિઓના જાણકાર તરીકે વર્ણવવામાં આવે છે.

રાજાઓ પ્રજાની સંભાળ રાખતા.

રાજાઓનો પ્રજા પ્રત્યેનો ધર્મ તેમનાં દુઃખ જાણી તેનું શમન કરવામાં તથા અપરાધીને શિક્ષા કરવામાં રહેલો છે. તેઓ ધર્માસનપર બેસી ન્યાય આપતા અને પ્રજાજનો પોતાનાં દુઃખના નિવારણાર્થે રાજાને મળી શકતા. પાંચાલશર્મા પોતાની કહેવાતી પુત્રીનું શીળ સચવાવવા તેને ન્યાસ તરીકે સોંપવા ધર્માસનપર બેઠેલા ધર્મવર્ધન રાજા પાસે જાય છે. ધનમિત્ર પોતાની ખોવાએલી રત્નથેલીની ફરિયાદ કરવા અંગે રાજા પાસે બે વખત જાય છે. રાગમંજરી ગણિકાની ભગિની કામમંજરી અને માતા માધવસેના રાગમંજરી ગણિકાધર્મ પાળવા ના કહેતી હોવાથી તત્સંબંધમાં સ્વદુઃખ નિવેદનાર્થે અને તેના નિવારણાર્થે રાજાને મળે છે.

રાજાઓ અશ્વ, ગજ, રથ અને પદાતિની ચતુરંગ સેના રાખતા અને જાતે યુદ્ધમાં ચઢતા. યુદ્ધનાં આયુધો તરીકે, કવચ, ચાપ, બાણુ, ભાલા, ચક્ર, લોહદંડ, બે ધારી તલવાર, બરછી અને ગદાનો ઉપયોગ કરતા. રાજાનું મૂળ સૈન્ય અર્થાત્ વંશપરાગત સૈન્ય, બહુ વિશ્વાસપાત્ર ગણાતું, અને રાજા પાસે પૂરતું બળ ન હોય તો તેઓ કિલ્લામાં રહીને લડતા, એટલે આક્રમણકાર તરફથી તેમના સામે પારિ(પાર)ગ્રામિક (ઘેરા ઘાલવાની) વિધિનો ઉપયોગ થતો. જુદા જુદા પ્રદેશના રાજાઓ વારંવાર એકમેકની સાથે યુદ્ધો કરતા, અને તે યુદ્ધો મુખ્યત્વે કરીને સાર્વભૌમત્વ પ્રાપ્ત કરવા માટે, અથવા તો લગ્ન માટે રાજકુમારીની માગણી કરવામાં આવતાં તે નકારવામાં આવ્યાથી તેને જોરજૂલમથી મેળવવા માટે રાજકુમારીના પિતાના રાજ્યપર આક્રમણરૂપે, અથવા સામાનું રાજ્ય પડાવી લેવા માટે લડવામાં આવતાં. મગધપતિ રાજહંસ માલવપતિ માનસારપર પોતાનું સ્વામિત્વ સ્થાપવા હુમલો કરે છે, અને લાટપતિ મત્તકાળ પાટલીપુરના રાજા વીરકેતુની પુત્રી માટે, તેમ જ ઉત્કલ નૃપતિ ચંડવર્મા ચંપાપતિ સિંહવર્માની પુત્રી અંબાલિકાના હસ્ત અર્થે તેમના પિતાનાં રાજ્યોપર આક્રમણ કરે છે. વળી, મિથિલાપતિ પ્રહારવર્મા એની રાણી પ્રિયંવદા સાથે રાજહંસની રાણી વસુમતીના સીમન્તોત્સવનો આનંદ માણવા ગયો હતો તે સમયે તેના ભત્રીજા વિકટવર્માએ તેનું રાજ્ય પચાવી પાડ્યું અને તેના પરિણામે તે બે જણુ વચ્ચે જે યુદ્ધ થયું તેમાં પ્રહારવર્મા બંદીવાન થયો. પછી એનો કુમાર ઉપહારવર્મા કપટયુક્તિથી વિકટવર્માને મારીને પિતાનું રાજ્ય પાછું મેળવે છે. આંધ્રદેશનો રાજા નૌકાઓમાં આણેલા સૈન્યથી વસન્તનો આનંદ માણવા ગએલા કલિંગપતિ કર્દમને કેદ કરે છે અને એની પુત્રી કનકલેખાને પરણવા ઇચ્છા રાખે છે. કુમાર મંત્રગુપ્ત કપટયુક્તિથી જયસિંહનો સંહાર કરે છે અને કલિંગપતિનું રાજ્ય પાછું મેળવી આપી એની કુંવરી સાથે પરણે છે. અશ્મકેન્દ્ર વસંતભાનુ વિદર્ભપતિ અનન્તવર્માપર ચઢાઈ કરે છે, અને વનવાસીના રાજા ભાનુવર્માને ઉશ્કેરી તેની સામે લડાવે છે, અને તેનો સંહાર કરાવી તેનું રાજ્ય જીતી લે છે. કુમાર વિશ્રુત યુક્તિપ્રયુક્તિથી માહિષ્મતીના રાજા મિત્રવર્માનું અને ઉત્કલ નૃપતિ ચંડવર્માનું એમ બન્નેનાં રાજ્ય જીતી લે છે, તથા અનંતવર્માની પુત્રી મંજુવાદિનીને પરણી, એના પુત્ર ભાસ્કરવર્માને તેના પિતાનું વિદર્ભનું રાજ્ય વસંતભાનુનો પરાજય કરી પુનઃ સંપાદન કરી આપે છે.

રાજાઓને નીતિશાસ્ત્ર શીખવું પડતું.

રાજાઓને રાજનીતિમાં નિપુણતા પ્રાપ્ત કરવી પડતી અને એને માટે કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'નો અભ્યાસ આવશ્યક ગણાતો. તેના અભ્યાસથી રાજનીતિદક્ષ રાજાઓ કેવી રીતે પોતાના કાર્યમાં સફળતા મેળવતા, અને વિરોધીઓને પરાજય આપતા તેનો ચિતાર આ ગ્રંથના છેલ્લા ઉચ્છ્વાસમાં સરસ રીતે આપવામાં આવ્યો છે. રાજનીતિને અનુસરનારા રાજાઓને અહોરાત્ર પ્રવૃત્તિમય જીવન ગાળવું પડતું. સારા રાજા તરીકે પુણ્યવર્માને ધાર્મિક, પ્રતાપી, સત્યવાદી, ઉદાર, નમ્ર, પ્રજાને શિક્ષા આપનાર, નોકરવર્ગને સંતુષ્ટ રાખનાર, કીર્તિમાન, બુદ્ધિમાન, રૂપગુણસંપન્ન, પુરુષાર્થી, શાસ્ત્રની આજ્ઞાનુસાર વર્તનાર, વિદ્વાનોને આશ્રય આપનાર, કૃતજ્ઞ, ગુણવાન, વિદ્વાન, ગુણગ્રાહી, રાજ્યના કોશાદિપર સ્વયં દેખરેખ રાખનાર, શૂરવીર, શત્રુઓનો તિરસ્કાર કરનાર, પ્રજાની સર્વ આપત્તિઓનું નિવારણ કરનાર અને મનુના ધોરણે ચાતુર્વર્ણ્યનું પાલન કરનાર તરીકે વર્ણવવામાં આવ્યો છે. રાજા તેના અમાત્યો, સેનાપતિઓ, પુરોહિતો, દૂતો વગેરેની સલાહ અને સહાયથી પોતાનું રાજ્યતંત્ર ચલાવતો. સારા રાજાઓ ગૃહસ્થાશ્રમની અવધિએ પહોંચ્યેથી વાનપ્રસ્થાશ્રમનો અંગીકાર કરતા.

રાજ્યના સલાહકારો અને પાંચમી કતાર.

અર્થશાસ્ત્રાનુસાર રાજાનો નિત્યનો વ્યવસાય નીચે પ્રમાણે નક્કી કરવામાં આવ્યો હતો.

દિવસે:–(૧) (પ્રથમ ચોઘડીયે) આવક જાવકનો હિસાબ, (૨) ન્યાય કર્મ, (૩) સ્નાન અને ભોજન, (૪) સુવર્ણપરિગ્રહણ કિંવા ભેટોનો સ્વીકાર, (૫) મંત્રીઓ સાથે રાજકાજની મસલત, (૬) આરામ, (૭) ચતુરંગ સેનાનું નિરીક્ષણ, (૮) સેનાપતિ સાથે વિગ્રહ વિષે ચિંતા.

રાત્રિએ:–(૧) રાજ્યદૂત અને ગુપ્તચરો સાથે મંત્રણા, (૨) અભ્યાસ, (૩), (૪), (૫) નિદ્રા, (૬) શાસ્ત્રોક્ત કાર્યો, (૭) મંત્રીમંત્રણા અને દૂતપ્રેષણ, (૮) પુરોહિતોને અને બ્રાહ્મણોને દાન.

રાજાઓને સારા તેમ જ નઠારા સલાહકારો મળતા. ખરાબ સલાહકારો અવળી શિખામણ આપી રાજાઓને મૃગયા, દ્યૂત, મદિરા અને સ્ત્રીઓના છંદમાં નાખી ખરાબ કરતા. દિવસના આઠ પહોર કામમાં રચ્યો પચ્યો રહેનાર એક વેતરા જેવો રાજા કામમાંથી એક ક્ષણ પણ નવરો પડી આરામ લઈ શકતો નથી એમ કહી તેને કામમાં પ્રેરનાર રાજનીતિની હાંસી કરતા. વળી, તેઓ રાજાના મિત્રો વચ્ચે ભેદ પડાવવાનો, નવા શત્રુઓ ઊભા કરાવવાનો અને દગા ફટકાથી સામાવાળાને મળી જઈ લશ્કરનો સંહાર કરાવવાના ઉપાયો અજમાવતા, જેવા કે અશ્મક નૃપતિ વસંતભાનુના અમાત્યનો પુત્ર ચંદ્રપાલિત પોતાના પિતાએ તેને કાઢી મૂકયો છે એવા ખોટા બહાના નીચે સામાવાળા ભોજપતિ અનન્તવર્માના રાજ્યમાં જઈ તે રાજાના નઠારા સલાહકાર વિહારભદ્રને પોતાના પક્ષમાં મેળવી લઈ રાજાને ખરાબ રસ્તે ચઢાવે છે. પછી તે અત્યારે પાંચમી કતારના નામથી પ્રસિદ્ધ થએલી જાસુસોની ટોળીના જેવા ઉપાયો થકી અનન્તવર્માના લશ્કરનો નાશ કરે છે. તે ઉપાયો આ પ્રમાણે છે:–

(૧) આનંદદાયક મૃગયાનાં પ્રલોભનોથી બંધ માર્ગોવાળા અરણ્યોમાં સામાવાળા-ઓને પ્રવેશ કરાવી દ્વારપર અગ્નિ ચેતાવી બાળી નાખવા; (૨) વાઘના શિકારની લાલચ આપી તેમની પાસે તેઓનો જીવ લેવડાવવો; (૩) સારા મીઠા કુવાઓની આશાએ દૂર નિર્જન અને નિર્જળ પ્રદેશોમાં લઈ જઈ ભૂખ ને તરસથી જીવ લેવડાવવો; (૪) પાંદડાં, ડાળીઓ વગેરેથી ઢંકાએલા ખાડાવાળા માર્ગે લઈ જઈ તેમાં પાડી નાખવા; (૫) વિષ-મય સોયોથી પગના કાંટા કઢાવી કાસળ કઢાવવું; (૬) જુદે જુદે સ્થળે ફેરવી પોતાના નોકરોથી છૂટા પાડી વધ કરાવવો; (૭) હરણનાં શરીર ચૂક્યાં હોય એવો દેખાવ કરી તે જ બાણોવડે સંહાર કરાવવો; (૮) શરતના બહાને દુર્ગમ પર્વતોપર ચઢાવી નીચે ફેંકી દેવડાવવા; (૯) જંગલી મનુષ્યોના વેશમાં આવી સંહાર કરવો; (૧૦) પાસાનું જૂગટું, પક્ષીયુદ્ધ, મેળાઓ વગેરે જાહેર દૃશ્ય સ્થળોમાં ટોળાઓમાં બળથી પેસાડી મારામારી કરી જીવ લેવડાવવો; (૧૧) ખાનગીમાં નુકસાન કરાવી સાક્ષીઓ દ્વારા તેને પ્રસિદ્ધ કરાવી અપકીર્તિમાંથી બચવા ગુપ્તપણે નસાડી મૂકી મરાવી નંખાવવા; (૧૨) પારકી સ્ત્રીઓ સાથે મેળાપ કરાવી તેમના પતિઓનો અને ઉપપતિઓનો સંહાર કરાવીને તેમને માથે પાડી શિક્ષા કરાવવી; (૧૩) સુંદર સ્ત્રીઓ દ્વારા સંકેત સ્થળે આણી છૂપાઈને ઓચિંતો હુમલો કરાવવો; (૧૪) દ્રવ્યનિધિ માટે ભૂમિ ખોદાવી અથવા મંત્રસાધના કરાવી તેને લીધે પડતી અડચણોના મિષે નાશ કરાવવો; (૧૫) ગાંડા હાથીપર બેસાડી અંકુશમાં ન રખાવી તેમનો વધ કરાવવો; (૧૬) તોફાની હાથી-ઓને એમનાપર છોડાવી મૂકી નાશ કરાવવો; (૧૭) વારસા માટે લડાવી મારી નંખાવી એનો દોષ સામા પક્ષપર ઢોળવો; (૧૮) વંઠેલા લોકોને મારી નાખી એમના મારનારા તરીકે એમને જાહેર કરાવી મરાવવા; (૧૯) વિષમય સ્ત્રીઓ સાથે રાતદિવસ સંભોગ કરાવી ક્ષયરોગ ઉત્પન્ન કરાવી નાશ કરાવવો; (૨૦) વસ્ત્રો, અલંકારો, માળાઓ અને ચંદનલેપાદિમાં ઝેર ભેળવી સંહાર કરાવવો; (૨૧) અને ચિકિત્સાના બહાને રોગ વધારી મૃત્યુવશ કરવા.

નઠારા રાજાઓ રૈયતપર અત્યાચાર કરતા અને તેમના ખરાબ સગાઓ પણ કવચિત્ રૈયતને રંજાડતા. વળી, સામાની ગુપ્ત વાતો જાણવા રાજાઓ જાસૂસોને કામે લગાડતા અને તેઓ યતિઓ અને જાદૂગરોના વેશમાં દુશ્મનના દેશોમાં ભ્રમણ કરી બાતમી લઈ આવતા. રાજાને પોતાનાપર કોઈ વિષપ્રયોગ ન કરે તેની ખાસ સંભાળ રાખવી પડતી. રાજાઓ મહેફિલો ભરતા અને તેમાં જાદુની રમતો, નજરબંધી તથા કસરતના ખેલો કરાવવામાં આવતા, જેવા કે પક્ષીઓના ધ્વનિનું અનુકરણ, હાથપર કૂદકા મારવા, પગ ઊંચા કરવા, જમીનપર હથેળી રાખી માથાને ગોળ ફેરવવું, એક પગ ઊંચો કરી બીજાને સંકુચિત કરવો, બાજુએ નૃત્ય કરવું, વૃશ્ચિકની જેમ ચાલવું, અથવા મગરની જેમ ફાળ ભરવી, તથા મત્સ્યની જેમ ધસી આવવું વગેરે.

માલવપતિના રાજમહેલમાં જાદૂગર વિદ્યેશ્વર જાદુના યાને નજરબંધીના ખેલોને માટે પ્રથમ અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરે છે. પોતાના પરિજનોથી બજાવાતાં અનેક વાદ્યોના અવાજો સાથે અને મત્ત કોકિલાના ધ્વનિસમ ગાયિકાઓના મધુર સંગીત સાથે તેના ખેલ શરૂ થાય છે. જાદૂગર મોરપિચ્છને ગોળ ફેરવતો પોતાના સાથીઓને ગોળ

ફેરવે છે, અને અર્ધમિલિત લોચન સાથે ક્ષણવાર ઊભો રહે છે. પછી તે પુષ્કળ અને તીવ્ર વિષ વમન કરતા, ફણાથી અલંકૃત થએલા તથા સર્વ દિશાઓમાં રત્નોથી પ્રકાશ ફેલાવતા સર્પો દેખાડે છે. વળી, અભિનયદ્વારા દૈત્યપતિ હિરણ્યકશિપુનો નાશ થતો બતાવવામાં આવે છે. છેવટે તે રાજકુમાર રાજવાહનનો કુમારી અવંતિસુંદરી સાથે સાચો પણ રાજાને મન કૃત્રિમ હસ્તમેળાપ કરી બતાવે છે. વિશેષમાં, આવી મહેફિલોમાં ગવૈયાઓ અને ચારણોના જલસા થતા અને નર્તિકાઓનાં નૃત્યો કરાવવામાં આવતાં.

રાજકુમારોને સર્વ શાસ્ત્રો અને કળાઓ શીખવી પડતી.

ભવિષ્યમાં રાજા થવા નિર્માણ થએલા રાજકુમારોને વિવિધ પ્રકારની વિદ્યાઓ શીખી તેમાં પ્રવીણતા મેળવવી પડતી, અને તે શીખ્યા પછી દિગ્વિજય અર્થે પ્રયાણ કરવું પડતું. વળી, તેમને જન્મસંસ્કાર, તથા ચૌલ, ઉપનયન આદિ સંસ્કારો યથાકાળે યથાવિધિ આપવામાં આવતા, તેમ જ તેઓ સંધ્યા, આચમન, સૂર્યપૂજા, દેવાર્ચન વગેરે નિત્ય કર્મો કરતા. તેઓ મોટે ભાગે ગાંધર્વ વિધિથી અને વૈદિક વિધિથી પરણતા, જો કે અનુલોમ અને પ્રતિલોમ લગ્નોનો વ્યવહાર ચાલુ હોય એમ જણાય છે. તેઓ સઘળી લિપિઓનું જ્ઞાન, જુદા જુદા દેશોની ભાષાઓમાં પાંડિત્ય, ષડંગ સહિત વેદોનું અધ્યયન, કાવ્યો, નાટકો, ઇતિહાસો, આખ્યાયિકાઓ, વાર્તાઓ, રમ્ય કથાઓ અને પુરાણોમાં નિપુણતા, ધર્મશાસ્ત્ર, વ્યાકરણ, જ્યોતિષશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, મીમાંસા અને રાજ્યનીતિમાં કૌશલ્ય, વીણાદિ વાદ્યોમાં દક્ષતા, સંગીત, સાહિત્ય અને ચિત્રકળામાં નૈપુણ્ય; મણિમંત્ર, ઔષધિ અને કપટપ્રબંધમાં પ્રવીણતા, હાથી વગેરે વાહનોની સવારીમાં ચપળતા, અને વિવિધ પ્રકારના શસ્ત્રોના ઉપયોગમાં દક્ષતા સંપાદન કરતા. વળી, ચૌર્ય, દ્યૂત વગેરે કપટકળાઓ પણ તેમને શીખવી પડતી. આ સઘળી વિદ્યાઓનું જ્ઞાન કુમારોને બહુ ઉપયોગી નીવડતું. દા. ત. વિપ્ર પાંચાલશર્મા કુમાર પ્રમતિને ધર્મવર્ધન રાજા પાસે ન્યાસ તરીકે મૂકેલી કહેવાતી કન્યાના વર, એક બ્રાહ્મણકુમાર તરીકે રાજા પાસે રજુ કરે છે ત્યારે તેણે આ સઘળી વિદ્યાઓમાં પ્રવીણતા મેળવેલી હોવાનું જણાવે છે, જે હકીકત વાસ્તવિક હોવા વિના તે જણાવી શકત નહિ. વળી, કુમાર મંત્રગુપ્ત યતિના વેશમાં આંધ્રદેશની રાજધાનીમાં કનકલેખાને આન્ધ્રપતિ જયસિંહ પાસેથી છોડાવવા જાય છે ત્યારે પોતાનામાં આસ્થા ઉપજાવવાને પોતે આ બધી વિદ્યાઓમાં નિષ્ણાત હોવાની વાત યથાર્થ રીતે નગરમાં બધે પ્રગટ કરાવે છે. ચૌર્ય, દ્યૂત વગેરે કપટકળાઓનો કેટલેક સ્થળે નિષેધ થએલો હોવા છતાં આ કુમારોને તેનું જ્ઞાન અપાએલું હોવાથી તેમને તે કળાઓનો ઉપયોગ કે દુરુપયોગ કરતા આપણે સ્થળે સ્થળે જોઈએ છીએ. કુમાર અપહારવર્મા ચંપા નગરીમાં રાગમંજરીને અને અંબાલિકાને મેળવવા માટે તથા પોતાના મિત્ર ધનમિત્રને મદદ કરવા માટે ચોરીનો, દ્યૂતનો તથા અન્ય કપટ કળાઓનો ઉપયોગ કરે છે, અને તે પોતાને એક અઠંગ ચોર અને દ્યૂતકાર તરીકે પૂરવાર કરે છે. કુમાર અપહારવર્મા પણ કલ્પસુંદરીની પ્રાપ્તિ અર્થે અનેક કપટકળાઓ અજમાવે છે અને રાજમહેલના અંતઃપુરમાં પ્રવેશ કરે છે. આમ જુદા જુદા

સમયે જુદા જુદા કુમારોને આ વિદ્યાઓ તેમની અર્થસિદ્ધિમાં ઉપયોગી બની બહુ ઉપકારક નીવડે છે.

મામાફોઈનાં બાળકોનાં લગ્ન થતાં.

રાજકુળમાં મામાફોઈનાં પુત્રપુત્રીઓનાં લગ્ન સામાન્ય હતાં એમ જણાય છે. દર્પસારની પુત્રી અવંતિસુંદરીને તેનો ભાણેજ ચંડવર્મા પરણવા ઇચ્છે છે, જો કે તે લગ્ન પાર પડતું નથી. રાણી કાંતિમતી દ્યૂતમાં પોતાના ભાઈ ચંડઘોષની પુત્રી મણિકર્ણિકાને પોતાના પુત્ર અર્થપાળ માટે જીતે છે, અને આખરે તેમનું લગ્ન થાય છે. વળી, કુમાર વિશ્રુત અને વિદર્ભની રાણી વસુંધરાનાં અનુક્રમે બાપના અને માતાના માતામહ એક થાય એટલે તે મામાફોઈનાં થયાં. વસુંધરાની પુત્રી મંજુવાદિનીને વિશ્રુત પરણે છે.

સ્ત્રીઓ લલિત કળાઓ શીખતી.

સ્ત્રીઓ લલિત કળાઓમાં પ્રવીણતા મેળવતી, અને રાજકન્યાઓ ચિત્ર, સંગીત, નૃત્ય આદિ કળાઓમાં નૈપુણ્ય દાખવતી. આ ચિત્રકળાનું પ્રાવીણ્ય રાજકન્યાઓને અને રાજકુમારોને બહુ ઉપકારક નીવડતું, કેમ કે તેના થકી તેઓ પોતાના સુહૃદ અને દાસદાસીઓને અજ્ઞાત છતાં જેમની સાથે પોતાનો પ્રેમ જોડેલો છે એવા કામુકનો પરિચય કરાવી શકતાં. કન્યાઓ સામાન્ય રમત તરીકે અગર તો દેવ–દેવીની તુષ્ટિ અર્થે નૃત્ય કરતી, જેમ કે કંદુકાવતીનું સોમાપીડાદેવી સમક્ષ નૃત્ય, અને કાન્તિમતીનું શિવની આરાધના અર્થે પ્રમદાવનમાં કરેલું નૃત્ય. કંદુકાવતી કંદુક નૃત્ય કરતાં અસાધારણ કૌશલ્ય દર્શાવે છે અને ગીતમાર્ગનો ઠેકો મારે છે, એટલે કે પડતા દડાને ઝીલવાને દસ પગલાં ઠેકીને આગળ આવે છે, અને દડાની ગતિ અનુસાર આગળ પાછળ કૂદકા મારી (ચૂર્ણપદથી) એની ગતિ સમજવામાં નિપુણતા દર્શાવે છે. વળી, પરિત્યક્તા રત્નવતી પોતાના રુષ્ટ પતિ બલભદ્રને લલચાવવા પોતાની સખી કનકાવતીના વેશમાં દડાની રમત રમે છે. સામાન્ય રીતે રાજકુટુંબની સ્ત્રીઓને લોકોની દૃષ્ટિએ પડવાની મનાઈ હોય એમ લાગે છે, કેમ કે કંદુકોત્સવ સમયે રાજકન્યા કંદુકાવતીના દર્શનનો નિષેધ કરવામાં આવ્યો નથી એમ તેની સખી જણાવે છે, એટલે તેઓ બનતા સુધી લોકોની દૃષ્ટિએ નહિ પડતી હોય એમ પ્રતીત થાય છે. વળી, સ્ત્રીઓ સામાન્યતઃ પુરુષોની સાથે ફરે એ પણ ઠીક નહિ ગણાતું હોય, કેમ કે પોતાના પુત્રસમ કુમાર પ્રમતિને સાથે લઈ શ્રાવસ્તીમાં ત્ર્યંબક મહાદેવના ઉત્સવ સમારંભમાં જવામાં, "હું કેવી રીતે આ યુવાનની સાથે મેળામાં જઈશ", એ શબ્દોથી તારાવલી લોકાપવાદનું સૂચન કરે છે. સ્ત્રીઓ સતીત્વનું મૂલ્ય બહુ ઊંચું આંકતી, અને પતિની અવકૃપામાં રહેવું એ તેમને મન જીવતાં મોત સમાન લેખાતું. પતિવિયોગ અનુભવતી સ્ત્રી કેશની એક જ વેણી રાખતી અને નીલવર્ણનાં વસ્ત્ર અને કંચુકી પહેરતી. પતિવ્રતા સ્ત્રી પતિને દેવતુલ્ય કિંવા પોતાનું દૈવત ગણતી, અને પોતાની સપત્ની પ્રત્યે સમભાવ દર્શાવતી. સતીત્વની પરીક્ષા માટે ચમત્કારિક પારખાં (દિવ્ય)નો આશ્રય લેવાતો. વસુમતી રાણી રાજહંસના કલ્પેલા મરણ પાછળ સતી થવાનો વિચાર કરે છે, તથા કાંતિમતી

કામપાલ સાથે ચિતાગમન કરવા પ્રવૃત્ત થાય છે એ દૃષ્ટાંતોથી સતી થવાની રૂઢિ પ્રચલિત થઈ હોય એમ જણાય છે.

ગણિકાઓનો ધર્મ.

ગણિકાઓને પોતાનો કુટુંબધર્મ પાળવો પડતો અને પોતાના સૌંદર્યવિક્રયથી ધનોપાર્જન કરવું પડતું, કેમ કે કુલધર્માનુસાર વર્તનાર (પછી ભલેને તે ગણિકાનો ધંધો હોય તો પણ)ને સ્વર્ગપ્રાપ્તિ થાય છે એવી માન્યતા હતી. સતીત્વના માર્ગે જવા ઇચ્છતી ગણિકા માટે સન્માર્ગ કષ્ટસાધ્ય હતો, કારણ કે તે તેની માતા અને માતામહીની ઇચ્છાનું ઉલ્લંઘન કરી શકતી નહિ. છતાં પણ તેમનામાંથી ક્વચિત્ કોઈ રાગમંજરી જેવી વસંતસેનાનો ઉદ્ભવ થતો. તેમને અનેકાનેક વિદ્યાઓમાં અને કળાઓમાં નિપુણતા મેળવવી પડતી. તેમનાં શારીરિક સૌંદર્ય અને પુષ્ટિ પ્રત્યે ખાસ ધ્યાન અપાતું, અને કામશાસ્ત્ર, જુદા જુદા પ્રકારની રમતો અને દ્યૂતકળામાં તેમને પ્રવીણતા પ્રાપ્ત કરવી પડતી. જાહેર જલસાઓમાં અને ઉત્સવોમાં તેમને સંભાળથી શણગારી લોકોની દૃષ્ટિએ પાડવામાં આવતી, તેમ જ પંચવીરગોષ્ઠ (town-hall)માં તેઓ સંગીત અને નૃત્યના જલસા કરતી. ચાટુડાઓ, ભાંડો અને આર્જાઓની મારફત લોકોમાં તેમના સૌંદર્યનું પ્રકાશન કરાવવામાં આવતું. વેશવાટ અથવા વેશ્યાવાડો નગરમાં અલગ રાખવામાં આવતો.

વાણિજ્યની ઉત્તમ સ્થિતિ.

વાણિજ્ય ઉત્તમ સ્થિતિમાં હતું. વણજારાઓની ટોળીઓ માલની પોઠો સાથે વનમાર્ગોમાં અને શહેરોમાં પ્રવાસ કરતી. વહેપારીઓ પોતાનાં મહાજનો સ્થાપતા અને તેઓ વ્યાપારીઓના રક્ષણનો પ્રબંધ કરતા. વ્યાપારાર્થે સમુદ્રગમન કરવામાં આવતું. પદ્મોદ્ભવ પ્રધાનનો પુત્ર રત્નોદ્ભવ વ્યાપારાર્થે કાળયવન દ્વીપમાં (જંગબારમાં) જાય છે અને ત્યાં રહે છે. તે કાળમાં નૌકાઓનો ઉપયોગ ઠીક પ્રમાણમાં થતો. આંધ્રપતિ જયસિંહ કલિંગ રાજાની સાથે લડવા નૌકા દ્વારા સૈન્ય લાવી તેનાપર હુમલો કરે છે. નૌકાયુદ્ધમાં પણ તેઓ પાવરધા હતા, અને મદ્ગુ (યુદ્ધનૌકા-battle-ship)નો ઉપયોગ કરતા. તે મદ્ગુ, 'अनेकनौकापरिवृतः,' અર્થાત્ અનેક નૌકાઓથી વીંટાએલી રહેતી, તે ખાસ ધ્યાનમાં લેવા જેવું છે. સૌરાષ્ટ્રમાં વલભીના અતિધનવાન નાવિકપતિ ગૃહગુપ્તની વાર્તાપરથી વલભી નૌકાનું મોટું ધામ હોવું જોઈએ એમ લાગે છે. યવનોનાં વહાણો અરબસ્તાનના કિનારાપરથી સમુદ્રયાત્રાએ આવતાં. અર્થપ્રાપ્તિનાં સાધન તરીકે કૃષિકાર્ય, પશુપાલન, વાણિજ્ય, સંધિ અને વિગ્રહ મુખ્ય ગણાતાં.

ન્યાયાધીશો અને ગુનેગારો.

ન્યાયાધીશો ન્યાય આપવાનું કાર્ય કરતા અને ચોકિયાતો રાતદિવસ નગરપર્યટન કરી નગરરક્ષણનું અને અપરાધીઓને પકડવાનું કાર્ય કરતા. ગુનેગારોને દરોગાઓના કબજામાં સોંપવામાં આવતા, અને તેઓ ગુનેગારોના શરીરપર ગુના કબૂલ કરાવવા જાતજાતની (અઢાર પ્રકારની) યાતનાઓ ગુજારતા. તેમને ચિત્રવધ અર્થાત્ હાથીના

પગનીચે છુંદાવવાની, આંખો ફોડવાની વગેરે અતિશય ઘાતકી વ્યથાઓ કરાવવામાં આવતી અને તેમના જીવનનો અંત લાવવામાં આવતો. ચોરી માટે ગુનેગારને મોતની શિક્ષા કરવામાં આવતી, તથા તેના બે હાથ ચીનના ગુનેગારોની જેમ લાકડાના ઢીમચામાં નાખવામાં આવતા. બ્રાહ્મણને રાજદ્રોહ માટે કષ્ટદાયક શિક્ષા કરી મારી નાખવામાં આવતો, અને વણિકને ચોરીના ગુના માટે એનું સર્વસ્વ હરણ કરી લઈ દેશપાર કરવામાં આવતો. ડાકિની સ્ત્રીને ગ્રામવાસીઓનું પંચ દેશપારની શિક્ષા કરતું.

પાખંડધર્મ અને વૈદિક યજ્ઞનો ઉપહાસ.

યતિઓને જનસમાજના ઉપકારક ગણવામાં આવતા. તેઓ શાસ્ત્રો શીખવતા, તેમની ચરણરજથી રોગનો નાશ થતો અને તેમની કૃપાથી ગ્રહોનું નડતર દૂર થતું. જૈનધર્મને પાષંડી અર્થાત્ પાખંડી ધર્મ તરીકે ગણેલો છે. મનુષ્યને માટે નિંદવાયોગ્ય વેશવાળો, અતિશય દુઃખથી ભરેલો, વિષ્ણુ, બ્રહ્મા અને મહાદેવ વગેરે દેવતાઓની નિંદા સતત સાંભળવાથી મૃત્યુ પછી નરકનું ફળ આપનારો, કોઈ પણ પ્રકારના સારા ફળ વિનાનો અને વંચનાયુક્ત ધર્મ તરીકે તેની ગણના થતી. વળી, પત્ની, છોકરાં વગેરે સર્વસ્વનો ત્યાગ કરાવનાર ધર્મ તરીકે પણ તેની હાંસી કરાવી છે. વેદવિહિત અગ્નિસ્તોમ યજ્ઞનો, યજમાનના શિરનું મુંડન કરાવી, તેને દર્ભના દોરડાથી બાંધી, ચર્મથી તેનું શરીર ઢાંકી, માખણ ચોપડી ખવડાવ્યા વિના સુવાડી, બીજા જન્મમાં સુખ મળવાની આશાએ સર્વ સંપત્તિનો ત્યાગ કરાવનાર વિધિ તરીકે નિર્દેશ કરી તેનો ઉપહાસ કરવામાં આવ્યો છે. આમ કરીને વૈદિક યજ્ઞને ઉતારી પાડ્યો છે.

તે કાળનું નૈતિક અધઃપતન.

તે કાળમાં લોકનીતિનું અધઃપતન થવા માંડ્યું હતું તે પ્રથમ જણાવવામાં આવ્યું છે. નગરમાં લોભિયા ધનવાન મનુષ્યો વસતા અને ધૂર્ત લોકો એમના ધનનું કોઈ પણ રસ્તે, મુખ્યત્વે કરીને ચોરી અને જુગારથી હરણ કરતા. ચૌર્ય અને દ્યૂતની કળામાં ગણના થતી, એ આપણે કહી ગયા છીએ. ચૌર્યકાર્યનો અધિષ્ઠાતા દેવ કર્ણિસુત અથવા મૂળદેવ હતો, અને દ્યૂતાગારનો સંચાલક અથવા અધ્યક્ષ સભિક કહેવાતો. સભિક દ્યૂતકાર્યપર દેખરેખ રાખતો અને એને રમનારાઓની આવકમાંથી અમુક ભાગ મળતો. ચોરી કરવાનાં ઉપકરણોનું અને દ્યૂતની રમતની ઉસ્તાદીનું 'મૃચ્છકટિક'ની જેમ આમાં ઠીક વર્ણન આપવામાં આવ્યું છે, અને તે પરથી તે ધંધાના અનુયાયીઓ વિપુલ સંખ્યામાં હોવા જોઈએ એમ લાગે છે. 'મૃચ્છકટિક'ના નાટકની જેમ આમાં દ્યૂત અને ચૌર્યકાર્યનું શાસ્ત્રીય કળાઓ તરીકે વર્ણન કરવામાં આવ્યું છે. તે એની સરખામણી અસ્થાને નહિ ગણાય, કેમ કે એ બેનું કેટલું સામ્ય છે તે આથી જણાશે. 'મૃચ્છકટિક'નો ચોરી કરનાર પાત્ર શર્વલિક ચૌર્યકાર્ય માટે રાત્રિના સમયની પ્રશંસા કરે છે; અને ચૌર્યકાર્યની સ્તુતિ કરતાં કહે છેઃ--

कामं नीचमिदं वदन्ति पुरुषाः स्वप्ने च यद्वर्धते
विश्वस्तेषु च वञ्चना परिभवश्चौर्यं न शौर्यं हि तत् ।
स्वाधीना वचनीयतापि हि वरं बद्धो न सेवाञ्जलि-
र्मार्गो ह्येष नरेन्द्रसौप्तिकवधे पूर्वं कृतं द्रौणिना ॥

ખાતર કેવી રીતે પાડવું તેનું શાસ્ત્રીય વિવેચન કરી, કળામય આકૃતિમાં ખાતર પાડવા સંબંધમાં તે કહે છે,

पद्मव्याकोशं भास्करं बालचन्द्रं
वापी विस्तीर्णं स्वस्तिकं पूर्णकुम्भम् ।
तत्कस्मिन्देशे दर्शयाम्यात्मशिल्पम्
दृष्ट्वा श्वो यं यद्विस्मयं यान्ति पौराः ॥

ચોરી કરવાના ઉપકરણોમાં અદૃશ્યતા અને વ્રણમુક્તિ પ્રાપ્ત કરી આપનાર યોગરોચનાનું જાદુઈ મલમ, અંતર માપવાનું (પ્રમાણ) સૂત્ર, ઘરમાં મનુષ્યો જાગે છે કે ઊંઘે છે તે નક્કી કરવાને પ્રથમ ઘરમાં દાખલ કરવા પ્રતિપુરુષ, દ્રવ્યનું અસ્તિત્વ નક્કી કરવા યાને નિધિસ્થળ જાણવાને માટે જમીનપર પાણી સિંચી, નાખવાથી ફૂટે તો તે સ્થળે તે હોવાનો નિર્ણય કરી આપનાર બીજ, વગેરે વસ્તુઓ જણાવવામાં આવી છે. શર્વલિક પાસે તે સમયે પ્રમાણસૂત્ર (માપવાની દોરી) હાજર નહિ હોવાથી તે કાર્યમાં તે યજ્ઞોપવીતનો ઉપયોગ કરે છે. યજ્ઞોપવીત હોવાના લાભ તે નીચે પ્રમાણે દર્શાવે છે.

एतेन मापयति भित्तिषु कर्ममार्ग-
मेतेन मोचयति भूषणसंप्रयोगात् ।
उद्घाटको भवति यन्त्रदृढे कपाटे,
दष्टस्य कीटभुजगैः परिवेष्टनं च ॥

વળી, ચૌર્યકાર્ય કરનારાનું નીતિશાસ્ત્ર પણ છે. તદનુસાર ચોરે સ્ત્રીઓના નિવાસમાં ખાતર પાડવું નહિ, સ્ત્રીને મારવી નહિ, તથા પરમાર્થી દરિદ્રી ગૃહસ્થના ઘરમાં ચોરી કરવી નહિ. 'દશકુમાર ચરિત'માં કુમાર અપહારવર્મા ચોરી કરવા જાય છે ત્યારે ચોરી કરવાનાં સાધનો તરીકે નીચેની વસ્તુઓ સાથે લઈ જાય છે. પ્રથમ તો તે કાર્ય માટે તે અતિશય કાળી રાત્રિ પસંદ કરે છે, અને શરીરપર કાળો અંધેરપછેડો ઓઢી લે છે. પછી સાથે તીક્ષ્ણ તલવાર, ખોદવા માટે સર્પની ફેણ જેવો પળો, સિસોટી, સાણસી, ઘરમાં મનુષ્યો જાગે છે કે ઊંઘે છે તે જાણવા માટે બનાવટી માથું, 'મૃ૦ ક૦'ની યોગરોચના સમાન જાદુઈ ભૂકી, મનુષ્યોને નિદ્રામાં નાખવા અને ધન દૃષ્ટિએ પડે એટલા માટે જાદુઈ દિવેટ, માપવાની દોરી, ઉપર ચઢવા માટે પેચ (હુક) ને દોરડું, ફાનસ, ઘરમાં બળતો દીવો હોલવી નાખવા વાંદાની દાબડી, એટલી વસ્તુઓ લઈ જાય છે.

દ્યૂતાગારનો અધ્યક્ષ સભિક 'મૃચ્છકટિક'ના વર્ણન અનુસાર દ્યૂત રમનારાની જીતમાંથી અમુક ભાગ પડાવતો. (૧૦૦ ટકાથી ઓછા મળતરપર તે પાંચ ટકા લેતો, અને વિશેષ મળતરપર દસ ટકા લેતો). તે જીતનારાના પૈસા વસુલ કરાવી આપતો. જે મનુષ્ય પૈસા ન આપે તેને દ્યૂતકર મંડળીના નામે પકડાવી શકતો, અને તેને પગેથી લટકાવડાવતો, અથવા તેના બરડાની ખાલ ઉતારી નંખાવતો, અગર તો તેની પાછળ

કૂતરાં છોડી મૂકાવતો. આમ પૈસા ન આપનાર પર અનેક પ્રકારની યાતનાઓ ગુજારવામાં આવતી.

'દશકુમારચરિત'માં પાસા ફેંકવાની તથા ચલાવવાની ઉસ્તાદી વગેરે દ્યૂતની સાથે સંબંધ ધરાવતી પચીસ કળાઓ હોવાનું જણાવ્યું છે. તેનાથી થતા લાભમાં દ્રવ્યના ત્યાગમાં રહેલી ચિત્તની ઉદારતા, જયપરાજયની અસ્થિરતાને લીધે હર્ષશોકનો અભાવ, પૌરુષના એક જ કારણરૂપ કોઈથી ન દબાવાના ગુણની વૃદ્ધિ, પાસા ચલાવ-વાના ગૂઢ દાવપેચના નિરીક્ષણને લીધે અતિશય બુદ્ધિચાતુર્ય, એક વિષયમાં પરોવેલા મનની આશ્ચર્યકારક એકાગ્રતા, ઉદ્યમસાતત્યના ગુણની અનુષંગી સાહસકર્મો પ્રત્યે અભિરુચિ, કર્કશ લોકો સાથે આકરી આંધવાને લીધે પરાજય નહિ પામવાનો ગુણ, સ્વમાન વિષે દૃઢ નિશ્ચય, અને પ્રતિષ્ઠા સાથે જીવનયાત્રા, એટલા ગુણો ગણાવવામાં આવ્યા છે.

પ્રેમકથાઓ અને પ્રેમકાર્યમાં કપટકળા.

પ્રેમકાર્યમાં કપટપ્રબંધનો સ્થળે સ્થળે છૂટથી ઉપયોગ થતો. કન્યાઓના અંતઃ-પુરમાં યુવાનોને પ્રવેશ કરાવવામાં આવતો, તથા કુમારી કન્યાઓ સાથે તેમનો સમા-ગમ થતો. વળી, એવી રીતે સમાગમ થએલી સ્ત્રીને પ્રસૂતિ થતી, અને પ્રસૂત બાળકને જીવાડવામાં આવતું. કાંતિમતીની બાબતમાં આવી ઘટના બની હતી, તેમાંથી તેની ભત્રીજી મણિકર્ણિકાને બચાવવા કાંતિમતીનો ભાઈ ચંડઘોષ પોતાની પુત્રીને વર્ષો સુધી ભૂગર્ભના પ્રાસાદમાં પૂરી રાખે છે. આ દાખલા પરથી તેમ જ પાંચાલશર્મા બ્રાહ્મણ પોતાની વેષધારી કન્યાનું શીલ સાચવવા રાજા ધર્મવર્ધન પાસે તેને ન્યાસ તરીકે મૂકી જાય છે તે પરથી અમુક સંજોગોમાં કન્યાઓનું શીલ સાચવવા કેવા માર્ગ લેવાતા એ માલૂમ પડે છે. કુમાર ઉપહારવર્મા પોતાની અર્થસિદ્ધિ અર્થે પોતાના કાકાના દીકરા વિકટવર્માની પત્ની પ્રિયંવદા સાથે સંગમન કરવા પ્રવૃત્ત થાય છે. એનો અંતરાત્મા એ દુષ્કૃત્ય સામે વાંધો ઉઠાવે છે એટલે તે કાર્ય સદ્‌હેતુ અર્થે તેને કરવું પડે છે અને ગત જન્મમાં તે સ્ત્રી પોતાની પત્ની હતી અને અમુક શાપને અંગે આમ બનવું નિર્માણ થએલું છે એવા સયુક્તિક બચાવથી તે પોતાના મનનું સમાધાન કરે છે. આખા પુસ્તકમાં પ્રેમકથાઓનાં અનેક વર્ણનો છે, અને પ્રેમકાર્યોમાં 'માલતીમાધવ'ની કામંદકીની જેમ બુદ્ધ ભિક્ષુકીઓ અને જૈન સાધ્વીઓનો દૂતી તરીકે ઉપયોગ થતો જોવામાં આવે છે.

કેટલીક માન્યતાઓ.

કાર્તાંતિકો કિંવા જ્યોતિષિઓ પ્રત્યે લોકો સારી શ્રદ્ધા ધરાવતા. તેઓ સામુદ્રિક ચિહ્નો જોઈને મનુષ્યનું ભાગ્યકથન કરતા. અનારોગ્યાદિ અનિષ્ટો દુષ્ટ ગ્રહની અસરથી અથવા પાછલા જન્મનાં કૃત્યનાં ફળરૂપે ઉત્પન્ન થએલાં મનાતાં. લોકોની પુનર્જન્મ વિષે દૃઢ માન્યતા હતી, અને તદનુસાર મનુષ્યોને પાપનાં અને પુણ્યનાં ફળ બીજા જન્મમાં ભોગવવા પડતાં. પાપની શિક્ષા તરીકે પાપીઓને જમપુરીમાં નરકયાતનાઓ સહન કરવી પડતી. યમરાજા પોતાના અમાત્ય ચિત્રગુપ્તદ્વારા સૌ સૌના પાપ પ્રમાણે

શિક્ષા કરતા. વળી, શાપને લીધે ઉચ્ચ યોનિમાંથી મનુષ્ય યોનિમાં જન્મ ધારણ કરવો પડતો, અને તે સમયે પ્રથમ જન્મનું સ્મરણ રહેતું. મણિ, મંત્ર અને ઔષધિઓનો પ્રભાવ જાણનારાઓને અનિષ્ટનિવારણાર્થે અમુક સિદ્ધિ પ્રાપ્ત થએલી હોવાનું માનવામાં આવતું. તેઓ શરીરાન્તર કરાવી શકતા, સર્પનું ઝેર ઉતારી શકતા, અને મણિની મદદથી ભૂખ, તરસ આદિનું નિવારણ કરી શકતા. સિદ્ધ તાપસો ભવિષ્ય કહેતા. રાક્ષસો, ડાકિનીઓ, પ્રેતો અને ભૂતપિશાચોને લોકો માનતા અને યક્ષ, ભૂત આદિનું મનુષ્યને વળગણ થતું એમ માનવામાં આવતું. ભૂતપિશાચો 'અરેબિયન નાઇટ્સ'માં જેમ કરે છે તેમ અહીં પણ મનુષ્યોને અદ્ધર ઊઠાવી સ્થળાન્તર કરાવતા, તથા તેઓ ઇચ્છાનુસાર ગમે તે રૂપ ધારણ કરી શકતા. અંજન આંજવાથી મનુષ્યને વાનર બનાવી શકાતું, ગુપ્તનિધિ પ્રકટ કરી શકાતો, તેમ જ અદૃશ્ય થવાની વિદ્યાના જાણકાર અદૃશ્ય થતા. શબ ખાનારી ડાકિની (ghoul)નું અસ્તિત્વ પણ માનવામાં આવતું. યક્ષ-રાક્ષસો તરફથી ઉત્પન્ન થએલા ઉપદ્રવો માટે મંત્રતંત્રના જાદુઈ ઉપચારો કરાવવામાં આવતા. રણમાં જે યોદ્ધાઓ પડતા તેમને અપ્સરાઓ વરતી એ માન્યતા પણ આ કાળમાં પ્રચલિત હતી. વળી, પક્ષીઓનાં વચનપરથી ભાવી વસ્તુઓની શક્યાશક્યતા અને કાળનો નિર્ણય કરવામાં આવતો. વિશેષમાં કિરાત લોકો મિથિલાપતિના બાળક-પુત્રને દેવી આગળ બલિદાન આપવા પ્રવૃત્તિ કરતા હોવાનો ઉલ્લેખ છે તેથી હલકા વર્ણના લોકોમાં નરબલિ આપવાનો રીવાજ તે સમયમાં હોવો જોઈએ. મહાન આપત્તિના અથવા દુઃખના સમયે આત્મઘાતનું શરણ લેવાતું, અને વૈશ્વાનર (અગ્નિ)પ્રવેશ કરીને અથવા ભૈરવજપનો કૂદકો મારીને અગર તો* પ્રતિશયન વા અનશન વ્રતથી જીવનનો અંત આણવામાં આવતો. આ પ્રમાણે રાજા કદી ભૂખે મરી પોતાના જીવનનો અંત આણવા ગંગાતટપર આવેલા વનમાં સપત્નીક જતો તો તેની સાથે વૃદ્ધ પૌરજનો પણ મરવા તૈયાર થતા. ગુલામીની પ્રથા તે કાળમાં ચાલુ હતી એમ જણાય છે, અને દાસ દાસીઓ વેચાતાં મળી શકતાં હતાં.

આતિથ્ય અને કરકસર.

અતિથિદેવો ભવ એ શાસ્ત્રાદેશને પ્રમાણરૂપ ગણનાર આપણો દેશ અતિથિસત્કારમાં પાછો પડે એમ નથી, એટલે પરોણાઓનું આતિથ્ય ઉત્તમ રીતે કરવામાં આવતું એ સ્પષ્ટ જ છે. અતિથિનું યોગ્ય સ્વાગત કરી, સ્નાન, ભોજન, શય્યા, કર્પૂરયુક્ત તાંબૂલ આદિથી તેની સરભરા કરવામાં આવતી. વળી, ગૃહિણીની કરકસર તથા આતિથ્યનું દૃષ્ટાંત ગોમિનીની વાર્તા યથાસ્થિત પૂરૂં પાડે છે, એટલે તેનું સંક્ષિપ્ત કથન કર્યા વિના આ લેખ અપૂર્ણ ગણાશે. આપણા લોકોની સાદાઈ, સ્વચ્છતા, સંતોષવૃત્તિ અને રહેણી કરણીનું તાદૃશ ચિત્ર તે ઊભું કરે છે. તે નીચે પ્રમાણે છે:–

ગોમિનીનું વૃત્તાંત.

કાંચીપુરીના શક્તિકુમાર નામના યુવકને ગુણવાન સ્ત્રી સાથે લગ્ન કરવું હતું તેથી તેવી સ્ત્રી મેળવવાને માટે તે દેશેદેશ ભટક્યો. સાથે શાલિ ડાંગેરનું પસ્તાનું બાંધી

---

* પ્રતિશયન:–દેવ દેવતા સમક્ષ ખાધા પીધા વિના પોતાની ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થતાં સુધી, અને તે પ્રાપ્ત ન થાય તો મરતાં સુધી પડી રહેવું.

લીધું. પોતે કાર્તાંતિકના વેશમાં હોઈને તથા સામુદ્રિક વિદ્યાનો જાણકાર હોવાથી લોકો તેને પોતાની કન્યાઓ બતાવવા લાગ્યા. શુભ ચિહ્નો ધારણ કરતી સુંદર સવર્ણા કન્યા એના જોવામાં આવતાં સાથે લીધેલું પસ્તાનું બતાવી તેમાંથી સરસ અન્ન બનાવી પોતાને જમાડવાનું કહેતો, પણ તેની સઘળે સ્થળે મશ્કરી થતી. ફરતાં ફરતાં શિબિ દેશમાં કાવેરી નદીના તીરપર એક શહેરમાં તે આવ્યો. ત્યાં તેને એક આછાં અલંકાર ધારણ કરતી અતિ સુંદર કન્યા એની ધાવે બતાવી. એના લાવણ્યથી અને એના શરીરપરનાં માંગલિક ચિહ્નોથી તે આકર્ષાયો અને તેને શાલિ પસ્તાનામાંથી રુચિર ભોજન બનાવવાને કહ્યું. તે કન્યાએ ધાવ સામે દૃષ્ટિ કરતાં તેની અનુમતી મળ્યેથી ધાન્યનું પોટલું લઈ, પાણીથી છાંટેલા અને લીંપેલા એક ઊંચા સ્થળપર પગ ધોવાનું પાણી આપી એને બેસાડ્યો. પછી એણે તે સુગંધયુક્ત શાલિને તડકે સહેજ સૂકવી, બત્તાથી છડી, ચોખા ભાગે નહિ એમ છોડાં છૂટાં કર્યાં. છોડાં ધાવને ઘરેણાં સાફ કરનારા સોનીઓને વેચાતાં આપવા માટે આપ્યાં. એના પૈસામાંથી બાળવાનાં લાકડાં, રાંધવાનું પાત્ર અને બે માટીનાં પાત્ર લાવવા સૂચના કરી. પછી તે ચોખાને અર્જુનના કાષ્ઠના ખાંડણિયામાં છેડાપર લોખંડનો પાટો જડેલા ખદિરના સાંબેલાથી આંગળીઓ-વડે વારંવાર ફેરવી ફેરવીને ખાંડ્યા અને સૂપડાથી ઝાટક્યા. એની કુશકીમાંથી કણ અને ધૂળ જૂદાં કરી ચોખાને અનેક વખત ધોયા, અને ચૂલાની પૂજા કરી ઉકળતા પાણીમાં ઓર્યાં. ચોખાનો દાણેદાણો કળીની માફક છૂટો પડી રંધાયો એટલે તેણે દેવતા ઓછો કરી પાત્રનું મોં બંધ કરી ઓસામણ નીતારી લીધું, અને કડછીથી ચોખા સહેજ હલાવી ભાત સીજ્યેથી પાત્ર ચૂલાપરથી ઉતારી લીધું. લાકડાં થોડાં બળેલાં હોવાથી છાંટી નાખી બુઝાએલા અંગારાના કોલસા બનાવી જેને તેની જરૂર હોય તેને વેચી દેવા માટે ધાવને આપ્યા. તેના પૈસામાંથી શાક, ઘી, દહીં, તેલ અને આમળાં વગેરે લાવવાની સૂચના કરી. તેમાંથી બે ત્રણ મશાલાના પદાર્થો તૈયાર કરી ભીની રેતપર મૂકેલા નવા માટીના પાત્રમાં ભરેલા ઓસામણને તાડપત્રના પંખાથી ધીમે ધીમે પવન નાખી ઠંડુ કરી તેમાં મીઠું નાખ્યું. પછી અંગારામાં નાખેલા ધૂપથી સુવાસિત કરી તથા આમળા આદિ મશાલાનું સૂક્ષ્મ ચૂર્ણ કરી કમળ જેવું સુગંધી બનાવી, આગંતુકને ધાવ મારફત સ્નાન કરવા કહેવડાવ્યું.

નહાવા ગયો ત્યાં નહાઈ ધોઈ શુદ્ધ થએલી ધાવે તેને તેલ અને આમળાં એક પછી એક આપ્યાં અને તેણે સ્નાન કીધું. પછી તેને છાંટેલી અને માર્જન કરેલી ફરસબંધી-વાળી જમીનપર ઢાળેલા પાટલાપર બેસાડ્યો. આંગણામાં ઉગેલી કેળના ત્રીજા ભાગના કાપેલા પત્રપર બે ભીનાં વાસણોનો સ્પર્શ કરી ક્ષણવાર તે થોભ્યો. પછી તેણે આણેલો કન્યાએ પીવાનો પદાર્થ (ઓસામણ) પ્રથમ પીધો. તે પીવાથી પ્રવાસનો થાક ઉતરી ગયો અને તેને આનંદ થયો એટલે શરીરે પ્રસ્વેદનાં બિંદુ ફૂટવા સાથે તે ઘડીભર બેઠો. પછી રાંધેલા ભાતમાંથી બે કડછી જેટલો ભાત અને થોડું ઘી, મશાલો અને શાકાદિ પદાર્થ તેને આપ્યા. ત્રિકટુચૂર્ણમિશ્રિત દહીં તથા શીતળ અને સુગંધિ છાસ સાથે તેણે તે આરોગ્યું. તેને અતિશય તૃપ્તિ થવા છતાં રાંધેલા ભાતમાંથી થોડો વધ્યો. પછી તેણે પીવાનું પાણી માગતાં કન્યાએ નવા માટીના ઘડામાં ઠારેલું, અગરનો ધૂપ દીધેલું તથા

इससे साफ समझमें आता है कि सिद्धसेनके सामने किसी यापनीय विद्वान्‌की ही कोई तत्त्वार्थवृत्ति थी जिसमेंसे उक्त कारिकायें उद्धृत की हैं और उस वृत्तिकारके सामने 'सद्वेद्यशुभायुर्नामगोत्राणि पुण्यं' सूत्र जिसमें है, ऐसा सूत्र–पाठ भी था। यह वृत्ति सर्वार्थसिद्धिसे पहलेकी भी हो सकती है।

यापनीयोंसे साक्षात् सम्बन्ध तो रहा नहीं होगा, केवल उनके साहित्यसे परिचय होगा परन्तु उस साहित्यकी सैद्धान्तिक दृष्टिसे श्वेताम्बरसम्प्रदायके साथ इतनी अधिक समानता है और इतनी कम भिन्नता है कि वह सहसा समझमें नहीं आ सकती। इसलिए उक्त टीकाकारोंने भाष्यकारको अपने ही सम्प्रदायका उच्चै-नागरशाखाका वाचक समझ लिया होगा। परन्तु चूँकि सिद्धसेनगणि कट्टर आगमिक थे, इसलिए उन्हें भाष्यमें जहाँ कहीं आगम-विरोध दिखलाई दिया है वहाँ वे उसे स्पष्टरूपसे प्रकट करनेसे भी नहीं चूके हैं, परन्तु इसके लिए उन्होंने सूत्रपाठ या भाष्यमें कोई हस्तक्षेप नहीं किया है। "उमास्वाति वाचकमुख्य हैं, वाचक तो पूर्वोके ज्ञाता होते हैं, उन्होंने ऐसा आगमविरोधी कैसे लिख दिया, यहाँ अवश्य ही किसी दुर्विदग्धने भाष्यको नष्ट कर दिया है"। उनके इस तरहके वाक्योंसे प्रतीत होता है कि वे भाष्यकारको अपने ही सम्प्रदायका समझते थे। 'वाचक' पदवी भी श्वेताम्बर सम्प्रदायमें पहले प्रचलित थी।

परन्तु आचार्य पूज्यपाद यापनीय सम्प्रदायसे अवश्य परिचित रहे होंगे। क्योंकि दक्षिण और कर्नाटकमें उनसे पहले, चौथी पाँचवीं सदीसे लेकर उनसे बहुत बाद पन्द्रहवीं सदी तक यह सम्प्रदाय जीवित रहा है[१]। कदम्बवंशी राजाओंके दानपत्रोंमें, जो पाँचवीं शताब्दिके अनुमान किये गये हैं, यापनीयोंको जमीन दान की गई है। उन्हींके एक और दानपत्रसे मालूम होता है कि उस समय दिगम्बर तथा यापनीय पास पास भी रहते थे और उन्हें एक साथ एक ग्रामके हिस्से दान किये गये हैं।[३] यापनीयोंकी 'भगवती आराधना' पूज्यपादके

१—कागवाड़ेके जैनमन्दिरके भौंहिरेमें श० सं० १३१६ (वि० सं० १४५१) का यापनीयसंघके धर्मकीर्ति और नागचन्द्रका समाधि-लेख है। इनके गुरु नेमिचन्द्रको तुलुव-राज्यका स्थापक बतलाया है।—(बाम्बे यूनीवर्सिटी जर्नल, मई १९३३का 'यापनीय संघ' नामक लेख)

२—देखो, रायल एशियाटिक सोसाइटी बाम्बे ब्रांच जर्नल नं० ३४, जिल्द १२ और जैनहितैषी भाग १४, अंक ७–८। ये दानपत्र करजघी (धारवाड़)में मिले थे। कदम्ब-वंशके श्रीमृगेशवर्माका एक और दानपत्र इंडियन ए० जि० ६, पृ० २५–२६ में छपा है जिसमें कुमारदत्त आदि यापनीय मुनियोंको ग्राम-दान किया गया है।

३—देखो 'अनेकान्त' भाग ७ अंक १–२में मेरा लिखा हुआ 'कूर्चकोंका सम्प्रदाय।' और इंडियन ए० जिल्द ६, पृ० २४–२५

पहलेकी और उसकी विजयोदया टीका बादकी लिखी हुई है। शाकटायन व्याकरण और स्त्रीमुक्ति-केवलिभुक्तिप्रकरण अमोघवर्ष प्रथमके समयमें विक्रमकी नवीं शताब्दिके प्रारंभके हैं। इस समयके[१] और इससे पहलेके[२] और भी कई दान-पत्र मिले हैं, जिनमें यापनीयोंको ग्राम या भूमि दान की गई है।

गरज यह कि पूज्यपादके समयमें यह एक सजीव सम्प्रदाय था। इसलिए उन्हें उनका और उनके साहित्यका साक्षात् परिचय न रहा हो यह नहीं कहा जा सकता।

सूत्रपाठका संशोधित संस्करण

उस समय तत्त्वार्थसूत्र और भाष्यकी कर्नाटकके यापनीयोंमें अवश्य प्रसिद्धि रही होगी और उसका पठन-पाठन भी होता होगा। उसे देखकर आचार्य पूज्यपादके हृदयमें यह भावना उठना स्वाभाविक है कि इस तरहका सुन्दर ग्रन्थ हमारे सम्प्रदायमें भी होता तो कितना अच्छा होता। पाणिनि-व्याकरणको पढ़कर जिस तरह उन्होंने जैनसाहित्यमें एक व्याकरण-ग्रन्थकी कमी महसूस की और उसकी पूर्ति उसीके अनुकरणपर 'जैनेन्द्र'की रचना करके की, उसी तरह यदि यापनीयोंके तत्त्वार्थसूत्र और भाष्यकी कमीकी पूर्ति उन्होंने सर्वार्थसिद्धि टीका लिखकर की हो, तो कोई आश्चर्य नहीं।

श्वेताम्बराचार्योंके समान भाष्यकी टीका तो वे कर नहीं सकते थे क्योंकि उसमें सैकड़ों स्थल ऐसे हैं जो उनके सिद्धान्तोंसे विरुद्ध जाते हैं और किसी तरह अनुकूल नहीं बनाये जा सकते। इसलिए एक स्वतंत्र टीका लिखनेसे ही उनकी इच्छाकी पूर्ति हो सकती थी।

सर्वार्थसिद्धिका सूत्र-पाठ भी हमारी समझमें उमास्वातिके सूत्र-पाठको थोड़ा-सा संशोधन परिवर्तन करके तैयार किया गया है—केवल उतने ही सूत्रोंमें फर्क

१—देखो, पृथ्वीकोंगणि महाराजका श्रीपुर (धारवाड़)के लोकतिलक जैनमन्दिरको दिया हुआ श० सं० ६९८ का दानपत्र (इंडियन एण्टिक्वेरी २-१५६-५९) और द्वि० प्रभूतवर्षका मान्यपुर (मैसूर)के शिलाग्राम जिनालयको दिया हुआ श० सं० ७३५का दानपत्र। (—इं० ए० जिल्द १२ पृ० १३-१६)

५—देखो, सत्याश्रयवल्लभका श० सं० ४११ का यापनीय काकोपलाम्नायके जिननन्दि-मुनिको 'त्रिभुवनतिलक' मन्दिरके लिए दिया हुआ दानपत्र (इं०ए०जिल्द ७, पृ०२०९)।

करके जो दिगम्बरसम्प्रदायके साथ बिलकुल ही मेल नहीं खाते थे अथवा जिन जिनमें कुछ त्रुटियाँ नजर आती थीं।[1]

सूत्रपाठके संशोधन और परिवर्तनका ऐसा ही एक उदाहरण पूज्यपादके ही जैनेन्द्र (व्याकरण) सूत्र-पाठका हमारे सामने है। तत्त्वार्थके ही समान 'जैनेन्द्र' के भी दो सूत्र-पाठ प्रचलित हैं। एक पूज्यपादकृत असली सूत्र-पाठ जिसपर

१—उपलब्ध टीकाओंसे मालूम होता है कि मूल सूत्र-पाठमें उनसे पहले ही बहुतसे पाठान्तर प्रचलित थे। इन पाठान्तरोंकी थोड़ी बहुत चर्चा प्रायः सभी टीकाकारोंने की है। सर्वार्थसिद्धिमें दो ही पाठान्तरोंका उल्लेख है, राजवार्तिकमें उससे कुछ अधिक पाठान्तरोंकी चर्चा है और सिद्धसेनकी वृत्तिमें तो बीसों पाठान्तरोंकी आलोचना है। जैसे—अ० २ सू० ९,१९,२४,३७,४९, अ० ५, सू० २,३, अ० ७ सू० ३,२३ आदि। अधिक पाठान्तर भाष्य-प्रतियोंके कारण हुए जान पड़ते हैं। क्योंकि हस्तलिखित प्रतियोंमें मूल और भाष्य लगातार—रनिंग—लिखे रहते हैं। उनमें कहाँ तक सूत्र-पाठ है और कहाँसे भाष्य-पाठ शुरू होता है, यह जल्दी और सुगमतासे समझमें नहीं आ सकता। इसलिए बहुतसे सूत्र भाष्यमें मिल गये हैं और बहुतसे भाष्य-वाक्य सूत्र समझ लिये गये हैं।

इसके सिवाय लिपिकर्त्ताओंकी कृपासे भाष्यपाठमें भी बहुतसे पाठान्तर और गोलमाल होते रहे हैं। जैसे अ० ४ सू० ३८ के भाष्यमें 'अजघन्योत्कृष्टा सर्वार्थसिद्ध इति' यह पाठ हरिभद्रको नहीं मिला। सिद्धसेनकी वृत्तिमें अ० ५, सू० २९का भाष्य ३—४ पंक्तियोंका है जब कि हरिभद्रकी वृत्तिमें २५—२६ पंक्तियोंका। इसी तरह अ० २के अन्तिम सूत्रके भाष्यमें जहाँ सिद्धसेनको 'एभ्य औपपातिकचरमदेहासंख्येयवर्षायुर्भ्यः' पाठ मिला है वहाँ हरिभद्रको "एभ्य औपपातिकचरमदेहोत्तमपुरुषासंख्येयवर्षायुर्भ्यः" और पूर्वोक्त पाठमें 'उत्तमपुरुषा' न होनेसे सिद्धसेनने सूत्रमें ही उत्तमपुरुष होने न होनेका सन्देह किया है—"अतो भाष्यादेव सन्देहः।" जरूरत इस बातकी है कि मूल और भाष्यकी अधिकसे अधिक प्राचीन प्रतियाँ संग्रह की जायँ, उनमें जितने पाठ-भेद मिलते हैं वे सब छाँटे जायँ और फिर उन सबपर टीकाओंकी पाठभेदसम्बन्धी चर्चाको सामने रखकर बारीकीसे विचार किया जाय। इस प्रयत्नसे दोनों सम्प्रदायोंके जिन जिन सूत्रोंमें साधारण शाब्दिक अन्तर हैं, वे तो एक जैसे ही सिद्ध हो जायँगे और शेष सूत्रोंके विषयमें यह पता लग जायगा कि उनमेंसे किस किसमें मतभेदके कारण भिन्नता हुई है और किस किसमें त्रुटियोंके कारण उचित संशोधन या परिवर्तन किया गया है और कौन कौन सूत्र विस्तारके अभिप्रायसे या जरूरत समझकर बढ़ाये गये हैं।

विस्तारके अभिप्रायसे बढ़ाये गये सूत्रोंकी चर्चा सिद्धसेनने तीसरे अध्यायके ११वें सूत्रकी टीकामें की है—"अपरे पुनर्विद्वांसोऽतिबहूनि स्वयं विरचय्यास्मिन्प्रस्तावे सूत्राण्यधीयते विस्तरदर्शनाभिप्रायेण।" और इसी सूत्रका भाष्य-वाक्य है—"तत्र पंचयोजनशतानि षड्विंशतिषट्चैकोनविंशतिभागा भरतविष्कंभः।" इसपर लिखा है—"अपरे त्विदमेव भाष्यवाक्यं सूत्रीकृत्याधीयते।"

महावृत्ति, पंचवस्तु और शब्दांभोजभास्कर आदि अनेक टीकाग्रन्थ लिखे गये हैं; दूसरा गुणनन्दिकृत सूत्रपाठ जिसपर प्रक्रिया, शब्दार्णवचन्द्रिका आदि टीकायें मिलती हैं। पहले सूत्रपाठमें लगभग तीन हजार और दूसरेमें लगभग सैंतीस सौ सूत्र हैं। फिर भी दोनोंके अधिकांश सूत्र समान हैं, दोनोंका प्रारंभिक मंगलाचरण एक है और दोनोंके कर्त्ताओंका नाम भी टीकाकारोंने देवनन्दि या पूज्यपाद लिखा है, सिर्फ दूसरेको 'गुणनन्दि-तानितवपुः' विशेषण दिया गया है।[1]

और एक ही सूत्र-पाठसे यापनीयों, दिगम्बरों और श्वेताम्बरोंके ही समान अपने अपने सिद्धान्तोंके प्रतिपादन करनेका दूसरा उदाहरण 'ब्रह्मसूत्र'का है जिसपर शंकर, निम्बार्क, मध्व, रामानुज और वल्लभ आदि पाँच छह आचार्योंने द्वैत, अद्वैत, विशिष्टाद्वैत आदि सिद्धान्तोंका प्रतिपादन करनेवाले जुदा जुदा भाष्य लिखे हैं। उनके सूत्रपाठोंमें भी भिन्नता है। कई सूत्र ऐसे हैं जिन्हें एक मानता है, दूसरा नहीं मानता, और कईके शब्दोंमें भी न्यूनाधिक्य है।

सर्वार्थसिद्धि टीकामें उसके कर्त्ताने दो पाठान्तरोंका निर्देश किया है।[2] यद्यपि ये पाठान्तर बिल्कुल साधारणसे हैं, उनसे कोई बड़ा मत-भेद प्रकट नहीं होता है; फिर भी कुछ विद्वान् उनके कारण यह अनुमान करते हैं कि सर्वार्थसिद्धिसे पहले भी दिगम्बरमान्य सूत्रपाठ रहा होगा, तभी तो ये पाठान्तर दिये गये हैं। अर्थात् उनके मतसे इस सूत्रपाठके कर्त्ता स्वयं पूज्यपाद नहीं हो सकते।

यद्यपि अभीतक वाचक उमास्वातिका समय ठीक निर्णीत नहीं है; फिर भी मोटे तौरपर उनके और पूज्यपादके बीच डेढ़ दो सौ वर्षका अन्तर अवश्य है। इस लम्बे समयमें उनके तत्त्वार्थसूत्र और भाष्यकी बीसों प्रतिलिपियाँ हुई होंगी और उनपर छोटे मोटे टीका-टिप्पणग्रन्थ भी लिखे गये होंगे।[3] इन प्रतिलिपियों और टीका-टिप्पणोंसे अनेक पाठान्तरोंकी सृष्टि हो सकती है और उन्हींमेंसे

१—देखो, 'जैनसाहित्य और इतिहास'में 'देवनन्दि और जैनेन्द्रव्याकरण' शीर्षक लेख पृ० १००—६।

२—पहले अध्यायका १६ वाँ सूत्र—"बहुबहुविधक्षिप्रानिःसृतानुक्तध्रुवाणां सेतराणाम्।"—अपरेषां क्षिप्रनिःसृत इति पाठः। दूसरे अध्यायका ५३वाँ सूत्र—औपपातिकचरमोत्तमदेहाऽसंख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः"—चरमदेहा इति वा पाठः।

३—ये टीका-टिप्पण यापनीय विद्वानोंके ही होंगे, दिगम्बर-श्वेताम्बरोंके नहीं। सिद्धसेनने आठवें अध्यायके अन्तमें 'अपरस्त्वाह' कहकर जो कारिकायें उद्धृत की हैं वे निश्चयसे किसी यापनीय-टीकाकी हैं।

उक्त दो पाठान्तरोंका भी उल्लेख पूज्यपाद स्वामी कर सकते हैं। सिद्धसेनगणिने अपनी भाष्यवृत्तिमें इस तरहके अनेक पाठ-भेदोंकी चर्चा की है।[1] इसके सिवाय भाष्यकी प्रतिलिपियोंपरसे भी इन साधारण पाठान्तरोंका जन्म हो सकता है।[2] अतएव केवल उक्त पाठान्तरोंके कारण आचार्य पूज्यपादद्वारा संशोधित पाठके तैयार होनेकी संभावनाका विरोध नहीं किया जा सकता।

फिर भी यदि यही मान लिया जाय कि पूज्यपादको यह सूत्रपाठ ज्योंका त्यों मिला था, स्वयं उन्होंने इसका संस्कार नहीं किया, और यदि यह भी निश्चित हो जाय कि सिद्धसेनने जिस यापनीय-वृत्तिकी कारिकायें 'अपरस्त्वाह' कहकर उद्धृत की हैं, वह सर्वार्थसिद्धिसे पहलेकी है, बादकी नहीं, तो भी हमारे निर्णयमें कोई बाधा नहीं आयगी। इतना ही और कहना होगा कि इसे स्वयं उन्होंने नहीं किन्तु उनके पूर्ववर्ती किसी दूसरे दिगम्बराचार्यने संशोधित किया होगा और यह वाचक उमास्वातिके मूल सूत्र-पाठका ही दिगम्बर संस्करण है।

* *
*

---

१ – केचिदभिदधते – नास्ति सूत्रकारस्योत्तमपुरुषग्रहणमिति। कथम्। ये किल चरमदेहास्ते नियमत एवोत्तमा भवन्ति। उत्तमास्तु चरमदेहत्वेन भाज्या वासुदेवादय इति। तस्मादनार्षमुत्तमपुरुषग्रहणमिति। अ० २–५३।

२ – रायचन्द्रशास्त्रमाला द्वारा प्रकाशित और ऋषभदेव के० सं० द्वारा प्रकाशित भाष्य-पाठमें छपा है – "अनिश्रितमवगृह्णाति। निश्रितमवगृह्णाति।" और देवचन्द लालभाईके संस्करणमें छपा है – "निश्रितमवगृह्णाति। अनिश्रितमवगृह्णाति।" भिन्न भिन्न पोथियोंमें इन दोनों पाठोंकी उपस्थितिमें कहा जा सकता है कि "अपरेषां क्षिप्रनिःसृत इति पाठः।"

श्रीसिद्धसेन दिवाकरना समयनो प्रश्न

*

ले० —आचार्य पं० श्रीसुखलालजी संघवी.

आजथी लगभग बार वर्ष पहेलां ज्यारे सन्मतितर्कनुं गुजराती भाषान्तर गुजरात विद्यापीठ तरफथी प्रसिद्ध थयुं त्यारे में तेनी प्रस्तावनामां सन्मतितर्कना कर्ता सिद्धसेन दिवाकरना समयनो प्रश्न चर्च्यो हतो। तेमां जूना मळी आवता प्रबन्धो, परम्परागत मान्यता अने साहित्यिक उल्लेखोने आधारे में सिद्धसेननो जीवनकाल विक्रमनी पंचम शताब्दी सिद्ध कर्यो हतो। त्यार बाद ज्यारे एज सन्मतितर्कना गुजराती भाषान्तरनो इंग्रेजी अनुवाद श्री श्वे० जैन कोन्फरन्स तरफथी प्रसिद्ध थयो त्यारे आजथी लगभग ६ वर्ष पहेलां फरी में ए इंग्रेजी अनुवादना फोरवर्डमां सिद्धसेनना समय विषेनो प्रश्न फरी विचारवानी सूचना ए दृष्टिए करी हती के ते वखते नवा प्रसिद्धिमां आवेला केटलाक बौद्ध ग्रन्थो जोतां मने एम लागेलुं के कदाच सिद्धसेननो समय पांचमी शताब्दीने बदले छठी के सातमी सुधी लंबाय।

परंतु त्यार बाद आ विचारास्पद प्रश्नने लगतां केटलांक बलवत् प्रमाणो मळी आव्यां छे जे ऊपरथी हवे एम मानवाने कारण छे के सिद्धसेन दिवाकरनो समय मारी प्रथमनी कल्पना अने गवेषणा प्रमाणे विक्रमनी पांचमी शताब्दीज वधारे संगत छे। ए नवा मळी आवेल प्रमाणोने आधारेज अहिं टूंकमां चर्चा करवा धारूं छुं।

सुप्रसिद्ध याकिनीसूनु हरिभद्रसूरिनो समय सुनिर्णीत करवानुं मान धरावनार आचार्य श्रीजिनविजयजीए ज आगमधर अने महाभाष्यकार श्रीजिनभद्रगणि क्षमाश्रमणना संदिग्ध समयने निश्चित कोटिमां मूकवानुं मान प्राप्त कर्युं छे। तेओ बे वर्ष पहेलां ज्यारे जेसलमेरना प्राचीन जैन ज्ञानभण्डारो जोवा अने तेमांथी सामग्री मेळववा गया त्यारे तेमने त्यांथी श्रीजिनभद्रगणिना विशेषावश्यक महाभाष्यनी एक अति प्राचीन लिखित प्रति जोवा मळी। तेने अंते ते ग्रन्थनो रचनाकाल ग्रन्थकारे पोते ज आपेलो छे। तदनुसार ते ग्रन्थ विक्रम संवत् ६६६मां काठियावाड वलभीमां समाप्त थयो छे। एटले के जिनभद्रगणि विक्रमना सातमा सैकाना उत्तरार्धमां विद्यमान हता। जिनभद्र महाभाष्यकार कहेवाय छे अने तेमणे एकाधिक

महाभाष्यो रच्यां छे जेमांथी विशेषावश्यकभाष्य तो तेमनो आकर तेम ज सर्वशास्त्र-संदोहनरूप गंभीर ग्रन्थ छे । अन्य ग्रन्थोनी रचना साथे आवा विस्तृत, गंभीर अने परिपक्व ग्रन्थनी रचना तेम ज साधुजीवन-सुलभ आयुष्यनो विचार करतां एम लागे छे के क्षमाश्रमणजीनो जीवनकाल विक्रमना छठा सैकाना अंतिम भागथी सातमा सैकाना त्रीजा पाद सुधी लंबाएलो होय तो ए विशेष संभवित छे। जिनभद्र क्षमाश्रमणे पोताना ए महान् ग्रन्थमां अने लघु ग्रन्थ विशेषणवतीमां सिद्धसेन दिवाकरना उपयोगाभेद-वादनी तेम ज दिवाकरनी कृति सन्मतितर्कना टीकाकार मल्लवादीना उपयोगयौगपद्य-वादनी विस्तृत समालोचना करी छे । आ ऊपरथी एटलुं तो सिद्ध छे के मल्लवादी अने सिद्धसेन दिवाकर ए बन्ने जिनभद्र-गणि करतां अनुक्रमे पूर्व अने पूर्वतर छे । ए पौर्वापर्य केटलुं होवुं जोइए एज अहिं विचारणीय छे । मल्लवादीना द्वादशारनयचक्रना विनष्ट मूलनां जे प्रतीको तेना विस्तृत टीकाग्रन्थमां मळे छे तेमां दिवाकरनुं सूचन छे पण जिनभद्रगणिनुं सूचन नथी । एटले मल्लवादी जिनभद्रगणि करतां पहेलां थया छे एम फलित थाय छे । मल्लवादीए सिद्धसेन दिवाकरना सन्मतितर्क ऊपर टीका रचेली जेनो निर्देश आचार्य हरिभद्र करे छे । एटले सिद्धसेन मल्लवादी करतां पूर्ववर्ती छे ए पण स्वतःसिद्ध छे । मल्लवादीने विक्रमना छट्ठा सैकाना पूर्वार्धमां मानीए तो सिद्धसेन दिवाकरनो समय जे पांचमी शताब्दी धारवामां आवेलो ते वधारे संगत लागे छे ।

वधारे संगत कहेवाना पक्षमां बीजुं पण सबल प्रमाण छे अने ते पूज्यपाद देवनंदीए करेल विश्वस्त उल्लेखोनुं । देवनंदीए पोताना जैनेन्द्रव्याकरणमां 'वेत्तेः सिद्धसेनस्य' ए सूत्रमां सिद्धसेननो मतविशेष नोंध्यो छे । ते ए छे के सिद्धसेनना मत प्रमाणे 'विद्' धातुने 'र्' आगम थाय छे; भले ते सकर्मक पण होय । देव-नंदीनो आ उल्लेख बिलकुल साचो छे, केमके दिवाकरनी जे कांइ थोडीक संस्कृत कृतिओ बची छे तेमांथी तेमनी नवमी बत्रीशीना २२मां पद्यमां 'विद्रते' एवो 'र्' आगमवालो प्रयोग मळे छे । अन्य वैयाकरणो 'सम्' उपसर्गपूर्वक अने अकर्मक विद् धातुने 'र्' आगम स्वीकारे छे त्यारे सिद्धसेने अनुपसर्ग अने सकर्मक 'विद्' धातुनो 'र्' आगमवाळो प्रयोग कर्यो छे । आटली विलक्षणतानी नोंध देवनंदीए लीधी ए तेमनुं बहुश्रुतत्व अने चातुर्य कहेवाय । वळी देवनंदी पूज्यपादनी मनाती सर्वार्थसिद्धि नामनी तत्त्वार्थसूत्र ऊपरनी टीकाना सप्तम अध्यायना १३मां

सूत्रमां "उक्तं च" शब्द साथे सिद्धसेन दिवाकरना एक पद्यनो अंश उद्धृत थएलो मळे छे "उक्तं च – वियोजयति चासुभिर्न च वधेन संयुज्यते ।" जे पद्य तेमनी त्रीजी बत्रीशीना १६मां श्लोकमां आवे छे । ते आखुं पद्य आ प्रमाणे छे–

वियोजयति चासुभिर्न च वधेन संयुज्यते,
शिवं च न परोमर्दपु (प)रुषस्मृतेर्विद्यते ।
वधायतनमभ्युपैति च परान्न निघ्नन्नपि,
त्वयाऽयमतिदुर्गमः प्रथ(श)महेतुरुद्योतितः ॥ १६ ॥

देवनंदी दिगम्बर परम्पराना पक्षपाती सुविद्वान् छे ज्यारे सिद्धसेन दिवाकर श्वेताम्बर परम्पराना समर्थक आचार्य छे । ते वखतना कटोकटीवाळा साम्प्रदायिक वळणोनो विचार करतां एम मानवानुं प्राप्त थाय छे के एक सम्प्रदायना गमे तेवा सुविद्वान्नी कृतिने बीजा विरोधी सम्प्रदायमां सादर प्रवेश पामतां अमुक चोक्कस समय लागे ज ।

पूज्यपाद देवनंदीनो जे समय अत्यारे मानवामां आवे छे ते मारी दृष्टिए तो फरी ऊंडी विचारणा मागे ज छे । छतां अत्यारनी मान्यता प्रमाणे ए समय विक्रमनी छठी शताब्दीनुं पूर्वार्ध छे । एटले के पांचमा सैकाना अमुक भागथी छठा सैकाना अमुक भाग लगी पूज्यपादनो समय लंबाय छे । पूज्यपादे दिवाकरनां ग्रन्थोनुं करेलुं सूक्ष्म अवगाहन अने दिगम्बर परंपरामां ए ग्रन्थोनी जामेली प्रतिष्ठा ए बधुं जोतां ऊपर जे सिद्धसेन दिवाकरनी पांचमी शताब्दीमां होवानी वातने वधारे संगत कही छे तेनो योग्य रीते खुलासो थई जाय छे । दिवाकरने देवनंदीथी पूर्ववर्ती के देवनंदीना वृद्धसमकालीन मानीए तोय तेमनो जीवन समय पांचमी शताब्दीथी अर्वाचीन ठरतो नथी ।

तेथी में जे मारा सन्मतितर्कना गुजराती भाषान्तरमां धारणा बांधेली ते ज वधारे सत्यनी नजीक छे अने इंग्रेजी फोरवर्डमां जे नवी सूचना करेली ते निराधार ठरे छे । पूज्यपादनी सर्वार्थसिद्धिमांथी दिवाकरना पद्यांशनुं अवतरण मेळवी आपवा बदल हुं पं. महेन्द्रकुमारजी न्यायाचार्यनो आभारी छुं ।

* *
*

कवि अब्दुल रहमानकृत सन्देशरासक

[एक अवलोकन]

लेऽ — अध्यापक श्रीयुत पं० बेचरदास जी० दोशी

*

आचार्य श्रीजिनविजयजी द्वारा जे अनेकानेक अपूर्व अने विविध विषयोवाळा संस्कृत, प्राकृत, अपभ्रंश, प्राचीन गुजराती आदि भाषाना ग्रन्थो अत्यारे संशोधित – संपादित थई प्रकट थवा तैयार थई रह्या छे, तेमां एक 'सन्देशरासक' नामनो पण अपूर्व ग्रन्थ छे. ए अपभ्रंश भाषामां रचाएली एक सुन्दर काव्यकृति छे. वळी वधारे विशिष्टता तो एनी ए छे के एनो कर्ता एक अब्दुल रहमान नामनो कोई भारतीयेतर कवि छे जे धर्मथी कदाच इस्लामनो अनुयायी होय. संक्षिप्त संस्कृत टिप्पणी तेम ज ३–४ जूनी प्रतोनां बहुविध पाठान्तरो आदिथी समलंकृत थई थोडा ज समयमां ए ग्रन्थ प्रकट थवानो छे. ए मूळ ग्रन्थनां छपाएलां पृष्ठो गुजरातीभाषा विषेना मारा युनिवर्सिटीनां व्याख्यानो तयार करती वखते, मारी विनंतिथी आचार्यश्रीए मने तेनो उपयोग करवा माटे मोकली आप्यां हतां अने साथे ए ग्रन्थना अवलोकनथी मने जे विचारो स्फुरी आवे तेनी एक नोंध पण लखी मोकलवा तेओश्रीए मने जणाव्युं हतुं. ए कृतिना अवलोकनरूपे एक नानकडो निबन्ध ज माराथी लखाई गयो जे आचार्यश्रीनी इच्छानुसार आ नीचे प्रकट करवामां आवे छे.

आ निबंधमां वक्तव्यनी क्रमयोजना आ प्रमाणे छे –

(१) शृङ्गार रसनुं स्थान
(२) संदेशरासक अने मेघदूत
(३) रासनो रचनाक्रम अने तेनुं वस्तु
(४) रासकारनुं रचनाकौशल अने नम्रता
(५) रासकारनो परिचय, रासकारनां नाम, पिता, कुल अने देश
(६) आ रासनुं नाम अने रासनी भाषा
(७) रासकारनो समय
(८) रास ऊपरनुं साहित्य – टिप्पनक अने अवचूरिका
(९) रासना छंदो
(१०) रासनां पाठांतरो अने प्रतो

(१) शृङ्गार रसनुं स्थान

संसारमां कुसुमशर पंचबाण कामदेव चक्रवर्तीनुं साम्राज्य प्रबळमां प्रबळ छे. जे, संसार आखाने वश करी शके छे ते पण कामदेव पासे तो 'गुलाम' ज होय छे. जगतमां नानुं के मोटुं कोई पण प्राणी एवुं नथी जे कामदेवनी आज्ञाने वश न होय – वनस्पति जेवुं सूक्ष्मतम अने मानव जेवुं पंडितवर जंतु ए बन्ने कामदेवने जोतां ज थरथरी ऊठे छे. आम छे माटे ज मनुए कह्युं छे के 'प्रवृत्तिरेषा भूतानां निवृत्तिस्तु

महाफला'-(मनुस्मृति) सर्व इंद्रियोनी तृप्ति द्वारा मनमां जे उल्लास आवे छे ते 'शृंगार' नी व्याख्यामां समाई शके. शृंगारनां बाह्य साधनो अनेक छे अने भौतिक सुखनी आसक्तिमां शृंगारनुं मूळ छे. 'आसक्ति' नुं बीजुं नाम 'काम' 'वासना' पण छे. क्रोध, मान, माया अने लोभ ए बधां आसक्तिनां संतानो छे. एवो कोईक ज विरल महासमर्थ मानव मळशे जे आसक्तिने वश न होय. बाकी जति जोगी ब्राह्मण श्रमण भिक्षु कवि पंडित मुनि संन्यासी फकीर बाळ युवान वृद्ध रोगी एम समस्त मनुष्योमां कोईने कोई प्रकारे शृंगारनी व्याप्ति देखाय छे ने देखावानी. आ रीते सारा ब्रह्मांडमां प्रधानतः एक शृंगार रस ज प्रसरेलो छे. बीजा हास्य, करुणा, रौद्र, वीर, भयानक, बीभत्स, अद्भुत अने शांत ए बधा रसो पण जगतमां व्यापेला छे; परंतु शृंगारनी अपेक्षाए एमनी व्याप्ति मर्यादित छे. वळी, 'शांत' सिवायना ए हास्यादिक रसो पण कोई अपेक्षाए शृंगार मूलक होय छे वा शृंगारनां डाळां पांखडां जेवां होय छे. आ रीते जगतमां व्यापकतानी अपेक्षाए सर्व रसोमां शृंग–शिखर–समान एक शृंगार–काम–ज छे. आम छे तेथी तो वात्स्यायन जेवा मुनिए पण 'कामशास्त्र'नी रचना करी. संस्कृत के प्राकृत साहित्यमां, गद्य वा पद्य एवा काव्यसाहित्यमां, प्रधानतः 'शृंगाररस'नी व्याप्ति-भरती–आवेली छे. शृंगारप्रधान कविता करनार कवि ऊपर केटलाक, 'चरित्रहीन' नो आक्षेप करवा तैयार थाय छे; परंतु खरी रीते तेम नथी. कवि तो ब्रह्मांडनी–समाजनी–परिस्थितिनो प्रतिबिंबक छे. जे स्थिति समाजमां प्रधानतः प्रवर्तती होय ते ज, तेनी कविताना आरिसामां झबके. कालिदास के जगन्नाथ ए बधा तो गृहस्थाश्रमी कविओ हता; परंतु जे काव्यो, विरक्त तपस्वी एवा जैन मुनि वा बौद्ध भिक्षुओए रचेलां छे तेमां पण कालिदासादिकने टपी जाय एवां शृंगारमय चित्रणो छे. एटले एम थवानुं कारण केवल शृंगार-प्रधान लोकस्थिति छे. प्रस्तुत रासमां पण ब्रह्मांडनो प्रधान नाद शृंगार वर्णवायेलो छे. रासकारे पोताना अभिमत शृंगारना चित्रणमाटे एक विरहवती नायिका, संदेशवाहक पथिक तथा प्रवासे गयेलो नायिकानो पति–एवी त्रिपुटीनी भित्तिनो आश्रय लई पछी एमां ऋतुवर्णन वगेरेना रंगो पूरी रासने भभकदार बनावेलो छे.

*

(२) संदेशरासक अने मेघदूत

प्राचीन समयमां खेपियाओ के वडीए जोजनगामी सांढणीना अस्वारो संदेशो लाववा लई जवानुं काम करता. ए खेपिया वगेरेमां गतिशक्ति प्रबळ रहेती. वेगवाळी गतिवाळो हंस, दमयंतीनो संदेशो नळ पासे लई गयो छे जेनुं वर्णन श्रीहर्षे नैषधमां आपेलुं छे. पक्षिओमां संदेश वहननुं सामर्थ्य, जो एमने केळववामां आवे तो, जरूर प्रगटी शके छे. पारेवां वगेरे पक्षिओ ए दृष्टिए केटलां महत्त्वनां छे ए वर्तमानयुद्ध द्वारा आपणने प्रतीत थई गयुं छे. संस्कृत साहित्यमां मात्र संदेशो मोकलवा माटे ज सर्वतः प्रथम कवि कालिदासे 'मेघदूत' रच्युं. पछी तो बीजां एवां पवनदूत वगेरे 'दूत काव्यो' रचायां. मेघदूतमां संदेशो मोकलनार शापभ्रष्ट यक्ष छे, संदेशो लई जनार मेघ छे अने संदेशो मेळवनार विरहिणी यक्षवनिता छे. संदेशरासकमां संदेशो मोकलनार, कोई धन कमावा जनार वेपारीनी, विरहिणी पत्नी छे, संदेशो लई जनार

एक पथिक छे अने संदेशो मेळवनार ते विरहिणीनो पति छे. मेघ एक गतिमान पदार्थ छे परंतु ते द्वारा संदेशो पहोंचाडवो ए केवळ कविता गणाय. त्यारे आ रासमां संदेश पहोंचाडनाररूपे पथिकने कल्पता कविए कविता द्वारा वास्तविकताने बतावी छे. मेघदूत अने प्रस्तुत रास ए बन्ने संदेशो मोकलवानां काव्यो छे. मेघदूतनुं वर्णन मनोविज्ञाननी दृष्टिए अने रसशास्त्रनी दृष्टिए विशेष उत्कर्षप्राप्त छे, परंतु ते केवळ पंडितभोग्य छे. त्यारे नायिकाना अने पथिकनी वृत्तिना भावोने व्यक्त करतुं आ संदेशरासकनी कवितानुं वर्णन जोके सीधुं अने सरल छे छतां ते लोकभोग्य छे ए तेनी विशेषता छे. मेघदूतमां यक्षे मेघने संदेशो कह्यो वगेरे वर्णव्युं छे परंतु ते मेघ, 'ए यक्षपत्नीने मळयो अने पछी शुं थयुं' ए बधी हकीकतो कविना हृदयमां ज रही गई छे; त्यारे आ रासमां तो छेल्ले ए विरहिणी अने तेनो पति बन्ने एक बीजा मळी गया छे अने ते पण पथिकनो संदेशो पहोंचता पहेलां ज अर्थात् संदेशो आपीने विरहिणी पती पथिकने वळावीने पाछी वळे छे एटलामां तेनो पति आवी पहोंचे छे. ए रीते मेघदूतना अंत अने आ रासना अंतमां तारतम्य छे – मेघदूतना अंतमां यक्षनी इष्ट सिद्धि कविना मनमां छे त्यारे आ रासना अंतमां संदेशो मोकलनारनी इष्टसिद्धि प्रत्यक्ष चित्रित छे.

रासकार विरहिणीद्वारा कहे छे के –

जलरहिय मेह संतविअ काइ, किम कोइल कलरउ सहण जाइ।
रमणीयण रत्थिहि परिभमंति, तूरारवि तिहुयण बहिरयंति ॥२१८

---

१ आ पद्योनो अनुक्रमे आ प्रमाणे अर्थ छेः–

पाणी वगरना मेघ कायाने संताप आपे छे, कोयलनो कलरव केम करीने सह्यो जाय। रमणीगण रथ्याओमां – शेरीओमां – परिभ्रमण करे छे, अने वाद्योना अवाजवडे त्रिभुवनने ब्हेरुं बनावे छे ॥ २१८

चाचरमां – खुल्ला चोकमां के चार मार्गो ज्यां भेगा थाय छे, त्यां अपूर्व वसंतसमयमां गीतध्वनि अने तालध्वनि साथे निबिड हारने पहेरेली, मेखलानी घूघरीओनो रणझणाट करती अने चारे बाजु खेलती एवी युवतिओ नाचे छे. ("चाचरमां रहेनारा लोको ताल तथा ध्वनि करीने पूर्वोक्त युवतिओ साथे नाचे छे" – टिप्पनकनो अर्थ) ॥ २१९

आ वसंत ऋतुमां नवयौवनवाळी युवतिओ गाजे छे, एम में पतिने पामवानी – उत्कंठाने लीधे उक्त गाथा कही छे ॥ २२०

आवा वसंत समयमां (के ज्यारे लोको रसपूर्ण – रसथी तरबोळ बनेला छे) मारा ऊपर कंदर्प पोतानां बाणो फेंके छे अने मारा हृदयने अधिक संतापे छे ॥ २२१

हे पथिक! हुं बहु दुक्खणी छुं, मदननी ज्वाला तथा पतिविरहने लीधे विशेष सळगेली छुं. आवी परिस्थितिमां में तने जे संदेशो कहेलो छे तेमां कठोर वचनो पण आव्यां हशे, परंतु तुं ते कठोर वचनोने छोडीने मारां कोमल वचनोने, विनयपूर्वक मारा पति पासे पहोंचाडजे अने तेनी साथे विनयनी रीते वात करजे जेथी ते प्रकुपित न थाय. ए रीते ते उत्तम स्त्रीए आशीष आपीने ते पथिकने विदाय आपी ॥ २२२

विदाय आपीने जेवी ए स्त्री वेगथी पाछी फरी के तेणीए दक्षिणदिशा तरफथी मार्गने आवरतो पोतानो पति आवतो जोयो अने तेणी शीघ्र आनंदित थई. जेम ए दुक्खणी स्त्रीनुं ओचिंतुं कार्य सिद्ध थयुं तेम आ रासने पढतां तथा सुणतां लोकोनुं पण इष्ट सिद्ध थाओ अने अनादि अनंत परमेश्वर जयवंता रहो ॥ २२३

चच्चरिहि गेउ झुणि करिवि तालु, नच्चीयइ अउव्व वसंतकालु ।
घण निविडहार परिखिल्लरीहिं, रुणझुण रउ मेहलकिंकिणीहिं ॥२१९
गज्जंति तरुणि णवजुव्वणीहिं, सुणि पढिय गाह पिअकंखिरीहिं ॥२२०
एआरिसंमि समए घणदिणरहसोयरंमि लोयंमि ।
अच्चहियं मह हियए कंदप्पो खिवइ सरजालं ॥ २२१
जइ अणक्खरु कहिउ मइ पहिय,
घणदुक्खाउन्नियह मयणअग्गि विरहिण पलित्तिहि ।
तं फरसउ मिल्हि तुहु विणयमग्गि पभणिज्ज झत्तिहि ।
तिम जंपिय जिम कुवइ णहु तं पभणिय जं जुत्तु ।
आसीसिवि वरकामिणिहि वट्टाऊ पडिउत्तु ॥ २२२
जं पढुंजिवि चलिय दीहच्छि अइ तुरियइ,
इत्थंतरिय दिसि दक्खिण तिणि जाम दरिसिय,
आसन्न पहावरिउ दिट्ठु णाहु तिणि झत्ति हरसिय ।
जेम अचिंतिउ कज्जु तसु सिद्धु खणद्धि महंतु ।
तेम पढंत सुणंतयह जयउ अणाइ अणंतु ॥ २२३

*

(३) रासनो रचनाक्रम अने तेनुं वस्तु

रासकारे संदेश रासकमां त्रण प्रक्रम कल्पेला छे. ए प्रक्रमोनुं कोई विशेष नाम नथी आप्युं. मात्र टिप्पनकरूप-वृत्तिकार एक बीजा प्रक्रमनुं ज 'संदेशप्रदान' एवुं नाम आपे छे. प्रथम प्रक्रममां २३ पद्यो छे, ते पद्यो विपुला गाथा, रड्ड, पद्धडी अने डुमिला वगेरे जुदा जुदा छंदोमां रचेलां छे. टिप्पनकारे टिप्पनमां ते बधा छंदोनां लक्षणो स्पष्टपणे समझावेलां छे. प्रक्रमना आरंभमां—प्रथम गाथामां रासकारे जगन्नियंता—जगतना सरजनहारनुं स्मरण करीने बुधजनोनी कल्याणकामना व्यक्त करी छे.[1] बीजी गाथामां ए ज एक कर्ता परमेश्वरने 'नागरिक जनो नमन करो' एवो भाव प्रगट करी परमेश्वर प्रति नम्रता दाखवी छे. त्रीजी[3] अने चोथी गाथामां पोतानो देश, पिता, पितानो वंशानुगत व्यवसाय, पोतानुं नाम अने रासना नाम साथे तेनी रचना संबंधे सूचन

---

१ रयणायर-धर-गिरि-तरुवराइं गयणंगणम्मि रिक्खाइं ।
जेणऽज्ज सयल सिरियं सो बुहयण वो सिवं देउ ॥ १ ॥

२ टिप्पनकारे अने अवचूरिकाकारे 'नागरिक'नी नीचे प्रमाणे व्याख्या आपेली छे:
"द्वन्द्वाऽऽलापन-भेषज-भोजनसमये समागमे च रमणीनाम् ।
अनिवारितोऽपि तिष्ठति स खलु सखे ! व्यक्तनागरिकः ॥"
अर्थात् ज्यां बे जण वात करतां होय, औषधनी वातचीत थती होय, भोजननो वखत होय, रमणीओना समागम समये—एकांतमां आटला स्थळे जेने ऊभो रहेतां कोई न वारे ते 'व्यक्त नागरिक' कहेवाय. (पृ० २)

३ पच्चाएसि पहूओ पुव्वपसिद्धो य मिच्छदेसो त्थि ।
तह विसए संभूओ आरद्दो मीरसेणस्स ॥ ३ ॥

कर्युं छे. पांचमी अने छट्ठी गाथामां पूर्वना छेकोने – पंडितोने[4] अने शब्दशास्त्रकुशल सुकविओने संभार्यां छे. अवहट्टय[5] – अपभ्रष्टक, संस्कृत, प्राकृत अने पैशाची भाषामां जेओए रचना करी कवित्वने भूषित कर्युं छे तेमने याद कर्यां छे. पांचमी गाथा द्वारा पूर्वना पंडितोने साधारणपणे संभारी छट्ठी गाथामां भाषाविशेषना कविओने याद कर्यां छे; परंतु कोई पंडित के कविने विशेष नाम लईने याद कर्यां नथी. वळी भाषाओमां पण संस्कृत, प्राकृत, पैशाची अने अपभ्रंश ए चारने ज याद करेली छे. संभव छे के मागधी वा शौरसेनीमां महाकाव्योनी विपुलता न होवाथी,– महाकवि राजशेखरनी बे एक कृतिओ (कर्पूरमंजरी अने रंभामंजरी) शौरसेनीनी कृतिओ गणाय, छतां ते महाकाव्य नथी अने मागधीमां तो कोई कविए कविता – विशिष्ट कविता – करी नथी – एथी रासकारे शौरसेनी अने मागधीनो उल्लेख नहि कर्यो होय ए उचित ज छे. वळी, ए भाषाओना उल्लेख ऊपरथी रासकार कविनो ते चारे भाषाना साहित्यनो विशिष्ट परिचय अने पांडित्य पण व्यक्त थाय छे. रासकार पोते प्राकृत[6] गीतो रचवामां विशेष निपुण छे एम ए जाते ज जणावे छे अने ए सर्वथा यथार्थ छे. सातमी[7] गाथामां पोतानी लघुता बताववानी सूचना छेः ए कहे छे के एवा मोटा मोटा कविओनी पाछळ श्रुति अने शब्दशास्त्र रहित अमारा जेवानुं व्याकरण अने छंदोथी वेगळुं एवुं कुकवित्व कोण वखाणशे? छतां कोई वखाणे के न वखाणे तो य अमे तो अमारुं कर्तव्य बजाववाना ज छिए. आ हकीकत, आठमीथी सत्तरमी गाथा सुधी रासकारे विशिष्ट अने मनोरंजक ओठां आपीने सरसरीते रजु करी छे. ते कहे छे के "चंद्र ऊगे एटले शुं दीवो पोते न प्रकाशे?" "कोयल बोले एथी शुं कागडा चूप थई जाय" "गंगा वहे एथी शुं बीजी नदीओ वहेती अटकी जाय?" "कमलिनी खीले तेथी शुं वाड ऊपर तुंबडी न खीले?"

---

४ केवल अवचूरिकाकारे पंडित अने कवि वच्चे अंतर बतावनारुं मयूरमहाकविनुं वाक्य आ प्रमाणे नोंध्युं छेः

"तूर्णमानीयतां चूर्णं पूर्णचन्द्रनिभानने !।
कवये बाणभट्टाय पण्डिताय च दण्डिने ॥"

टिप्पनकारना मत प्रमाणे कविओ कर्ता छे अने पंडितो संशोधको छे. (पृ० ३)

५ "अवहट्टय - सक्कय - पाइयम्मि पेसाइयम्मि भासाए ।
लक्खण - छंदाहरणे सुकइत्तं भूसियं जेहिं ॥" (पृ०३)

६ "तह तणओ कुलकमलो पाइयकव्वेसु गीयविसयेसु ।
अद्दहमाणपसिद्धो संनेहयरासयं रइयं ॥ (पृ०३)

आ गाथाना पूर्वार्धना बीजा चरणनो अर्थ अवचूरिकाकार टिप्पनकार करतां बीजी रीते करे छे. "प्राकृतकाव्ये गीतविषयेषु भोगेषु च" अर्थात् आ रासकार, प्राकृतगीतोमां अने विषयो एटले भोगोमां अर्थात् कामसूत्र वगेरे शास्त्रोमां विशेष निपुण हतो.

७ "ताणऽणु कईण अम्हारिसाण सुइ - सद्दसत्थरहियाण ।
लक्खण - छंदपमुक्कं कुकवित्तं को पसंसेइ ? ॥ ७ ॥"

अनुक्रमे गा० ८–९–१३–१४–१५–१६–१७. आ सिवाय वच्चे आवेली १०–११–१२ गाथाओमां पण एवां ज उदाहरणो साथे उक्त एकज आशय बतावेलो छे.

"शिक्षित तरुणी भरते बतावेली भावभंगिओ द्वारा नाच करे एटले गामडियण नारी ताळीओ पाडी शुं नाचवुं छोडी दे?" "क्यांय खीरना ऊकळवानो अवाज आवे एथी शुं हांडलीमां पाकती कुशकानी राबडी पोतानो 'खदखद' अवाज न करे?" छेक छेल्ले ए रासकार कहे छे के, "चतुर्मुखे कह्युं छे एटले शुं बीजा कांई न कहे?" तेथी खरी वात तो ए कहे छे के "जेनी⁸ जेटली काव्यशक्ति होय तेणे शरमाया विना पोतानी ए शक्तिने प्रगट करी देवी". अने आ दृष्टिए ज रासकार पोते काव्य करवा तत्पर थयो छे. तेम छतां प्रस्तुत रास ए कांई राबडी नथी किंतु मिष्टरसपूर्ण सुगंधित क्षीर छे, ए वात नक्कर सत्य छे, ए ध्यान बहार न रहे. रासकार भरतनाट्य शास्त्रनो पण पंडित छे अने रसिक छे ए तेणे ऊपर लख्या प्रमाणे 'भरत' नो निर्देश करतां सूचवेलुं छे. रासकारे सत्तरमी गाथामां छेक छेल्ले 'चतुर्मुख' ना नामनो उल्लेख कर्यो छे. टिप्पनकार अने अवचूरिकाकार ए बन्ने 'चतुर्मुख' नो अर्थ 'ब्रह्मा' करे छे अने "ब्रह्माए वेदो कर्या एटले हवे शुं कोईए कांई रचना न करवी?" एवो अर्थ समझावे छे. परंतु आ 'रास' जोतां रासकारे प्रस्तुतमां 'चतुर्मुख' शब्दद्वारा 'ब्रह्मा'ने याद कर्यो होय एम नथी लागतुं; किंतु अपभ्रंशभाषानो विशिष्ट कवि महापंडित 'चतुर्मुखस्वयंभू' नामे जे प्रसिद्ध 'जैन कवि' थयेलो छे, अने जेनुं काव्य विशेष रसाळ अने विदग्धजन-मोहक छे तेथी रासकारे ए कविने अहीं याद कर्यो होय एवी संभावना थाय छे. वेदना प्रणेता ब्रह्मा अने प्रस्तुत कवि ए बे वच्चे विशेष अंतर पडी जाय छे–'ब्रह्मा' ए ईश्वररूप छे अने प्रस्तुत रासकार 'मानव' छे, एथी ए बे वच्चे समोवडनो संभव नथी. कविओ जे रीते पोताना समोवडिया कविओने संभारे छे ए जोतां आ रासकारे 'चउमुह' शब्दद्वारा ए सुप्रसिद्ध महाकवि 'चतुर्मुख'ने संभार्यो होय ए सुघटित छे. पोतानी लघुता बतावतां रासकारे पोताने 'श्रुति-रहित' कहेलो छे एथी कदाच एम जणाय छे के रासकारने वेदोनो विशेष ऊंडो परिचय न होय. अढारमी, ओगणीशमी अने वीशमी गाथाओमां रासकार, महाकविओनी पासे पोते 'मूर्ख छे' एम जणावी पछी "पोते मूर्खे करेल आ रासने स्नेह करीने बुध जनो पण सांभळे" एवुं बुधजनोने निमंत्रण आपे छे अने साथे पोतानी जात 'कौलिक'नी एटले 'तंतुवायनी–वणकरनी छे' ए हकीकत पण लघुता दर्शाववा माटे बतावे छे. आ स्थले रासनुं नाम 'संनेहरासउ' एम सूचवेलुं छे. "जेओ पंडित

---

८ "जा जस्स कव्वसत्ती सा तेण अलज्जिरेण भणियव्वा ॥" (पृ० ६)

९ "जइ चउमुहेण भणियं ता सेसा मा भणिज्जंतु ॥ १७ ॥"

'चतुर्मुख' नामे एक महाकवि थयेलो छे. जेणे विशेषे करीने अपभ्रंश भाषामां मनोहर रचना करेली छे. तेनो समय सुनिर्णीत नथी तो पण अगीयारमा सैकामां महापुराणनी समाप्ति करनारा महाकवि पुष्पदंते 'चतुर्मुख'ने ग्रंथारंभे याद करेलो छे एटले 'चतुर्मुख'नो समय अगीयारमा सैकाथी पूर्वे छे ए चोक्कस. परंतु केटलुं पूर्वे ए हजु निर्णीत नथी. आ संबंधे विद्याविलासी पं० नाथूरामजी प्रेमी रचित 'जैनसाहित्य और इतिहास' (पृ० ३७१) अवश्य जोवो जोईए.

१० जुओ टिप्पण ७ मुं, त्यां गाथामां रासकारे पोताने 'श्रुति' रहित जणावेलो छे. 'श्रुति' ए वेदनुं नाम छे.

अने मूर्ख बन्नेनुं अंतर समजे एवा महापंडितो छे, एओ माटे आ रास उपयुक्त नथी" (गाथा २०) परंतु "जेओ पंडित नथी तेम मूरख पण नथी एओ माटे आ रास छे. माटे आ रास एवा वचगाळाना लोको सामे गावो" एवी भलामण २१मी गाथामां करे छे. प्रथम प्रक्रमनी छेल्ली बे डुमिला छंदमां रचेली कडीओमां (२२मी अने २३मी) कवि रासकार, पोताना रासने मूलवे छे. ते कहे छे: आ रास, अनुरागिओ माटे 'रतिगृह' छे, कामुको माटे 'मनहर' छे, मदनमनस्को माटे 'मार्गदर्शक दीप' छे, विरहिणीओ माटे 'मकरध्वज' छे अने रसिक जनो माटे 'संजीवक रस' छे-कानने अमृत जेवो मीठो छे तथा अतिस्नेहपूर्वक कहेवामां आव्यो छे. आटलुं कही रासकार प्रथम प्रक्रमने पूरो करे छे.

बीजो प्रक्रम १०६ पद्योमां छे. तेनो आरंभ गा० २४थी, अने अंत १२९मी गाथाथी थाय छे. आ प्रक्रमना आरंभमां ज रासकार 'विजयनयर'[11]नो उल्लेख करी त्यांनी विरहिणी नायिकानुं विरहावस्थानुं चित्र खडुं करवा साथे तेणीए 'पथिकने जोयो' 'तेणीनी संदेशो देवानी उत्कंठा विशेष वधी' अने 'पथिकने जोईने संदेशो आपवानी उतावळमां तेना केवा केवा हालहवाल थया', 'उतावळथी संदेशो आपवा जतां तेणीनो कंदोरो छूटी गयो, एने गांठवाळी ठीक कर्यो त्यां हार तुटी गयो, हारने समो कर्यो त्यां पगनां झांझर साथे अफळातां पोते ज पडी गई, मांड ऊभी थई त्यां ओढणुं खसी गयुं, तेने सरखुं कर्युं त्यां कांचळी फाटी गई, कमळोवडे जेम कनककलश ढंकाय तेम हाथवडे छांती ढांकी मांड मांड तेणी पथिकनी पासे पहोंची अने तेने क्षणवार ऊभो रहेवानुं अने पोतानुं बोलवुं सांभळवानुं जणाव्युं'-ए बधुं वर्णव्युं छे. (गा० २४ थी गा० ३०) पछी ते पथिक आ नायिकाने जोतां ज थंभी गयो-एक पगलुं आगळ था एक पगलुं पाछळ ते चाली ज न शक्यो. चाळीशमी गाथा सुधी पथिके जोएली ए विरहिणीना सौंदर्यनुं माथा[12]थी पग सुधी वर्णन कर्युं छे. ए पथिक कहे छे के 'आ वामा[13]नो रचनार प्रजापति कां तो आंधळो छे अथवा व्यंडल (वियड्ढलु) छे-तृतीयप्रकृति छे. नहीं तो आवी वामाने सरजी ते पोतानी पासे ज न राखे.' ४०मी गाथामां ए पथिक कहे छे के, "[14]कविओ पोतानी कृतिमां पुनरुक्ति दोष करे छे तेथी तेओ दोषपात्र नथी. कारण के पुनरुक्ति तो सरजनहारे पण करी छे: सरजनहारे पहेलां शैलजाने-पार्वतीजीने सरज्यां अने त्यारबाद तेना जेवी ज आ वामाने सरजी, ए सरजनहारनी पुनरुक्ति ज छे.' संदेशो आपवा आवेली ए नायिका पथिकने पूछे छे के 'हे पथिक!

---

११ "विजयनयरहु कावि वररमणि" इत्यादि (गा० २४थी ७)

१२ देवोनी स्त्री-देवीनुं वर्णन माथाथी आरंभाय छे एम टिप्पनक अने अवचूरिका बन्नेमां लखेलुं छे. माटे ज प्रस्तुत रासकारे आ रासमां स्त्रीनुं वर्णन माथाथी आरंभ्युं छे.

१३ "किं नु पयावइ अंधलउ अहवि वियड्ढलु आहि।
जिणि एरिसि तिय णिम्मविय ठविय न अप्पह पाहि॥" (पृ०१५)

१४ "सयलज्ज सिरेविणु पयडियाइं अंगाइं तीय सविसेसं।
को कवियणाण दूसइ सिट्ठं विहिणा वि पुणरुत्तं॥" (गा०४०पृ०१७)

तुं क्यांथी आव्यो छे?, हवे तुं क्यां जईश?' (गा० ४१) आना उत्तरमां पथिक पोते ज्यांथी आव्यो छे ते स्थळनुं वर्णन करे छे अने छेक छेल्ला वाक्यमां पोते जे माटे, ज्यां, जवानो छे ते पण जणावी दे छे. आ माटे रासकार, ६५मी गाथा सुधीनो भाग रोकी राखे छे. पथिक कहे छे 'हे शशधरवदनि! मारुं नगर 'सामोरु' छे, एमां रहेनारा लोको 'नागरिक' छे, त्यां मोटां मोटां महालयो छे. कोई मूरख नथी, बधा जण पंडित छे. नगरमां फरो तो क्यांय मधुर प्राकृत छंदो सांभळवा मळशे, क्यांय वेदोने सांभळशो, क्यांय अनेक रूपको द्वारा रचायेला रासो कहेवाय छे, क्यांय सुदयवच्छनी कथा, क्यांय नलचरित, क्यांय भारत, क्यांय रामायण–एम अनेक कथाओ ज्यां त्यां वंचाय छे, क्यांय विविध वाद्यो वागे छे, क्यांय प्राकृत गीतो गवाय छे अने क्यांय 'चल चल' एम बोलती नर्तकीओ चालती रहे छे.' आ पछी तो रासकार 'सामोरु' नगरना वेश्यावाडानुं वर्णन करतां गा० ४६थी ५४ सुधी पहोंची जाय छे अने पछी त्यांनां उद्यानोनुं वर्णन करतां विविध वनस्पतिओना वर्णनमां आठ गाथाओ रोके छे. ए गाथाओमां जाणी वा अजाणी अनेक वनस्पतिनां मात्र नामो कही जाय छे अने छेवटे 'ए उद्यानोनी छाया दश योजन सुधी पहोंचे छे' एम कही पथिकना नगरनुं एक विशेष एंधाण आपी तेनुं बीजुं नाम पण रासकार जणावे छेः

"तवणतित्थु चाउद्दिसि मियच्छि! वखाणियइ,
मूलत्थाणु सुपसिद्धउ महियलि जाणियइ।"–(गा० ६५)

अर्थात् 'हे मृगाक्षि! ज्यांनुं तपनतीर्थ–सूर्य तीर्थ–सूर्यनो कुंड–विशेष वखणाय छे अने जे नगरनुं बीजुं नाम 'मूलत्थाण' एवुं सुप्रसिद्ध छे'. आम कही पथिक कहे छे के–

"तिह हुंतउ हउं इक्किण लेहउ पेसियउ,
खंभाइत्तई वच्चउं पहुआएसियउ॥"–(गा० ६५)

अर्थात्–'त्यांथी कोई एके लेख–कागळ–मोकल्यो छे तेने लइने प्रभु–स्वामी द्वारा आदेश पामेलो हुं खंभात तरफ जाउं छुं'.

नायिका 'खंभात'नुं नाम सांभळतां कहेवा लागीः

"रुइवि खणद्धु फुसवि नयण पुण वज्जरिउ,
खंभाइत्तह णामि पहिय तणु जज्जरिउ।
तह मह अच्छइ णाहु विरहउल्हावयरु,
अहिय कालु गम्मियउ ण आयउ णिद्दयरु॥ ६७
× × × ×
जिणि हउ विरहह कुहरि एव करि घल्लिया,
अत्थलोहि अकयत्थि इकल्लिय मिल्हिया।
संदेसडउ सवित्थरु तुह्नु उत्तावलउ,
कहिय पहिय पिय गाह वत्थु तह डोमिलउ॥ ९२

अर्थात्–'जराक वार रोईने आंख लुंछीने पछी नायिका बोलीः हे पंथिक! खंभातनुं नाम लईलईने हुं तो जर्जरित थई गई, मारा विरहअग्निने ओलवनारो मारो स्वामी त्यां रहे छे. तेणे त्यां वधारे काल गुमाव्यो छे अने ए निर्दय हजी पण आव्यो नथी.' ६७

'एम करीने जेणे मने विरहना खाडामां घाली मूकी छे अने अर्थना लोभने वश थई जेणे मने एकली करी मूकी छे, तेने आपवानो संदेशडो सविस्तर रीते मारे कहेवानो छे अने तुं उतावलो थाय छे. पथिक! तेने आ एक गाथा अने डोमिलक कही संभळावजे.' ९२

आ रीते नायिका ए पथिकने जुदा जुदा छंदोमां एक ज तात्पर्यवाळो संदेशो जुदी जुदी रीते वारंवार कह्ये जाय छे. वच्चे वच्चे पोतानी परिस्थितिनो – विरहव्यथानो – ख्याल आपती जाय छे अने पेलो पथिक 'मारे उतावळ छे' 'तुं मोडुं न कर' 'तारो संदेशो हुं बराबर कहीश' अने 'तुं तारा नायक माटे विशेष खेद न कर, ए तेनुं कार्य साध्या विना नहीं आवे अने कार्य सिद्ध थतां ज तुरत पाछो वळशे' वळी 'तारी पेठे ए पण तारे माटे जूरतो हशे' एम तेने सांत्वना आपतो जाय छे. आ रीते नायिका अने पथिक वच्चेना संदेशासंबंधी कथनोपकथनमां बीजो प्रक्रम समाप्त थाय छे, अने तेमां वच्चे वच्चे रासकार श्लेषवाळां अने विविध अनुप्रासवाळां पद्यो गोठवी पोतानी प्रतिभा ठलवतो जाय छे. तेना संक्षिप्त नमूना आ प्रमाणे छे.

"तुय समरंत समाहि मोहु विसम ट्ठियउ,
तह खणि खुवइ कवालु न वामकरट्ठियउ।
सिज्जासणउ न मिल्हउ खण खट्टंग लय,
कावालिय! कावालिणि तुय विरहेण किय ॥" ८६

"जइ मइ णत्थि णेहु ताकं तहं, पंथिय! कज्जु साहि मह कंतहं।
जं विरहग्गि मज्झ णक्कंतह, हियउ हवेइ मज्झ णक्कंतह ॥ १०४
तणु दीउन्हसासि सोसिज्जइ, अंसुजलोहु णेय सोसिज्जइ।
हियउ पउक्कु पडिउ दीवंतरि। णाइ पतंगु पडिउ दीवंतरि ॥ १११

आ प्रकारनां काव्यचमत्कृतिनां अनेक पद्यो आ रासमां रासकारे योजेलां छे. बीजा प्रक्रमने अंते नायिका ग्रीष्मऋतु ऊपर पोतानो रोष ठलवतां कहे छे के–

"मुक्का हं जत्थ पिए डज्झउ गिह्मानलेण सो गिह्मो।
मलयगिरिसोसणेण य सोसिज्जउ सोसिया जेणं" ॥ १२९

अर्थात्–'मारा प्रिये मने ग्रीष्म ऋतुमां मूकी दीधी छे–ते मने छोडीने ग्रीष्म-ऋतुमां चाल्यो गयो छे. तेथी ते ग्रीष्म ऋतु, ग्रीष्मनी धखधखती लू वरसती आगवडे बळीने खाख थाओ अने जे ग्रीष्म ऋतुए मने सूकवी नाखी छे ते ग्रीष्म पण मलयाचलना पवनवडे शोषाई जाओ' १२९. नायिका द्वारा ग्रीष्म ऊपर संताप वरसावी रासकार त्यार पछीना आखा त्रीजा प्रक्रममां छए ऋतुनुं वर्णन घणी ज सरस रीते करे छे. ऋतुवर्णननो आरंभ ग्रीष्मथी थाय छे अने अंत वसंतमां आवे छे. प्रथम ग्रीष्म गाथा १३०–१३८, पछी अनुक्रमे वर्षा गा० १३९–१५६, शरद गा० १५७–१८३, हेमंत गा० १८४–१९१, शिशिर गा० १९२–१९९, वसंत २००–२२१. ऋतुवर्णनमां रासकारे ते ते ऋतुना वृक्षो, पुष्पो, पक्षिओ, जलाशयोनी परिस्थिति; कुन्दचतुर्थी वगेरे खास खास ऋतुना उत्सवो; हस्त, अगस्त्य वगेरे विशेष ऋतुना नक्षत्रो, रमणीओनां ऋतुने अनुकूल रासरमणो–रासक्रीडाओ; ऋतुओमां रमणीओने

थता उल्लासो अने प्रोषितभर्तृकाओनी विडंबनाओ; वगेरेनुं वर्णन सचोटपणे करेलुं छे. जे ऋतुनुं वर्णन वाचीए ते ऋतु आपणी सामे प्रत्यक्षवत् नाचवा मांडे छे. तेमां एक खास बात ए पण कही छे के देडकाना 'डूाउं डूाउं' ध्वनिओ अने कोकिलना कलरवो ए बन्ने एके साथे वर्षाऋतुमां संभळाय छे. साधारण रीते वसंतमां कोकिलना टहुका वर्णवानो कविसमय छे अने आ रासकारे वसंतना वर्णनमां तेम वर्णव्युं पण छे खरुं. परंतु तेना ए टहुका थाय छे वैशाख–जेठमां ज्यारे आंबा पाकवाना होय छे. अने ए जोतां वर्षामां पण कोकिलना कलनादोनुं वर्णन विशेष लौकिक अने अनुभवगम्य छे. वर्षामां पण कोयलने अनेक वार सांभळेली छे. आ बधुं जोतां कविनां पांडित्य, प्रतिभा उपरांत तेनो प्रकृतिसाक्षात्कार पण अद्भुत छे एम कह्या विना चाली शकतुं नथी. रासकारनां 'कोकिल' माटेनां वचनो आ प्रमाणे छेः

बगु मिल्हवि सलिलद्दहु तरुसिहरिहि चडिउ,
तंडवु करिवि सिहंडिहिँ वरसिहरिहि रडिउ ।
सलिलिहि वर साल्लूरिहि फरसिउ रसिउ सरि,
कलयलु कियउ कलयंठिहि चडि चूयह सिहरि ॥ १४४

णहह मग्गि णहवल्लिय तरल तडयडिवि तडक्कइ,
दद्दुर रडणु रउद्दु सद्दु कुवि सहवि ण सक्कइ ।
निवड निरंतर नीरहर दुद्धर धरधारोहभरु,
किम सहउ पहिय! सिहरट्ठियइ दुसहउ कोइल रसइ सरु ॥ १४८

२२२ मी गाथामां नायिका पथिकने भलामण करे छे के 'हे पथिक! हुं कामज्वरथी संतप्त छुं अने तेथी घणी दुखणी छुं. में आ स्थितिमां तने आपेला संदेशामां कठोर वचनो पण आवी गयां हशे तो तुं तेने दूर करी विनयभरी रीते मारा नायकने समझावजे अने तुं तेने एवी रीते कहेजे के ते कुपित न थाय, हुं तने आशीर्वाद आपुं छुं. आम कहीने नायिकाए ए वटेमार्गुने वळाव्यो'. (२२२)

आ पछी त्रीजा प्रक्रमनी अंतिम २२३ मी गाथा आवे छे. एमां रासकारे मंगलमय हकीकत सूचवतां कह्युं छे के–

'एम संदेशो आपीने नायिका पाछी वळी. एटलामां दक्षिण दिशा तरफ तेणीनी नजर पडतां रस्ता पर चाल्या आवता पोताना नायकने जोतां ते घणी आनंदमां आवी गई.' आ पछी रासकारे जणाव्युं छे के 'जेम ए नायिकानी इष्टसिद्धि ओचिंती रीते थई तेम आ रासने भणनारा अने सांभळनाराओनी पण इष्टसिद्धि थाओ अने अनादि अनंत परमेश्वरने जय थाओ' आ स्थले रास पूरो थाय छे.

रासकारे रासमां नायिकानुं निवासस्थळ 'विजयनगर' बताव्युं छे. टिप्पनकार अने अवचूरिकाकार बन्नेए 'विजयनगर' नो अर्थ 'विक्रमपुर' आपे छे. ए जोतां वर्तमान बीकानेर (मारवाड) अने रासकारनुं 'विजयनगर' ए बन्ने एक लागे छे. 'बीकानेर' ने संस्कृतपंडितोए 'विक्रमपुर' तो कहेलुं छे पण तेने आ रासकार सिवाय बीजा कोईए 'विजयनगर' कह्युं छे के केम? ए शोधनीय रह्युं. हमणां तो आपणे टिप्पनकार अने अवचूरिकाकारने प्रमाणभूत गणी 'विजयनगरने 'विक्रमपुर–बीकानेर' समझी लेवानुं छे. परंतु

एथी 'विजयनगर' ए 'बीकानेर' ज छे एवुं निर्धारण करतां पहेलां ए माटे बीजा संवादो मेळव्या सिवाय चालशे नहीं. आपणा देशमां 'विजयनगर' नामे पण एक जुदुं ज नगर छे, एटले आ बाबतनुं संशोधन कर्या विना निर्णय न बांधी शकाय.

['विक्रमपुर' ए बीकानेर नहीं पण ए नामनुं बीजुं प्राचीन स्थान छे जे जेसलमेरनी हदमां आवेलुं होई प्रसिद्ध छे. तेम ज 'सामोरु' ए साम्बपुरनुं अपभ्रंश रूप छे अने ते मूलस्थाननुं बीजुं नाम छे. – जिनविजय]

पथिक पोताना स्थळने 'सामोरु' के 'सामोर' (अव०) नाम आपे छे, तेनो विशेष परिचय आपतां जे कह्युं छे ते विशे हुं आगल लखी गयो छुं. पथिक 'सामोर' नी प्रसिद्ध संज्ञा 'मूलत्थाणु' छे एम जणावी त्यांना 'सूर्यतीर्थ' – 'सूरजकुंड' – ना वखाण करे छे. आपणे शब्दसाम्यनी दृष्टिए 'मूलत्थाणु' ने 'मूलतान' समजी शकिए, परंतु ए माटे पण विशेष संवाद मेळववो जोईए. 'सामोर' विशे मूलमां के टिप्पन वा अवचूरिकामां कशो बीजो परिचय नथी. एथी ए विशे शुं कही शकाय ? रासकारना कहेवा प्रमाणे 'सामोर' अने 'मूलत्थाणु' ए बन्ने एक ज छे, एम जाणी शकाय छे. पथिक मूलत्थाणु के सामोरथी कोईनो संदेशो लई 'खंभात' भणी जाय छे ए हकीकत सर्वथा स्पष्ट छे. अर्थात् 'खंभात' तो सर्वप्रतीत होवाथी ते विशे कशुं लखवापणुं रहेतुं नथी.

*

'रासनो रचनाक्रम अने तेनुं वस्तु' ए त्रीजा मुद्दा विशेनी चर्चा करतां साथे 'रासकारनुं रचनाकौशल अने नम्रता' नो चोथो मुद्दो पण चर्चाई गयो छे एथी चोथा मुद्दा विशे जुदुं लखवानी जरूर जणाती नथी. एथी हवे पांचमां मुद्दा ऊपर आविए.

(४) रचना कौशल

*

रासकारनुं नाम–रासकारे रासमां पोतानुं नाम 'अद्दहमाण' ("तह तणओ कुलकमलो + + + अद्दहमाणपसिद्धो" – गा० ४, पृ० ३) जणावेलुं छे. टिप्पणकारे अने अवचूरिकाकारे ते माटे 'अब्दल रहमान' शब्द वापर्यो छे. ("अब्दल रहमान नामा" – टि० "अब्दल रहमानः अभूत्" – अवचू० पृ० ३)

(५) रासकारनो परिचय

कुल–रासकारे पोताना कुल – वंश माटे 'कोलिय – कौलिक' शब्द वापर्यो छे. भाषामां जे जातने 'कोळी' कहेवामां आवे छे ते जातसूचक 'कोळी' शब्द अने प्रस्तुत 'कोलिय' ए बन्ने आम तो मळता शब्दो छे; परंतु अर्थदृष्टिए ए बन्ने शब्दो एक छे के केम, ए विचारणीय खरुं. रासना टिप्पणमां 'कोलिय' शब्द ऊपर कशी नोंध ज नथी त्यारे अवचूरिकामां ("कौलिकेन तन्तुवायुना" – पृ० ८) 'कौलिक' नो अर्थ 'तन्तुवाय' कर्यो छे. 'तन्तुवाय' एटले वणकर – जुलाहो. भारतवर्षना प्रखर क्रान्तिकार भक्तराज श्री कबीर, उच्चप्रतिभावाळा कवि हता अने धंधे वणकर हता. तेम प्रस्तुत रासकार, विशिष्ट प्रतिभावाळो कवि होई धंधे वणकर हतो, ए वस्तुस्थिति भारतवर्षमां नवाई पमाडनारी नथी. अहीं सोनी अखो पण कवि थई गया छे; अने प्रायः गमे ते धंधो करवा छतां अहींनुं मानस, प्रतिभारहित रह्युं नथी. आ रास वांचतां पण कविनी प्रतिभा विशे आपणने शंका रहेती नथी.

पिता–रासकार, पोताना पितानुं नाम 'मीरसेन' जणावे छे. ("आरद्दो मीरसेणस्स तह तणओ" – गा. ३ – ४, पृ. २ – ३) 'आरद्दो' ए मीरसेननुं विशेषण छे.

अने ए 'आरद्दो' पद, मीरसेनना जाति – वंशनुं द्योतक छे. टिप्पनकार अने अवचूरि-काकार बन्ने 'आरद्दो' नो अर्थ 'तन्तुवाय – वणकर' करे छे. ("आरद्दो देशीत्वा[त्] तन्तुवायो मीरसेनाख्यः तस्य मीरस्य "मीरसेनस्य" तनयः" – पृ० २ – ३) रासकार, वंशपरंपराथी 'वणकर' होय, एम आ ऊपरथी लागे छे. 'मीरसेन' नाम ऊपरथी एवी पण कल्पना ऊठे छे के 'रासकार' अने वर्तमानमां काठियावाडमां वसती शूरवीर जात 'मेर' ए बे वच्चे कांईक संबंध होय. आ बाबत जरूर शोधनीय छे.

देश – रासकार पोताना देश विशे कोई स्पष्ट वात करता नथी; परंतु –

"पच्चाएसि पहूओ पुव्वपसिद्धो य मिच्छदेसो त्थि"(– गा० ३, पृ० २)

एम कहीने मोघम रीते 'म्लेच्छदेश'ने पोतानो देश जणावे छे अने साथे ऊमेरे छे के ए 'म्लेच्छ देश' पश्चिम दिशामां आवेलो छे अने प्रधान छे. तेथी पूर्वकाळथी सुप्रसिद्ध छे. टिप्पनकार तथा अचूवरिकाकार पण आ बाबत आथी वधारे कशुं ज बोलता नथी. प्रस्तुतमां 'म्लेच्छ देश' एवा अस्पष्ट शब्दथी रासकारना देश विशे कशी खास माहिती सांपडती नथी. संभव छे के रासकारना समये 'म्लेच्छ देश' शब्द, कोई विशेष देशनुं नाम होय; परंतु वर्तमानमां तो ए पद, कोई विशेष देशने सूचवतुं नथी.

*

(६) रासनुं नाम अने रासनी भाषा

'पृथिवीराज रासो' 'कुमारपाल रास' वगेरे 'रास' नां नामो जोतां 'राजयश' शब्दद्वारा 'रास' शब्द आव्यो होय एम जणाय छे. जेमां राजानो यश – कीर्ति – विजय अने तेनी आखी कारकिर्दीनुं सुरेख वर्णन होय तेनुं नाम राजयश – रायजस – राजस – रायस – रास – ए रीते 'रास'नी व्युत्पत्ति करी शकाय. अथवा 'रस' धातु द्वारा पण 'रास' शब्दने नीपजावी शकाय. 'रस' धातु 'शब्द करवो' अर्थमां छे ["तुस ह्रस ह्लस रस शब्दे" – धातुपारायण धातु अंक ५४२] 'रास'नो अर्थ बतावतां आचार्य हेमचंद्र पोताना 'अनेकार्थसंग्रह'मां अने कोषकार पुरुषोत्तमदेव पोताना 'त्रिकांडशेष' कोशमां एक सरखी हकीकत लखे छे; ते आ प्रमाणे छेः

"रासः क्रीडासु गोदुहाम्" ॥५९२॥ "भाषाशृङ्खलके" (अनेकार्थ)

"भाषाशृङ्खलके रासः क्रीडायामपि गोदुहाम्" १००३ (त्रिकांडशेष)

अर्थात् 'रास' एटले गोवाळियाओनी क्रीडा – रमत; अथवा भाषाशृंखलक – भाषामां सांकळ जेवी सलंग रचना (?). 'स्वाद' अर्थनो 'रस' शब्द, अने प्रस्तुत 'रास' ए बन्नेनुं मूळ उक्त 'रस' धातुमां छे. प्रधानतः 'रास' शब्द यौगिक जणाय छे, परंतु पछीथी लक्षणावडे रूढ अर्थमां प्रवर्तेलो छे. प्रस्तुत 'संदेशरास' साथे लागेलो 'रास' शब्द रूढ छे.

रासकारे ग्रंथना नामनो निर्देश करतां आरंभमां लखेलुं छे के "संनेहयरासयं रइयं" – (गा० ४) अने "मासिअउ सरलभाइ संनेहरासउ"(गा० १९) एम बन्ने स्थळे तेणे 'संदेश' ने बदले 'संनेह' शब्द वापरेलो छे. टिप्पनकारे अने अवचूरिकाकारे उक्त बन्ने स्थळे 'संदेशरास' एवी व्याख्या आपेली छे. 'संदेश'नुं 'संनेह'ए विशेष विकृत उच्चारण छे एथी आपणे रासनुं नाम 'संदेशकरास'के 'संदेशरास' समझवानुं छे; 'संनेह' शब्दनुं 'संस्नेह' उच्चारण पण थाय छे परंतु प्रस्तुतमां ते अघटमान होवाथी तेने अहीं

ग्राह्य नथी समझवानुं. रासकारे 'संदेश' माटे, ऊपर प्रमाणे ग्रंथ नाम जणावतां 'संनेह' शब्द वापर्यो छे; परंतु बीजे अनेक स्थळे तो 'संदेश' माटे 'संनेह' उच्चारण न करतां 'संदेस' शब्द ज वापरेलो छे.

"कहउं किंपि संदेसउ पिय तुच्छक्खरहि" – गा० ६८
"संदेसडउ सवित्थरउ हउ कहणह असमत्थ" – गा० ८०
"संदेसडउ सवित्थरउ पर मइ कहणु न जाइ" – गा० ८१

आथी 'संनेह' ने 'संदेश' कल्पतां शंकित थवानुं नथी. एक ज ग्रंथकारनी पोतानी कृतिमां एक ज शब्दनां विविध उच्चारणो आवे ए स्वाभाविक छे. वळी, 'संस्नेहरास' करतां 'संदेशरास' नाम विशेष उचित छे माटे ते ज नाम प्रस्तुत रासनुं छे.

भाषा – संदेशक रासनी भाषा, चौदमा अने पंदरमा सैकानी बीजी बीजी कृतिओनी भाषा जेवी ज विशुद्ध अने सरळ ऊगती गुजराती (?) छे. तेमां केटलांक एवां विलक्षण उच्चारणो छे जेने लीधे ज ते, नवा वांचनारने अपरिचित जेवी लागे एवी छे. व्याकरणनी दृष्टीए पण रासनी भाषा अने चौदमा–पंदरमा सैकानी कृतिओनी भाषा–ए बे वच्चे खास अंतर जणातुं नथी, फक्त रासनी भाषा खास लौकिक अने प्रांतिक होईं तेमां व्याकरणनुं तंत्र विशेष ढीलुं जणाय छे, अने ए ढीलाश ज रासना केटलाक प्रयोगोमां प्रतिबिम्बी रही छे. रासकारे, पोतानी आ कृतिमां केटलाक शब्दो पोताना प्रांतना वापरेला छे, जेमने टिप्पनकारे तथा वृत्तिकारे 'देश्य' तरीके जणावेला छे. तेमांना कोई कोई शब्द फारसी जेवा पण जणाय छे. रासकारे वापरेला विलक्षणध्वनिवाळा अने प्रांतिक शब्दोमांना केटलाक, उदाहरणरूपे आ नीचे आपुं छुं–

'( )' आ निशानमां मूकेला शब्दो अर्थसूचक छे.

प्रचलित उच्चारणः	रासकारनुं उच्चारणः
धाम	पृ० ७७ हाम – (तेज)
पल्लंक	पृ० ७६ पल्लंव – (पलंग)
सामी	पृ० ३८ साइअ – (सांइ – स्वामी)
धूमिण	पृ० ७८ धूइण – (धूमाडा वडे)
धूविजइ	पृ० ७७ धूइज्जइ – (धूपाय छे)
पउत्त / पजुत्त	पृ० ८८ पउक्क – (प्रयुक्त)
निवेसिय	पृ० ७७ निवेहिय – (निवेशित)
वरिसणेण	पृ० ३३ वरिहणेण – (वर्षणवडे)
णिअइ	पृ० ११ णिहइ
जिम / जिंव	पृ० ६५ यव – (जेम)
बप्पीहिय	पृ० ५८ वव्वीहिय – (बपैयाओ वडे)
तामिस्स / तामीस	पृ० २० तामिच्छ – (अंधकार – काजळ)
मम्मह / वम्मह	पृ० ३२ मणमथ – (मन्मथ – कामदेव)

पचल्लिर } पृ० ५५ पहल्लिर—(हल्या करतुं—हलहल करतुं—चंचळ)

कप्पियइ } पृ० ५१ करप्पियइ—(खरपाय छे—कपाय छे—घसाय छे)

आउल } आकुल	पृ० ३६	आ रूपो 'व' श्रुतिवाळां छे	आवल—(आकुल)
केयइ } केतइ } केतगि	पृ० ७६		केवइ—(केतकि)
चाययिहि } चायइहि	पृ० ५५		चावइहि—(चातकोवडे)

नीचेना रूपोमां रासकार 'ए' नो 'अ' ने 'ऐ' नो 'अय' उच्चार करे छे.

[रासकारनां आ उच्चारणो खास ध्यान आपवा जेवां छे अने तेनां आवां उच्चारणोनुं कारण पण शोधवा जेवुं छे].

रुन्नयेण पृ० २८ रुन्नयण—(रुदितकेन—रोवावडे)

कहियये़ण पृ० ३६ कहिययण—(कथितकेन—कहेवावडे)

रहियये़ण पृ० ३६ रहिययण—(रहितकेन—रहितवडे)

सेलजा } सइलजा } पृ० १७ सयलज्ज—(शैलजा—शैलनी जाई—पुत्री—पार्वती)

नीचेना भाषा-शब्दो पण भाषाना इतिहासनी दृष्टिए समझवा जेवा छे.

पृ० ८१ पच्छुत्ताणिय—(पस्ताणी)

पृ० ८९ वट्टाउ—(वटेमार्गु)

पृ० ७८ इम—(एम)

पृ० ७१ दीवालिय—(दीवाओनी ओळ—दीवाळी)

नामधातु { पृ० ६८ तिलक्किवि—(टीलीने—टीलुं करीने) पृ० १२ सरलाइवि—(सरळ थईने-सरळ करीने) }

पृ० ५८ मावइ—(मावे छे—माय छे)

पृ० ४४ सुन्नारह—(सोनारनी-सोनीनी)

पृ० ७६ विच्छाइया—(वीछाया—बिछावेला)

पृ० ३१ बलियडइ—(बलोयां)

पृ० २९ मन्नाइ—(मनाव)

पृ० ८२ साव } पृ० ८५ सवि } पृ० ४३ सिव } —(सर्व—सब)

पृ० ९० अचिंतिउ—(ओचिंतु)

पृ० ७६ फोफल—(पूगफल—सोपारी)

पृ० ७१ कुंडवाल—(कुंडाळुं बळीने)

पृ० ६६ जलरिल्ल—(जळनो रेलो-प्रवाह)

पृ० ५८ पउदंडउ—(पगदंड—केडी)

पृ० ५७ उल्हवइ—(ओलवे छे)

पृ० ४० बोलियंतो—(बोळातो)

पृ० ७६ उयारइ—(अपवरके—ओरडे)

पृ० ३१ बाहडी—(बाहु—बांय)

पृ० १२ उत्तावलि—(उतावळ)

बुद्ध अने महावीरनुं निर्वाण

अने

तेमना समयनी मगधनी राजकीय परिस्थिति

*

[स्वर्गवासी महान् जर्मनविद्वान् डॉ. हर्मन याकोबीना एक विशिष्ट जर्मन निबंधनो गुजराती अनुवाद]

एक पक्षे, एम जणाय छे के परंपरा प्राप्त तेम ज प्रमाण प्रस्थापित तवारीख प्रमाणे गौतम बुद्ध, महावीर करतां केटलांक वर्ष अगाउ निर्वाण पाम्या हता; अन्य पक्षे, बौद्ध आगममां जे उल्लेखो मळी आवे छे ते उपरथी जणाय छे के महावीर, बुद्धथी थोडा ज समय अगाउ निर्वाण पाम्या नहि होय? आ एकदम भासी आवता विरोधमां सत्य शुं छे ते शोधवा आ लेख लखाय छे. बुद्ध अने महावीर ए बन्ने धर्मप्रवर्तकोनो समयनी दृष्टिए वास्तविक संबंध; अने ए संबंधनी, बौद्ध आगमग्रंथोमां ते समयनी राजकीय परिस्थिति विषे आपेला उल्लेखो उपर शी असर थई हती, ते अहीं दर्शाववामां आवशे.

१

१. *बुद्ध अने महावीरनी निर्वाणमितिओ*

सामान्य मनाती परंपराना मत प्रमाणे बुद्धनी निर्वाणमिति इ. स. पू. ५४३ अने महावीरनी निर्वाणमिति इ. स. पू. ५२६ छे. प्रमाणान्वित तारीखोनो मूळ आधार चन्द्रगुप्तनो राज्याभिषेक छे. जेने माटे वहेलामां वहेली शक्य देखाती साल इ. स. पू. ३२२ छे. (हुं जरा आवश्यक सुधारानी जरुर जणावी) ते स्वीकारुं छुं. दक्षिणना बौद्धो आ राज्याभिषेक बुद्धनिर्वाण पछी १६२ वर्षे थयो एम जणावे छे. ए प्रमाणे तो बुद्धनुं निर्वाण इ. स. पू. ४८४मां थयुं होवुं जोईए. आ बाबतमां एक अत्यंत उपयोगी शोध विक्रमसिंघे करी छे. इ. स. १०१५ मां जे युग (बुद्ध संवत्) प्रचलित हतो ते इ. स. पू. ४८३मां शरु थयो हतो. इ. स. पू. ५४३ मां शरु थयेला संवत्नी परंपरागत माहिती तो छेक १५मी सदीना मध्य भागमां, प्रथम वार मळी आवे छे.[१]

जैनोनी सर्वसामान्य परंपरा प्रमाणे चन्द्रगुप्तनो राज्याभिषेक महावीरना मृत्यु बाद २१५ वर्षे थयो; पण हेमचन्द्रना मत (परिशिष्ट पर्व ३३९) प्रमाणे ए राज्याभिषेक महावीरना निर्वाण पछी १५५ वर्षे थयो हतो. अने आ ज हकीकतने हेमचंद्रथी

---

१. आ विषय उपरनी सविस्तर माहिती माटे जुओ विल्हेल्म गायगर्ना "महावंश"ना भाषांतर (लंडन, १९१२)नुं पूर्व वक्तव्य, पान २८ वगेरे.

३.१.२३.

बे त्रण पेढी अगाउ थई गयेला भद्रेश्वरना कहावली नामना ग्रंथमांथी प्रमाण मळे छे.[1] तेथी महावीरनुं निर्वाण इ. स. पू. ४७७मां थयुं एम चोक्कस कही शकाय.

२. निगण्ठ नात्तपुत्त बुद्धनी अगाउ थोडा ज समय पहेलां निर्वाण पाम्या, आवी हकीकत बौद्ध आगम ग्रंथोमां त्रण जुदे जुदे स्थळे, पण एक ज रूपमां, मळी आवे छे. बुद्धना जीवननां छेल्लां वर्षोमां—जे वखते ते पोते पावाथी कुशीनारा (तेमना निर्वाणस्थान) तरफ परिभ्रमण करतां करतां मांदा पड्या हता ते वखते—देशमां जे ऐतिहासिक बनावो बनी रह्या हता तेनो उल्लेख आ त्रणे स्थळोमां करवामां आव्यो छे. अहीं ए उल्लिखित भागनो अनुवाद अने फूटनोटमां मूळ उतारुं छुं.

"ते समये निगण्ठ नाटपुत्त पावामां तरतमां ज (थोडा ज समय अगाउ) मरण पाम्या हता. एमना मरणथी निगण्ठोमां पक्षो पडी गया हता. पक्षापक्षी, कलह अने तकरार प्रवेश्यां हतां. विवादग्रस्त निगण्ठो परस्पर मोढानी बाचाबाची करवा लाग्या." आ पछी आवतां वाक्योमांनां जेने में कौंसमां आप्यां छे ए ब्रह्मजालसुत्त १८मांथी लेवामां आव्यां छे. ए वाक्योमां धार्मिक अने तात्त्विक वादविवाद विषे चर्चा छे अने ए वाक्यो मूळ आ स्थाने न होवां जोईए, कारण के एथी पूर्वापर संबंधमां खामी आवे छे. मूळ ग्रंथ हवे आगळ आ प्रमाणे चाले छेः "मने लागे छे के निगण्ठ जतिओमां एक खून (कदाच मारामारीने लीधे) थयुं, अने निगण्ठ नाटपुत्तना श्रावको, गृहस्थो, श्वेताम्बरोने आथी निगण्ठ नाटपुत्तो प्रत्ये कंटाळो, विराग अने शत्रुभाव उत्पन्न थयां. खोटीरीते समजाववामां आवेला धर्म अने विनयनी आ दशा थाय; जे खोटीरीते समजवामां आव्या होय, जे मुक्ति न अपावे, शान्ति न अपावे; जे असम्यक्संबुद्धथी समजाववामां आव्या छे अने जेनो स्तूप भागी गयो छे (अने) जे कोई पण प्रकारनो आशरो आपी शकता नथी.†"

अहीं ए संपूर्ण स्पष्टताथी जणाववामां आव्युं छे के नि. ना. पावामां बुद्ध पहेलां थोडा ज समय अगाउ निर्वाण पाम्या हता. अर्थात्—जेम केटलाक माने छे[2] तेम—

---

१. 'एवं च महावीरमुत्तिसमयाओ पंचावणवरिससये पुच्छण्णे (वांचो 'वुच्छिण्णे') नन्दवंसे चन्दगुत्तो राया जाओ'त्ति (मात्र एक ज उपलब्ध थती प्रति उपरथी).

† तेन खो पन समयेन निगण्ठो नाटपुत्तो पावायं अधुना कालकतो होति । तस्स कालकिरियाय भिन्ना निगण्ठा द्वेधिकजाता भण्डनजाता कलहजाता विवादापन्ना अञ्ञमञ्ञं मुखसत्तीहि वितुदन्ता विहरन्ति । ['न त्वं इमं धम्मविनयं आजानासि, अहं इमं धम्मविनयं आजानामि, किं त्वं इमं धम्मविनयं आजानिस्ससि ? मिच्छापटिपन्नो त्वमसि, अहमस्मि सम्मापटिपन्नो; सहितं मे, असहितं ते; पुरे वचनीयं पच्छा अवच, पच्छा वचनीयं पुरे अवच । अविचिण्णं ते विपरावत्तं । आरोपितो ते वादो, निग्गहितोसि । चर वादप्पमोक्खाय निब्बेठेहि वा स चे पहोसी'ति ।] वहो येव खो मञ्ञे निगण्ठेसु नाटपुत्तियेसु वत्तति; ये पि निगण्ठस्स नाटपुत्तस्स सावका गिही ओदातवसना, ते पि निगण्ठेसु नाटपुत्तियेसु निब्बिण्णरूपा विरत्तरूपा पतिवाणरूपा यथा 'तं दुरक्खाते धम्मविनये दुप्पवेदिते अनिय्यानिके अनुपसमसंवत्तनिके असम्मासंबुद्धपवेदिते भिन्नथूपे अप्पटिसरणे' ।

२. ओल्डनबर्ग, ZDMG ३४, पान ७४९

महावीरना मृत्यु पछी केटलोक समय वीत्या बाद बुद्धनो देहांत थयो. आ अनुमान साचुं छे के केम ए नक्की करवा माटे जे हकीकत उपर ए अनुमाननो आधार मानवामां आवे छे ए हकीकत विषे शोध थवी जोईए.

३. जैन धर्मना संस्थापकना निर्वाण बाद एनी कहेवाती हीनस्थितिनो हेवाल कया संबंधमां आपेलो छे?. आ उल्लेखनुं उद्गमस्थान नीचे जणावेलां त्रण बौद्ध-सूत्रो छे:–

१. मज्झिमनिकाय नुं सामगाम सुत्त　　(२,२. पान २४३ वगेरे)
२. दीघनिकाय नुं पासादिक सुत्तन्त　　(३, पान ११७ वगेरे)
३. दीघनिकाय नुं संगीति सुत्तन्त　　(३, पान २०९ वगेरे)

अंक १ अने २मां प्रसंग एक ज छे. उपासक चुन्दे पावामां जैनोनी हीनस्थिति विषे सांभळ्युं हतुं. तेथी ते सामगाममां आनन्द पासे ए विषे प्रकाश पामवा जाय छे. ते बन्ने बुद्ध पासे जाय छे अने चुन्द पासेथी सांभळेली बीना आनन्द बुद्ध आगळ रजु करे छे. आ पछीनो आगळनो अहेवाल बन्ने सूत्रोमां जुदो जुदो छे.

पासादिक सुत्तमां बुद्ध चुन्दने एक लांबा प्रवचनथी समजावे छे के जैन शास्त्रमांना बुद्धनी सामे उठाववामां आवेला बधा विरोधो एमना पोताना सिद्धान्तने स्पर्शी शकता नथी. ते सौ आ बधां दृष्टिबिन्दुओमां तद्दन उलटां ज छे. सामगाम सुत्तमां बुद्ध पोतानो सिद्धान्त आनंदने उपदेशे छे अने एक विस्तृत प्रवचनमां ६ विवादमूल, ४ अधिकरण अने ६ सारणीय धम्म समजावे छे जेनुं साचुं ज्ञान ज श्रद्धान्वितो (आस्तिको)मां एकता टकावी शके.

आथी तद्दन जुदी ज जातनो हेवाल संगीति सुत्तनो छे. पावाना मल्लोए एक 'नगर-भवन, बंधाव्यो हतो अने तेमनी विनंतीथी बुद्धे तेमने धर्म अंगीकार कराव्यो. विधिनी पूर्णाहूति पछी मल्लो चाल्या जाय छे अने बुद्ध आराम लेवा माटे आडा सूई जाय छे. त्यां उपस्थित थयेला ५०० साधुओने धार्मिक प्रवचन आपवा सारिपुत्तने एमणे फरमाव्युं. तेणे जैनोनी हीनस्थितिनो उल्लेख कर्यो अने पछी समग्र धर्मनुं अवलोकन कर्युं. एवी रीते के अंगुत्तरनिकायनी रीत प्रमाणे प्रत्येक अंगनुं एकथी दश सुधी जुदा जुदा विभागमां विवरण करे छे.[1]

४. आ अहेवाल उपर चर्चा

आ त्रणे अहेवालो एक बीजाथी अत्यंत भिन्न छे, छतांय ते त्रणेनो उद्देश तो एक ज छे अने ते ए के संघने पक्षापक्षीमां पडतां चेतववा माटे धर्मना तात्त्विक रहस्य उपर बुद्धनो कोई प्रामाणिक अभिप्राय आपवो. पण आ त्रणे प्रतीकोनी भिन्नता तरत ज साबीत करे छे के ए उपर जणावेलो उपदेश बुद्धथी दर्शावेलो होई शके नहि. विशेषमां सीधी रीते पण आ साबीत थई शके एम छे. दा. त. महापरिनिब्बान सुत्तन्तमां बुद्ध (नी जीवनयात्रा)नां निर्वाणपर्यन्तनां छेल्लां वर्षोना बनावो उपरनो जुनामां

---

१. आ विवरणनुं बीजुं रूप संगीति सुत्तना पछी आवतुं दसुत्तर सुतन्तमां पण मळी आवे छे. पण त्यां आ विवरण सारिपुत्तना मुखमां मूकवामां आव्युं छे.

जुनो अहेवाल मळी आवे छे. तेना छट्ठा परिच्छेदमां आ प्रमाणे हकीकत आपी छे के "त्यार पछी भगवान (बुद्ध) आयुष्मान् आनंद प्रत्ये बोल्या: आनंद! तमे कदाच विचारो के तमारा गुरुनो धर्म हवे लुप्त थई गयो छे, कारण के तमारा आचार्य हवे जीवन्त नथी. आवुं बनी शके खरुं. पण आनंद! तमे ते प्रमाणे कदी नहि विचारता. जे धर्म अने जे विनय (शिस्त) में तमने शीखव्यां छे ते मारा निर्वाण पछी तमने तमारा आचार्यपदनी खोट पूरी पाडशे."

आ वस्तु बुद्धे पोताना निर्वाण पहेलां थोडा ज समय उपर कही हती. उपर जणाव्या प्रमाणे, पेलां त्रण सूत्रो सूचवे छे तेवा कोई खास प्रवचन विषे तो अहीं कंई ज कहेवामां आव्युं नथी. महापरिनिब्बान सुत्तन्त प्रमाणे बुद्धे आ विषय उपर आ उक्तिथी विशेष कंई कह्युं ज नथी. कारण के आ ज सूत्रमां आगळ उपर (६, ५–७) ए सम्मिलित साधुओने वारंवार अने आग्रहपूर्वक पूछे छे के कोईने कोई पण प्रसंगोपात्त शंका होय तो तेणे ते रजु करवी. पण कोई कंई पूछतुं नथी. त्यारे ते पोते अंते कहे छे के:–

"आ साधु संघमां, बुद्ध उपर, धर्म उपर, संघ उपर, साधन उपर के साची परिचर्या उपर कोईपण साधुने सहेज पण शंका नथी के भिन्नविभिन्न मत नथी. आ ५०० भिक्षुओमां जे छेल्लो छे तेने आ धर्ममां दाखल कर्यो छे जेथी एने क्लेश पीडी शके नहि,–एने तो ए पोते ज अंकुशमां राखे छे,–एने प्रकाश प्राप्ति दृष्टि समक्ष होय छे." आ पछीथी बुद्धनां प्रख्यात अंतिम वचन आवे छे अने तेमनुं निर्वाण थाय छे.

महापरिनिब्बान सुत्तन्तना उपर उतारेला उल्लेख प्रमाणे तो बुद्धे पोते तेमना निर्वाण समये साचा धर्मना तेमना मृत्यु पछीना फेलावा संबंधे पण कोई पण प्रकारनी चिंता दर्शावी नथी. वळी, तेम ज म० प० सु० मां एवुं सहेज पण सूचन नथी के महावीरना मृत्यु बाद जैनोनी हीनस्थितिना समाचारथी बुद्धने कोई खास शिस्त पळाववा माटे पगलां लेवानी जरुर जणाई होय–जेथी पोताना संघमां एवां ज परिणामो न प्रवेशे. त्यारे ए–जैनोनी अवनतिवाळी बाबत जे एक नरी किंवदंती ज छे अने जे बुद्धना मृत्यु पछी घणे लांबे समये प्रचार पामी हती, तेणे पेलां त्रण सूत्रोनी रचनाने कारण आप्युं. कारण के निर्वाणसमयथी ते सूत्रो चोक्कस स्वरूप पाम्यां, त्यां सुधीनां १५० वर्षोथी विशेष समयमां सूत्रोनी एक माळा तेमां उमेराई छे.

५. *महावीरना मृत्यु समये जैन धर्मनी स्थिति*

जैन परंपरामां तो महावीरना मृत्यु बाद, जेवी बौद्धो आपणने मनावा मागे छे तेवी कोई, हीनस्थिति संबंधी कंई पण सूचन नथी. महावीरना निर्वाणरूपी बनावे जैनोनी धार्मिक व्यवस्था अने शिस्त उपर कशी नोंधवा लायक असर करी नथी. ए व्यवस्था अने शिस्त साचववानी फरज महावीरना अगियार शिष्योनी–तेना गणधरोनी–हती. ए पोते तो 'केवलिन्' तरीके आवा कोई कार्यभारथी पर हता. जो कोई गणधर मृत्यु पामे तो तेनुं स्थान तेना गणोमांथी सौथी नजीकनो ले. महावीरना मृत्यु समये तो मात्र इन्द्रभूति (गौतम) अने सुधर्मन् जीवता रह्या हता. आमांथी पहेलाए

केवलित्व प्राप्त करतां ज एमांथी ए मुक्त थया. तेथी सुधर्मन् जैनोना आखा धार्मिक व्यवस्थातंत्रना उपरी थया. आ जग्याए एमनी पछी जम्बू आव्या. जैन सूत्रोमां महावीर पोतानी शिक्षा मुख्यत्वे गौतमने उपदेशे छे. अने पाछळना समयमां सुधर्मन् ते ज प्रवचन पोताना शिष्य जम्बूने शीखवे छे. आ उपरथी जणाई आवे छे के जैन धर्मना व्यवस्थातंत्रना आदि आचार्यो एक बीजा प्रत्ये निखालसताथी वर्तता अने तेथी एमनी वच्चे भेद पड्यानी वात संभवती नथी. त्यारे महावीरना मृत्यु समये जैनोमां पक्षापक्षी उभी थई न हती ए संपूर्ण चोकसताथी मानी शकाय. पक्षो विषे तो आपणने चोकस माहिती पूरी पाडवामां आवी छे.[1] अने पाछळथी जे खरेखरा पक्षो पड्या ते कंई जैनधर्मना मूळ सिद्धान्तोने लइने नहि पण आपणी मान्यता प्रमाणे तो नजीवी बाबतोने लीधे ज.

आथी जैनोमां पडेला पक्षो तो उपर उपरना अने प्रमाणमां बहु मोडा विकास पाम्या. अहीं अलबत्त, श्वेताम्बर अने दिगम्बर रूपी भाग उपर आपणी दृष्टि नथी. जो के, ते भागो पण कोई एक समयनी मारामारीने लीधे नहि पण धीमे धीमे उत्पन्न थया हता.[2]

बौद्धोनी बाबतमां आथी तद्दन जुदी ज हकीकत बनी छे. बुद्धना मृत्यु बाद तरत ज संघतंत्रमां धार्मिक मान्यताओना ऊंडा विरोधोवाळा अनेक पक्षो पडी गया अने ते समयना वहेण साथे वधता ज गया. ते एटले सुधी के महायानरूपमां एक एवा नवीन भेदे देखा दीधी के जेने बुद्धना मूळ सिद्धान्तो साथे बहु ज थोडुं साम्य छे. बौद्धोए मानी लीधुं के आवुं ज जैनोमां बन्युं हशे. एमने ए मालुम नहि होय – अथवा अंशतः तेमणे ए ध्यानमां नहि लीधुं होय – के महावीर कोई एक नवा ज धर्मना संस्थापक न हता पण पार्श्वे[3] स्थापेला धर्मना सुधारक मात्र हता. एमनां माबाप अने ते पोते पण पार्श्वना उपासक हतां. आ उपरथी त्यारे ए तो तद्दन स्पष्ट बाबत छे के केवलिन् तरीके सांसारिक बाबतोथी एकदम पर एवा महावीरना निर्वाण समयनी परिस्थिति जोतां तेमना मृत्युना परिणामे जैनोनी कोइ रीते हीनस्थिति थाय एवो संभव न हतो. बौद्धोए ए हीनस्थितिनुं वृत्तांत खोटां अनुमानो उपर रच्युं छे अने पाछळना समयमां धार्मिक मान्यता माटे उभी थयेली आवश्यकता अर्थे ए वृत्तांतने प्रचलितरूप आप्युं.

६. *आ भूलभरेलुं वृत्तांत शी रीते उत्पन्न थयुं ?*

उपर जणावेलां त्रण बौद्ध सूत्रो – जे जैनोनी कहेवाती हीनस्थितिना उद्गमस्थान छे – निर्वाण पछी बीजी के त्रीजी सदीमां रचाएला होवां जोईए. ए सूत्रोमां आ अति आश्चर्यजनक भूल शी रीते प्रवेशी ? आनुं साचुं कारण जार्ल शार्पेन्टीएरे क्यारनुंय

---

१. Leumann, Die alten Berichte von der Schismen der Jaina. Ind. Studen. XVII, p. 91.

२. Jacobi, Uber die Entstehung der S'vetambara und Digambara Sekten. ZDMG. Bd. 38, p. 1.

३. आचाराङ्गसूत्र २, १५, १६ SBE XXII, p. 194.

शोधी काढ्युं छे अने Indian Antiquary, 1914, P. 128 मां दर्शाव्युं छे. "जो के चालु मत प्रमाणे महावीर जे स्थाने मृत्यु पाम्या ते पापापुरी नामे पटना जिल्लाना बिहार भागमां गिरियकथी आशरे त्रण माईल दूर आवेलुं नानुं गाम छे; तो पण D. N. III, 117 वगेरे उपरथी ए तदन स्पष्ट छे के बौद्धोए तेने ज्यां बुद्ध कुशीनारा जतां चुन्दना घरमां रह्या हता ते पावानगरी साथे एक गण्युं छे."

महावीर मज्झमा पावा – हालनुं पावापुरी – मां मृत्यु पाम्या हता. फ्रान्सीस बुखानन[1] आ स्थाने सन् १८१२मां गयो हतो अने तेणे तेना नकशामां अंकित कर्युं छे – ते प्रमाणे राजगीरथी पावापुरी ९, गीरीयक ७ अने गीरीयकथी पावापुरी ५ माईल दूर छे.

महावीरना मृत्युस्थान संबंधी जैनोनी परंपरा विषे शंकाने स्थान नथी. उलट पक्षे, बौद्धो स्थानना नामनी साम्यताने लीधे भुलावामां पड्या अने महावीरनुं मृत्यु बुद्धना निर्वाण अगाउ थोडा ज समये शाक्यभूमिमां आवेला पावामां – जे एमने बुद्धनी यात्राना छेल्ला दिवसोना अहेवाल परथी सुपरिचित हतुं तेमां – थयुं एम मानी बेठा. आथी एमनो आ बाबत उपरनो अहेवाल आगम पछीना सूत्रसमयनो छे अने तेथी कोई पण रीते बुद्ध अने महावीरनी विश्वासपात्र निर्वाण तारीखो (४८४ अने ४७७ इ. स. पू.)नी सामे टकी शकतो नथी. तेथी आ तारीखो आपणी विशेष शोधनो साचो आधार छे.

२

७. आ विशेष शोधनो उद्देश अने तेनां साधन

महावीर जो बुद्धना निर्वाण पछी सात वर्ष विशेष जीव्या तो ते उपरथी एम मनाय के जैन आगममां बौद्ध आगम करतां तत्कालीन ऐतिहासिक माहिती दीर्घतर समयनी मळी शके. कारण के बौद्ध आगम तो बुद्धना निर्वाण पछीना समय विषे कंई खास हकीकत दर्शावतां नथी. आ बाबत उपर नीचे प्रकाश पाडवामां आवशे अने खास करीने ए बताववामां आवशे के बौद्ध आगमोनी माहिती तथा एनी पूर्तिरूप अने एथीय विशेष लांबा समय उपर प्रकाश पाडती जैन आगमोनी माहिती एक साथे ध्यानमां लेवाथी मगधनो तत्कालीन इतिहास केटलेक अंशे चोक्कस आलेखी शकाय तेम छे.

आ वस्तुने क्रमबद्ध गोठववा माटे नीचे आपेली विगतो ठीक काम लागशे.

बुद्ध अजातशत्रुना बत्रीश वर्षना राज्यमां आठमे वर्षे निर्वाण पाम्या. बौद्धो अजातशत्रुने राजा मागधो अजातसत्तु वेदेहिपुत्तो कहे छे. अने विशेषमां ए पण कहे छे के ए राजगृहमां रहेतो हतो. तेना पिताने तेओ राजा मागधो सेनियो बिंबिसारो कहे छे. आ ज व्यक्तिओने जैनो सेणिय बिम्बसारपुत्त अने कूणिय (अथवा कोणिय) आवां नाम आपे छे. हुं नामोनां संस्कृत रूप वापरुं छुं अने ते पण बौद्ध अहेवालनी बाबत होय त्यारे बिम्बिसार अने अजातशत्रु अने जैन अहेवालनी बाबतमां श्रेणिक अने कुनिक. आम करवाथी उल्लेखोना मूळ विषे वारंवार नोंध करवानुं मटी जशे.

---

१. जुओ तेनुं Journal kept during the survey of the districts of Patna and Gaya in 1811-1812" Edited by V. H. Jackson, Patna 1925.

८. अजातशत्रु वृजिओने दबाववानी योजना करे छे

महापरिनिब्बान सुत्तन्त मां बुद्धनी जीवनयात्रानां छेल्लां वर्षो दरमियान बनेला बनावोनी माहिती मळे छे. ते सुत्तनी शरुआतमां ज (१,१) आ प्रमाणे वर्णन आपवामां आव्युं छेः–

"कोई एक समये भगवान (बुद्ध) गृध्रकूट उपर राजगृहमां परिभ्रमण करता हता. ते समये मगधनो राजा वेदेहीपुत्र अजातशत्रु हतो. वज्जिनोने जीतवानी इच्छाथी ए बोल्यो :–

'आवा जबरा, बळवान वज्जिनोनो हुं नाश करीश; वज्जिनोने हुं कचरी नाखीश; वज्जिनोने हुं कमनशीबीमां, अवनतिमां धकेली मूकीश.' आ 'वज्जिनो' गंगानी पेली पार मगधना पाडोशीओ 'वृजिओ' छे. एमनी राजधानी एमना प्रदेशनी पूर्व सीमा उपर आवेली वैशाली–जे हिंदना आ भागमां मोटामां मोटी अने सौथी वधारे धनवान–नगरी हती; ज्यारे मगधनुं मुख्य शहेर राजगृह तो हजी पहाडपर बांधेलो एक किल्लो मात्र हतो, तेथी अजातशत्रुनी वृजिओने दबाववानी योजना बहु धृष्टता भरी हती–जे माटे अत्यंत संभाळपूर्वक तैयारी थवी जोईए. तेणे जे कंई पगलां लीधां ते विषे म० प० सु०मां उल्लेखो मळी आवे छे. पण ते बहु पाछळना वखतमां लखाया होवा जोईए; अने तेथी ते लगभग निरुपयोगी छे.

९. युद्धनी पूर्व तैयारी

ओल्डनबर्ग अने व्हाइस् डेवीड्स साथे हुं सम्मत थाउं छुं के अजातशत्रुए वृजिओ सामेनी चढाई वखते आश्रय स्थान तरीके उपयोगमां लेवा माटे पाटलिग्राम नामक स्थान स्थाप्युं. जे पाछळथी पाटलिपुत्र नामे मुख्य शहेर थयुं. पण म०प०सु०(१,२८) प्रमाणे तो पाटलिपुत्र घणा लांबा वखतथी विशाळता पामेलुं हतुं, अने तेना संग्राहक पाटलिपुत्र विषेनो पोतानो ए उल्लेख सर्वत्र दाखल करे छे अने मूळ परंपरानी संपूर्णपणे पुनर्घटना करे छे.

त्यारे बौद्ध उपासकोए पाटलिग्राममां एक आश्रय स्थान बंधाव्युं होवुं जोईए, ज्यां तेमणे बुद्धने नोतर्यां. आथी मनायुं के ते पाटलिग्राम कांई नवुं ज शहेर न होवुं जोईए! वळी आथी विशेष आश्चर्यजनक तो ए छे के १,२६मां जणाव्या प्रमाणे मगधना महामात्यो सुनीध अने वस्सकारे पाटलिग्राम पासे वृजिओना विरोध माटे एक शहेर बंधाव्युं! (सुनीधवस्सकारा मगधमहामत्ता पाटलिगामे नगरं मापेन्ति वज्जीनं पटिबाहाय). उपर जणाव्या प्रमाणे तो तेनुं नाम पाटलिग्रामम् होवुं जोईए, पण संग्राहके पाटलिग्रामे लख्युं, अने तेथी आ स्थान पासे ते शहेर बंधाववामां आव्युं तेम मान्युं. पण तत्पश्चात् आवतुं वर्णन स्पष्ट साबीत करे छे के ते मुख्य शहेर पाटलिपुत्र ज छे! संग्राहकोनी आवी असंबद्धताओने लइने एमनां कथनोनां लगभग दरेक रहस्य लुप्त थाय छे.

१०. वृजिओ विषे

उपर जणाव्या प्रमाणे गंगाना उत्तरना प्रदेशमां वसती एक जातिनुं नाम वृजि हतुं. ते प्रदेशनी पूर्व सीमा उपर आवेलुं तेमनुं मुख्य शहेर वैशाली हतुं. एमना उपरना

भागमां लिच्छविओ – एक जब्बर उच्च जातीवाळा लोको रहेता हता, जेमने बौद्धआगममां बहु ज वखाण्या छे अने लगभग त्रायस्त्रिंशत् देवताओनी समान श्रेणिए मूक्या छे (२,१७). दीघनिकायना पाटिक सुत्तन्तमांथी हुं आपणी शोधने उपयोगी एवां नीचेनां कथनो उतारुं छुं. अहिं वारंवार वज्जिगामे एवो शब्द वापरवामां आव्यो छे. पण तेनो अर्थ "वृजिओना एक गाममां" एवो नहि, पण "वृजिओना समूहमां" अथवा "वृजिओनी सामान्य समिति प्रमाणे" एवो करवानो छे. कंदरमुख (११) पाटिकपुत्त (१५) विषे आवुं कहेवामां आव्युं छेः "वृजिओनी सामान्य समिति प्रमाणे एणे लाभाग्र अने यशाग्र प्राप्त कर्यां हता" (लाभग्गप्पत्तो चेव यसग्गप्पत्तो च वज्जिगामे) बुद्ध लिच्छविपुत्त सुनक्खत्तने उद्देशीने कहे छे के – बुद्ध, धर्म अने संघनो यश (वण्णो) वज्जिगाममां अनेक रीते गावामां आवे छे.[1] त्यां पाळवामां आवतां विधिनियमो एटलां चोक्कस होय छे के तेने आदर्शरूप गणी शकाय. आ उपरथी एकरीते एम मालुम पडे छे के वृजिओना बुद्ध, धर्म अने संघ विषेना विचारो चोक्कस हता अने ते विषे सौ एकमत हता; अने बीजी रीते एम पण मालुम पडे छे के बुद्ध वृजिओना आ ऐक्यमतनो पोताना धर्मना लाभमां दाखलो आपता. बुद्ध अने वृजिओ वच्चे गाढ, दृढ मैत्री संबंध हतो ए आ परिस्थिति स्पष्ट करे छे.[2]

११. बुद्ध साथे अजातशत्रुनो विचार विनिमय

बुद्ध ज्यारे हजी राजगृहमां विहरता हता त्यारे अजातशत्रुए वृजिओ सामेनी दुश्मनावटना पोताना निर्णयो (जुओ § ८) पोताना अमात्य वस्सकार ब्राह्मण द्वारा तेमना अभिप्राय माटे जणाव्या (म० प० सु० १.२, वगेरे). एने पोते सीधो जवाब आपवाने बदले बुद्ध आनंदने उद्देशीने सूचवे छे के वृजिओए सात सारा गुणो केळव्या छे, जेने लईने तेओ बळवान अने अजेय थया छे. वस्सकार ते उपरथी अनुमान बांधे छे के वृजिओ जीताय एम नथी. अर्थात् "छेतरपिंडी सिवाय अने एकताना भंग सिवाय युद्धमां जीताय एम नथी." (१.५.)[3]

राजगृहथी बुद्ध, अटकता अटकता, पाटलिग्राम तरफ जाय छे (जुओ § ८). त्यां बन्ने अमात्यो सुनीध अने वस्सकार एमनी आगता स्वागता करे छे अने एमने भोजन लेवा निमंत्रे छे. महेमानगिरी विशेनुं वर्णन रूढ थयेली विगतो प्रमाणे ज करवामां आव्युं छे (१, २९ वगेरे). अलबत्त अमात्यो बुद्धना आशीर्वादनी खातर ज आ तकलीफ नहोता उठावता; एमने तो एमना राज्याधिकारनी रूये आ करवुं पड्युं हतुं. एमनो उद्देश कंई सूचवायो नथी; पण ते ए होवो जोईए के पोताना प्रीतिपात्र वृजिओ

---

१. इति खो ते सुनक्खत्त अनेकपरियायेन मम (संबंधतः – धम्मस्स, संघस्स) वण्णो भासितो वज्जिगामे ।

२. एम छतां निर्वाण पछी सो वर्षे वज्जिपुत्तकोए बौद्ध धर्ममां भेद पाडवाने कारण आप्युं.

३. अहीं संग्राहक ३५ गुणो विषे अने ६ गुणो विषे एक लांबी चर्चा उमेरे छे; जे द्वारा भिक्षुओने "कल्याण मेळववानुं छे; अकल्याण नहि." आ ग्रंथना वस्तु विषेना संग्राहकना मनस्वीपणानो दाखलो पूरो पाडे छे.

रासकारे वापरेलां केटलांक अव्ययो:-

पृ० ३८ किहु-(कशुं)
पृ० ३६ कि-(के)
पृ० ११ अरु-(ओर)
पृ० ५१ कइयलग्गि-(क्यां लगी)

रासकारे वापरेला केटलाक प्रांतिक शब्दो:-

पृ० २३ पिंग-(पान खाईने 'थुंकेला रस' अर्थे आ शब्द वपरायो छे. 'थुंक नाखवा'ना पात्रनुं नाम 'पिकदान' प्रतीत छे. ए 'पिकदान' नो 'पिक' अने प्रस्तुत 'पिंग' ए बन्ने सरखा जणाय छे. मारी स्मृति प्रमाणे 'थुंक' माटे वपरातो 'पिक' शब्द फारसी छे.)

पृ० २३ चंबा-(चंपल-जोडा. अमारी शेठ लालभाई दलपतभाई आर्ट्स् कॉलेजना पठाणे कहेलुं के पंजाबमां केटलेक ठेकाणे 'जोडा' अर्थ माटे 'चंबा' शब्द वपराय छे)

पृ० २५ भीड-भीड 'माणसोनी वणी भीड छे' ए भीड.

पृ० ११ लक्क-(लंक-कटी-कड-केड. स्त्रीने 'सिंहलंकी' कहेवामां आवे छे. 'सिंहलंकी' एटले सिंह जेवी पातळी केडवाळी-चारणोनी वातोमां अने रसधारोमां 'लंक' शब्द 'केड' अर्थमां वपरायेलो सांभळयो छे अने वांच्यो छे पण खरो)

पृ० २३ झसुर-(तांबूल-तंबोल-नागरवेलनुं पान. आ शब्दने देशी शब्दसंग्रहमां आचार्य हेमचंद्रे नोंधेलो छे:-"झसुरं तंबोलऽत्थेसु" गा० ६१, वर्ग ३ "झसुरम् ताम्बूलम् अर्थश्च" अर्थात् 'झसुर' एटले तंबोल अने धन")

पृ० ५५ झंखरु
पृ० ७८ झखडु } -('डुंडुयालक' अथवा 'डुंडयालक' नामनो एक खास प्रकारनो पवन छे, जे वाय छे त्यारे विरहिणी स्त्रीओने त्रास थाय छे. -अवचूरिका तथा टिप्पनक) आ 'डुंडुयालक' वा 'डुंडयालक' पवन विशे बीजी कशी माहिती नथी.

पृ० २ आरद्द-(तन्तुवाय-वणकर)

पृ० ३५ पडिल्ली-(अधिक)

पृ० ८१ उवाडयणि-(गर्दभी-गधेडी)

पृ० ७९ ढंखर-(झाखरुं-सूकुं के बळी गयेलुं झाड-ठुंठुं. देशीसंग्रहमां हेमचंद्रे 'सूका झाड' अर्थनो 'झंखर' शब्द आपेलो छे: वर्ग ३, गाथा५४)

पृ० ६८ सोरंड-(क्रीडाभाजन)

पृ० ६५ अरमणि-(करवत)

पृ० ३९ वरक्किय-(पटी-कपडुं-बूरखो? "लइवि वरक्किय ससिसउन्नुं फंसहि वयणु" गा० ९८, पृ० ३९ अर्थात्" 'वरक्किय' ने लईने-दूर करीने चंद्र जेवा संपूर्ण मुखने साफ कर" आ अर्थ जोतां 'वरक्किय' शब्दनो संबंध कदाच 'बूरखा' साथे होय. टिप्पनकारे "वरकीं

पटिं (टीं)" अने अवचूरिकाकारे 'वरकीं' ने बदले "वराकीं-पटीं" एम कहेलुं छे.)

रासकारे 'छे' अर्थनो द्योतक धातु, आ प्रमाणे वापर्यो छेः–

पृ० ६८ अच्छिहि–(छे)

पृ० १५ आहि–(छे, हे के है अथवा आहे)

पृ० ३१ अच्छउं–(छुं)

तादर्थ्य अर्थ माटे–चतुर्थीना अर्थ माटे रासकारे ("नहु रहइ बुहा कुकवित्तरेसि" –गा० २१, पृ० ९) 'रेसि' निपातने पण वापरेलो छे. जे विशे आगळ कहेवाई गयुं छे.

आ प्रमाणे रासनी भाषानो संक्षिप्त परिचय कराववा प्रस्तुत आ थोडुं निवेदन कर्युं छे.

*

(७) रासकारनो समय

समय–रासकारे पोताना समय विशे कशी माहिती आपी नथी; परंतु टिप्पनकारे पोतानो समय विक्रम संवत् १४५६ एटले पंदरमा सैकानो मध्यकाल स्पष्टपणे जणावेलो छेः ("श्रीमद्–देवेन्द्रशिष्यः शँर–रसँ–युँग–भूँ–वत्सरे वृत्तिमेताम्। लक्ष्मीचन्द्रः चकार अखिलगुणनिधयः सूरयः सो (शो) धयन्तु"–पृ० ९०) अर्थात् "देवेन्द्रना शिष्य लक्ष्मी-चन्द्रे १४५६ना विक्रम वर्षमां आ वृत्ति बनावी छे. मूळ रास बन्या पछी आ टिप्पन, पचास वर्ष पछी बन्युं होय एवी संभावना करीए तो रासकारनो समय मोडामां मोडो चौदमा शतकनो प्रांतभाग वा पन्दरमा शतकनो प्रारंभ कल्पी शकाय अथवा एम पण बनवाजोग छे के रासकार अने टिप्पनकार, ए बन्ने समसमयी पण होय.

टिप्पनकार अने रासकारना समसमयी होवा विशे पाको संवाद न गणाय एवुं छतां कांईक टेको आपे एवुं एक प्रमाण टिप्पनकारनी प्रशस्तिमां मळे छे. टिप्पनकार पोते एम लखे छे के–

"वृत्तिर्नाश्य(स्य) दृशा वि(व्य) लोकि सुरे (सुगुरोः) पार्श्वे न चाऽभाणि च

"नो कर्तुर्मुखतस्त्विदं भुवि मया चाश्रावि शास्त्रं कचित्।
किन्तु क्षत्रियगाहडस्य मुखतो या या प्रवृत्ति (ः) श्रुता
सा सा ह्यत्र मया विमूढमतिना वार्ता निबद्धा ननु" ॥ २
"यदन्यथा मया प्रोक्तं कश्चिदर्थस्तथा पदम्।
तदहं नैव जानामि तज्जानात्येव गाहडः ॥ ३

अर्थात्–"आ 'संदेशकरास'नी वृत्ति क्यांय नजरे जोवामां आवी नथी, हुं–टिप्पन-कार–कोई सारा गुरु पासे तेने भण्यो पण नथी, वळी कर्ताना मुखथी तो में आ शास्त्रने क्यांय सांभळ्युं नथी, फक्त 'गाहड' नामना क्षत्रियना मुखथी जे जे प्रवृत्ति सांभळी ते ते अहीं में विमूढमतिए नोंधेली छे अने एम छे तेथी माराथी कोई अर्थ के शब्द अन्यथा नोंधाई गयो होय तो तेनो जवाबदार हुं नथी पण ते गाहड ज जाणे." आमां टिप्पनकारे जे एम लखेलुं छे के "कर्ताना मुखथी में सांभळ्युं नथी" ए, त्यारे ज लखी शकाय ज्यारे कर्ताना मुखथी सांभळवानुं संभवित होय, टिप्पनकारने ए

वातनी खात्री होय के कर्ता हयात नथी किंतु कीर्तिशेष थयेलो छे, तो ए तेना मुखथी सांभळवानी संभावना न करी शके. एथी कदाच टिप्पनकार अने रासकार समसमयी होय एम बनवा जोग छे. अथवा टिप्पनकार पहेलां अल्प समयमां ज रासकार अक्षरशेष थयेलो होय तो पण ए संभावना थई शके; परंतु घणा वधारे वखत पहेलां दिवंगत थयेला कर्ता विशे कोई एवी संभावना न करी शके. एथी टिप्पनकार अने रासकार वच्चे विशेष अंतर न होय एम तो बराबर जणाय छे. ए ऊपरथी अहीं जे रासकारना समयनी कल्पना करवामां आवी छे ते असंगत नथी जणाती अने बीजुं कोई बाधक वा साधक प्रमाण न मळे त्यां सुधी आ कल्पनाने अबाधित मानवामां हरकत नथी.

*

टिप्पन अने अवचूरिका तथा तेना कर्ता

(८) रास ऊपरनुं साहित्य

प्रस्तुत रासनो प्रणेता तेना नाम उपरथी एक मुसलमान लागे छे त्यारे तेना ऊपर टिप्पन अने अवचूरिका करनार बन्ने जैन साधु छे. एक समय एवो हतो ज्यारे जैनश्रुत सिवाय बीजां बधां श्रुतो–शास्त्रो मिथ्या छे एम मनायेलुं एटले ए जैनेतर शास्त्रोनुं वाचन, मनन के श्रवण निषिद्ध मनायेलुं; जोके हजु पण मान्यता ए ज चाली आवे छे छतां वच्चे वच्चे केटलाक जैन बहुश्रुत गीतार्थ पुरुषोए 'सम्मदिट्ठिस्स सव्वं सम्मं सुयं, मिच्छदिट्ठिस्स सव्वं मिच्छं' (जेमनी दृष्टि विशुद्ध छे एमने माटे बधां शास्त्रो सम्यक् छे अने जेमनी दृष्टि ज मिथ्या छे एमने माटे समीचीन शास्त्रो पण मिथ्यारूप छे) ए न्याये उदारता केळवेली अने बीजी बीजी परंपरानां शास्त्रोने अवगाही तेना ऊपर वृत्ति विवेचन वगेरे लखवानुं शरू राखवानी प्रथा पाडेली. ते प्रथा पण चाली आवे छे. जैन आचार्य हरिभद्रे दिङ्नागना न्यायप्रवेश ऊपर टीका रचेली छे. ए ज प्रमाणे आचार्य मल्लवादीए धर्मकीर्तिना न्यायबिन्दु ऊपर टिप्पण लखेलुं छे. आचार्य माणिक्यचंद्रे मम्मटना काव्यप्रकाश ऊपर विवरण करेलुं छे. भासर्वज्ञना न्यायसार ऊपर श्रीजयसिंहसूरिए वृत्ति लखेली छे. दिगंबर परंपराना महान आचार्य विद्यानंदीनी अष्टसहस्री ऊपर उपाध्याय श्रीयशोविजयजीए विवरण लखेलुं छे. एम अनेक जैन आचार्योए बीजी बीजी परंपराना अनेक ग्रंथो ऊपर पोताना बुद्धिवळे अने ते ते शास्त्रोना अगाध अभ्यासने लीधे पोतानी उदार लेखिनी चलावी भारतीय साहित्यनी अभिनव सेवा करेली छे. मुनिपुंगवँ श्रीलक्ष्मीचंद्रे संदेशकरासनुं टिप्पन १४५६ ना विक्रम वर्षमां रचेलुं छे. आ बाबत कर्ताना समयनी चर्चामां आवी गयेली छे. टिप्पनकार जाते पोरवाड जैन हता, तेमना पितानुं नाम 'हालिग' अने मातानुं नाम 'तिलख्वा' लखेलुं छे 'तिलख्वा'नुं शुद्धरूप 'तिलाख्या' लईए तो तेमनी मातानुं नाम 'तिलक–तलकबाई' होई शके, तेमनुं साधु अवस्थानुं नाम लक्ष्मीचंद्र, तेमना गुरुनुं नाम देवचंद्र अने तेमनो गच्छ रुद्रपल्लीय; आ बधी हकीकत टिप्पनकारे टिप्पननी समाप्ति थतां आपेली प्रशस्तिमां आपेली छे. टिप्पन लखवामां एमने 'गाहड' नामना क्षत्रियनी घणी ज सहायता मळेली छे ए पण एमणे कृतज्ञतापूर्वक प्रशस्तिमां जणावेलुं छे. आ विशेना श्लोको कर्ताना समयनी चर्चावाला मुद्दामां आपेला छे.

मुद्रित संदेशकरासमां पृ० ९० ऊपर टिप्पनकारनी प्रशस्ति आवेली छे. टिप्पन 'हिसारदुर्ग'मां आषाढ शु० दि० आठम ने बुधवारे लखेलुं छे एम टिप्पनने अंते जणावेलुं छे. पंजाबमां 'हिसार' नामे शहेर छे ते ज आ 'हिसारदुर्ग' होवुं जोईए. आ सिवाय टिप्पनकार विशे वधु कोई माहिती उपलब्ध नथी. अवचूरिकाकारनुं तो मात्र एक नाम ज अवचूरिकाने अंते लखेलुं छे, ए सिवाय ए विशे कोई हकीकत लखी नथी. "इत्यवचूरिः श्रीसंदेशरासकं समाप्तम् । पं० नयसमुद्रेण लिखितम्"–(पृ० ९० मुद्रित रास) अर्थात् 'नयसमुद्र' नामना कोई जैन विद्वाने अवचूरि लखेली छे. 'लखेली छे' एटले 'रचेली छे' के 'नकल करेली छे' ए स्पष्ट समझातुं नथी. संभव छे के रचेली होय. एक 'नयसमुद्र' नामना जैन विद्वान साधु सत्तरमा सैकामां थयेला छे. तेमणे रूपचंदकुंवररास (१६३७ संवत् मागशर शु० दि० ५ रवि, बीजापुर), शत्रुंजयउद्धाररास (सं० १६३८ आशो शु० दि० १३ अमदावाद), प्रभावतीरास (सं० १६४० आशो शु० दि० ५ बुध, बीजापुर), सुरसुंदरीरास (सं० १६४६ जेठ शु० दि० १३), नलदमयंतीचरित्र (सं० १६६५ पोष शु० दि० ८), शीलशिक्षारास (सं० १६६९) वगेरे अनेक रासो रचेला छे. रूपचंदकुंवररासमां कविना कहेवा प्रमाणे (प्रथम – शृंगार – रस थापियो छेडो शांतरसे व्यापियो ") शृंगारने ठीक ठीक स्थान छे एथी कदाच शृंगारमय आ संदेशकरासनी अवचूरि पण तेमणे रचेली होय. तेमना गुरुनुं नाम भानुमेरु अने गच्छ वृद्धतपागच्छ (रा० मोहनलाल द० संकलित जैन गुर्जर कविओ भाग १ पृ० २५७). टिप्पन अने अवचूरि सिवाय आ रास ऊपर कोई बीजुं साहित्य जाण्यामां नथी. आ टिप्पन के अवचूरि न होत तो संभव छे के आ रास अंधारामां ज रहेत, एटले टिप्पनकारे अने अवचूरिकाकारे एक मुसलमान साक्षरनी कृतिने चिरंजीव करवा जे पुरुषार्थ करेलो छे ते भूरि भूरि अनुमोदनीय छे अने वर्तमान जैन रूढपंडितो आवी दृष्टि केळवी पोताना पूर्वपुरुषोने पगले चालशे तो जैनशासननो प्रभाव विशेष थशे एमां शंका नथी.

*

प्रस्तुत रासमां अनेक छंदो वपराया छे ते विशे आगळ सूचन करी गयो छुं. आ नीचे रासकारे वापरेला एवा थोडा छंदोनां नाम जणावुं छुंः–

(९) रासना छंदो — विपुला गाथा. रड्डा. पद्धडी. डुमिला – डुमिल्ला – डोमिलक. आभाणक. दोधक. रासा. चंदायण – चन्द्रायतन. वस्तुक अथवा षट्पद. मालिनी. अडिल्ला – अडिल्ल. मडिल्ल. चूडिलक – चोडियालक. खडहड. गाथा. खंधय – स्कंधक. दुवइय – द्विपदी. नंदणि – नंदिनी. लंकोडय – लंकोटक – रमणीकरूप – रासकनी जाति. आमांनां केटलाकनां नाम तो मूळ रासमां ज नोंधेलां छे अने केटलाकनां नाम टिप्पन तथा अवचूरिका बन्नेमां छे. उक्त बधां छंदोनां लक्षणो टिप्पन अने अवचूरिकाकारे पूर्णपणे जणावेलां छे अने क्यांय छंदनुं संस्कृत नाम आपवा उपरांत मूळ छंदना नामनां जुदां जुदां उच्चारण पण नोंधेलां छे. अहीं नामो जणावती वखते ए जुदां जुदां उच्चारणो पण जणावेलां छे. आ ऊपरथी रासकारनुं छंदपांडित्य पण प्रगट थाय छे.

मुद्रित रासमां पाठांतरो आपवामां आवेलां छे तेमां प्रतोनां संकेतो ABC एम राखेला छे ए ऊपरथी तेमां त्रण प्रतोनो उपयोग थयो होय एम लागे छे. जे पाठांतरो शब्ददृष्टिए, अर्थदृष्टिए शुद्ध होय ते बधां लेवा योग्य छे; परंतु जे भाषाना इतिहासमां खप लागे तेवां होय, तेवां पण लेवां जरूरी छे. केटलांक पाठांतरो मूळ करतां जुदो अर्थ अने केटलीक वार विपरीत अर्थ बतावनारां होय छे तेने पण लेवां जोईए एम मारुं मानवुं छे.

(१०) रासनां पाठांतरो अने प्रतो

वळी, जे ग्रंथो टीका के विवरणवाळा होय तेवा ग्रंथोमां एक त्रीजी जातनां पण पाठांतरो मळवानो संभव छे. तेवा ग्रंथोमां टीकामां के विवरणमां मूळनो अर्थ आपेलो होय छे अथवा मूळपाठनुं प्रतीक लीधुं होय छे. पाठांतरोनुं पृथक्करण करती वेळा जे पाठांतरो टीकागत अर्थने अनुसरनारां होय तेने जुदां तारववां जोईए अने जे पाठांतरो मूळना प्रतीक अने मूळपाठना भेदमांथी नीपजेलां होय तेने पण जुदां पाडवां जोईए. आ रीते पृथक्करण कर्या पछी बाकीनां पाठांतरो वधारानां होय ते जुदां दर्शाववां जोईए. एम एकंदर पाठांतरोनां त्रण विभाग करवा जोईएः १ टीकागत अर्थानुसारी के टीकागत अर्थप्रतिकूल. २ मूळपाठप्रतीकानुसारी के मूळपाठप्रतीकप्रतिकूल. ३ वधारानां. आ रासमां आवां बधां पाठांतरो विद्यमान छे पण विभाग न होवाथी तेनी स्पष्ट खबर पडती नथी. मूळनी प्रतिओ जुदे जुदे वखते जुदा जुदा लेखकोए लखेली होय छे, केटलीक वार तो मूळ ग्रन्थने लेखक (कर्ता) पोते जाते ज लखे छे. आम तेमां पाठांतरो नीपजे छे. टीकाकार सामे जे प्रति होय तेने अनुसारे ते प्रतीक ले छे अने अर्थ पण ते प्रमाणे बतावे छे. एथी टीकागत प्रतीको अने केवळ मूळपाठनी प्रतिओना पाठ वच्चे पाठभेद उभो थाय छे. जे टीका आपणे छापिए छिए ते टीका, टीकाकारे आपणा छापेला मूळ पाठवाळी प्रतिने ज आधारे लखेली होय तो तो प्रतीकोमां अने मूळ पाठ वच्चे पाठभेद भाग्ये ज होय परंतु तेम न होय त्यारे एवो पाठभेद अवश्य रहेवानो. वळी केटलीक वार केवळ टीकानी ज प्रतो जुदी मळे छे एटले उक्त पाठभेद रहेवानो ने रहेवानो ज. आ रासमां पण जे जातनां पाठांतरोना विभाग विशे आगळ जणाव्युं छे तेवां पाठांतरो उपलब्ध छे. तेनी संक्षिप्त यादी आ प्रमाणे छेः

द्वितीयप्रक्रमनी ९० मी गाथामां मूळ पाठ आ प्रमाणे मुद्रित छे – "निवडंत बाहभर लोयणाइ धूमइण सिचंति" ९०. आ स्थळे 'धूमइण' ने बदले 'धू जइ ण' एवो पाठभेद छे. आ स्थळे अवचूरिकाकारे बतावेलो अर्थ बराबर पाठांतरने अनुसरे छे त्यारे टिप्पनकार मूळ छापेल पाठने अनुसरे छे. अर्थना सौष्ठवनो विचार करीए तो टिप्पनकार करतां अवचूरिकानो अर्थ विशेष विशद अने संगत छे.

प्रथम प्रक्रमनी १९ मी गाथामां "मणु मुणेवि किंचिय पयासिउ" एवो पाठभेद छे. आ पाठने अवचूरिकाकार नथी अनुसरतो किंतु टिप्पनकार अनुसरे छे. अवचूरिकाकार तो मुद्रित पाठ प्रमाणे अर्थ बतावे छे.

ए ज गाथामां "णिमिसिद्धु खणु" एवो पाठ मुद्रित छे त्यां टिप्पनमां अने अवचूरिकामां तेनो अर्थ "निःशब्दम्" आपेलो छे. आ अर्थ जोतां मूळमां "निसद्द" पाठ होवो जोईए. वळी, मूळमां "खणु" शब्द तो छे ज एथी "णिमिसिद्धु" (निमेषा-

र्थम्) पाठ पुनरुक्त जेवो होई अनर्थक छे. आवे स्थळे पाठो निर्णीत करवामां टीकागत अर्थने लक्ष्यमां राखवो जरूरी छे. वळी, "तुण्हिजइ णव सद्द खणु" ए पाठ टिप्पनने बराबर अनुसरे छे एटले ए ज विशेष ग्राह्य लेखावो जोईए. मूळमां जे "णिमिसिद्धु" पाठ छे ते, मने लागे छे के "खण्ड" पद ऊपरनी टिप्पनी जेवो छे. कोई वांचनारे 'खणु' पद ऊपर निमेषार्धम्–"णिमिसिद्धु" एवी समझूति प्रतिनी आजु-बाजुना कोरा भाग ऊपर टपकावी होय अने तेने पछीथी मूळपाठ रूपे घणी वार लिपिकरनारा असमजथी लई ले छे अने आ रीते पण ग्रंथमां घणां पाठांतरो जन्मे छे. गा० २२१ (तृतीय प्रक्रम) मां मूळमां 'अच्चरियं' पाठ छे. पाठांतर 'अहियरं' छे. टिप्पनकार अने अवचूरिकाकार बन्ने अहिययरं–अधिकतरम् पाठने अनुसरे छे त्यारे 'अच्चरियं' पाठ जुदो ज पडी जाय छे. संभव छे के 'अच्चरियं' ने बदले 'अच्चहियं' 'अत्यधिकम्' पाठ होय अने एम होय तो ज टिप्पन अने अवचूरीनो अर्थ संगत थई शके. आ उपरांत टिप्पन अने अवचूरिकामां घणे स्थळे अर्थभेद पण छे. द्वितीयप्रक्रममां गा० १२१ 'पय जंपइ' पद छे तेनो अर्थ टिप्पनकार 'पदानि जल्प' एवो करे छे त्यारे अवचूरिकाकार 'त्वां प्रति जल्पति' एवो करे छे. 'पय' शब्द 'पद' अर्थने तथा 'त्वाम्' अर्थने एम बन्ने अर्थने जणावे छे तथा 'प्रति' अर्थने पण सूचवे छे. अहीं अवचूरिकाकारनो अर्थ विशेष संगत छे. आ प्रमाणे घणे स्थळे टिप्पनकार अने अवचूरिकारकार वच्चे अर्थभेद थयेलो छे अने त्यां विशेष विचारीने जोतां मने अवचूरिकाकार वधारे विश्वस्त जणाया छे. केटलेक स्थळे लिपिकारे जे अशुद्ध लखेलुं छे तेवो ज पाठ मुद्रणमां जळवायो छे. द्वितीयप्रक्रम गा० ९७ मूळ 'गुणसद्द उत्तट्ठि' छे. टिप्पनमां तथा अवचूरिकामां 'गुणशब्दोऽत्रस्तया' छे. अहीं ऽ अवग्रह लिपिकारना प्रमादनुं फल छे. 'गुणशब्दोत्रस्तया' पाठ बराबर मूळानुसारी छे. ए ज प्रमाणे द्वितीयप्रक्रम गा० १०० मां मूळमां 'मुणंती' ए क्रियातिपत्तिनुं क्रियापद छे. अवचूरिकामां तेनो 'अज्ञास्यन् (म्)' एवो स्पष्ट अर्थ छे त्यारे टिप्पनमां 'अज्ञास्यम्' लखवाने बदले लिपिकारे 'सौख्यं मन्यास्यम्' एवुं भ्रांत लखेलुं छे. खरी रीते 'सौख्यम् अज्ञास्यम्' एम होवुं जोईए. अहीं लिपिकारे 'ज्ञा'ने बदले 'न्या' लखेलो छे अने मुद्रणमां पण ते ज कायम छे. आ विशे अहीं वधारे लखवानी अपेक्षा नथी परंतु पाठांतरो उक्त रीते पृथक्करण-पूर्वक लेवानी प्रथा स्वीकाराय तो ग्रंथनी स्पष्टतामां विशेष अनुकूलता थशे एवो मारो नम्र अभिप्राय छे. प्राचीन प्रतिओने प्राधान्य आपवा करतां ज्यां टीका के विवरण होय त्यां पाठांतरोना निर्णयमां टीका अने विवरणना अर्थने पण आधाररूपे लेखवो जोईए अने तेम करी बधां पाठांतरोनुं उक्तरीते वर्गीकरण करवानुं कार्य संपादकोना ध्यान बहार न रहेवुं जोईए.†

* *
*

† अमे कया धोरणे प्रस्तुत ग्रन्थना पाठो संगृहीत कर्या छे तेनी चर्चा ग्रन्थनी अमारी प्रस्तावनामां करवामां आवेली छे तेथी अहिं तेनो खुलासो आवश्यक नथी. –संपादक

स्नेह-स्मरणविषयक केटलांक प्राचीन सुभाषितो.

*

संदेशरासक नामना काव्यमां जे प्रकारना विषयनुं निरूपण करेलुं छे ते विषय साथे संबंध धरावता असंख्य प्राचीन सुभाषितो – दोहा, सोरठा, छप्पय आदि भाषा मुक्तको – जूनी हस्त-लिखित प्रतोमां मळी आवे छे. एवा हजारो सुभाषितो अमे संगृहीत करेलां छे अने ते प्रकाशननी वाट जोई रह्यां छे. आ नीचे एवां थोडांक सुभाषितो प्रकट करवामां आवे छे. लगभग ४०० वर्ष उपर लखाएल १ जूना पानामांथी आ उतारवामां आवेलां छे. – संपादक.

हंसा ते सर सेवीइं जे भरिया निकलंक ।
ऊछउं सरोवर सेवितां निश्चइं चडे कलंक ॥ १

जिहि जिहि लग्गि नयणलां तिहां हीयडा म लगेसि ।
नयणां रोई छूटसि तुं झुरंत मरेसि ॥ २

जिणि हरिणाखी मन हरउं सा हरणाखी म मेल्हि ।
सुंकण लागी देहडी जिम पाणी विण वेलि ॥ ३

वायसडु उडाडतां पियु पेखिउ झबक्क ।
अद्धां कंकण सरि गयां अद्धां गयां त्रुटक्क ॥ ४

रूपिं रूयडा मोर प्रीतिइं पारेवा भला ।
धानविनासण ढोर घर घर दीसे अतिघणा ॥ ५

चंदा तुं गयणह पुरिइं धरि प्रियु परदेस ।
बिहुं विचाले साखि भरे कुंण झुरे कुंण रेसि ॥ ६

नवघण भरियां मग्गडां सघण धडुके मेह ।
जुं वरसंति आवसि तुं जाणि साचुं नेह ॥ ७

हीयडा करि वधामणुं सहिजि सीधुं काज ।
जे सपनांतरे देखतु ते तुझ मिलीउ आज ॥ ८

हंस पराभव किम सहे अमरख जेह सरीर ।
नीमांणा बग बिट्ठडा क्षण पालि क्षण तीर ॥ ९

हीयडुं दाडिम कुंलीय जिम सभर भरिउं गुणेण ।
अवगुण एक न संभरि वीसारीजे जेण ॥ १०

सही समाणां माणसां मिले तु विहडे कांई ।
दुखें दाझें जीवडु तो पण मुयां भलाई ॥ ११

म म जाणिस मन नेहडुं त्रूटे दूर थयाह ।
बिमणुं वाधसि सज्जनह ऊछुं हुइ खलाह ॥ १२

दिन झुरंतां नीगमुं रयणि रोयंते विहाइ ।
सज्जण विण जो जीवाइं तो जीवुं स्या पाहि ॥ १३

माणस पाहि माछलां साचो नेह सुजाण ।
जो जव कीजे जुजुया तव ते छंडे प्राण ॥ १४
वाहलां तणे वियोगि जु दुख हीयडि होई ।
ते मन जाणे आपणुं अवर न जाणे कोई ॥ १५
कोइल सरिखी स्त्री नही जस मन इसिउ विबेक ।
अंब विहुणी अवरसिउं बोल न बोलइ एक ॥ १६
देह लेई अम्हे जाइसिउ जीविय तुज्झ सरीर ।
सीदातुं मम मुंकजे सीचे नयणह नीर ॥ १७
मोरुं मन तुझसिउं रमि नही अनेरइ ठाहि ।
तुझ वियोगि जीविइं तो जीवुं स्यां पाहि ॥ १८
दीहाडा जावे घणा मुझ मन एक न होइ ।
जे तुझ विण दिन नीगमुं लेखे न लागइ सोइ ॥ १९
मन जाणे मन वत्तडी कहि आगलि न कहाए ।
संभारी सवि बोलडा हीयडुं दुःख भराए ॥ २९
सज्जण तणां संदेसडा गमतां हुइं अपार ।
जिम जिम वली वली पूछिइं तिम तिम हर्ष अपार ॥ २१
कहिसिउं कीजे गोठडी कहिसिउं कीजे रंग ।
तुझ विण सहुइ वीसरे उं दुख दाझे अंग ॥ २२
ते हीयडि किम वीसरे जेहना गुण नवि पार ।
माहरि हीयडि कोइ नवि तुझ टाली संसार ॥ २३
बोलेवा सवि बोलडा फेडेवा मन भ्रांति ।
एक वेरीने वल्लहा जो मिलसे एकांति ॥ २४
ताड समाण सज्जणे काउं कीजे तेण ।
फल ऊंचा छाया नही माहरि पासठिएण ॥ २५
हीयडा आमण दुमणु सेरीइं ऊभो कांइ ।
जेह सरीखी गोठडी तेहजि चाले कांइ ॥ २६
सज्जण माणस देखि करी दुख जि वीसर जाइ ।
हीयडुं विहेसि कमल जिम मन पंजरे न माइ ॥ २७
तिणि देसडे न जाईइ जिहां आपणु नहीं कोई ।
सेरी सेरी भमंत तां सुघ नवि पुच्छइ कोई ॥ २८
संदेसो किम पाठवुं जो तुं वसि विदेस ।
हीयडा भीतरि तुं वसि संदेसो किम रेस ॥ २९

* *
*

पासे बुद्ध न जाय अने पोताना नाम द्वारा एमनी नैतिक कीर्ति न वधारे; अने ए माटे एमने मगधमां ज रोकी राखवा. पण बुद्ध रोकाया नहि. कहेवा प्रमाणे जादुथी, पण मानवा प्रमाणे युक्तिथी, ए गंगाने पेले किनारे पहोंची गया.

१२. बुद्धनी जीवनयात्रानो अंत

बुद्धना, गंगाने सामे तीरे जवा पछी, आपणे बौद्ध आगमोनां लखाणोमांथी राजकीय बनावो विषे कांई ज सांभळता नथी; बुद्धना निर्वाण अने दहन सिवायना बीजा समाचार एमांथी मळता नथी. घणे स्थळे पडाव नाखता नाखता बुद्ध वैशाली तरफ गया अने त्यां नजीकमां आवेला वेलुव नामक गाममां तेमणे अंतिम चातुर्मास गाळ्युं. आपणे तेमना वैशालीना रहेठाण तथा मार द्वारा उभा थयेला अनेक लालचप्रसंगो वगेरे बाबतो अहिं रहेवा दइए. वैशालीमां एमणे जाहेर कर्युं: "हवे तरतमां ज बुद्ध अभीप्सित निर्वाण प्राप्त करशे. आजथी त्रण मास सुधीमां तथागत अभीप्सित निर्वाणमां प्रवेश करशे" (३,४८,५१). चातुर्मास पछी प्रथम मास कार्तिक आवे छे एटले बुद्ध आ Prophesy भविष्यवाणी प्रमाणे माघ मासना प्रथम पडवाने दिवसे मृत्यु पाम्या होवा जोइए. (Kern, Der Buddhisums, 2, पान ६३). पण आ जणावेली तिथि विषे शक्यता नथी. कारण के वृद्ध अने मांदा बुद्ध वैशालीथी कुशिनगर सुधीनी लांबी मुसाफरी–जेमां अनेक स्थळे मुकामो करवा पडेला–त्रण अठवाडियामां पूरी करी शक्या न होवा जोइए. वळी सूचित परिस्थिति प्रमाणे तो ए मुसाफरीए छएक मास लीधा होवा जोइए–अर्थात् वैशाखनी शरुआतमां ए उद्दिष्ट स्थळे पहोच्या होवा जोइए अने ए ज मासना अंतिम भागमां एमणे देह छोड्यो होवो जोइए. एथी ज महावंस (३,२)मां वैशाखनी पूर्णिमाने निर्वाण तिथि तरीके जणाववामां आवी छे. मने खबर छे ते प्रमाणे कममां कम दक्षिणना बौद्धो निर्वाणोत्सव वैशाख मासमां उजवे छे. अजातशत्रुए वृजिओ सामेनी पोतानी योजना बुद्धना मरण पहेलां ज अमलमां मूकी के केम ते नक्की थई शकतुं नथी. बौद्ध आगमोमां ते विषे कंई सूचन मळतुं नथी.

१३. जैन आगममां आपेलां प्रमाणो

जैनोना पांचमा अंग भगवती (७,९,२)मां नीचेनी नहिं जेवी बीना आपी छे: "वज्जि विदेहपुत्ते जइत्था, नव मल्लइ नव लेच्छइ कासिकोसलगा अट्ठारस वि गणरायाणो पराजइत्था।" विदेहपुत्ते (कूणिके) वृजिओने जीत्या. नव मल्लकिओ अने नव लिच्छविओ, काशी अने कोसलना अढार एकत्र थयेला गण राजाओ पराजय पाम्या.[१]

---

१ 'पराजइत्था' कर्त्तरि (Active) रूप न होई शके; कारण के जो तेम होय तो कर्मनो अभाव छे अथवा पूर्व भागमांथी वज्जी लेवुं पडे–जे अनुचित छे. कारण के १८ गण राजाओनो समूह, निरयावलि सूत्रमां स्पष्ट जणाव्या प्रमाणे, वृजिओना पक्षमां हतो अथवा 'कासिकोसलगे' एवो सुधारो करवानी जरूर छे.

३.१.२४.

तेथी कूणिके पोतानी योजना, संभवतः शियाळामां, ज्यारे गंगानां पाणी उतर्यां त्यारे सफळरीते पार उतारी. तेणे गंगाना उत्तर किनारे शत्रुभूमिमां चोक्कस पगलां मांड्यां– जेनो एक भाग तेणे निवास माटे रोक्यो. काशी अने कोसलना एकत्र थयेला १८ गणराजाओना समूह पर एणे सफळ हुमलो कर्यो अने तेमने हराव्या अने ते रीते तेणे पोतानी जीत चोक्कस करी. नव मल्लकिओ काशीना गणराजा छे. ते संभवतः शाक्यभूमिमां पावामां अने तेनी आसपास वसता मल्ल राजवंशीओना सगा छे. लिच्छविओ तो वृजिओना शासको तरीके आपणने परिचित छे. अहिं आपणने मालुम पडे छे के तेओ कोसलोनी शाखामां समान स्थान प्राप्त करे छे,–जेओ काशीना गणराजाओना पाडोशी हता. आ युद्धभूमिमां विजय प्राप्त करवा छतांय वैशाली उपर चढाई करवानी कूणिकनी हिंमत चाली नहि.

१४. वैशाली

बुद्धना वखतमां पूर्व हिंदमां, खास करीने जे भाग हाल बिहार कहेवाय छे ते भागमां, वैशाली सौथी वधुं मोटुं अने धनाढ्य शहेर हतुं. साचेज ते एक अनेक उपस्थानोथी संकलित थयेलुं विशाल शहेर हतुं. ते शहेर विषे मळी आवता बधा उल्लेखो आर. होर्न्लेए उवासगदसाओना पोताना भाषांतरमां (Bibl. Ind. 1888) नोंध ८ (पान ३ वगेरे) मां एकठा कर्यां छे. जैनोना उल्लेखो प्रमाणे वैशाली–मूळ वैशाली उपरांत वाणियगाम अने कुण्डगाम एम–त्रण स्थानोनुं बनेलुं हतुं. एमांथी कुण्डगामने कोल्लाक नामनुं परुं हतुं, ज्यां महावीरनो जन्म थयो हतो. क्षत्रियो अने ब्राह्मणो एक साथे वसता न हता; दा. त. कुण्डगामनो क्षत्रियवास शहेरना उत्तर भागमां अने ब्राह्मणवास दक्षिणभागमां हतो; बन्ने भाग उपर हकुमत तो समान हती.[1] अहिं आपणने इ. स. पू. ६ठा सैकामांना हिंदना एक पुरातन शहेरनी योजना विषेनो, कमभाग्ये मात्र अपूर्ण, ख्याल मळी शके एम छे. पाटलिपुत्रने जे माटे दाखला रूपे आपवामां आव्युं छे एवा कौटलीयना दुर्गनिवेशना वर्णन साथे आपणे आ वर्णनने सरखावीए तो मालुम पडे छे के इ. स. पू. चोथी सदीमां जो के घणुं बदलाई गयुं हतुं छतां केटलुंक तो एवुं ने एवुं रही गयुं हतुं; दा. त. चार जुदी जुदी दिशामां चारे वर्णोए जुदो जुदो वास करवो.

ज्यां अभिजात (aristocratic) स्वातंत्र्य जाम्युं हतुं अने जे बुद्ध अने महावीर साथेना संबंधने लीधे महान स्थान मनातुं हतुं ए धनाढ्य महानगर वैशाली जीतवानुं तो अजातशत्रु जेवा समर्थ साम्राज्यवर्धक राजाए माथे लीधुं खरुं, छतां तेणे पाटलिपुत्रने चढाइ करवाना एक साधन-स्थान तरीके उपयोगमां लई, अर्थात् पश्चिमदिशाएथी–हुमलो लई जवानी हिमत करी नहि. कारण के एम कर-

---

१ बुद्धघोषे एनी म. प. सु. नी टीकामां वैशालीना अधिकारीओ विषे आ करतां तद्दन जुदा ज उल्लेखो आप्या छे, जुओ Lassen, Ind. Alt. p. 80. पण ते, उपर आपेला पुरातन उल्लेखो करतां, प्रमाणमां पश्चात्कालीन होवाथी तेमने आपणे अहीं प्रमाणरूपे गणी शकीए नहि.

वाथी पाछळथी मात्र वृजिओनो ज नहि पण पेला १८ गणराजाओना एकत्र समूहनो पण भय रहे. आथी पूर्व तरफथी हुमलो लई जवामां तेने वधारे सफळ थवानी आशा जणाई.

१५. कूणिकनी युद्ध योजना

वृजिओना प्रदेशनी अने वैशालीनी पूर्व बाजुए विदेहोनी भूमि आवी हती–जेनी राजधानी मिथिला हती. कूणिकने मातृपक्षे विदेहोना राजा साथे अंगत सगाई संबंध हतो. ते पोताने विदेहपुत्र (जुओ § १३), बौद्ध आगम प्रमाणे वैदेहीपुत्र (जुओ § ७) कहेवडावतो. आ ऊंची जातना सगाईना संबंधथी एनी शाख वधी हती एम लागे छे, कारण के तेथी तो ते तेने पोताना एक उपनाम तरीके वापरतो. आथी विदेहो एना रस्तामां अडचण उभी करशे एवा भयनुं एने कारण न हतुं. कूणिक मगधनी जूनी राजधानी राजगृहमां रहीने ईप्सित युद्धने दोरी न शके एटले एणे पोतानुं रहेठाण मगधना पूर्व तरफना प्रांत अंगना मुख्य शहेर चंपामां राख्युं. अंग घणा वखतथी–जरूर अजातशत्रुना पिता सेणिय बिंबिसारना वखतथी–ते मगध साम्राज्यमां ऊमेरी लेवामां आव्युं हतुं. आम मानवानुं कारण ए छे के एक वखत बुद्धे ज्यारे चंपामां वास कर्यो हतो त्यारे एमने एक उच्च कोटिनो ब्राह्मण–सोणदण्ड–मळवा आव्यो हतो; जे बिंबिसारदत्त 'राजदाय'–'ब्रह्मदेय्य' भोगवतो हतो. जैनोना मत प्रमाणे कूणिके पोताना राज्याभिषेक पछी तरत ज पोतानुं रहेठाण चंपामां राख्युं हतुं; कारण के औपपातिक सूत्र (जैनोनुं प्रथम उपांग)मां चंपाना पूर्णभद्र चैत्यमां महावीरना एक समवसरण उपरनुं अने ते प्रसंगे कूणिकनी पोतानी समस्त सैन्यसामग्री साथनी धामधूम भरी सवारीनुं विस्तृत वर्णन आपवामां आव्युं छे. आ प्रसंगना विस्तृत वर्णनने, जैनागमोना संग्राहको, आवा अन्य बधा प्रसंगो माटे एक नमुनारूपे लेता आव्या छे. औपपातिकसूत्रमांथी अमुक भागना मात्र प्रतीक आपी आ बाबत बधे नोंधवामां आवे छे. अने वण्णओ वडे तेने निर्दिष्ट करे छे. कूणिकनुं चंपामां महावीर साथेनुं मिलन जैनो माटे केटला विशेष अर्थवाळुं हतुं ए आ उपरथी समजाय छे.[1]

१६. वैशाली माटेनुं युद्ध

आ युद्ध केवी रीते शरु करवामां आव्युं ते विषे जैनोना निरयावली सूत्रमां एकदम बुद्धिगम्य वर्णन आपवामां आव्युं छे. आ विषयमां आपणे प्रवेश करीए ते पहेलां, आपणे ए चोक्कस करीए के जैन परंपराए मुख्य व्यक्तिओने अन्यप्रकारे सगाई संबंधथी वर्णवी छे. अनेक उपनामो उपरथी मालुम पडे छे के जे वडीलो हता ते विदेह तरफनां हतां. महावीरनी माताने विदेहदिन्ना,[2] तेमने पोताने विदेहदिन्ने अने विदेहजच्चे,[3]

---

१ आ वर्णनमां अत्यंत अर्थपूर्ण एक बनावनी मात्र यादगीरी ज साचववामां नथी आवी, पण ते वार्तांना वस्तुनो साचो आधार पण बने छे. एटले अहिं पण कूणिकनुं राज्यनी शरुआतमां ज चंपामां रहेठाण बदलवानी बाबतनो स्वीकार थयो छे.

२ कल्पसूत्र, जिनचरित § १०९

३ तेज स्थळे § ११०

कूणिकने विदेहपुत्ते—प्रसंगतः अजातशत्रुने विदेहिपुत्तो[1] कहेवामां आवतां. एम जणाय छे के विदेहना राजाने खास उच्चवंशीय मानवामां आवतो हतो अने तेथी तेनी साथेना सगपणना संबंध उपर खास भार मूकवामां आवतो हतो. अन्यपक्षे, जैन आगम परंपरा महावीरना जन्मस्थान वैशाली साथेनो संबंध शोधवा मथे छे, अने नीचे आपेली वंशपरंपरा गोठवे छे.[2] हैहय कुलनो चेटक वैशालीनो राजा छे. एनी बेन महावीरनां माता थाय. एनी पुत्री चेल्लणा श्रेणिकनी पट्टराणी अने कूणिकनी माता थाय. आ वंशपरंपरानो आधार निरयावली सूत्रमां आपेल वर्णन उपर छे. त्यां एम कहेवामां आव्युं छे के श्रेणिकने चेल्लणा उपरांत बीजी अनेक राणीओ हती. दा. त. नन्दा जेनो पुत्र अभय राज्याधिकारी हतो. वळी दश वधारे: काली, सुकाली, वगेरे, जेना काल, सुकाल वगेरे पुत्रो कूणिकना ओरमान भाइओ थता हता. आ तेमनी साथे नक्की करे छे के पोताना पिता श्रेणिकने केदमां नाखवो अने पोते राज्य पचावी पाडवुं. श्रेणिकने पदभ्रष्ट करीने राज्यना अगियार भाग पाडवामां आवे छे जेमांथी दरेक एक भाग वहेंची ले छे. कूणिकने भागे चंपा आवे छे. वैशाली माटेनुं युद्ध नीचे प्रमाणे § १७–२८मां वर्णवामां आवे छे.

कूणिकना नानाभाई वेहल्ल[3] पासे गन्धहस्ती अने एक बहु मूल्यवान हार हतो, जेने लीधे ते एक सारा राजा जेवो दीपतो. तेथी कूणिके आ बे वस्तुओने तेनी पासेथी लई लेवानी इच्छा करी. पण वेहल्ले ते माटे अर्धुं राज्य माग्युं. अने ते माटे ज्यारे कूणिके ना पाडी त्यारे वेहल्ल पेली वस्तुओ साथे वैशालीना राजा चेटकने आश्रये नासी गयो. कूणिके एक दूत पाठवी चेटक पासे वेहल्ल अने पेली वस्तुओ सोंपी देवा मागणी करी. चेटके बदला तरीके वेहल्ल माटे अर्धा राज्यनी सामी मागणी करी. त्रण वखत सामसामी दूत मोकलाया पण व्यर्थ. चेटक पोतानी सामी मागणीने वळगी रह्यो अने छेवटे तेणे कूणिक सामे युद्धनुं कहेण मोकल्युं. कूणिके आ समाचार पोताना दश भाइओने जणाव्या. अने एमने पोतपोताना राज्यप्रदेशमां लश्कर एकठुं करी तेने पोताना तरफ रवाना करवा मोकली दीधा. ते एकत्रित सैन्य अंगोना प्रदेशमांथी विदेहोनी भूमिमां वैशाली शहेर आगळ आवी पहोंच्युं. आज प्रमाणे चेटके काशी अने कोसलमांथी नव मल्लई अने नव लेच्छई गणरायाणो ने मददे बोलाव्या. अने तेमणे हा पाडी एटले तेमने लश्कर एकठुं करी पोताना पक्ष तरफ रवाना थवा तेणे कहेण मोकल्युं. छेवटे ते पोते मददगार साथिओ साथे पोताना प्रदेशनी सीमा पर्यंत शत्रुनी सामे गयो. हवे युद्ध शरू थयुं. जेमां चेटके कूणिकना काल, सुकाल वगेरे दश ओरमान भाइओने अनुक्रमे पोताना बाणोथी वींधी नाख्या. एटले काल, सुकाल

---

१ जुओ उपर § १५

२ अभिधानराजेन्द्र कोषमां चेडग, चेल्लणा, सेणिअ उपर आपेली हकीकत जुओ.

३ महावीरे एने पाछळथी धर्म दीक्षा दीधी. दीक्षा पछी ६ मासे ए निर्वाण पाम्यो. अन्तकृद्दसा ३,१०

वगेरे मरीने चोथी नरके चालता थया. कूणिकना आ नास्तिक ओरमान भाइओना नरक प्रयाणनुं वर्णन करवुं ए निरयावली सूत्रनो उद्देश छे; अने तेथी तेनुं एवुं नाम आपवामां आव्युं छे. अहिं आगळ युद्धनी विगतो विषे विशेष सूचन कर्यां सिवाय ते सूत्र अटकी जाय छे.

१७. वैशालीने जीती लेवुं

उपर आपेलुं वर्णन चेटकनो पक्ष ले छे ए स्पष्ट छे. चेटके दश ओरमान भाइओने जीती लीधा एनो निर्देश ते करे छे पण चेटकनी अंतिम हार, अने वैशालीना पतन विषे ते चुप रहे छे. अर्थात् ते प्रसंग सुधी न जतां वच्चेथी अटकी जाय छे. पण आवश्यक कथानकमां वर्णवेली कुलवालयनी कथामांथी आपणने ए युद्धना अंतिम परिणामनी माहिती मळे छे.[1] एम कहेवाय छे के कूणिके वैशालीमां पडाव नाख्यो. त्यां आकाशवाणी द्वारा नीचलो श्लोक संभळायो.

शमणे जइ कूलवालए मागहिअं गणिअं रमिस्सए ।
राया य अशोगचन्दए वेशालिं नगरिं गहिस्सए ॥

"ज्यारे भिक्षु कुलवालय मगधनी गणिका साथे रंगभोग भोगवशे त्यारे वैशाली शहेरने राजा अशोकचंद्र जीती लेशे."

आ श्लोकमां प्रथमाना एक वचननुं रूप ए देखाय छे. तेथी ए बतावे छे के ते पुरातन होवो जोइए. कथाना विकास विषे ऊंडा ऊतरवानी ए श्लोकमां जरूर जोवाई नथी; पण तेनुं बीज तो ए श्लोकमां समायेलुं छे ज. भविष्यवाणी आखरे साची ठरे छे, अने अशोकचंद्र[2] (कूणिक) वैशाली जीती ले छे. तेम करीने ए पोतानो निर्णय सफळ करे छे अने वृजिओनी भूमिने पोताना साम्राज्यमां जोडी दे छे.

अहीं आपणे एवा युगने अंते आवीए छीए के जेना इतिहास विषे बौद्ध आगमोमां कोई उल्लेख नथी मळतो; पण जैन आगमोमां केटलुंक सूचन मळी आवे छे—अने ते साथे प्रमाणो पण पूरा पाडवामां आवे छे—जेथी जणाय छे के महावीर बुद्ध करतां केटलांक (संभवतः सात) वर्षो विशेष जीव्या हता. त्यार पछीना नजीकना समयनी परिस्थिति उपर एक टूंको दृष्टिपात नाखवो ए अहिं कदाच अस्थाने नहि लेखाय.

वैशालीने जीती लीधा पछी मगधनो राजा चंपामां रहे ए अर्थहीन हतुं, तेथी कूणिकना अनुगामी उदायिने पोतानुं रहेठाण फरीथी साम्राज्यना मध्यभागमां

---

१ जुओ अभिधानराजेंद्र कोष, कुलवालय.

२ आवश्यकचूर्णि अने अन्य स्थळोमां अशोकचंद्र ए कूणिकनुं बिरुद (उपनाम) हतुं एम कहेवामां आव्युं छे. आ नाम लीधा सिवाय निरयावलीसूत्र (§ १२) कूणिकने ए नामे शामाटे बोलाववामां आवतो ते विषे आम जणावे छे—चेल्लणा एने एना जन्म पछी अशोकवृन्दमां मूकी दे छे. आथी आखुं वृंद अद्भुत तेजथी झळहळी ऊठे छे अने तेथी श्रेणिक तेना तेजनी प्रेरणाथी पाछो तेने तेनी मा पासे लई जाय छे.

बदल्युं–पण ते जूनी राजधानी राजगृहमां नहि, ते माटे एणे एक नवुं शहेर पाटलिपुत्र स्थाप्युं. ए स्थान विशालतर साम्राज्यनी जरुरियातोने बरोबर बंध बेसतुं हतुं, अने तेथी ते सत्वर अत्यंत मोटुं नगर थई गयुं. एटले वैशालीनुं महत्त्व घटतुं गयुं, अने नवी राजधानीना आकर्षणथी एनी वस्ती पण धीरे धीरे घटती गई.

जो के आपणने चोक्कस माहिती नथी मळती तो पण संभव छे के उदायिने साम्राज्यने वधार्युं हशे. गमे तेम होय तो पण पाडोशी राज्यो मगधना सत्वर वधता जता साम्राज्यने बहु संभाळपूर्वक जोई रह्यां हतां. उदायिनना खून विषेनी कथा (उदायिमारककथा[1])मां अवन्तिना मगध साथेना कथळता संबंध विषे ऐतिहासिक बनावनुं बीज समायेलुं जणाय छे. उदायिने पदभ्रष्ट करेला एक राजानो पुत्र अवन्तिना राजानी नोकरीमां रह्यो, के जेने पण उदायिननी साथे वेर हतुं. पेला पुत्रे अवन्तिराजने वचन आप्युं के ते तेने उदायिनना तंत्रमांथी मुक्ति अपावशे. खून केवी रीते करवामां आव्युं ते एक धार्मिक कविनी सुंदर कविता छे, पण तेथी कंई ए विवादनो विषय नथी के अवन्तिराजने तेनी जाणकारी नीचे एक खूनीए तेने तेना धिक्कारपात्र शत्रु उदायिनना तंत्रमांथी मुक्त न कर्यो होय ? आवुं कार्य राजनीतिने कांई अयोग्य नथी लागतुं. पण कथा वर्णवे छे तेटलुं सहेलाईथी आ काम थयुं होय एम लागतुं नथी. कारण के अहिं उदायिननुं मृत्यु ए ज कंई मुख्य वस्तु नथी, पण तेना वंशनो नंदो द्वारा करवामां आवेलो उच्छेद ए खास प्रसंग छे. आने लीधे बधी परिस्थिति अस्तव्यस्त बनी गई हती. ए नन्दो, ज्यां सुधी मौर्योए तेमने सत्ताभ्रष्ट न कर्या त्यां सुधी, राज्य करता रह्या हता.

*

[स्वर्गवासी सुप्रसिद्ध जर्मन विद्वान् प्रो. हेरमान याकोबीए सन् १९३० मां आ निबन्ध मूळ जर्मन भाषामां – BUDDHAS UND MAHĀVĪRAS NIRVĀNA UND DIE POLITISCHE ENTWICKLUNG MAGADHAS ZU JENER ZEIT ए नामे लख्यो हतो अने ते SONDERAUSGABE AUS DEN SITZUNGSBERICHTEN DER PREUSSISCHEN AKADEMIE DER WISSENSCHAFTEN, PHIL–HIST. KLASSE 1930, XXVI मां प्रकाशित थयो हतो. महावीर अने बुद्धना निर्वाण समय विशे नवा दृष्टिबिन्दु साथे ऊहापोह करनारो आ तेमनो छेल्लो निबन्ध छे. – संपादक]

*

१ परिशिष्टपर्वन् ६,१८९–२३०, आवश्यक कथा, १७,११,१९ प्रमाणे.

भाष्यकार जिनभद्रगणि क्षमाश्रमणनो सुनिश्चित समय

[संपादकीय लेख]

*

विशेषावश्यक भाष्यादि महान् ग्रन्थोना प्रणेता युगप्रधानावतार आचार्यवर्य जिनभद्रगणि क्षमाश्रमणना प्रादुर्भावना समय विषे आज सुधीमां कोई सुनिश्चित उल्लेख प्रसिद्धिमां आव्यो नथी। श्वेतांबर संप्रदायनी केटलीक पाछली पट्टावलियोमां एमना स्वर्गवास विषेनो उल्लेख मळी आवे छे जे वि. सं. ६४५ नी आसपासनुं सूचन करे छे.

लगभग वीसेक वर्ष पहेलां ए क्षमाश्रमणनी एक विशिष्ट ग्रन्थकृति नामे **'जीतकल्पसूत्र'नी**, चूर्णि आदि साथेनी एक आवृत्ति में संपादित—प्रकाशित करी हती जेनी प्रस्तावनामां एमना समय विषे केटलोक ऊहापोह कर्यो हतो अने तेना उपसंहारमां सूचव्युं हतुं के "खास कांई विरोधी प्रमाण नजरे न पडे त्यां सुधी पट्टावलियोमां जे वीर संवत् ११९५—विक्रम संवत् ६४५नी साल एमना माटे लखेली छे तेनो स्वीकार करीए तो तेमां कशी हरकत नथी." (जुओ, जीतकल्पप्रस्तावना, पृ० १६) पण हवे मने एमना समय विषेनी एक सुनिश्चित मिति मळी आवी छे अने ते अनुसार एमनो स्वर्गवास वि. सं. ६४५ मां नहीं पण ६६६ पछी क्यारेक थएलो होवो जोईए—एटले के विक्रमना ७मा सैकानी ४ थी पचीसी एमना अवसानकालमाटे निर्धारित करवी जोईए। ए सुनिश्चित मिति ते एमना ज महान् ग्रन्थ विशेषावश्यकभाष्यनी जे एक प्राचीनतम प्रति जेसलमेरना सुप्रसिद्ध ग्रन्थ भण्डारमां मारा जोवामां आवी छे तेनी अन्ते लखेली मळी आवी छे.

सन् १९४२ना दीसंबर मासमां, ज्यारे हुं जेसलमेरनो भंडार जोवा केटलाक साथियोने लईने त्यां गयो त्यारे ए भंडारमां सुरक्षित एवा अनेकानेक प्राचीन ताडपत्रीय ग्रंथोनी प्रतियोनुं अवलोकन करती वखते अकस्मात् ज मने ए प्रतिने जोवानी घटना बनी गई। अकस्मात् एटला माटे के ए भंडार जोवानो प्रारंभ कर्यो ते वखते तो में प्रथम जे अलभ्य—दुर्लभ्य ग्रंथोनी प्रतियो हती ते ज खास जोवानी धारणा राखी हती. कारण शुरुआतमां तो ए भंडारनी समस्त प्रतियो जोवानी अने तपासवानी संपूर्ण अनुकूलता अने स्थिरता मने प्राप्त न हती. तेथी

प्रारंभमां तो में जे ज्ञात के प्रसिद्ध ग्रन्थो हता तेमने जोवानो विचार ज राख्यो न हतो. ए भंडारनी जे सूचि सद्‌गत चिमनलाल दलाले तैयार करी हती अने जे गायकवाडस् ओरिएन्टल सीरीझमां प्रकट थई छे, तेने आधार राखीने ज में ए भंडारस्थित ग्रंथप्रतियो जोवानो उपक्रम चालू कर्यो हतो. विशेषावश्यकनी ए प्रतिनी कोई खास नोंध उक्त दलालनी सूचिमां करेली न हती. एमणे मात्र एटलीज नोंध करेली हती के 'वेरी ऑल्ड (Very old)' घणी जूनी. एटले में धारेलुं के प्रति बहु त्रुटित के पानाओ जीर्ण-शीर्ण थएलां हशे तेथी तेमणे ए माटे एवी नोंध करेली हशे. बीजुं ए ग्रन्थ सुप्रसिद्ध होई मुद्रित थएलो हतो तेथी एने जोवा माटे खास समय गुमाववो मने ठीक न लाग्यो. भंडारनी प्रतियोनी रोज ले-मूक थया करती ते वखते ए नंबरवाळी प्रति पण वारंवार हाथमांथी पसार थती, तेथी में प्रतियो काढनार भाइयोने एने एक बाजूए मूकी देवानी सूचना करी. परंतु बीजे दिवसे ए पोथी वळी पाछी हाथमां आवी चढी अने साथियोमांथी एकजणे एने खोलीने जोवा मांडी तो एना अक्षरो तद्दन जुदी ज जातना जणाया अने ते खोलनार भाई उकेली न शक्या; एटले ए प्रति मारा हाथमां मूकी. प्रतिनी लिपि जोतां ज मने जणायुं के ए तो कोई बहु ज जूनी प्रति होय तेम देखाय छे अने तेथी श्रीदलाले एना माटे Very old (घणी जूनी) एवी जे नोंध करी छे तेनो अर्थ मने समजाणो. स्व. दलालनी दृष्टि बहु तीक्ष्ण हती अने तेमने जूनी प्रतो वांचवानो परिचय पण सारो हतो, परंतु आ प्रतिनी लिपि सरलताथी तेओ उकेली शक्या नहि होय अने अक्षरोना आकार उपरथी समजी शक्या होय के प्रति बहु जूनी होवी जोइए, तेथी तेमणे मात्र एटली ज नोंध पोतानी ए यादीमां करी दीधी होवी जोइए. प्रतिनी लिपिनुं वळण जोतां ज मने जणायुं के पाटण के जेसलमेरना भंडारोमां ताडपत्रनी जेटली प्रतियो आज सुधीमां मारा जोवामां आवी हती ते सर्व करतां आनी लिपि वधारे जूनी हती अने तेथी वि. सं. ११०० नी पहेलां क्यारेक ए लखाएली होवी जोइए एवी मारी कल्पना थई. प्रतिना आदि अने अन्तनां पानानी स्थिति एकंदर सारी लागी. पत्रो पण साधारण रीते बीजी बीजी प्रतियोनां करतां वधारे पातळां अने वधारे श्लक्ष्ण (चीकणां) जणायां अने तेथी कोई जुदी ज जातनां अने प्रदेशनां ताडवृक्षनां ए पानां होवा जोइए एवी मारी दृष्टिने आभास थयो. प्रथम में प्रारंभनुं पानुं जोयुं तो तेमांनी पहेली पंक्तिना अक्षरोना शिरोभागनी रेखाओ घणी खरी खरी गएली जणाई छतां एटलुं जाणी

शकायुं के ग्रंथारंभे लिपिकारे मात्र ९ आवा चिह्नथी ॐकारनो निर्देश करीने ज 'कयपवयणप्पणामो' ए आदिवाक्यथी ग्रंथना लखाणनो प्रारंभ कर्यो हतो. ग्रंथनी ५–७० पंक्तिओ वांचतां जणायुं के मूळनी भाषानुं स्वरूप पण, मुद्रित थएली वाचना करतां, केटलेक ठेकाणे वधारे प्राचीनरूपवाळुं छे। प्रारंभनां बे-त्रण पानाओ फेरव्या पछी में बहु ज उत्सुकता साथे अन्तनुं पानुं जोयुं अने अन्ते लिपिकारनो नाम के समय निर्देशादि सूचवतो कोई उल्लेख छे के केम ते जोवा प्रयत्न कर्यो। ए अन्तिम पत्रनी छेल्ली पूंठी वधारे घसाई गएली होवाथी अक्षरो खूब झांखा पडी गया छे अने पानानी आजुबाजुनी कोरो पण केटलीक खरी पडेली छे। छतां अक्षरो स्पष्ट वांची शकाय तेवी स्थितिमां तो छे ज। प्रथम दर्शने मने अन्त भागमां लेखकनी समयादि निर्देशक तेवी कोई पंक्ति न जणाई। अन्तिम पंक्तिनुं छेल्लुं वाक्य आ प्रमाणे दृष्टिगोचर थयुं– **गाथाग्रं चत्तारि सहस्साणि तिण्णि सताणि** ॥ (अर्थात्–४ हजार ३०० गाथानो संग्रह) पण ए ज पंक्तिमां आ वाक्यना पहेलांना शब्दोमां मने **"वलभीणगरीए इमं"** आ वाक्य दृष्टिगोचर थयुं अने ते जोतां ज मने एक अद्भुत संवेदन थयुं। विशेषावश्यक भाष्यना अन्ते वलभी नगरीनो निर्देश ! शुं ए कोई साचा शब्दो हुं जोई रह्यो छुं के कोई दृष्टिभ्रम थई रह्यो छे। हुं वधारे स्वस्थ थईने उपरनी पंक्तिओ वांचवा लाग्यो। विशेषावश्यक भाष्यनी जे अन्तिम गाथा, मुद्रित तेम ज अन्यत्र उपलब्ध थती जूनी हस्तलिखित प्रतियोमां मळी आवे छे तेथी हुं परिचित हतो एटले मने ए गाथा पकडतां कशी वार न लागी। परंतु ए सुज्ञात गाथा पछी नीचे आपेली बे अदृष्टपूर्व अने अज्ञातपूर्व एवी जे गाथाओ वांचवामां आवी तेथी मने ते क्षणे जे अद्भुत आनन्द थयो ते तद्दन अकथ्य हतो। मने तत्क्षणे थयुं के आटलो श्रम अने खर्च वेठीने जे हुं आ जेसलमेरनो भंडार जोवा आव्यो छुं ते आजे मात्र आ बे गाथाओ मळवाथी ज संपूर्ण सफळ थई गयो छे; अने हवे जो बीजुं कशुं पण जोवा, जाणवा के उतारवा जेवुं नवुं साहित्य आ भंडारमां मने न मळे तो पण, हुं पूर्ण तुष्ट थईने अहिंथी जई सकीश। ए बे गाथाओ ते आ प्रमाणे छे–

पंच सता इगतीसा सगणिवकालस्स वट्टमाणस्स।
तो चेत्तपुण्णिमाए बुधदिण सातिमि णक्खत्ते॥
रज्जे णु पालणपरे सी [लाइ] च्चम्मि णरवरिन्दम्मि।
वलभीणगरीए इमं महवि–––मि जिणभवणे॥

३.१.२५.

आ बे गाथाओनो अर्थ ए छे, के शकनृप-कालना वर्तमान वत्सर ५३१ ना चैत्रशुक्ल पूर्णिमा बुधवार अने स्वातिनक्षत्रना दिवसे* वलभी नगरीमां, शीलादित्य राजाना राज्यसमये, [अमुक नामांकित] जिनभवनमां, आ ग्रंथनी रचना करवामां आवी छे. जिनभवननुं नाम सूचवनार शब्द, पानानो ए भाग जराक खरी गएलो होवाथी, जतो रह्यो छे. पांच के छ अक्षरनो ए शब्द लागे छे, तेमांथी प्रथमना त्रण अक्षरो **'महवि'** उपलब्ध छे. आमां जणावेलो शकनृप-काल ते प्रसिद्ध शक संवत् छे जेनो प्रारंभ वि० सं० १३५ मां, अने इ०स० ७८-७९ मां थाय छे। आ हिसाबे शक संवत् ५३१ ते वि०सं० ६६६ अने इ०स० ६०९-१० बराबर थाय छे। आमां उल्लेखेलो राजा शीलादित्य ते वलभीना मैत्रकवंशनो सुप्रसिद्ध राजा प्रथम शीलादित्य अपर नाम धर्मादित्य छे, जेनो राज्यकाल इ०स० ५९९ थी ६१४ सुधीनो सप्रमाण निर्धारवामां आव्यो छे। ए राजानां अनेक ताम्रपत्रो मळ्यां छे जेमां गुप्त-वलभी संवत् २८५ थी ते २९० सुधीना संवत्सरोनो उल्लेख थएलो छे। ए गुप्त-वलभी संवत्नो प्रारंभ विक्रम सं० ३७६ अने शक सं० २४१ मां थाय छे। आ गणनाए २८५ गुप्त-वल्लभी संवत्सर ते शक संवत् ५२६ बराबर थाय छे। एटले के शिलादित्यना मळेला ताम्रपत्रोना आधारे ज शक सं० ५२६ थी ते ५३१ सुधीमां तो ए राजानी विद्यमानता सुनिश्चितरूपे सिद्ध थई जाय छे अने तेथी प्रस्तुत गाथागत शक सं० ५३१ ना उल्लेखने संपूर्ण पुष्टि मळी रहे छे। वळी आ उल्लेखथी शीलादित्य प्रथमना समय माटे पण एक वधु सुनिश्चित आधार मळी आवे छे। कारण के ए राजानो सत्तासमय सूचवनार, एना ताम्रपत्रो सिवाय, बीजो कोई स्वतंत्र साहित्यगत उल्लेख अत्यार सुधीमां प्रकाशमां आव्यो नथी। आथी आडकरी रीते गुप्त-वलभी संवत्नी गणना माटे पण एक नवीन प्रमाणनी आपणने उपलब्धि थाय छे, के जे गणना माटे, परस्पर केटलाक विसंवादी प्रमाणोने लीधे, हजी सुधी सुनिश्चितता सिद्ध थई शकी नथी।

आ गाथाओनी उपलब्धिथी आपणने जिनभद्रगणि क्षमाश्रमणना समय अने स्थान बन्ने विषेनी चोक्कस माहीती मळी आवी छे जे जैन साहित्यना इतिहासमाटे एक सीमास्तंभ सूचक वस्तु छे। ए उपरथी जणाय छे के वलभी ए जैन

* योगायोगथी आजे ज्यारे हुं आ लेख लखी रह्यो छुं, त्यारे पण चैत्रपूर्णिमानो दिवस छे. अने जो के वार शुक्र छे, पण नक्षत्र स्वाति ज छे। वर्तमान शक संवत् १८६७ छे, ए गणतरीए आजथी बराबर, १३३५ वर्ष पहेलां, जिनभद्र गणिए विशेषावश्यक भाष्यनी महान् रचना पूर्ण करी हती।

साहित्य अने जैन संप्रदायनुं घणा लांबा समय सुधी एक केन्द्रस्थान बनी रह्युं हतुं। देवर्द्धिगणि क्षमाश्रमणे वीरनिर्वाण सं. ९८० (—एटले के परंपरागत गणना प्रमाणे विक्रम सं० ५१० अने डॉ० याकोबीनी गणनाप्रमाणे विक्रम सं० ५७०)मां, वलभीमां विद्यमान जैन आगमोनी वाचनाने संकलित अने सुव्यवस्थित करी तेम ज तेने पुस्तकारूढ बनावी। जिनभद्र गणिना आ ग्रन्थनिर्माण समयथी पूर्वे लगभग एक सैकानी अन्दर ज जैन आगमोनुं आ महान् ऐतिहासिक संपादन कार्य पूर्ण थयुं हतुं। आगमोनी वाचना सुनिश्चित थया पछी ते उपर विशेषरूपे भाष्यो के चूर्णियो आदि रचावानो प्रारंभ थयो हतो। एवा भाष्यकारोमां संघदास गणि अने जिनभद्र गणि मुख्य जणाय छे। संघदास गणिए बृहत्कल्पभाष्य, पंचकल्पभाष्य आदिनी रचना करी छे त्यारे जिनभद्र गणिए निशीथभाष्य, जीतकल्पभाष्य, आवश्यक-विशेषभाष्य आदि ग्रन्थोनी रचना करी छे। संघदास गणिना समय अने स्थान आदि विषे अद्यापि कोईए कशो विचार कर्यो होय तेम जणातुं नथी; तेम ज एमनी कृतियो विषे पण कोई प्रकारनो ऊहापोहात्मक प्रकाश पाडवामां आव्यो नथी। एमनी कृतियोनुं जो अन्तरंग परीक्षण करवामां आवे तो तेमांथी केटलीक उपयोगी हकीकत जरूर मळी आवे तेम छे। बृहत्कल्पभाष्यना अमुक उल्लेखो उपरथी सूचित थाय छे के तेमनो समय पण लगभग जिनभद्र गणिना समयनी बहु ज नजीक होवो जोइए अने तेओ पण जिनभद्र गणिनी जेम केटलोक समय वलभीमां रहेला होय तो असंभवित नथी।

आ बन्ने महान् भाष्यकारो पछी, तरत ज सुप्रसिद्ध चूर्णिकार जिनदास गणि महत्तर थया जेमणे आवश्यकचूर्णि, निशीथचूर्णि, नन्दिचूर्णि, अनुयोगद्वारचूर्णि आदि अनेक चूर्णिग्रन्थोनी रचना करी। एमांथी नन्दिसूत्रनी चूर्णिना अन्ते, जिनभद्र गणिनी जेम, आपणा सद्भाग्ये, एमणे पण पोताना समयनो सूचक एक संक्षिप्त निर्देश करी दीवेलो छे जेना परथी आपणे एमना जीवन समयनी एक निश्चित साल मेळवी शकीए छीए। ए निर्देश आ प्रमाणे छे—"**शकराज्ञः पञ्चसु वर्षशतेषु व्यतिक्रान्तेषु अष्टनवतिषु नन्द्यध्ययनचूर्णिः समाप्ता।**" अर्थात्—'शकराजाना ५९८ वर्ष वीत्या त्यारे आ नन्दिसूत्रनी चूर्णिनी रचना समाप्त थई।'

आ उल्लेख परथी आपणने स्पष्ट ज्ञात थाय छे के जिनभद्र गणिए पोताना विशेषावश्यक भाष्यनी रचना पूरी करी ते पछी बराबर ६७ वर्ष जिनदास गणिए पोतानी नन्दिचूर्णिनी रचना समाप्त करी हती। आ रीते जोतां जिनभद्र गणि अने

जिनदास गणि तद्दन समकालीन न होय तो पण एक बीजाना बहु ज निकट-कालीन हता एमां शंका नथी। संभव तो एवो छे के जिनभद्र गणिनी उत्तरावस्था अने जिनदास गणिनी पूर्वावस्था लगभग एकसमयावच्छेदक हशे। जिनदास गणिनी कृतियोनुं निरीक्षण जो वधारे सूक्ष्मताथी करवामां आवे तो आपणने एवी अनेक बाबतो मळी आवे, जे परथी आपणे एमना स्थाननो पण केटलोक आभास मेळवी शकीए। एमना ग्रन्थोना उल्लेखो परथी जाणवाने कारण रहे छे के ए पण कदाचित् वलभीमां केटलोक समय वस्या होय। सौराष्ट्र अने आनर्तना प्रदेशनो एमने सारी पेठे परिचय हतो, तेवा तो घणा उल्लेखो एमनी कृतियोमां चोक्कसरूपे मळी आवे छे. एनो विचार अमे कोई बीजा प्रसंगे करवा धार्यो छे।

जिनदास गणि महत्तरनी उत्तरावस्थानो समय ए ज महान् टीकाकार अने शास्त्रकार हरिभद्रसूरिनी पूर्वावस्थानो समय छे, ए आपणने कुवलयमालाना अन्तिम उल्लेखथी निश्चितरूपे ज्ञात थई गयुं छे। जिनदास गणिनी नन्दिचूर्णिनी रचना समाप्तिना संवत्सर पछी पूरा १०२ वर्षे उद्योतनसूरिए पोतानी महान् कृति कुवलयमाला कथानी रचना पूरी करी। उद्योतनसूरिए हरिभद्रसूरि पासे न्यायशास्त्रोनो अभ्यास कर्यो हतो, ए वस्तुनो एमणे बहु ज स्पष्ट शब्दोमां, सादर अने साभार उल्लेख कर्यो छे, तेथी हरिभद्रसूरि, उद्योतनसूरिनी युवावस्थासमये, वृद्धावस्था व्यतीत करता हता ए सुनिश्चित छे। एथी हरिभद्रसूरिए, जिनभद्र गणि तेम ज जिनदास गणिए बन्ने महान् आचार्योनी कृतियोने बराबर जोएली होवाथी तेमनो विशिष्ट उपयोग जे एमनी कृतियोमां थएलो आपणने देखाय छे ते सर्वथा संगत थई जाय छे। जो के सर्वथा निश्चित रूपे नहि, पण सामान्य रीते, ज्यां सुधी बीजी कोई विशेष वस्तुनी उपलब्धि नहि थाय त्यां सुधी, आ च्यारे महान् ग्रंथकारोनो आनुमानिक समय आ प्रमाणे मानी शकाय।

शक संवत् ४००–४५० वच्चे देवर्द्धि गणि क्षमाक्षमण
„ ५००–५५० „ जिनभद्र गणि क्षमाश्रमण
„ ५५०–६०० „ जिनदास गणि महत्तर
„ ६००–६५० „ हरिभद्रसूरि
„ ६५०–७०० „ उद्योतनसूरि

जिनभद्र गणि क्षमाश्रमणनी मळी आवेली प्रस्तुत निश्चित मितिना आधारे, आ रीते जैन इतिहासनी अनेक अव्यवस्थित अने अनिश्चित समय गणनाओ उपर सारो प्रकाश पाडी शकाय तेम छे अने जैन साहित्यना क्रमविकासनी केटलीक विशिष्ट अने प्रमाणभूत परंपरा गोठवी शकाय तेम छे।

*
* *

चालुक्य भीमदेव प्रथमनुं संवत् ११२० नुं एक अप्रसिद्ध ताम्रपत्र.

*

अहिं नीचे प्रकट करवामां आवती प्रतिलिपिवाळुं मूळ ताम्रपत्र पालणपुर राज्यमां आवेला वरणावाडा गामना एक जैन भाईना कब्जामां छे। कोई २०–२२ वर्ष पहेलां मने ए ताम्रपत्रनी भाळ लागी हती अने तेथी पालणपुर राज्यना एक आगेवान अमलदार तेम ज प्रतिष्ठित सद्गृहस्थ स्व० श्रीचंदुलाल सोभागचंद कोठारी – जेओ मारा अत्यंत निकट स्नेही अने बन्धुजन जेवा हता – द्वारा ए ताम्रपत्र मेळववानी ने जोवानी योजना करी हती। परंतु दुर्भाग्ये ते पछी थोडा ज दिवसमां अकस्मात् रीते श्रीचन्दुभाईनो स्वर्गवास थई गयो अने तेथी ते पछी ए विषे कशुं थई शक्युं नहि। हमणां, भाई श्री पं० अंबालाल प्रेमचंद शाहा मार्फत ए ताम्रपत्रनी विश्वसनीय नकल मारी पासे आवी छे जे अहिं प्रकट करवामां आवे छे।

आ शासन-पत्रनी अविकल नकल सुप्रसिद्ध जैन इतिहासविद् पं० मुनि श्रीकल्याण विजयजीए जाते ए ताम्रपट उपरथी करेली छे। पालणपुरथी ६ कोश उपर तारंगा तरफ जतां, ए वरणावाडा गाम आवे छे अने उपर जणाव्युं तेम त्यांना एक जैन गृहस्थ पासे आ असल ताम्रपत्र विद्यमान छे। एना कुल बे पत्रां छे जेमनी एकेकी बाजुए लखाण कोतरेलुं छे। बन्ने पत्रोने वच्चे एक कडी नांखीने जोडी राखेलां छे। पत्रोनी लंबाई १० आंगळ अने पहोळाई ६ आंगळनी छे। एमां बधी मळीने लखाणनी १५ पंक्तिओ छे। ताम्रशासनना लेखनो उद्देश वरणावाडा ग्रामनिवासी मोढब्राह्मण जानकने, ३ हलप्रमाण भूमि दान करवानो छे। विक्रम संवत् ११२० ना पोष शुदि पूर्णिमा, के जे दिवसे उत्तरायण पर्वनो योग थयो हतो, अने महाराजाधिराज भीमदेव पोताना राज्यप्रवास दरम्यान इला नामना (हालनुं ईडर, जूनुं नाम इलादुर्ग) स्थानमां शिबिर नाखीने रह्या हता, ते वखते महेश्वरनी पूजा करीने, पोताना तेम ज पूर्वजोना पुण्य अने यशनी अभिवृद्धि अर्थे, आ दान करवामां आव्युं हतुं। दानमां आपेली भूमिनो परिचय आ प्रमाणे आपवामां आव्यो छे – ए भूमि, वरणावाडा ग्राम के जे धाणदाहार (हालनुं धाणधार) पथकमां आवेलुं छे तेना पादरमां आवेला खेतरनी छे। एनी चतुःसीमा आ प्रमाणे छे – पूर्वमां करषसबलि नामना गामनो रस्तो आवेलो

छे। दक्षिणमां गामनुं पादर आवेलुं छे। पश्चिम बाजूमां छींद्रियालो रस्तो छे अने उत्तरमां केशव अने वालणनुं खेतर छे। कायस्थ वटेश्वरना पुत्र केक्के आ शासनपत्र लखीने तैयार कर्युं हतुं अने महासान्धिविग्रहिक भोगादित्ये एने राज्यना दफतरमां नोंध्युं हतुं। श्री भीमदेवे ए पर हस्ताक्षर कर्या हता।

ताम्रपत्रनी प्रतिलिपि

(1) ९ विक्रमसंवत् ११२० पौष शुदि १५ अद्येह काल इला-
(2) वासिते श्रीमद्विजयिकटके समस्तराजावली विराजि-
(3) तमहाराजाधिराज भीमदेवः स्वभुज्यमान धाणदा-
(4) ह्वारपथके समस्तराजपुर(रु)षान् जनपदांश्च बोधय-
(5) त्यस्तु वः संविदितं यथा अद्योत्तरायणपर्वणि महेश्व-
(6) रमभ्यर्च्य पित्रोरात्मनश्च पुण्ययशोभिवृद्धये मोढब्रा-
(7) ह्मणजानकाय वरणावाडाग्रामे पाद्रसत्कक्षेत्रे
(8) घातुकसत्कक्षेत्रे च इति हलत्रयस्य हलं ३ भूमी
(9) शासनेनोदकपूर्वमस्माभिः प्रदत्ताऽस्यां स्व(च)पूर्व-
(10) स्यां करषसवलिग्राममार्गः दक्षिणस्यां ग्रामपाद्रं प-
(11) श्चिमायां छींद्रियालामार्गः उत्तरस्यां क(के?)शवबालणयोः
(12) क्षेत्रमिति। चतुराघाटोपलक्षितायाः भूमेरस्याः प-
(13) रिपंथना केनापि न कार्या। लिखितमिदं शासनं का-
(14) यत्थ(स्थ) वटेश्वरसुत केक्केन। दूतकोऽत्र महासां-
(15) धिविग्रहिक श्रीभोगादित्य इति। भीमदेवा [:] ॥

केटलीक प्रासंगिक हकीकत

भीमदेव १लाना अत्यार सुधीमां ३ ताम्रपत्रो प्रसिद्धिमां आव्यां छे, जेमां २ संवत् १०८६ नी सालनां छे अने त्रीजुं सं० १०९३ नी सालनुं छे। ८६ नी सालनुं एक दानपत्र कार्तिक सुदि पूर्णिमानुं, अने बीजुं वैशाखी पूर्णिमानुं छे। त्रीजुं दानपत्र संवत् ९३ ना चैत्र शुदि ११ नुं छे*। प्रस्तुत दानपत्र ४ थुं

* आ दानपत्रमां संवत्ना निर्देशक १०९३ एवा च्यारे आंकडाओ लखवाने बदले एकला ९३ना ज बे आंकडा लखेला होवाथी एना संपादक डॉ० फ्लीटे (इन्डियन एन्टीक्वेरी, पु० १८, पृ० १०८) ९३ नो संवत् ए सिंहसंवत् छे अने तेथी एनी साल वि० सं० १२६२–६३ नी कल्पीने आ दानपत्र बीजा भीमदेवनुं होवानुं अनुमान कर्युं छे। पण डॉ.

छे। अने ए भीमदेवना जीवनना छेल्ला दिवसोनुं ज्ञापक होई खूब अगत्यनुं छे। आ शासनपत्र पण उक्त त्रणे शासनपत्रोनी तद्दन समान शैलीए ज लखाएलुं छे। प्रथमनां त्रणे शासनोनो लेखक ज्यारे कायस्थ कांचनसुत वटेश्वर छे, त्यारे प्रस्तुत शासननो लेखक ए वटेश्वरनो पुत्र केक्कक छे। ए केक्कक (अथवा केकाक) नुं नाम, भीमदेव पुत्र कर्णदेवना संवत् ११३१ ना नवसारीवाळा ताम्रपत्रमां, तेम ज संवत् ११४८ ना सूनकवाळा ताम्रपत्रमां पण मळे छे। सं० ११३१ वाळा शासनपत्रमां ज्यारे तेनो निर्देश सामान्य लेखक तरीके (राज्यशासन लखनार) ज करवामां आवेलो छे त्यारे ११४८ वाळा शासन पत्रमां तेने 'आक्षपटलिक' नी उपाधिथी अंकित करेलो छे। एथी जणाय छे के ते वखते ए, राज्यना समस्त दफतर विभागनो सर्वोपरि अधिकारी बन्यो हतो। ए उपरथी आपणने ए पण जाणवा मळे छे के केकाकनुं खानदान ठेठ मूलराजना राज्यसमयथी ज अणहिल-वाडना राजकीय दफतरखाना साथे अव्यवहित रूपे संकळाएलुं चाल्युं आवतुं हतुं। वि० सं० १०४३ वाळुं मूलराजनुं ताम्रशासन जे कडी गाममांथी मळी आवेलुं, तेनो लेखक कायस्थ कांचण छे, जे जेज्जाकनो पुत्र हतो अने आपणा आ प्रस्तुत ताम्रपत्रना लेखक केक्ककनो प्रपिता थतो हतो। मूलराजना सं. १०५१ वाळा बीजा ताम्रशासननो लेखक पण ए ज कांचन छे। आ रीते ठेठ मूलराजथी लई

फ्लीटनी अगाउ १२ वर्ष उपर डॉ. ब्युह्लरे (इन्डि. एन्टि., पु० ६, पृ० १९३-४) उपर्युक्त सं० १०८६नुं प्रथम भीमदेवनुं जे दानपत्र प्रकट कर्युं हतुं तेमां लेखक तरीके ए ज कायस्थ कांचनपुत्र वटेश्वरनुं अने दूतक तरीके ए ज महासांधिविग्रहिक चंडशर्मानुं नाम उल्लिखित होवाथी आ ९३ नी सालवाळुं ताम्रपत्र पण असन्दिग्धरीते ए ज प्रथम भीमदेवनुं होई शके, ए वस्तु तरफ डॉ० फ्लीट जेवा महाविचक्षण विद्वान्नुं लक्ष्य केम न खेंचायुं ए आश्चर्य जेवुं गणाय। अने वधारे आश्चर्य कारक तो ए छे, के फार्बस गुजराती सभा तरफथी जे "गुजरातना ऐतिहासिक लेखो" नामना दलदार ग्रन्थो बहार पाडवामां आव्या छे, तेना बीजा भागमां नं० १५९ ना अंकनीचे ए दानपत्रनी जे प्रतिलिपि आपवामां आवी छे, त्यां पण एने, डॉ० फ्लीटना भूलभरेला लखाणना आन्धळा भाषान्तर साथे, बीजा भीमदेवना दानपत्र तरीके मुद्रित करवामां आव्युं छे। ए दानपत्र माटे डॉ० किलहॉर्ने एपि. इन्डि. ना पु० १, पृ. ३१७ मां, सूनकवाळा कर्णदेवना ताम्रपत्रनुं विवेचन करती वखते, स्पष्टरीते ज एने प्रथम भीमदेवनुं दानपत्र बताव्युं छे; तेम ज म. म. डॉ० गौ० ही० ओझाए पोतानी प्राचीन लिपिमालामां पृ० १८२ उपर ए विषे विस्तृत टिप्पणी आपीने डॉ० फ्लीटनी भूलनुं निराकरण पण कर्युं छे। छतां "गुजरातना ऐतिहासिक लेखो"ना संपादके ए माटे कशी ज विचारणा करवानी तकलीफ न लीधी अने अभ्यासियोने भ्रममां नांखवानी उलटी असेवा करी छे।

कर्णदेवना राज्यना अन्तसुधी तो ए ज कायस्थ खानदान अणहिलपुरना राजकीय दफतर खातामां अग्रणी अधिकार भोगवतुं हतुं एवुं, आपणे आ ताम्रशासनोना लखाणो उपरथी जाणी शकीए छीए ।

आ ताम्रपत्रमां दूतक तरीके जे महासान्धिविग्रहिक भोगादित्यनुं नाम मळे छे ते कर्णदेवना उक्त सं० ११३१ वाळा ताम्रपत्रमां पण अंकित छे ।

भीमदेवना राज्यकालनुं आ छेल्लुं ताम्रपत्र होय एम जणाय छे । प्रबन्धचिन्तामणिमां आपेली मिति प्रमाणे वि० सं० ११२० ना चैत्र वदि ७ ना दिवसे कर्णदेवनो राज्याभिषेक थयो हतो तेथी सामान्यरीते ए ज मितिए भीमदेवनुं मृत्यु थएलुं आपणे मानवुं जोइए । ए हीसाबे भीमदेवना अवसान काल पूर्वे सवा त्रण मास उपर ज ए दानपत्र करवामां आव्युं हतुं, एम कही शकाय ।

***

भीमदेवनो संवत् १०८७ नो एक अप्रकाशित संक्षिप्त शिलालेख.

*

जैनोना सुप्रसिद्ध तीर्थस्थान कुंभारीया (प्राचीन आरासण)मां शान्तिनाथना मन्दिरमां एक जैन मूर्ति छे जेना उपर नीचे आपेलो लेख अंकित थएलो छे ।

९ श्रीमद्विक्रमभूभृतः स्वँर-वसु-व्योमेन्दुं-संख्याख्यया
ख्यातेऽब्दे प्रवरे सुसौख्यमवति श्रीभीमभूपे भुवम् ।
नन्नाचार्यगणस्य भूषणकरे स्वारासणस्थानके
बिम्बं पूज्यमकारि सूरिभिरिदं श्रीसर्वदेवाभिधैः ॥

अंकतः १०८७ आषाढ शुदि २।

आ लेखनो सार ए छे के वि. सं. १०८७मां ज्यारे भीमदेव पृथ्वीनुं सुखरूपथी पालन करतो हतो, त्यारे नन्नाचार्यगच्छना सर्वदेवसूरिए आ जिनबिम्बनी प्रतिष्ठा करी ।

भीमदेवना प्रचण्ड दण्डनायक प्राग्वाट विमलसाहाए आबूनुं जगप्रसिद्ध ऋषभनाथनुं जैन मन्दिर प्रतिष्ठित कर्युं तेना एक वर्ष पहेलां आरासणना शान्तिनाथना मन्दिरमां ए प्रतिष्ठा कार्य थयुं हतुं एम आ लेख परथी जणाय छे ।

*

कवि आसिग कृत जीवदयारास

[प्रास्ताविक]

*

'**भारतीय विद्या**'ना बीजा भागना प्रथम अंकमां, अद्यावधि ज्ञात गुजराती भाषानी पद्यरचनामां, सौथी प्राचीनतमनुं जेने स्थान आपी शकाय तेवो संवत् १२४१ मां रचाएलो शालिभद्रसूरि कृत '**भरतेश्वर बाहुबलिरास**' में प्रसिद्ध कर्यो हतो। तेनी प्रस्तावनामां जणाव्या प्रमाणे तेनी प्रसिद्धिनी पूर्वे, जेने सौथी प्राचीन कही शकाय तेवो एक '**जंबूस्वामिरास**' प्रसिद्ध थयो हतो जेनी रचना संवत् १२६६ मां महेन्द्रसूरिना शिष्य धर्म नामना विद्वाने करी हती। आजे हुं अहिं, एवी ज एक प्राचीन तर गुजरातीनी अभिनव रासकृति प्रकाशमां मुकुं छुं, जे उक्त बन्ने कृतियोनी मध्यमां स्थान प्राप्त करे छे। एनुं नाम "**जीवदयारास**" छे अने एनो कर्ता कवि **आसिग** छे। वि० सं० १२५७ना आश्विन सुदि ७ ना दिवसे, जालोर पासे आवेला सहजिगपुरमां एनी रचना करवामां आवी छे। एटले, उक्त शालिभद्ररासनी रचना पछी १६ वर्षे, तेम ज जंबूस्वामिरासनी पहेलां ९ वर्षे, आ रास रचायो छे। बीकानेरना पुरातन जैनपुस्तक भंडारमांनी एक प्राचीन लिखित प्रतिमांथी आ रचना मळी आवी छे, जे प्रति सं०१४०० अने १४५० नी वच्चे क्यारेक लखाएली होवी संभवे छे। ए प्रति बीकानेर निवासी सुप्रसिद्ध साहित्यसेवी भाई श्रीअगरचन्दजी नाहटाद्वारा प्राप्त थई हती। ए प्रतिमां आवी अनेक प्राचीन भाषा-कृतियो तेम ज संस्कृत, प्राकृत अने अपभ्रंशनी पण प्रकीर्ण रचनाओनो संग्रह लखेलो छे। एनी लिपि सुवाच्य अने सुन्दराकार छे, पण वच्चे वच्चे केटलांक पानां जाय छे तेथी ए प्रति खंडितप्रायः छे। प्रतिमां जे अनेक प्रकीर्ण रचनाओनुं आलेखन करेलुं छे ते उपरथी जणाय छे के 'विविधतीर्थकल्प' आदि अनेक ग्रन्थोना प्रणेता जिनप्रभसूरिना कोई शिष्य के प्रशिष्यनी ए 'स्वाध्याय-पुस्तिका' होय एम अनुमान थाय छे, अने तेथी ज में एनो लेखनकाल सं० १४०० थी ते १४५० नी वच्चेनो कल्प्यो छे। एटले के जीवदया रासना रचनासमय पछी लगभग दोढसो-बस्सो वर्षनी अंदर ज ए प्रति लखाएली छे। प्रतिना लिपिकार कोई सुपठित यतिजन लागे छे एटले भाषानी दृष्टिए तेमां खास पाठ-अशुद्धि थवा पामी नहि होय, छतां ज्यां सुधी बीजुं कोई प्रत्यन्तर प्राप्त थाय नहि त्यां सुधी एनी पाठशुद्धिनी कशी चोक्स कल्पना करी शकाय नहि।

३.१.२६.

अर्थदृष्टिए विचार करतां केटलीक जग्याए शब्द-भ्रान्ति देखाय छे अने तेथी स्पष्ट अर्थावबोध थतो नथी। पाटण विगेरेना भंडारोमां आनी कोई बीजी प्रति हजी सुधी जोवा-जाणवामां आवी नथी, तेथी अत्यारे तो अहिं फक्त, उक्त बीकानेरवाळी प्रतिमां जेवो ए रास लखेलो मळी आव्यो छे तेवो ज अहिं प्रकट करवामां आवे छे। अभ्यासियो प्रति निवेदन छे के आ कृतिनी जो कोई अन्य प्रति उपलब्ध थाय तो तेना आधारे आनी वधारे सारी संशोधित आवृत्ति प्रकट करवा प्रयत्न करे।

रासनो विषय जीवदयानो प्रभाव सूचवनारो छे, पण ते तो थोडीक ज पंक्तियोमां कहेवामां आव्यो छे। सामान्य रीते तो एमां धर्म अने सत्कर्म पूर्वक जीवन व्यतीत करवानो उपदेश आपवामां आव्यो छे। "संसार मिथ्या छे, जीवित अस्थिर छे, माता-पिता-भाई-पुत्र-कलत्र-स्वजन विगेरेना सर्व संबंध स्वार्थमूलक छे, इन्द्रियोना भोगो परिणामे दुखनां कारण छे, माटे मनुष्ये धर्मनुं आराधन करवुं जोइए। धर्मना आराधनथी प्राणीने परजन्ममां सुखनी प्राप्ति थाय छे। धर्मना फलरूपे मनुष्यने राज्यऋद्धि, समृद्धि, सुपरिवार, धन, कंचन, वस्त्र, आभूषण आदि सर्व वस्तुओनी प्राप्ति थाय छे। धर्मनुं उत्तम प्रकारे पालन करवाथी मनुष्य छेवटे मोक्ष पण प्राप्त करे छे। कलियुगमां धर्मनुं आचरण शिथिल थई गयुं छे अने लोकोमां व्यावहारिक मानमर्यादा पण ढीली थई गई छे। आ कलिना प्रभावथी मनुष्यो-मनुष्यो वच्चेना जीवन-धोरणमां पण मोटी विषमताओ देखाय छे। कोई तो पगे भटकी भटकीने मरी रह्या छे ने कोई सुखासनोमांथी हेठा उतरतां पण कष्ट माणे छे। केटलाक माणसो ज्यारे भूखथी टळवळ्यां करे छे त्यारे केटलाक खूब मालपाणी उडाड्यां करे छे। केटलाक माणसो सुंदर रमणियो साथे विविध भोगो भोगवता थाकता नथी त्यारे केटलाक माणसो बीजाने त्यां दासकर्म करता करता मरी जाय छे अने जीवता पण मुवा जेवा देखाय छे। पण आ बधुं पोताना कर्मनुं ज फल छे। कर्मना फलथी ज बलिराय जेवो नवनिधाननो स्वामी नरकमां गयो, हरिश्चन्द्र जेवाने चंडालना घरे पाणी भरवुं पड्युं, रामलक्ष्मणने वनमां भटकवुं पड्युं, रावण जेवा महा प्रतापीनो संहार थयो। माटे संसारमां कोइए गर्व न धारण करवुं अने दानधर्म करी जीवनने पवित्र बनाववुं। संसारमां कोई अमर रह्युं नथी। भरतचक्रवर्ती, कृष्णवासुदेव, श्रेणिकराजा आदि मोटा नृपतियो पण चाल्या गया; तेम ज गोतमस्वामि, वज्रस्वामि, स्थूलिभद्र आदि महामुनियो पण चाल्या गया। माटे जगत्‌मां जो स्थिर नाम राखवुं होय तो उज्जेणीना विक्रमादित्य, अणहिल्लपुरना जयसिंह राय अने कुमारपाल आदिनी जेम

धर्मकार्यमां धननो व्यय करवो। जेना दर्शन अने वंदनथी पवित्र थवाय एवा शत्रुंजय, गिरनार, आबू, जालोर विगेरे तीर्थस्थानोनी यात्रा करवी अने पुण्यकर्म उपार्जन करवुं।" आ जातनो सर्व सामान्य अने प्रकीर्ण उपदेश आ रासमां गुंथवामां आव्यो छे।

रासनी रचना सरल अने सीधी वाणीमां तथा तद्दन साधारण जनोने पण बोधगम्य थाय तेवी शैलीमां करवामां आवी छे। छेल्ली ३ कडियोमां कविए पोतानो टुंको परिचय पण आप्यो छे, परंतु अर्थावबोध जोइए तेवो स्पष्ट न थवाथी ए कडियोनो भाव बराबर हृदयंगम नथी थतो। पहेली (५१ मी) कडीमां कोई वाला नामना मंत्री अने तेना पुत्र वहेलनो, अने तेना कुलमां चंद्रमा जेवा आसाइतनो निर्देश छे। तेनी (मालिकीनी ?) वलहि* नामनी सुंदर पल्ली (पालडी=नवी वसावेली वसति) छे ज्यां बहुगुण संयुक्त एवो कवि आसिग रहे छे। ए कविनुं मोसाल जालोरमां छे। कार्य प्रसंगे, ज्यारे कवि पोताना गामथी जालोर आव्यो त्यारे (रस्तामां ?) सहजिगपुर नामना गामना पार्श्वनाथ मंदिरमां, संवत् १२५७ ना आसो सुदि ७ मना दिवसे, शान्तिसूरिनी पादभक्तिना प्रतापे, हाथोहाथ एटले के तुरता-तुरत (एक ज आसने बेसीने ?) आ नवीन रासनी रचना करवामां आवी छे।

रचनानां बन्ध अने वर्णन उपरथी लागे छे के कवि पोताना जालोर तरफना प्रवास दरम्यान सहजिगपुरमां आवी चढ्यो छे अने त्यां ते प्रसंगे कोई उत्सवनुं आयोजन थई रहेलुं होवाथी, ते उत्सवमां गावा माटे अने उत्सवनी स्मृतिने कविताबद्ध करवा माटे, उतावळ उतावळमां ज–कदाच एकाध दिवस जेटला थोडाक समयमां ज–शान्तिसूरिनी प्रेरणाथी तेणे आ सरल रास, सादा षट्पदी छन्दमां, शीघ्रकविनी कृतिनी जेम, जोडी काढ्यो छे।

शान्तिसूरि तेम ज कवि आसिगना विषयमां बीजी कशी विशेष माहिती अत्यारे उपस्थित करी शकाय तेम नथी। आशा छे के अभ्यासी जनो गुजराती भाषानी अद्यावधि अप्रसिद्ध एवी आ प्राचीनतर कृतिनुं योग्य अध्ययन करी, ए उपर विशेष प्रकाश पाडवा प्रयत्न करशे।

* *

---

* मारवाड–जोधपुर राज्यना गोडवाडप्रान्तमां वाली नामनुं जे गाम छे ते ज कदाच आमां सूचवेली 'वालहि पल्ली' होय।

कवि आसिग विरचित

जीवदया रास

*

गुजराती भाषानी एक प्राचीनतर पद्यकृति

[रचना संवत् १२५७ विक्रमाब्द]

उरि सरसति **आसिगु** भणइ, नवउ रासु जीवदया-सारु ।
कंनु धरिवि निसुणेहु जण, दुत्तरु जेम तरहु संसारु ॥ १ ॥
जय जय जय पणमउ सरसत्ती । जय जय जय दिवि पुत्थाहत्थी ।
कसमीरह मुखमंडणिय, तइं तुट्टी हउ रयउ कहाणउं ।
जालउरउ कवि वज्जरइ, देहा सरवरि हंसु वखाणउं ॥ २ ॥
पहिलउ अक्खउं जिणवरधम्मु । जिम सफलउ हुइ माणुसजंमु ।
जीवदया परिपालिजए, माय वप्पु गुरु आराहिजए ।
सव्वह तित्थह तरुवर ठविजइ, [जिम ?] छाही फलु पावीजइ ॥३॥
देवभत्ति गुरुभत्ति अराहहु । हियडइ अंखि धरेविणु चाहहु ।
धणु वेचहु जिणवर भवणि, खाहु पियहु नर वंधहु आसा ।
कायागढ तारुण भरि, जं न पडहिं जमदेवहं पासा ॥ ४ ॥
सारय सजल सरिसु परधंधउ । नालिउ लोउ न पेखइ अंधउ ।
डुंगरि लग्गइ दव हरणि, तिम माणुसु वहु दुक्खहं आलउ ।
डज्जइ अवगुण दोसडइ, जिम हिम वणि वणगहणु विसालउ ॥५॥
नालिउ अप्पउ अप्पइ दक्खइ । पायहं हिट्ठि बलंतु न पिक्खइ ।
गणिया लब्भहिं दिवसडइं, जं जि मरेवउ तं वीसरियउ ।
दाणु न दिंनउ तपु न किउ, जाणंतो वि जीउ छेतरियउ ॥ ६ ॥
अरि जिय यउ चिंतिवि किरि धंमु । वलि वलि दुलहु माणुसजंमु ।
नत्थि कोइ कासु वि तणउं, माय ताय सुय सज्जण भाय ।
पुत्त कलत्त कुमित्त जिम, खाइ पियइ सवु पच्छइ थाइ ॥ ७ ॥
धणि मिलियइ बहु मग्ग जण हार । किं तसु जणणिहि किं महतार ।
किं केतउ मागइ घरणि पुत्तु, होइ प्राणी णेइ लेसइ ।
विहव ण वारहं पत्तगहं, बोलाविउ को सावु न देसइ ॥ ८ ॥

जणणि भणइ मइं उयरहं धरियउ । वप्पु भणइ महु घरि अवतरियउ ।
अणखाइय महिलिय भणइ, पातग तणइं न मारगि जाउ ।
अरथु धरमु विहंचिवि लियउं वि, दिनत्थी पतुं घडसइ न्हाउं ॥९॥
यउ चिंतिवि निय मणिहिं धरिज्जइ । कुडी साखि न कासु वि दिज्जइ ।
आलिं दि नइ आलसउ जउ, अजु हूवउ कालु न होसइ ।
अनु चिंततहे अनु हुइ, धंधइ पडियउ जीउ मरेसइ ॥ १० ॥
पुडइ निपंन जेम जलबिंदु । तिम संसारु असारु समुंदु ।
इंदियालु नडपिखणउ जिम, अंबरि जलु वरिसइ मेहु ।
पंच दिवस मणि छोहलउ, तिम यहु प्रियतम सरिसउ नेहु ॥११॥
अरि जिय परतहं पालि बंधिजइ । जीविय जोवण लाहउ लीजइ ।
अलियउ कह वि न बोलिजइ, सुद्धइ भाविहि दिज्जइ दाणु ।
धम्म सरोवर विमल जलु, कुंडपाउ नियमणि यउ जाणु ॥ १२ ॥
पंच दिवस होसइ तारुन्नु । ऊडइ देह जिम मंदिर सुन्नु ।
जाणंतो विय जाणइ, दिक्खंता हइं होइ पयाणउ ।
वट्टहं संवलु नहु लयउ, आगइ जीव किसउ परिमाणु ॥ १३ ॥
दिवसे मासे पूजइ कालु । जीउ न छूटइ विरधु न बालु ।
छडउ पयाणउ जीव तुहु, साजणु सित्तु बोलावि वलेसइ ।
धम्मु परत्तह संवलओ, जंता सरिसउ तं जि वलेसइ ॥ १४ ॥
अरि जिय जइ बूकहि ता बूकु । वलि वलि सीख कु दीसइ तूकु ।
वारि मसाणिहि चिय वलइ, कुडि दाउं ती गंधि न आवइ ।
पावकूव भिंतरि पडिउ तिणि, जिणधम्मु कियउ नवि भावइ॥१५॥
जिम कुंभारिं घडियउ भंडू । तिम माणुसु कारिमउ करंडु ।
करतारह निप्पाइयउ, अट्ठुत्तरसउ वाहिसयाइं ।
जिम पसुपालह खीरहरु, पुट्ठिहिं लग्गउ हिंडइ ताइं ॥ १६ ॥
देहा सरवर मज्झिहिं कमलु । तहि वइसउ हंसा धुरि धवलो ।
कालु भमरु उपरिं भमइ, आउखए रस गंधु वि लेसइ ।
अणखूटइ नहु जिउ मरइ, खूटा उपर धरी न दीसइ ॥ १७ ॥
नयर पुब आया वणिजारा । जणणि समाणु अरिहिं परिवारा ।

धम्म कयाणउं ववहरहु, पावतणी भंडसाल निवारहु ।
जीवह लोहु समग्गलउ, कुमारगि जणु जंतउ वारहु ॥ १८ ॥

एगिंदिय रे जीव सुणिज्जइ । बेइंदिय नवि आसा किज्जइ ।
तेइंदिय नवि संभलइ, चउरिंदिय महिमंडलि वासु ।
पंचिंदिय तुहुं करहिं दय, जिणधम्मिहिं कज्जइ अहिलासु ॥ १९ ॥

धम्मिहिं गय घड तुरियहं घट्ट । मयभिंभल कंचण कसवट्ट ।
धम्मिहिं सज्जण गुणपवर, धम्मिहिं रज्ज रयण भंडार ।
धम्मफलिण सुकलत्त घरि, बे पक्खसुद्ध सीलसिंगार ॥२०॥

धम्मिहिं मुक्खसुक्ख पाविज्जइ । धम्मिहि भवसंसारु तरीजइ ।
धम्मिहि धणु कणु संपडइं, धम्मिहि कंचण आभरणाइं ।
नालिय जीउ न जाणइ य, एहि धम्महं तणा फलाइं ॥ २१ ॥

धम्मिहि संपज्जइ सिणगारो । करि कंकण एकावलि हारु ।
धम्मि पटोला पहिरिजहिं, धम्मिहि सालि दालि घिउ घोलु ।
धम्मि फलिण वितसा [रु?] लियइं, धम्मिहिं पानबीड तंबोलु ॥२२॥

अरि जिय धम्मु इक्कु परिपालहु । नरयबारि किवाडइं तालहु ।
मणु चंचलु अविचलु वरहु, कोहु लोहु मय मोहु निवारहु ।
पंचबाण कामहिं जिणहु जिम, सुह सिद्धिसग्गु तुम्हि पावहु ॥२३॥

सिद्धिनामि सिद्धि वरसारु । एकाएकिं कहउ विचारु ।
चउरासी लक्ख जोणि, जीवह जो घल्लेसइ घाउ ।
अंतकालि संमरइ अंगि, कोइ तसु होइ हु दाहु ॥ २४ ॥

अरु जीवइं अस्संखइ मारइं । मारोमारि करइ मारावइ ।
मुच्छाविय धरणिहि पडइ, जीउ विणासिवि जीतउ मानइ ।
मच्छगिलिग्गिलि पुणु वि पुणु, दुःख सहइ ऊथलियइ पंनइ ॥२५॥

पन्नउ जउ जगु छन्नउं मंनउं । कूवहं संसारिहि उप्पंनउं ।
पुत म सारिहि कलिजुगिहिं, ढीलइ जं लीजइ ववहारु ।
एकहं जीवहं कारणिण, सहसलक्ख जीवहं संहारु ॥ २६ ॥

वरिसा सउ आऊखउ लोए । असी वरिस नहु जीवइ कोइ ।
कूडी कलि आसिगु भणइ, दयाराजि नय नय अवतारु ।

धंमु चलिउ **पाडलिय** पुरे, एका कालु कलिहि संचारु ॥ २७ ॥

माय भणेविणु विणउ न कीजइ । वहिणि भणिवि पावडणु न कीजइ ।
लहुड वडाई हा...तिय मुक्की, लाज स समुद मरजाद ।
वरघरिणिहिं वीया पियइं, पिय हत्थिं धोवावइ पाय ॥ २८ ॥

सासुव वहूव न चलणे लग्गइ । इह छाहइ पाडउणइ मागइ ।
ससुरा जिठ्ठह नवि टलइ, राजि करंती लाज न भावइ ।
मेलावइ साजण तणइं, सिरि उग्घाडइ बाहिरि धावइ ॥ २९ ॥

मित्तिहि मुक्का मित्ताचारि । एकहि घरणिहिं हुइ रखवाला ।
जे साजण ते खेलत गिइं, गोती कूका गोताचारा ।
हाणि विधि वद्धावणइं, विहुरहि वार करहिं नहु सारा ॥ ३० ॥

कवि **आसिग** कलिअंतरु जोइ । एक समाण न दीसई कोइ ।
के नरि पाला परिभमहि, के गय तुरि चडंति सुखासणि ।
केई नर कठा वहहि, के नर वइसहिं रायसिंहासणि ॥ ३१ ॥

के नर सालि दालि भुंजंता । घिय घलहलु मज्झे विलहंता ।
के नर भूषा(खा) दूषि(खि)यइं, दीसहिं परघरि कंमु करंता ।
जीवता वि मुया गणिय, अच्छहिं वाहिरि भूमि रुलंता ॥ ३२ ॥

के नर तंबोलु वि संमाणहिं । विविह भोय रमणिहिं सउ माणहि ।
के वि अपुंनइं वप्पुडइं, अणु हुंतइ दोहला करंता ।
दाणु न दिंनउ अंन भवि, ते नर परघर कंमु करंता ॥ ३३ ॥

आसेवंता जीव न जाणहिं । अप्पहिं अप्पाउ नहु परियाणहि ।
चंचलु जीविउ धूय मरणु, विहि विद्धाता वस इउ सीसइ ।
मूढ धम्मु परजालियइ, अजरु अमरु कलि कोइ ना दीसइ ॥३४॥

नव निधान जसु हुंता वारि । सो वलिराय गयउ संसारि ।
बाहूबलि बलवंतु गउ, धण कण जोयण करहु म गारहु ।
डुंबह घर पाणिउ भरिउ, पुहविहि गयउ सु हरिचंदु राउ ॥ ३५ ॥

गउ दसरथु गउ लक्खणु रामु । हियडइ धरउ म कोइ संविसाउ ।
बार वरिस वणु सेवियउ, लंका राहवि किय संहारु ।
गइय स सीय महासइय, पिक्खहु इंदियालु संसारु ॥ ३६ ॥

जसु घरि जमु पाणिउ आणेई । फुल्लतरु जसु वणसइ देई ।
पवणु वुहारइ जसु उवहि, करइ तलारउ चामुंड माया ।
खूटइ सो रावणु गयउ, जिणि गह बद्धा खाटहं पाए ॥ ३७ ॥

गउ भरथेसरु चक्कधुरंधरु । जिणि अट्ठावइ ठविय जिणेसरु ।
मंधाता नलु सगरु गओ, गउ कउरव-पंडव परिवारो ।
सेत्तुजा सिहरिहिं चडेवि जिणि, जिणभवण कियउ उद्धारु ॥ ३८ ॥

जिणि रणि जरासिंधु विदारिउ । आहि दाणवु बलवंतउ मारिउ ।
कंस केसि चाणरु कहिऊ, जिणि ठवियउ नेमिकुमारु ।
वारवई नयरिय धणिउ कहहि, सु हरि गोविहि भत्तारु ॥ ३९ ॥

जिणु चउवीसमु वंदिउ वीरु । कहहि सु सेणिउ साहस धीरु ।
जिणसासण समुद्धरणु, विहलिय जण वंदिय सद्धारु ।
रायग्गिह नयरियहं, बुद्धिमंतु गउ अभयकुमारु ॥ ४० ॥

पाउ पणासइ मुणिवरनामिं । वयरसामि तह गोयमसामि ।
सालिभद्द संसारि गउ, मंगलकलस सुदरिसण सारो ।
थूलभद्दु सतवंतु गओ धिगु, धिगु यहु संसारु असारु ॥ ४१ ॥

गउ हलधरु संजमसणगारु । गयसुकुमालु वि मेहकुमारु ।
जंबुसामि गणहरु गयउ, गउ धन्नह ढंढणह कुमारु ।
जउ चिंतिवि रे जीव तुहुं, करि जिणधंमु इक्कु परिवारो ॥ ४२ ॥

जिणि संवच्छरु महि अंबाविउ । अंबरि चंदिहिं नामु लिहाविउ ।
ऊरिणि की पिरिथिमि सयल, अणु पालिउ जिणु धम्मु पवित्तु ।
उज्जेणीनयरी धणिउ कह, अजरामर **विकमादीतु** ॥ ४३ ॥

गउ **अणहिलपुरि जेसलु राउ** । जिणि उद्धरियलि पुहवि सयाउ ।
कलिजुग **कुमरनरिंदु** गउ, जिणि सव जीवहं अभउ दियाविउ ।
उवएसिहिं **हेमसूरि** गुरु, अहिणव 'कुमरविहारु' कराविउ ॥४४॥

इत्थंतरि जण निसुणहु भाविं । करहु धम्मु जिम मुच्चहु पाविं ।
इहिं संसारि समुद्दजलि, तरण तरंड सयल तित्थाइं ।
वंदहु पूयहु भविय जण, जे तियलोए जिणभवणाइं ॥ ४५ ॥

अट्ठावइ रिसहेसरु वंदहु । कोडि दिवालिय जिम चिरु नंदहु ।
सित्तुज्जहं सिहरिहिं चडिवि, अच्चउं सामिउ आदिजिणिंदु ।
आबुइ पणमउ पढमजिणु, उम्मुलइ भवतरुवरकंदु ॥ ४६ ॥

उज्जिलि वंदहु नेमिकुमारु । नव भव तिहुयणि तरहि संसारु ।
अंबाइय पणमेहु जण, अवलोयणा सिहरि पिक्खेहु ।
विसम तुंग अंबर रयणा, वंदहु संवु पजुंनइ वेउ ॥ ४७ ॥

थुणउ वीरु **सच्चउरहं** मंडणु । पावतिमिर दुहकंम विहंडणु ।
वंदउ **मोढेरा**नयरि, **चडावल्लि** पुरि वंदउ देउ ।
जे दिट्ठउ ते वंदियउ, विमलभावि दुइ करजोडि ॥ ४८ ॥

वाणारसि महुरह जिणचंदु । **थंभणि** जाइवि नमहु जिणिंदु ।
संखेसरि चारोप पुरि, **नागद्दहि फलवद्धि** दुवारि ।
वंदहु सामिउ पासजिणु, **जालउरा** गिरि 'कुमरविहारु' ॥ ४९ ॥

कासु वि देह हडइ दालिद्दु । कासु वि तोडइ पावह कंदु ।
कासु वि दे निम्मल नयण, खासु सासु खेयणु फेडेई ।
जसु तूसइ पहु पासजिणु, तासु घरि नव निधान दरिसेइ ॥ ५० ॥

वाला मंत्रि तणइ पाछोपइ । **वेहल** महिनंदन महिरोपइ ।
तसु सखहं कुलचंद फलु, तसु कुलि **आसाइतु** अच्छंतु ।
तसु **वलहिय पल्लीपवर**, कवि **आसिगु** बहुगुण संजुत्तु ॥५१॥

सा तउपरिया (?) कवि **जालउरउ** । माउसालि सुंमइ सीयलरउ ।
आसीद वदोही (?) वयण, कवि **आसिगु जालउरह** आयउ ।
सहजिगपुरि पासहं भवणि, नवउ रासु इहु तिणि निप्पाइउ ॥५२॥

संवतु **बारह सय सत्तावन्नइ** । विक्कमकालि गयइ पडिपुंनइ ।
आसोयहं सिय सत्तमिहिं, हत्थो हत्थि जिण निप्पायउ ।
संतिसूरि पयभत्तयरियं, रयउ रासु भवियहं मणमोहणु ॥ ५३ ॥

॥ इति जीवदया रास समाप्तः ॥

* *
*

३.१.२७.

प्रीतिविषयक केटलांक प्राचीन भाषा सुभाषितो

*

[लगभग च्यार सो करतां वधारे वर्ष उपर लखेलां एक प्राचीन पत्रमांथी आ दुहाओ संगृहीत करवामां आव्या छे. —संपादक]

पहिली प्रीति वलगइ करि, पछइ करइ कुरंग।
तिनस्यउ जनम न बालीइ, बहुडि न कीजइ संग ॥ १

विरह विच्छिन्ना जे मिलइ, जाणे केहा नेह।
जाण तिसाया माणसा, जांगलि वूठा मेह ॥ २
लागी प्रीति सुजाणस्युं, वरजइ लोक अयाण।
तेहस्यउ पंच न तोडीइ, जेहस्युं जीव पराण ॥ ३
नयण ति दिठइ कवण गुण, जा नवि अंग मिलंति।
गयणह जलहर ऊनयउ, जइ सरवर न भरंति ॥ ४
नयण न होही ए सही, ए अणयाली भालि।
जिहकउ मारियउ रसीयडउ, बली न सकइ बालि ॥ ५
जुव्वण समइ न जण कियु, सुगुणह सेती नेहु।
तिणि वनि केरे फलह जिउ, अहलउ गमायु देह ॥ ६
सगुणह सेती नेह करि, जुव्वण सीचइ कांइ।
इहु जुव्वण दिन दिन खिसइ, आयु घटइ तनु जाइ ॥ ७
गोरी गरव न कीजही, जुवण अथिर अयाण।
साजण जंपइ नेह करि, मननी रलीया माणि ॥ ८
बोलाव्या बोलइ नही, नयणह नह जोवंति।
तिण निरसणस्यउ पीयडी, सज्जण जन न करंति ॥ ९
म करिसि गोरी गारवउ, म करिसि यौवन आस।
केसू फूल्या दिवस दुइ, झंपर हुआ पलास ॥ १०
आसा देई मन हरइ, मन दे तोडइ आस।
मूआ न तेहकउ रोईइ, जीवत न बइसीइ पासि ॥ ११
नीठुर सरिसउ नेहडउ, म करि हीया गमार।
गादह लांबी गूण जिम, वलीय न कीधी सार ॥ १२
गोरी तेहवा मित्त करि, जेहवा सोहइ पासि।
वर बधनामी सिरि चडइ, लोक कहइ साबासि ॥ १३
साजण दुज्जण वातडी, ताणी नेह म तोडि।
कातणहारी सूत जिउ, साधी साधी जोडि ॥ १४
साम्हउ जोइ वाल्हही, नयणे मेलइ तार।
बिहुं लज्जालू माणसां, दइ मेलउ करतार ॥ १५

शृङ्गारशत

शृङ्गाररसवर्णनमय एक प्राचीन गुजराती काव्य

*

अहिं नीचे आपवामां आवेलुं **शृङ्गारशत** नामनुं गुजराती काव्य, अमदावादनिवासी पं० श्रीअंबालाल प्रे० पासेथी प्राप्त थयुं छे. ए काव्यनो कर्ता कोण छे ते कांई एमांथी जाणवा मळतुं नथी. तेम ज ए कृति कया समयनी छे ए पण जाणवानुं खास साधन प्राप्त नथी. एनी मूळ प्रति ५ पानानी छे अने ते सुन्दर जैन मरोडनी सुवाच्य देवनागरी लिपिमां लखेली छे. प्रतिना अन्ते लिपिकारनो नाम के समय निर्देश करवामां आवेलो नथी तेथी प्रतिनो समय पण चोक्स निर्धारी शकाय तेम नथी. परंतु, पानाओनी स्थिति अने लिपिनुं मरोड आदि जोतां मोडामां मोडी सतरमा सैकानी वच्चे ए लखाएली होय तेम लागे छे. एटले के वि० सं० १६०० अने १६५०नी दरम्यान एनो लिपिकाल होय एम अनुमान करी शकाय.

काव्यनो कर्ता कोई जैनेतर कवि होय एम लागे छे. कविता केवल निर्भेळ शृङ्गार रसना वर्णनवाळी छे. जो के जैन यतियोए पण आ जातनी निर्भेळ शृङ्गाररसपरिपूर्ण काव्यरचना घणी करी छे, परंतु तेमनी रचनाओमां जाण्ये-अजाण्ये पण क्यांक ने क्यांक जैन विचारसरणि अने विशिष्ट शाब्दिक परिभाषानो झोक जरूर देखाई आवे छे. आ कवितामां आवुं कशुं क्यांय देखातुं नथी तेथी हुं अनुमानुं छुं के आनो कर्ता कोई जैनेतर कवि छे.

कवितानी भाषा जूनी छे. लगभग 'वसन्तविलास'नी धाटीनी छे. भाषानुं वळण जोतां एनी रचना वि० सं० १३५०नी अने १४५०नी वच्चे थएली होय तेम लागे छे. 'वसन्तविलास'नी ज पद्धतिनुं अने वर्णनानुं अनुकरण करतुं आ काव्य आपणा प्राचीन साहित्यमांनी एक उत्तम कृतिनी उपलब्धि जेवुं जणाशे. 'वसन्तविलास'नुं वर्णन ज्यारे वधारे संस्कृतमय एटले पाण्डित्यपूर्ण अने विद्वद्भोग्य छे त्यारे आनुं वर्णन वधारे प्राकृतमय अर्थात् वास्तविक अने लोकभोग्य छे.

'वसन्तविलास'नी रचना फागबन्धना छन्दमां थएली छे त्यारे आनी रचना जुदा जुदा मात्रामेळ तेम ज अक्षरमेळना छन्दोमां करवामां आवी छे. 'वसन्तविलास'मां ज्यारे वसन्तऋतुनुं ज प्रधानपणे वर्णन करवामां आव्युं छे, त्यारे आमां छए ऋतुनुं वर्णन करेलुं छे. एना प्रारंभमां सामान्य नायिका वर्णन पण सारा प्रमाणमां करवामां आवेलुं छे, जे 'सन्देशरासक'नी अनुकृतिनो भास करावे छे.

कदाच कविनो आदर्श भर्तृहरि के अमरुकना शृङ्गारशतकनुं अनुकरण करवानो होय. संस्कृत भाषामां तो आ जातनी वर्णना अने पद्धतिवाळा भर्तृहरि अने अमरुक सिवाय बीजा पण अनेक शतककाव्यो उपलब्ध थाय छे, परंतु प्राचीन देश्यभाषामां आवी कृतियोनी उपलब्धि विरल ज देखाय छे. प्राचीन भाषाकविता मोटा भागे आपणने रासक छन्दोना बन्धवाळी मळे छे अने तेथी तेमां दोहा, वस्तु, पद्धडी, चतुष्पदी आदि रासकवर्गना छन्दोनो ज विशेष उपयोग करवामां आवेलो देखाय छे. संस्कृत काव्यवर्गना इन्द्रवज्रा, उपेन्द्रवज्रा, उपजाति, त्रोटक, स्रग्धरा आदि अक्षरबद्ध वृत्तोनो उपयोग देश्यभाषा अर्थात् प्राचीन गुजराती कवितामां, क्वचित ज प्राप्त थाय छे. आ दृष्टिए पण प्रस्तुत काव्य आपणा प्राचीन साहित्यनी एक विशिष्ट कृति गणाय तेम छे.

प्रत्यन्तरना अभावे आ काव्यनी पाठशुद्धि विषे अत्यारे कशो विशेष विचार करी शकाय तेम नथी. मूळ प्रतमां जेवुं लखाण मळी आव्युं छे तेवुं ज मात्र अत्यारे तो, प्रसिद्धिमां मुकवानी दृष्टिए, अहिं मुद्रित करवामां आवे छे. शोधकोए ए दिशामां प्रयत्न करता रहेवाथी संभव छे के बीजां पण आनां प्रत्यन्तरो मळी आवे अने तेना आधारे, 'वसन्तविलास'नी जेम आ काव्यनी पण संशोधित पाठवाळी अने मूळ भाषासरणिनी दृष्टिए सुसंपादित आवृत्ति प्रकाशमां मुकी शकाय.

प्राप्त प्रतिनुं लखाण तद्दन शुद्ध नथी ए तो एमां स्थळे स्थळे मळता छन्दोना शिथिल बन्धोथी ज आपणे जाणी शकीए छीए. मात्रामेळ छन्दोमां शब्दगत-स्वरोना ह्रस्व-दीर्घीकरणना प्रयोगथी छन्दःशुद्धि जेमतेम मेळवी शकाय छे अने तेथी कविनो मूळ भाषाप्रयोग केवा रूपमां हतो ते चोक्कस रीते जाणवानुं के शोधी काढवानुं बहु सरल नथी थतुं, पण अक्षरबद्ध वृत्तोमां तो अक्षरसंख्या अने स्वरोच्चार निश्चित होवाथी, एमां जो न्यूनाधिकता दृष्टिगोचर थाय तो तेथी पाठनी शुद्धाशुद्धि तेम ज भाषाना मूळप्रयोगनी चकासणी सारी पेठे करी शकाय छे.

आ काव्यनां कुल १०५ पद्यो छे अने एथी ज एने कर्ताए के पछी लहियाए 'शृङ्गारशत' आवुं नाम आप्युं होवुं जोइए. एमां प्रारंभमां मंगलाचरण के प्रास्ताविक कथन जेवुं कशुं करवामां आव्युं नथी तेम ज अन्तमां पण कशो उपसंहारात्मक के समाप्तिवाचक उल्लेख सूचववामां आव्यो नथी. एथी कविए कोइएक विशिष्ट वर्णनना गुम्फननी दृष्टिए आ काव्यनी योजनापूर्वक संकलना करी हती के पछी समये समये मनमां स्फुरी आवता प्रकीर्ण भावोने मुक्तक पद्यो रूपे ग्रथित करी, तेमने

आ रीते शतकना रूपमां गोठवी दीधां हशे एनी कशी उचित कल्पना करवानुं सविशेष प्रमाण आमां उपलब्ध थतुं नथी. प्रारंभना ३८ पद्योमां सामान्य नायिकानुं वर्णन छे अने ते पछी षड्ऋतुनुं वर्णन प्रारंभ थाय छे. एमां सौथी प्रथम वसन्तऋतुनुं वर्णन छे जे ६१मां पद्यमां पूरुं थाय छे. ते पछी ग्रीष्मवर्णन पद्य ६९ सुधी, वर्षाकाल वर्णन पद्य ८२ सुधी, शरदूऋतु वर्णन पद्य ८८ सुधी, हेमन्तऋतु वर्णन पद्य ९३ सुधी अने अन्ते शिशिरऋतुवर्णन पद्य १०५ मां पूर्ण थाय छे.

कविनो भाषा उपर खूब सारो अधिकार जणाय छे. शब्दोनी योजना अने भावोनी व्यञ्जना सुंदर रीते करवामां आवेली छे. ए समयना कवियोनी प्रियरूढि जे प्रासानुबन्ध कविता तरफ विशेष आकर्षणवती हती तेनुं दर्शन पण आमां स्थळे स्थळे आपणने सारी रीते थाय छे. जेम के—

लडसडी कडि मोडीय माल्हती,
गजगतिइं चमकंतीय चालती.
कुरल कज्जल कोमल बांहडी,
हृदय नारि न वीसरिसिइ घडी। (पद्य ४)

*

हिव हसइ विहसइ उरि उल्हसइ,
मुखि ससइ निससइ उरि उद्गसइ.
क्षणु रोअइ न सुअइ विरहाकुली,
रमणि झायइ थायइ आकुली। (पद्य ११)

*

नीली चोली हाथि ले पानकोली,
चाली भोली चींतवी कान्तकेली.
भाविइं भेली चींतवी सा महेली,
सेरी पेली स्वामिसिउं रात्रिवेली। (पद्य ३५)

आवी जातना शब्दोना शणगार साथे भावनी भभक पण ज्यां त्यां सरस रीते हृदयंगम थाय छे. आशा छे के जूनी गुजराती कविताना अभ्यासियोने आना अध्ययनमां आकर्षक रस उत्पन्न थशे.

—जिनविजय

शृंगार शत

*

[सामान्य नायिका वर्णन]

कांचूउ करि कामिणि ढीलउ । अंगि रंगि सुरयाजलि झीलउ ।
पीण थोर थण ए अणीआला । ओल्हवइं विरहनी जिम झाला ॥ १
द्रेठि जोइ मन माणिणि वांकी । एक तुं मुखि दिवारि न वाकी ।
आवि आवि दइ सासिणि साईं । एतला परहुं सार न कांईं ॥ २
आवि देवि मझ बइसि उत्संगिइं । रंग रेलि सुह षे(खे)लि कुरंगिइं ।
बोलि कइ चतुर कोमल वाणी, माहरा सयर तूं धणीआणी ॥ ३
लडसडी कडि मोडीय माल्हती । गजगतिइं चमकंतीय चालती ।
कुरल कज्जल कोमल बांहडी । हृदय नारि न वीसरिसिइ घडी ॥ ४
रमण समय वेला, रंगनी एह वेला ।
भुजयुगलसलीलालिंगणूं देजि हेला ।
उरवरि उर चांपउ, सौख्य सर्वांगि व्यापउ ।
विरहदहतु झांपउ, स्नेहनी वेलि थापउ ॥ ५
तरल तीष(ख) सुलोयण सांधती । प्रियतणउं मनिसिउं मनु बांधती ।
हिव मिली रमणी मननी रुली । दिन घणाइ ह आस वली फली ॥ ६
विलसती हसती हीयडउं हरइ । गजगतिइं चमकंतीय संचरइ ।
मुखि मयंकु मनोहर साधरइ । मनह ते रमणी किम ऊतरइ ॥ ७
आंष(ख)डी अलसए अणीआणी(ली) । वांकुडी भमह कज्जल काली ।
पंचबाण धणुही सर सांधइ । मानवी मृग मनोहर वींधइ ॥ ८
रहि रहि मनु षां(खां)ची, हूं कहुं वात साची ।
किमइ म हुसि काची, ताहरे रंगि राची ।
रमणि रमण चालइ, आपणउं चित्तु नालइ ।
मयणु मनि सु सालइ, छइ जि को दुक्ख पालइ ॥ ९
उहुं उहुं मुहि बोलइ, ताहरी दासी तोलइ ।
कुहु कुहु मुहि मेल्हइ, अंगु आलइ निटोलइ ।
छब छब वरसि भीजइ, कांतिसिउं रंगि रीझइ ।
रमणि इम रमीजइ, पूर्वि जइ पुण्य कीजइ ॥ १०

हिव हसइ विहसइ उरि उल्हसइ । मुखि ससइ निससइ उरि उद्वसइ ।
क्षणु रोअइ न सुअइ विरहाकुली । रमणि झायइ थायइ आकुली ॥ ११
कमलने दलि सीतल साथरउ । कहवि कोमल पत्र म पाथरउ ।
म करि सूकडि मूंकडि ढूकडी । दयितु मेलि न हेलि न वापडी ॥ १२
मुझ समाधि जबादि करइ नहीं । विविध दूषण भूषण हे सही ।
हिव म वीजिसि वाउ सुसीयलु । किमइ देखिसु एकु सु कूंअलु ॥ १३

*

नं नं भणंती नव नेह लाजइ । धंधूणती बे कर चूडि वाजइ ।
परहु परहु धूरत मुंचि मुंचि । स्वामी स चुंबी कर बेउ वंचि ॥ १४
पाछइं रहीनइ प्रिय आंखि मीची । किसिउं करुं धूरत ईणि वंची ।
न छूटीइ माडीय एह आगइ । वली वली मूंइ हु अंगि लागइ ॥ १५

*

आज सेज रजनी प्रिउ आविउ । सुकिना मुझ रोस कराविउ ।
रूसणं कपटि मइं जव मांडी । तेतलइं गिउ नीसत छांडी ॥ १६
चक्रवाकु सु विमासण बइठउ । पश्चमाचलि चडिउ रवि दीठउ ।
वल्लभा विरहु तां हिव होसिइ । एकलां शयनि रात्रि न जासिइं ॥ १७

*

माथइ घडूलउ करि नीर चाली । ऊतावली तूं मुझ नेहसाली ।
पाणी चल्लू जु पुण एकु पायइ । घणा दीहाडा त्रिस तोइ जाइ ॥ १८
वछेदि छोडउ कडिसूत्र फाली । रंभा सुजंघायुगली सूंआली ।
संभोग संतापु जिस्यइं विलीजइ । स्वेच्छां समाधिइं मननी रमीजइ ॥ १९

*

आज आलस म माणिणि मोडउ । कांचूआ कसण प्राणि म त्रोडउ ।
ढोलिसिइं अमीयना कुचकूंपा । आलि हाथि सरसा नर लांपा ॥ २०
भमरडउ भमउ नवि ऊभजइ । कमलनी वरला वर सिउं भजइ ।
अम तु हिव नेह न मंडीइ । सुभग नीरसु छोडी छंडीइ ॥ २१
लहकती सिरि सामल वीणडी । झलहली अनु ऊपरि राष(ख)डी ।
किरि भुजंगम संगम साधरइ । सुरत मंदिरि दीवडलु डरइ ॥ २२
महमहिउ मलयानिलु माल्हतु । मधुर मांजरि चूत चलावतु ।
सरलु कोकिल पंचम आलवइ । विरहिणी विरहानलु जालवइ ॥ २३

रिमिझिमिइं रमतां पयनेउरी । कलकलइ करि कूंकण केउरी ।
नवनवी परि ऊपरि केलवइ । रमणनुं मन माणिणि हेलवइ ॥ २४

हिव अवसर लाधउ, चींतव्यां काज साधउ ।
सयरु सयरि सांधउ, प्रेमना पाश बांधउ ॥ २५

मयणु घण जगावइ, देहु दीठी सुहावइ ।
सुरत समय भावइ, सानसिउं शीघ्रु आवइ ॥ २६

तृणह तुलि गिणावइ, सा भलेरुं भणावइ ।
अवगुण न सुणावइ, प्रीति नारी जणावइ ॥ २७

गलि निगोद्र तोडर मालती । कुरल कुंतल कोमल पालती ।
तिहि विमासण वासण ऊपनी । झटकु लइ उरि लागीय मानिनी ॥ २८

कुच परिसरि फेरी, रोमराजी सु सेरी ।
मयणु जल भलेरी, पाणि गिउ नामिवेरी ।
जघनु जलि गलीजइ, तेतलइ देहु भीजइ ।
वसनु परिहरीजइ, कांत संयोगि रीझइ ॥ २९

सुख सारवार हिव एक गई । सुविचारि नारि मुझ संगि हूई ।
नव नेह छेहु न लहुं किमई । दय देव सेवक सदा तिमई ॥ ३०

मलीय माण तणी परि मइं घणउं ।
नहीय रोसु करुं तिहिं भामणुं ।
कनक जेम घणी परि सिउं कसी ।
सवि हु भावि सरिषी(खी)य ते तिसी ॥ ३१

लेष(ख)इ लागइ वर्ष ते मास दीहा ।
वेला वारू यामिनी ते सलीहा ।
सा सारंगी संगि शय्यां सुखावइ ।
साचइं सारूया रमूं वार भावइ ॥ ३२

पीन पर्वत पयोधर शृंगा । हार तार विमला वर गंगा ।
कांत पाणि तहिं यात्रिकु आवइ । पाप ताप तिणि तीर्थ हरावइ ॥ ३३

मदन मंडल कुंडल जाणीइं । मुषि(खि) मयंकु कपोल वषा(खा)णीइ ।
दशनि दाडिमनी किरि ए कुली । अधरि पल्लव विद्रुमनी रुली ॥ ३४

चरणि नेउर केउर बांहडी । करिहिं चूडीय रूडीय मूंद्रडी ।
हीयइ हारु निगोदरु कांठुली । कडिहिं फालीय बालीय ते मिली ॥ ३५

नीली चोली हाथि ले पानकोली ।
चाली भोली चींतवी कांतकेली ।
भाविइं भेली चींतवी सा महेली ।
सेरी मेली स्वामिसिउं रात्रि वेली ॥ ३६

मधुर वचन भासइ, सयरि संतापु नासइ ।
दशनि तिमर त्रासइ, स्वास सौरभ्यु वासइ ।
नयणि मृग निरासइ, हावभाविइं उल्हासइ ।
रिदयु हरइ हासइ, कांतु नारी विलासइ ॥ ३७

खिणिहिं उपरि आवइ, कामकेली सुखावइ ।
जघनु घनु नचावइ, कांत लीला रचावइ ।
पुरुष परि करंती, हर्षु हेजइं धरंती ।
दयितु मनु हरंती, नायका सा पनउंती ॥ ३८

अथ वसंतवर्णनम् ।

आव्यउ वसंत सवि हसंतु मास ।
वियोगीयारहइं करतु निरास ।
संयोगीयानी हिव आस पूरइ ।
सुकामिनी मानिनि मान चूरइ ॥ ३९

पवनु भूतलि शीतलु सांचरिउ । मलयचंदनि नंदनि जे फिरिउ ।
नवल आसइं वासइ कोकिला । विरहिणी धडकइं विरहानला ॥ ४०
हिव खजूरीय मुरिहिं पूरीइं । सुकरुणी तरुणीजन झूरीइं ।
कुसमनइ दिसि वासइं वासीइं । मलय मारुति सार विकासीइ ॥ ४१
विविध भार अढार वनसपती । करल कूंपल कोमल मेल्हती ।
सुमनि सावन भूमि अलंकरी । रुणझुणइं भमरा सवि संचरी ॥ ४२

मुन्दार साल सुरसाल प्रियाल साल ।
हंताल ताल कृतमाल तमाल ताल ।
पुन्नाग नाग कदली लवली लवंग ।
मंदार कुंद मुचकुंद सुरंग पूग ॥ ४३

विकच चंपक किंशुक मालती । वनवनी नव नील ति वासती ।
वकुल वेउल वालय पाडला । सुनलिनी नलिनी वन कोमला ॥ ४४

तरुण विलसइं दोला लीला विलोलइ कुंतला ।
करि सुकमला अंकिं बाला मनोहर कुंडला ।
सुरतरचना ना[ना] भंगिं अनंगिइ सांभरइ ।
अमर उपमा रामा कामी सु अंबरि ते धरइं ॥ ४५

हींडोलडे नवनवी परि एकि हींचइं ।
कामी प्रिया सिउं इकि पुष्प सीचइं ।
मनोन्य रंभागृह माहि पउढइं ।
रामा समालिंगइं अंगि गाढइ ॥ ४६

फूलतणी आंगी अंगि लागइ । के कुतिगिइं पंचम गीत गाइ ।
लीलावती सिउं विलसइं विलासइं । पूरइ पनुता मन केवि आस ॥ ४७

वसंत नीसार तिवार हूई । चिंता न जाइ मननी गिरूई ।
पंथी चलंता नितु वाट जोइ । वली वली वर्णिनि दुखि रोअइं ॥ ४८

विरह किम रहेस्यइ, साथनु वाट जोस्यइ ।
मधु समयि मरेस्यइ, दीहु आंकिउ वहेस्यइ ।
पथिकु मनि विमासइ, कोकिला वेगि वासइ ।
हरि हरि सु निरासइ, पापिणी प्राण नासइ ॥ ४९

कुबुद्धि कीधी करिवा अजोगी । वसंतवेलां हिव थिउ वियोगी ।
चिंता जिवारइं इम पांथि कीधी । त्विहीं त्विहीं कोइलि साखि कीधी ॥ ५०

*

परिमली वर मंजुरि आंबुला । वकुल पाडल फूलीय चांपुला ।
विरहि पावकि झाबकि व्याकुलउ । पथिक थिउ घर ऊपरि आकुलउ ॥ ५१

*

किवार होस्यइ प्रियमेल वेला । जा पुंश्चली चिंतइ सौख्य वेला ।
कुहू कुहू कोइलि नादु साचउ । सुणी दिहाडइ तिणि रंगि राचउ ॥ ५२
कहिउं मानि न मानिनि माहरुं । इहु सखाईय बाई[य ?] ताहरुं ।
नरु निरोपि न रोपि न बांहडी । बकुल सीतल भूतल छांहडी ॥ ५३

म करि रोसु नि दोस भणी धणी ।
सुणि न वात न वात जिणी थणी ।

छइल छेहु सनेहु न खेडिइ ।
चरणि लागीय रागीय तेडियइ ॥ ५४

करइ सुकि अनेकि वधामणां । तुझ कु लेखि देखिय रूसणां ।
नरु तुहिं कहि नासहि न्हालीइं । इसिउं जाणीइ वाणीइ पालीइ ॥ ५५
सखीय सीखह रोषह सूझवी । रमणि मेलि महेलीय बूझवी ।
रमइ निब्भर भंभर भोलीया । ललवली रमली रसि घोलीया ॥ ५६

*

मेल्हि रोसु सखि दोस न दीसइ । सुकिना मुखु वरांसइं लीजइ ।
एकवार अपराध खमीजइ । हिव वसंत रितुराज रमीजइ ॥ ५७

*

नीरंगि भंगी करती नवोढा । लाजइ घणउं बांह धरी विवोढा ।
मा मा भणंती सिरि मुड बांध्यउ । सु पुष्पधन्वां तिह बाण साध्यउ ॥ ५८

मुखि रुणझुणइ आंबइ एला लवंगिइं संचरइ ।
कमलि रमली केली मिल्ही वली लवली फिरइ ।
कुरब दमणइ चांपइ कांपइ अशोकिहि संचरइ ।
भमरु भमतउ सा वासंती वली वलि संभरइ ॥ ५९

लीलावंती कमलवदना कामिनी बांह लागी ।
रागी मागइ जन नवि गणइ आलिलिंगइ कुरंगी ।
हासउं हेली म करिसि हिवं हुं न वीनउ अपार ।
साचउं साचउं मयणु न गिणइ वार वेला विचारु ॥ ६०

नवनवीपरि रामति केलवी । मधुर पंचम गीतहिं आलवी ।
सुरतकेलीय कामिनिस्युं करी । सुजल शैवलिनी हियडइ धरी ॥ ६१

अथ ग्रीष्मवर्णनम् ।

वसंतु वीतउ हिव ग्रीष्म आवियउ । रागी विशेषइं मन तेउ भाविउ ।
तपइ घणेरउं करपूरि सूर । सुहाय घणउं शीतल सुछ चीर ॥ ६२
लही विचालउं हिव दीह वाधइं । ति रात्रि संकोडि उपाधि साधइ ।
वेला वहंती रिपु दाउ दीजइ । मांटीपणानी पुण लीह लीजइ ॥ ६३
सलिलु शीतळ भूतल पावीइ । पथिक कारणि पर्व भरावीइ ।
क्षणु रहइ सु महातरु छांहडी । सुष समाधि मनोहर ते घडी ॥ ६४

हिव तिवार जवारक वावीइ । बहुल मंडप छांह करावीइ ।
सइणि लोक अगासइ पुढणां । शयनि तेह सहइ नवि ओढणां ॥ ६५
श(शि)शिरचंदनि अंग विलेपीइ । कदलिने दलि वाउ स वीजीइ ।
पृथु नितंब सुपीन पयोहरा । चरण चंपइ नारि मनोहरा ॥ ६६

विशद विमल फाली, अंगि लागी सूयाली ।
पहिरीय वर बाली, हारु वारू मृणाली ।
वलि वलि गलि लागी, कामनुं तत्त्व जागी ।
विलसइ इम रागी, तापनी भ्रांति भागि ॥ ६७

रमइ शैवलिनी नलिनी घणउं । सलिल शीतलि झीलइ झीलणउं ।
करि सुरंगीय सीगीय छांटणउं । वलीय हासइ नासइ आंटणउं ॥ ६८

*

इसी अनेसी जलकेलि कीधी । अनंगलीला ललना सु कीधी ।
हिवं सु वर्षारितु विस्व व्यापउ । प्रजातणइ मानसि हर्षु थाप्यउ ॥ ६९

अथ वरसालावर्णनम् ।

धडहडी धडकइ धर धूंधली । झलहली झबकइ अनु वीजुली ।
गडयडइ गयणंगणि मेहडउ । तरुणि जोवणि गाजइ नेहडउ ॥ ७०

जलधर जलधारा, रात्रि घोरांधकारा ।
विरहिणि निरधारा, ते मनोभ्रूविकारा ।
खलहल जलु वाजइ, मेह आकासि गाजइ ।
वरिसीय नवि भाजइ, विस्वसाधार छाजइ ॥ ७१

दंताल वाहइ जण क्यार गाहइ । मल्हारु गाइ रमणी उछाहिइं ।
सालूर वासइ कलहंसु नासइ । कुडा विकासइ गिरिराज पासइ ॥ ७२

सरवर सवे पूर्यां पाणी भली परि उलह्स्यां ।
नइ ष(ख)लहलइ रेलइ छेलइ कूआ जल पालट्यां ।
प्रिय प्रिय सारिं बोलइ बापीहडा खग बापुडा ।
गिरिशिषरि जे किंगाइ ते महामदि मोरडा ॥ ७३

दिसि चडइं चिहुं चंचल आभलां । वन मनोरम कूंपलयां भलां ।
अवनि नीलतृणांकुरुसंकुला । सु धरिणी रमणी किरि कुंतला ॥ ७४
रुणझुणइं भमरु भ्रमि भीभलिउ । परिमलिइं वलि पाषलि संमलिउ ।
विकट कंटक संकट केवडी । सुगुण ए मिलिवा मनि भावडी ॥ ७५

अवह मारग पंकिल संकुला । पथिक चंचल चालइं आकुला ।
अहह सा मरिस्यइ मुझ वल्लही । न रहस्यइ विरहानलि सांसही ॥ ७६

झिरिमिरइ महि मेहलि मोकली । सरइं सारस अंबरि आकुली ।
यमुगली बगुली अतिऊजली । करइ पालीय हालीय नेरली ॥ ७७

गगनि जलधराली, वीजुली गुष(ख)जाली ।
खलहल परनाली, चित्रशाली विशाली ।
शयनितलि सूंयाली, कामिनी छइ छराली ।
निज भुज गलि बाली, कांतु पुढइ रसाली ॥ ७८

रयणतिमिर काली, शोक संतापु टाली ।
कुसुमह गलि माली, आंषि इंदीवराली ।
दशनि तिमिर टाली, हारु बारू मृणाली ।
मयणु [उ?]रुमराली, तीणि संधइ मराली ॥ ७९

लोअडी लहकती उरि आछी । द्रेठि चंचलि जिसी जलि माछी ।
जालफूल धरती करि पाछी । आवि मालिणि म जाइसि पाछी ॥ ८०
चमुकलइं चलती पगुलां भरइ । लहकडइं कडि मोडीय सांचरइ ।
मुरकलइ हसती हिव हेलवइ । अछइ कोइ जु मानिनि मेलवइ ॥ ८१
लिषीइ लेषु सु केतकि पाठवइं । सषीय सांनिधि सा बुद्धि आठवइ ।
भरिहिं भाद्रवडा घण मेहडउ । दयित देहु दहइ नव नेहडउ ॥ ८२

अथ शरदु रितुवर्णनम् ।

वीतउ वर्षाकालु आसो पहूतउ । हंसा राविइं भाविइ हूंतउ ।
कहंतउ वेला जाणी एउ ऊगिउ अगस्ति । वर्णावर्णि आलवी सार स्वस्ति ॥ ८३

कमलडां विहसइं सरिसां घणां । मलिनमा जलु मेल्हइ आपणा ।
रमणिरंजन षंजन चंचला । तरुण वंचन लोचननी कला ॥ ८४

कलमशालीय बालीय टोहणउं । करइ कंकणगीतिहिं मोहणउं ।
कुसुम कास विकास विशेषीइ । शरद हासउं आसिउं देषीइ ॥ ८५

रमइ ते नरनारीसिउं मिली । परिमली विमली कुसुमं कली ।
सुरत संमद सा रतु माचवइ । समयु पामीय कामीय राचवइ ॥ ८६

दिसि दसइ हिव हूई मोकली । झलहली सिसिपूनिम ऊजली ।
कुमुदु संमदु सुगंधु विस्तरइ । भमरु पाषलि आकुल तउ फिरइ ॥ ८७

वर्षइ पाणी स्वाति जीमूतु जाणी । पात्रापात्रिइं अंतरुं तु प्रमाणी ।
सीपं मोती धान्य केदार सार । व्यालिं लीला होइ हेलां असार ॥ ८८

अथ हेमंतु रितुवर्णनम् ।

शरदु रितु निरोपिउ, हेव हेमंत रोप्यउ ।
जण घण मणि ओपिउ, तु मनोजन्म कोपिउ ।
रमण रमइ रामा, हावभावाभिरामा ।
सयरि सवि सकामा, ते न लेइं विरामा ॥ ८९

गंधिइं गिरूउ महकइ मरूउ । सदा सरूउ वनभूमि हूउ ।
सोडिइं सूआलउ वरु नामु वालु । एहू जि मालउ रितु रहइं विमालउ ॥ ९०

प्रियंगु मुखा गुणि गंधि पूखा । सालून साखा फलफूलि भाखा ।
सुबंधु वाजी (जीवा ?) नवरंग दीवा । मत्तालिरावा कृतहावभावा ॥ ९१

रलीय रंगि तरंगित कापडां । प्रगट पुण्य प्रमोदइं सांपड्यां ।
सरस कूर कपूर ति जीमीइ । सुखीय भोग भली परि कामीइ ॥ ९२

सहजि सेवइं भोगपरंपरा । नवल नारीय चीर सुबंधुरा ।
इसइं लेषइ ते रितु रूयडी । भवह भाविइं आवीय आपडी ॥ ९३

अथ शिशिर रितुवर्णनम् ।

रितु शशिरु पहूतउ, हेव हेमंतु जीतु ।
मयणु घणु वदीतु, भोगि संभोगि चीतउ ।
हिम पडइ सनाढा, वाय वाजइ सुताढा ।
नर निरुप थाढा, भामिनी भोगि गाढा ॥ ९४

तेलि मर्दनु सुगंधि करावइ । यामिनी श्रमु शरीरि हरावइ ।
नागवेलि दलनउ मुखि रंग । केवि कामिय समारइ अंग ॥ ९५

दोटी मोटी ऊजली एक ताई । माथइ फाली मोजडी पाय लाई ।
तातइ पाणी हाथ पाया पषालइ । तापिउं भावइ ताढि वेलां सीआलइ ॥ ९६

षट्टा तूली पउढीइ चित्रसाली । कांता कंठिइं सीतरक्षा विचाली ।
दीवा पासिं धूपवासिं विणोदइ । वीणानादिइं रात्रि पूरइं प्रमोदिइं ॥ ९७

हिमबलिइं सलिलइं थिरु थाहरी । हडहडइं हडबां हिव पाहरी ।
रयणि वाधइ बांधइं बाकरी । जनमनोहर गोहुम मंजरी ॥ ९८

जासून राती रितुरहिं समाती । वनी वधू कुंकुम भाव भाती ।
करइ रली कुंदकली सुदंता । रमइ वली रागीय रंगि कांता ॥ ९९

सरस सालिं दालिहिं सालनां । सुरभि घीउ वडां घण घोलनां ।
जिमइं जासक मंडक षांडसिउं । रहु रहिउ रमणी भणि छांडस्युं ॥ १००

पृथु पयोधर भार नितंबिनी । रिद्‌यु नायकसिउं सुख संगिनी ।
उरि उरोज अणीअ नीसरइ । मयणभल्लि जिसी हिमु संचरइ ॥ १०१

भुज भुजिइं मुखिस्यउं मुखि संमिलइ । वयणि सिउं पय प्राणिउं संकलइ ।
उर उरिइं उदरोदरि पीडीइ । सुरतु आसनि दंपति मंडीइं ॥ १०२

हसमिसइं हीयडउं मिलिवा भणी । दिन घणाइ ह आरति तू तणी ।
करि कुरंगीय संगमु ताहरु । जिम शमइ विरहानल माहरउ ॥ १०३

दशनु वसनि रातउ, दंतिसिउं कांतु खातु ।
रइ रसि वसि मातउ, भोग संभोगि रातउ ।
रहि रहि प्रिय वाणी, कामिनीनी न जाणी ।
हइ हइ सुविजाणी, तेतलइं ते प्रमाणी ॥ १०४

*

वसंतवल्ली सवि मइं विणासी । महाहिमं चित्ति इस्यउं विमासी ।
नाठउ सीयालउ हिव ओसीयालउ । दीठउ जिवारइ रितुराज चालिउ ॥ १०५

॥ इति शृंगारशतं समाप्तः ॥

*
* *

लल्लभाटकृत सिद्धराय जेसिंघदे कवित्त

*

आ नीचे आपेलां प्राचीन भाषाकवित्त, ३०० – ४०० वर्ष जूना लखेला एक गुटकामां मळी आव्यां छे. चौलुक्य चक्रवर्ती महाराज सिद्धराज मोटो विद्याप्रेमी अने विद्वानोनो पूजक हतो. एनो दरबार, कवि चक्रवर्ती श्रीपाल आदि घणा महान् कवियोथी भूषित हतो. कलिकालसर्वज्ञ हेमचन्द्राचार्य जेवा सर्वविद्यापारंगत महान् जैनाचार्यो तथा बीजा पण तेवा अनेक समर्थ प्रतिभाशाली जैन यतियोनी विद्वत्ताथी एनी राजसभा सदैव गुंजायमान रहेती; तेम ज महापण्डित आलिग, राजपुरोहित आमिग, महामात्य गागिल जेवा ब्राह्मण, अने अन्य चारण भाटोनी प्रखर कवित्वध्वनिथी पण एनी विद्वत्परिषत् अहोनिश काव्यामृतना रसास्वादमां मस्त रहेती. प्रबन्धचिन्तामणि अने पुरातनप्रबन्धसंग्रह जेवा ग्रंथोमां सिद्धराजना केटलाक प्रसिद्ध राजकवियो अने सभापण्डितोनां नामो; तथा संस्कृत, प्राकृत अने अपभ्रंशमां तेमणे रचेलां सिद्धराजना प्रशंसात्मक स्तुतिपद्यो प्रसंगोपात्त मळी आवे छे. सिद्धराज विषेनुं आवुं स्तुतिमय साहित्य घणुं विशाल होवुं जोइए, परंतु ते समग्र उपलब्ध नथी. अहिं मुद्रित करवामां आवतां ९ पद्यो एवा ज साहित्यभंडारना खोवाएला ने वेराएला मणका जेवा छे. एना कर्ता तरीके लल्लभट्टनुं नाम आप्युं छे. जो के प्रबन्धोमां एनुं नाम क्यांय मळतुं नथी परंतु ए माटे शंकानुं कारण नथी. बीजा पण आम, गद्द, सागरचन्द्र विगेरे घणा कवियोना नामो प्रबन्धोमां मळतां नथी, छतां तेमनी कृतियोना अवशेषो रूपे केटलांक छूटां छूटां पद्यमुक्तको जूनी पोथियोमां मळी आवे छे. नीचे आपेलां कवित्तोनी भाषामां लहियाओना हाथे कालक्रमे केटलोक फेरफार थई गयो छे छतां तेना मूळनी प्राचीनता विषे सन्देह करवा जेवुं नथी लागतुं. भाटो, चारणो, कवियो कोई विशेष अवसर के विशेष वस्तुने लक्षीने राजाओनी स्तुति गावानो प्रसंग मेळवी ले छे अने तेने अनुरूप वस्तुवर्णन करी पोतानी कवित्वशक्तिनो परिचय आपवानो प्रयास करे छे. राजाओ कविनी कविताथी अने पोतानी स्तुतिथी प्रसन्न थईने कविने यथायोग्य पारितोषिक आपे छे. आ जातनां स्तुतिकवित्तो मुक्तको जेवा एकेक - बब्बेनी संख्यामां छूटां ज होय छे अने ते सुभाषितोना संग्रह जेवा प्रकीर्ण पुस्तकोमां, विविध विषयना सुभाषितो भेगां, लखेलां मळी आवे छे. आपणा प्राचीन भाषासाहित्यना अभ्यासनी दृष्टिए आ कवित्तो घणां उपयोगी अने रसदायक होय छे.

अहिं आपेलां पद्योमांथी बे पद्यो, क्रमांक १ अने ५, रत्नमन्दिरगणिनी उपदेशतरंगिणी नामे ग्रन्थकृतिमां (रचना समय सं. १५०० – १५१५ ना अरसामां) पण उद्धृत थएलां मळे छे. पण एमां पद्यांक १ नो कर्ता आमभट्ट अने ५ नो कर्ता कवि गद्द जणावेलो छे. कवि आमभट्टनुं बीजुं पण एक पद्य ए ज ग्रन्थमां आपेलुं छे जे तेणे कुमारपालनी स्तुतिरूपे कहेलुं छे. कवि गद्दना नामनां बीजां पण केटलांक विषयनां अन्यान्य पद्यो अमने सुभाषितसंग्रहोमां मळेलां छे, पण तेमनो कर्ता कोई बीजो अर्वाचीन कवि होय तेम लागे छे.

ए पहेला पद्यमां, सिद्धपुरमां सरस्वतीना तीरे सिद्धराजे बंधावेला रुद्रमहालयनुं वर्णन छे जे ऐतिहासिक दृष्टिए खास उपयोगी छे. एमां, रुद्रमहालयमां स्तंभ विगेरे केटला हता तेनी संख्या बतावेली छे. ए संख्या प्रमाणे, ए महालयमां १४४४ स्तर हता, १७०० स्तंभ हता, १८०० पुत्तलीयो हती, जे हीरा माणिकथी जडेली हती. ३०००० नानामोटा ध्वजदंड हता. (उपदेशतरंगिणीना पाठ प्रमाणे वळी १०००० सुवर्णना कलश हता) १७००० हाथी अने घोडाओना आकार कोतरेला हता (उपदेशतरंगिणीमां आ संख्या ५६ कोडी जेटली आपेली छे जे अविश्वसनीय लागे तेवी छे. अथवा तो कोडीनी संज्ञा कोई जुदी ज जातनी संख्यानी वाचक होय, जेम कच्छमां २० नी संख्याने कोडी कहेवामां आवे तेम.) आ उपरथी ए रुद्रमहालय केवो भव्य अने केटलो विशाल हशे तेनी कांइक कल्पना करी शकाय तेम छे. आखाय पश्चिम भारतमां अत्यारे जेटला जैन, शैव, वैष्णवादि जूना मन्दिरो विद्यमान छे तेमां विशालतानी दृष्टिए सौथी मोटुं मन्दिर, मारवाडराज्यमां आवेला राणकपुर गामनुं 'धरणविहार' नामनुं चतुर्मुख जैन मन्दिर छे. ए मन्दिरमां कहेवाय छे तेम, कुल १४४४ स्तंभो आवेला छे, ज्यारे रुद्रमहालयमां १७०० स्तंभो हता. ए उपरथी तेनी विशालतानी तुलना करी शकाय तेवी छे.

अथ लल्लभाटकृत जेसिंघदे कवित्त लिख्यते ।

†अमर कि धरिणी परिठवइ, अमर कि एसा हुंति ।
अमर कि नर जेसिंघ **तूं, यो मनि भंजइ भ्रंति ॥ १**

एकदा देहरइ जोइवा चाल्यो – †

---

†–† आ बे दंड वच्चे आपेली पंक्तियो, मूळ जूना लखेला कवित्तोना मथाळे, कोईए पाछळथी लखेली छे, तेम ज एनी भाषा पण वधारे अर्वाचीन छे, एटले कोई संग्राहके आ प्रारंभनो दूहो पाछळथी अहिं लखी दीधो लागे छे.

३.१.२९.

‡थर सय चवद चियाल थंभ सइ सतर निरंतर,
सइं अढार पूत्तली जडी हीरइ माणिक्क वर।
त्रीस सहस धजदंड कलस सोवन्न विहारइ।
सतर सहस गय तुरिय लल्ल गिणि रुद्र निहालइ।
इत्ताइ पिक्खि सिद्धाहिवइ, रोमंचिय सुरनर श्रवइ।
सुप्रसिद्ध कित्ति जेसिंघ तुअ, टगमग चाहइ चक्कवइ॥ १

*

आगलि सांडिउ त्राडूकार करतउ देखि भाट बोल्यउ—

दिसिगयंद गडअडइ सिंह पेखिणि गुंजारइ।
कणय कलस झलहलइ डंड उड्डंड विहारइ।
नच्चेइ रंगि तिह पूतली हेक गाए हेक वाए।
इण परि सर उच्छलिय संख सबदइ आलाए।
पेषंता सुरनर सयल परि, घमघमंति सर उच्छलिग।
तिणि कारणि सिद्धनरिंद सुणि, वृष वइल्ल थक्कउ डरिग॥ २

*

सरगि इंद्र सलहिए राउ पायालहि वासिग।
मृत्युलोकि तूं राय अवर कुण ऑपम कासिग।
हेमसेत मंझारि न को हिव अत्थि नराहिव।
अत्थि न चउत्थउ कोइ सच्च जंपुं सिद्धाहिव।
त्रिण्हि राय त्रिभुवन तवे, जेसिंघ सच्च समुच्चरुं।
जय अत्थि चउत्थउ राय कहि, तो डब्ब जलंतउ करि धरुं॥ ३

*

राउ ग्रहइ उग्रहइ राउ उत्थपि इक थप्पइ।
रायां मलइ मरट्ट राउअ समरि करि डप्पइ।
डक्क ढक्क त्रंबक्क मेघ डंबर उद्दालइ।
राउ जडइ पिंजरइ राउ अग्गलि करि चालेइ।
चालवे चक्क चिहुं दिसि तणइ, एक अंग भूवलि वरी।
मयणल्लदेवि कर्णह घरिणि, सिद्धराउ किउ उर धरिय॥ ४

‡ आ पद्य बीजां पण संग्रहोमां किंचित् पाठभेद साथे मळी आवे छे. उपदेशतरंगिणीमां आनो पाठ नीचे प्रमाणे छे.

थर सइं चऊद चुंआल थम्भ सइं सत्तर निरंतर।
सय पुत्तलीय अढार जडी मणिमाणिक्क रयंवर।
तीस सहस धजदंड कलस दससहस्स सुवन्नय।
छप्पन्न कोडि गयतुरिय लग्ग तिणि रुद्द महालय।
कवि गद सद इम ऊचरइ, सुरनर रोमंचिय सवइ।
सुपसिद्धि खित्ति जयसिंह कित्ति, टगमग चाहइं चक्कवइ॥

भाषानी दृष्टिए आ पाठ वधारे प्राचीन जणाय छे, परंतु शब्द अने अर्थनी दृष्टिए ऊपरनो पाठ वधारे ठीक लागे छे.

‡डरति इंद्र डगमगति चंद्र कलमलति दिवायर।
चलति पृथ्वी डोलंति मेरु झरझंपति सायर।
सेससीस सलवलति दढतिदढ कुंभ कडक्कति।
अनल विनल थिय इक्क पृथ्वीपट पलय ढलक्कति।
षडहडति दुग्ग भू राउ सुणि, सुरनर फणिमणि इक्क हूय।
म म गहसि म गहि म म गहि म गहि, म गहि मुच्छ जेसिंघ तुअ ॥ ५

*

जु ते देव चालक नरिंद भड भंडणि बहिया।
ति सवि ईस संगहवि गुंथि गलि मालइ गहिया।
पेषि माल सिरिधुणी अमी ससिहर विच्छुडिया।
सु जड कडत्रइ ग्रही बंभ केसरि गडिअडिया।
विड्डुरिय वृषभ जेसिंघ सुणि, सुकविरयण सच्चउ चवइ।
हडहड करंति कैलास सहु, हह करंति संकर भमइ ॥ ६

*

मूसा बिल खणि मरइ भूमि भोगवइ भुयंगम।
हलि खडि मरइ बइल्ल हरिय जव चरइ तुरंगम।
सूम संचि करि मरइ वीर विद्रवइ विवहपरि।
पंडित पढि गुणि मरइ मूढ बोलइ रायां घरि।
सुणि सिद्धराय गुज्जर धणी, करां वीनन्ती कर्णसुअ।
हम पढुं गुणु पावइ अवर, का परीष जेसिंघ तुअ ॥ ७

*

वीस त्रीस चालीस साठि सत्तरि सतहत्तरि।
भाटइ आणी सुंपि दिद्ध केकाण सबल वरि।
आठ ढालि दस ढोल वीस नेजा इक दंडह।
छत्र ढलवि गय गुडवि दिद्ध जेसिंघ नरिंदह।
मारिउ दलिद दस लाष देइ, णिउ पाय अंकुस कीयउ।
हुडहडवि भट्ट तारइ हस्यउ, सिद्धराय इत्तउ दीयउ ॥ ८

---

‡ आ पद्य माटे उपदेशतरंगिणीमां लख्युं छे के–'एकदा सभायां सिद्धराजेन स्वमूंछायां करगृहीतायां आमकविः प्राह'–(अर्थात् एक वखते सिद्धराज सभामां बेठो पोतानी मूंछ ऊपर हाथ फेरववा लाग्यो, त्यारे आम कविए ते प्रसंगे आ पद्य कह्युं). उपदेशतरंगिणीमां आनो पाठ नीचे प्रमाणे छे.

डरि गइन्द डगमगिअ चन्द करमिलिय दिवायर।
डुलिय महि हल्लिवह मेरु जल झंपिअ सायर।
सुहड कोडि थरहरिय कूर कूरंम कडक्किअ।
अनलविनल धसमसिय पुहवि सहु प्रलय पलट्टिय।
गज्जंति गयण कवि आम भणि, सुरमणि फणमणि इक्क हूअ।
मा गहिहि म गहि म म गहि म गहि, मुंच मुंछ जयसिंह तुह ॥

ऊपर आपेला पाठ करतां आ पाठनी भाषा वधारे प्राचीन छे अने अर्थ दृष्टिए पण वधारे शुद्ध छे.

* *
*

गुणाढ्य कविनी बृहत्कथानो आदि श्लोक

*

गुणाढ्य कविनी सुप्रसिद्ध बृहत्कथा जे पैशाची भाषानी एक सर्वोत्कृष्ट कृति हती तेनुं मूळ हजी सुधी क्यांए उपलब्ध नथी थयुं. तेम ज ए कथामानुं कोई एकाधुं पद्य पण एनी मूळ भाषामां कोईने दृष्टिगोचर नथी थयुं, जेथी ए कृतिना भाषा-स्वरूपनो यत्किंचित् पण आभास विद्वानो निश्चितरूपे मेळवी शके. पैशाची भाषाना स्वरूपनुं दिग्दर्शन हेमचन्द्राचार्य आदिना प्राकृत व्याकरणोमां जे कांई कराववामां आवेलुं छे ते परथी ज आपणने ए भाषाना स्वरूप विषे यत्किंचित् ज्ञान मळी शके छे. ए व्याकरणोमां आपेला नियमोना आधारे रचाएली केटलीक क्षुद्र स्तुति-स्तोत्रादिक जेवी कृतियो जोवामां आवे छे खरी, परंतु तेमनी भाषा कृत्रिम स्वरूपनी होवाथी अने समयनी अपेक्षाए ते अर्वाचीन होवाथी साहित्यनी दृष्टिए तेनी कशी मूल्यवत्ता नथी. मृच्छकटिकादि केटलांक नाटकोमां पैशाची भाषानो क्यांक क्यांक जे वाक्यप्रयोग करवामां आवेलो छे ते ज मात्र साहित्यनी दृष्टिए महत्त्वनो गणाय एवुं ए भाषानुं अल्पल्प साहित्य आपणने दृष्टिगोचर थाय छे. बृहत्कथा उपरान्त पैशाची भाषामां बीजी पण अनेक कृतियो होवी जोइए, कारण के राजशेखरादि आलंकारिकोए पैशाची अर्थात् भूतभाषाना साहित्यने पण अपभ्रंशादि भाषाना वाङ्मयनी समकक्षाए ज स्थान आपेलुं छे. परंतु दुर्भाग्ये आपणने हजी सुधी ए भाषासाहित्यनी कोई विशिष्ट रचना प्राप्त थई नथी. हेमचन्द्राचार्ये पोताना प्राकृतव्याकरणना ८ मा अध्यायमां, पैशाचीना प्रकरणना केटलांक सूत्रोमां थोडाक वाक्यांशो आपेला छे अने चूलिका-पैशाचीमां 'र' अक्षरना स्थाने 'ल' थाय छे एना उदाहरण तरीके नीचेनी बे गाथाओ आपेली छे.

पनमथ पनय-पकुप्पित-गोली-चलनग्ग-लग्ग-पति-बिम्बं ।
तससु नख-तप्पनेसुं एकातस-तनु-थलं लुद्दं ॥ १
नच्चन्तस्स य लीला-पातु-क्खेवेन कम्पिता वसुधा ।
उच्छल्लन्ति समुद्दा सइला निपतन्ति तं हलं नमथ ॥ २

हेमचन्द्राचार्यनी उदाहरणो आपवानी विशिष्ट शैली उपरथी आपणे जाणी शकीए छीए के तेमणे उद्धरेला वाक्यांशो अने खास करीने आ बे गाथाओ पैशाची भाषानी कोईक प्रसिद्ध कृतिमांथी लीधेली होवी जोइए. परंतु तेमणे ए विषेनुं कशुं सूचन कर्युं न होवाथी, कया ग्रन्थनी आ गाथाओ छे तेनो स्पष्ट

कल्पना शी रीते करी शकाय. नमिसाधुए, रुद्रटना काव्यालंकार ग्रंथ उपर पोते करेला टिप्पणमां, पैशाची भाषानां स्वरूपद्योतक जे केटलाक शब्दो उद्धरेला छे तेना अन्ते लख्युं छे के – "**इत्यादयोऽन्येऽपि बृहत्कथादिलक्ष्यदर्शनाज्ज्ञेया इति ।**" (२, १२) अर्थात् आ जातना बीजा पण अनेक शब्दो बृहत्कथा आदिमां मळी आवता स्वरूपानुसार जाणवा. आ उपरथी आपणने अनुमान करवानुं कारण मळे छे, के आचार्य हेमचन्द्रे पोताना व्याकरणमां आ भाषाना नियमोना उदाहरणरूपे जे शब्दो अने वाक्यांशो आप्या छे तेमांना केटलाक बृहत्कथामांना होवा जोइए. अने एथी ज डॉ० पिशले पोताना प्राकृत भाषाओना महान् व्याकरण ग्रन्थमां, आ जातनुं खास संभवित अनुमान करेलुं जणाय छे. खास करीने हैमव्याकरणना पैशाची भाषाना प्रकरणना सूत्र ३१०, ३१६, ३२०, ३२२ अने ३२३ मां जे वाक्यांशो आपेला छे ते बृहत्कथाना होवानो संभव छे एम तेमणे विधान कर्युं छे अने ते साथे सूत्र ३२६ मां जे गाथा उद्धृत थएली छे ते पण 'कदाचित्' ए ज ग्रंथनी होय एम तेमणे सूचव्युं छे.[१] पिशलना आ कथनने, जे. एस्. स्पेयेर नामना डच विद्वाने पोताना 'कथासरित्सागर विशेना अभ्यास' (Studis about Kathāsaritsāgara) नामना ग्रन्थमां[२] स्वीकरणीय मान्युं छे.

परंतु आ अनुमानने पुष्टि आपे एवो कोई प्राचीन उल्लेख अद्यापि प्रकाशमां आव्यो होय एवुं मारी जाणमां नथी. हुं अहिं आजे एवो एक उल्लेख प्रकाशित करूं छुं जे विद्वानोने मनोरंजक थशे अने छेवटे बृहत्कथाना एक पद्यनी निश्चित प्राप्तिथी आपणने आल्हाद थशे. ए उल्लेख भोजदेवना सरस्वतीकंठाभरणनी आजडकृत टीकामांथी प्राप्त थाय छे, जेनी अद्यावधि ज्ञात एवी मात्र एक ज, अने ते पण त्रुटित, प्रति पाटणना जैनभंडारमां ताडपत्र उपर लखेली मळी छे. प्रति खण्डित होवाथी अने अन्तिम भाग अनुपलब्ध होवाथी ए वृत्तिकार आजडना समय आदि माटे एमांथी कशो विशेष उल्लेख प्राप्त थई शकतो नथी. परंतु, प्रथम प्रकाशना अन्ते एणे पोतानो परिचायक आ प्रमाणे उल्लेख कर्यो छे –

"**इति भाण्डशालिपार्श्वचन्द्रसूनोः श्रीआजडस्य कृतौ पदप्रकाशनाम्नि सरस्वतीकण्ठाभरणालंकारटीकाविषमपदोपनिबन्धे प्रथमः परिच्छेदः ॥ ग्रं० ५२० ।**

---

१ जुओ, पिशलनुं प्राकृतव्याकरण, पृ. २८.　२ उक्त निबन्ध, पृ. २९.

ते परथी जणाय छे के ए आजड भाण्डशाली पार्श्वचन्द्रनो पुत्र हतो अने भद्रेश्वरसूरिनो उपासक हतो.[1] पोतानी टीकामां एणे हेमचन्द्राचार्यनो उल्लेख करेलो होवाथी, ए हेमचन्द्रसूरि पछी थयो छे एटलुं सिद्ध थाय छे. पण ताडपत्रनी स्थिति अने कृतिनी रचना आदिनो विचार करतां लागे छे के एनो प्रादुर्भाव हेमचन्द्राचार्य पछी तरत ज–एटले के बहु बहु तो ४०–५० वर्षनी अन्दर ज–होवो संभवे छे.

सरस्वतीकण्ठाभरण, प्रकाश २, पद्य १७ ना विवेचनमां, पैशाची भाषानो प्रयोग केवी जातना पात्र माटे करवो तेनो विचार करवामां आवेलो छे अने तेमां उदाहरणरूपे जे गाथा उद्धृत करवामां आवी छे, ते ते ज गाथा छे, जे हेमचन्द्राचार्ये प्राकृतव्याकरणमां, उद्धरेली छे अने जे अमे उपर आपेली छे. स. कं. नी पंक्ति आ प्रमाणे छे–

नात्युत्तमपात्रप्रयोज्या पैशाची शुद्धा । यथा–
पनमत पनअपकुप्पितगोलीचलनग्गलग्गपडिबिम्बम् ।
तसस्सु नहतप्पनेसु एआतसतनुधलं लुद्दम् ॥

निर्णयसागरप्रेस तरफथी प्रकट थएली स. कं. नी रामसिंहनी वृत्तिमां ए पंक्तिनी व्याख्या विगेरे आपेली छे, परंतु ए गाथा मूळ क्यांनी छे एनुं कशुं सूचन नथी करेलुं. आजडे आ गाथानी व्याख्या करतां लख्युं छे के–

"बृहत्कथायामादिनमस्कारोऽयम् । अत्र पैशाची भाषा इति ।"

अर्थात्–'आ बृहत्कथानो आदि नमस्कार छे. आनी भाषा पैशाची छे.'

आ रीते आजड स्पष्ट रीते प्रस्तुत गाथाने बृहत्कथाना आदि नमस्काररूपे लखे छे, ए परथी जणाय छे के एनी पासे ए बाबतनो कोई स्पष्ट पुरातन आधार होवो जोइए. गाथागत वस्तु उपरथी पण ए तो स्पष्ट ज समझाय छे के ए कोई प्रसिद्ध ग्रन्थ के कृतिनुं नमस्कारात्मक कथन होवुं जोइए. अने तेथी ज, पिशल जेवा समर्थ मर्मविद् भाषाशास्त्रज्ञे ए माटे उक्त अनुमान कर्युं हतुं. आजडना आ उल्लेखथी हवे आपणने ए माटेनो प्रमाणभूत आधार पण मळी आव्यो छे.

* * *

---

[1] बीजा प्रकाशना प्रारंभमां बे पद्यो आपेलां छे जेमां पहेलामां शान्तिनाथजिननी स्तुति अने बीजामां पोताना गुरु भद्रेश्वरसूरिनी स्तुति करेली छे. ए बीजुं पद्य आ प्रमाणे छे–

श्रेयांसि प्रतनोतु नः शुचियशोमुक्ताफलालंकृतः
श्रीमान् दुर्म्मदवादिकुञ्जरहरिर्भद्रेश्वराख्यो गुरुः ।
दिग्नागप्रतिमोऽपि यस्य चरणेनालंकृतं सर्वतः
प्रेक्ष्याक्रामति जैनदर्शनवनं नाद्यापि कोऽपि क्षितौ ॥

आजडे करेली 'प्राकृतभाषा'नी व्याख्या

*

'प्राकृत' ए शब्दनी व्याख्या हेमचन्द्र आदि प्रसिद्ध वैयाकरणोए जे आपेली छे ते भाषाविज्ञानना सिद्धान्त प्रमाणे संगत थती नथी, ए मत हवे सुप्रतिष्ठित थई गयो छे. ए वैयाकरणोना कथन प्रमाणे प्राकृतभाषानी मूळ प्रकृतिं एटले के उत्पत्ति-योनि संस्कृत छे. **'प्रकृतिः संस्कृतं तत्र भवं तत आगतं वा प्राकृतम्'** एवी ए वैयाकरणोनी व्याख्या छे. ए व्याख्या सुसंगत नथी. कारण के संस्कृत ए शब्द ज पोते एवुं सूचवे के संस्कारयुक्त—व्याकरणना नियमोथी संस्कार पामेली—भाषा ते संस्कृत. एनाथी उलटुं, प्राकृत शब्द पोते ज एवो अर्थ सूचवे छे के प्रकृति एटले लोकस्वभावपरिणत—स्वाभाविक रीते ज लोकोमां जे भाषानो व्यवहार प्रवृत्त थतो होय—ते प्राकृत. जूना ग्रन्थकारोमां, मात्र रुद्रटना व्याख्याता नमिसाधुए 'प्राकृत' शब्दनो आ भाव व्यक्त करतो अर्थ कर्यो छे अने ते आधुनिक भाषाशास्त्रना सिद्धान्तने वधारे मळतो आवे छे. तेणे आपेली प्राकृतनी व्याख्या, वधारे संगत रीते वस्तुस्थितिने सूचवनारी होई, भाषाविकासना इतिहासने बन्धबेसती आवे छे. मारा विद्वान् मित्र सुप्रसिद्ध भाषाशास्त्रविशारद डॉ. एस्. एम्. कत्रे (एम्. ए. पीएच्. डी; डायरेक्टर, डेक्कन कॉलेज पोष्ट-ग्रेज्युएट एन्ड रीसर्च इन्स्टीट्युट, पूना), **'भारतीय विद्या स्टडीज्'**मां हमणां ज प्रकट थएला, **'प्राकृत लेंग्वेजीज्'** नामना पोताना नूतन पुस्तकमां ए संबंधमां लखतां जणावे छे के—

"It is, however, to Namisādhu, the famous commentator of Rudrata's *Kāvyālamkāra*, that we owe a surprisingly modern definition of the word *prākṛta*. According to him, the 'basis' or prakrti of these languages or dialects is the natural language of the 'people' uncontrolled by the rules of grammarians, the common medium of expression and intercourse, as opposed to Sanskrit, the refined language of the gods and the learned. It follows, therefore, that the word *prākṛta* comprises the natural unrefined dialects of the common people and their descendants, forming one family of languages." p. 2

नमिसाधुए आपेली प्राकृतनी व्याख्या आ प्रमाणे छे—

"प्राकृतेति—सकलजगज्जन्तूनां व्याकरणादेरनाहितसंस्कारः सहजो वचन-

व्यापारः प्रकृतिः । तत्र भवं सैव वा प्राकृतम् । ......बालमहिलादिसुबोधं सकलभाषानिबन्धनभूतं वचनमुच्यते । मेघनिर्मुक्तजलमिवैकस्वरूपं तदेव च देश-विशेषात् संस्कारकरणाच्च समासादितविशेषं सत् संस्कृताद्युत्तरविभेदानाप्नोति ।... पाणिन्यादिव्याकरणोदितशब्दलक्षणेन संस्करणात् संस्कृतमुच्यते ।" (काव्या-लंकार. २, १२)

सरस्वतीकण्ठाभरणना, २ जा प्रकरणना प्रारंभमां, जाति नामना शब्दालंकारनो निर्देश करवामां आव्यो छे, जेमां संस्कृत, प्राकृत आदि भाषाओनो पण उल्लेख आवे छे. आजडे ए प्रसंगे 'प्राकृत भाषा'नी जे व्याख्या आपी छे ते नमिसाधुनी उपर्युद्धृत व्याख्या साथे शब्दशः संपूर्ण मळती आवे छे. ए व्याख्या आ प्रमाणे छे –

"संस्कृतादिर्वाग् जातिः । जातिनामा शब्दालंकार उच्यते । इति संबन्धः । सा च पाणिन्यादि-अष्टव्याकरणोदितशब्दलक्षणेन संस्करणात् संस्कृता प्रोच्यते । आदिशब्दात् प्राकृत-शौरसेन-मागध-पिशाच-अपभ्रंशवाचां परिग्रहः । तत्र – सकल-बालगोपालाङ्गनाहृदयसंवादी निखिलजगज्जन्तूनां शब्दशास्त्राकृतविशेषसंस्कारः सहजो वचनव्यापारः समस्तेतरभाषाविशेषाणां मूलकारणत्वात् प्रकृतिरिव प्रकृतिः । तत्र भवा सैव वा प्राकृता । ...सा पुनर्मेघनिर्मुक्तजलपरंपरेवैकरूपापि तत्तद्देशादि-विशेषात् संस्कारकरणाच्च भेदान्तरानाप्नोति । अत इयमेव शूरसेनदेशवास्तव्यजन-ताकिंचिदापादितविशेषलक्षणा भाषा शौरसेनी भण्यते ।"

आजडनी व्याख्यानो भावार्थ आ छे के – पाणिनि आदि आठ व्याकरणोमां बतावेला नियमो प्रमाणे जे भाषानो संस्कार करवामां आव्यो छे ते भाषा संस्कृत कहेवाय छे. प्राकृत भाषा ते छे – जे सर्व बाल, गोपाल, स्त्री आदि माणसोना सहज वाग्व्यापार रूपे प्रवर्ते छे अने जे शब्दशास्त्रना विशेष नियमोथी बद्ध नथी होती; तेम ज जे बीजी बधी देशभाषाओनी, मूळ कारण = प्रकृति जेवी होवाथी प्रकृति-रूप गणाय छे अने तेथी ए प्राकृत कहेवाय छे. मूळमां ए प्राकृत, आकाशमांथी पडेला पाणिनी माफक, सर्वसाधारण एवी एक व्यापक प्रकारनी भाषा हती, पण देशविशेषना संस्कारभेदथी, पाछळथी ते शौरसेनी, मागधी, पैशाची आदि जुदा जुदा भेदोवाळी थाय छे. भाषाशास्त्रना अभ्यासियोने आजडनो आ उल्लेख वधारे युक्तियुक्त जणाशे एमां शंका नथी.

* * *

जेसलमेरमें प्राप्त प्राचीन पुस्तककी सचित्र काष्ठ पट्टिका-(अ) देखो चित्र परिचय

जेसलमेरमें प्राप्त प्राचीन पुस्तककी सचित्र काष्ठ पट्टिका – (आ) देखो चित्र परिचय

जेसलमेरमें उपलब्ध प्राचीन पुस्तककी सचित्र काष्ठ पट्टिका–(इ) देखो चित्र परिचय

जेसलमेरमें प्राप्त प्राचीन पुस्तककी सचित्र काष्ठ पट्टिका-(ई) देखो चित्र परिचय

जेसलमेरमें प्राप्त प्राचीन ताडपत्रीय ग्रन्थोंके कुछ पत्र - (१) देखो चित्र परिचय

ज़ैसलमेरमें प्राप्त प्राचीन ताड़पत्रीय ग्रन्थोंके कुछ पत्र-(२) देखो चित्र परिचय

जेसलमेरमें प्राप्त प्राचीन ताडपत्रीय ग्रन्थोंके कुछ पत्र-(३) देखो चित्र परिचय

जेसलमेरमें प्राप्त प्राचीन ताडपत्रीय ग्रन्थोंके कुछ सचित्र पत्र-(४) देखो चित्र परिचय

जेसलमेरमें प्राप्त प्राचीन ताडपत्रीय ग्रन्थोंके कुछ सचित्र पत्रं-(५) देखो चित्र परिचय

जेसलमेरमें प्राप्त प्राचीन ग्रन्थोंके कुछ पत्र – (प्राचीनतम कागज) देखो चित्र परिचय

चित्र परिचय

-संपादकीय-

*

प्रस्तुत स्मृतिग्रन्थमां, सिंघीजीनां जे स्मरणो में लख्यां छे तेमां, जेसलमेरमां मने मारा साहित्यान्वेषण कार्य वखते, त्यांना बृहद्ज्ञान भण्डार आदिना साहित्य संग्रहमांथी मळी आवेला केटलाक विविध ग्रन्थोनां, चित्र आदिना दिग्द-र्शननी दृष्टिए, आद्यन्त पत्र इत्यादिनां फोटाओ विगेरे लीधेलां होवानी में नोंध लीधी छे. एमांना केटलाकना ब्लॉकस् बनावीने, नमूनारूपे जे चित्रो, आ ग्रन्थमां छपाववामां आव्यां छे, तेमनो थोडोक परिचय आ नीचे आपवामां आवे छे.

सचित्र काष्ठपट्टिकाओ

१ चित्रप्लेट (अ-आ) उपर एक सचित्र काष्ठपट्टिकानां चित्रो छे. ए काष्ठ पट्टिका २६-२७ इंच लांबी अने त्रणेक इंच जेटली पहोळी छे. एनी उपरनी बाजूए पाणीथी न धोवाय तेवा विविध प्रकारना पाका रंगोमां चित्रकाम करेलुं छे. जो के ए चित्रो, पाटलीनो बेकाळजीथी उपयोग करवाने लीधे, वच्चे क्यांक क्यांक घसाई गयेलां छे, पण ते ओळखी शकाय एवां छे. ए पट्टिकानो एक खूणानो थोडोक भाग टूटी पण गएलो छे. एमां आलेखेली चित्रावलिना मध्य-भागमां, एक जिन मन्दिरनुं दृश्य छे [चित्रप्लेट (अ)] जेना मध्यस्थाने जिनबिम्बनुं आलेखन करेलुं छे अने तेनी आसपासमां पूजा-उपासना करता श्रावको तेम ज नृत्य, गान, वादन आदि करता नर्तको विगेरे आलेखेला छे.

२ चित्रप्लेट (आ)मां, ए पट्टिकाना डावा जमणा भागमां आवेलां दृश्योना बे चित्रखण्डो छे. ए बन्ने खण्डोमां श्रीजिनदत्त सूरिनी व्याख्यान सभानुं आलेखन करवामां आव्युं छे. एना उपरवाळा चित्रखण्डमां, मध्यभागमां श्रीजिनदत्त सूरि बेठेला छे अने तेमनी सन्मुख पंडित जिनरक्षित बेठेला छे. जिनरक्षितनी पाछळ बे श्रावको, तेम ज श्रीजिनदत्त सूरिनी पाछळ एक श्रावक अने त्रे श्राविकाओ बेठेली छे. नीचेना चित्रखण्डमां, मध्यस्थाने जिनदत्त सूरि अने तेमनी सन्मुख श्रीगुण-चन्द्राचार्य तथा तेमनी पाछळ एक यति अने एक श्रावक श्रोता बेठेला छे. जिनदत्त सूरिनी पाछळ बे श्रावको बेठेला छे. ते सूरिना मुख आगळ जे स्थाप-नाचार्य मुकेला छे ते उपर 'महावीर' एवा अक्षरो लखेला छे.

आ चित्रावलि उपरथी लागे छे के ए सचित्र काष्ठपट्टिका श्रीजिनदत्त सूरिना पोताना ग्रन्थसंग्रहगत कोई ताडपत्रीय पुस्तकनी छे. कोई भावुक श्रावके तेमने

कोई मोटुं अने महत्त्वनुं पुस्तक लखावीने भेट कर्युं हतुं, जेना उपरनी, आ एक सुन्दर चित्रालंकरण करवामां आवेली पाटली छे. संभव छे के आमां आलेखेला स्त्री-पुरुषो, ए पुस्तक भेट करनार श्रावक कुटुंबनी मुख्य व्यक्तिओ ज होय. मूळ कया पुस्तकनी आ पट्टिका हती ते जाणवानुं हवे कशुं साधन नथी. नहिं तो कदाचित् ए पुस्तकनी प्रशस्तिमांथी एना दातानो परिचय विगेरे पण मळी शके. भण्डारोनां पुस्तकोमां गमे ते पुस्तकनी पट्टिका गमे ते पुस्तक साथे बांधी देवानी अव्यवस्था सेंकडों वर्षोथी चाली आवे छे, एटले एवी पट्टिकाओनो खास इतिहास आपणे हवे मेळवी शकीए तेम नथी.

आपणा देशनी प्राचीन चित्रकळाना इतिहासनी दृष्टिए आवी पट्टिकाओ घणी अगत्यनी अने मूल्यवान् छे. आ अने आ पछी एवी बीजी पट्टिकानां जे चित्रो अहिं प्रकट करवामां आव्यां छे, ते एक रीते आपणा देशना — खास करीने गुजरात-राजस्थानना — चित्रालंकरणोवाळां उपकरणोमां सौथी प्राचीन नमूनारूपे उल्लेखी शकाय तेवां छे.

चित्रखण्डोमां आलेखेला श्रीजिनदत्त सूरि जैन श्वेताम्बर संप्रदायना बहु प्रसिद्ध विद्वान् आचार्य छे. एमनो जन्म गुजरातना धोलका नगरमां वि० सं० ११३२मां थयो हतो. तेओ दिगम्बर संप्रदायानुयायी वाछिग नामना वैश्यना पुत्र हता. सं० ११४१ मां तेमने श्वेतांबर जैन यतिपणानी दीक्षा आपवामां आवी हती अने सं० ११६९ मां चित्रकूट (मेवाडना सुप्रसिद्ध चित्तोड) मां आचार्य पद प्राप्त थयुं. सं० १२११ ना आषाढ वदि ११ ना दिवसे, अजमेरमां, चाहमान विश्वलदेवना राज्य समय दरम्यान, तेमनो स्वर्गवास थयो. तेमणे पोताना जीवनकाल दरम्यान गुजरात, मारवाड, मेवाड, वागड, माळवा अने सिन्धना प्रदेशमां सतत परिभ्रमण कर्युं हतुं. मरुस्थळीमां आवेला विक्रमपुरमां श्रेष्ठी देवभद्रे बन्धावेला जैन मन्दिरमां महावीरनी एक भव्य प्रतिमानी तेमणे प्रतिष्ठा करी हती. संभव छे के आ चित्रपट्टिकामां ए ज प्रतिष्ठा-प्रसंगनुं दृश्य आलेखेलुं होय. कारण के एमां आलेखेला जिनमन्दिरमां खास महावीरनी मूर्तिनुं आलेखन छे अने सूरि-सन्मुख स्थापित स्थापनाचार्य उपर पण 'महावीर'नुं नाम लखेलुं छे. कदाचित् ए ज देवधरे आ पट्टिका साथेनुं कोई पुस्तक पण लखावीने सूरिने समर्पित कर्युं होय अने तेथी ए पट्टिकामां उक्त प्रसंगना स्मारकरूपे आ चित्रांकण करवामां आव्युं होय. जैन संप्रदायमां आवा प्रसंगोनां निमित्ते पुस्तकादि लेखन अने चित्रपट्टिकादिना आलेखननी प्रवृत्ति घणा प्राचीन समयथी चाली आवे छे.

श्रीजिनदत्त सूरि, ए रीते चौलुक्य चक्रवर्ती सिद्धराज जयसिंह अने कुमारपाळना समकालीन हता अने एमना सूरिपद समय दरम्यान आ पट्टिकानुं चित्राङ्कण करवामां आवेलुं होवाथी, आपणे एने विक्रमना बारमा सैकाना अन्तभागना अथवा तेरमा सैकाना आदि भागना चित्रालेखनना प्रतीक तरीके निश्चितरूपे ओळखावी शकीए. ए समय जेटली जूनी आवी कोई अन्य सुन्दर चित्राकृतिओ अद्यापि आपणने उपलब्ध थई नथी.

चित्रपट्टिकाना रंगो आकर्षक अने रेखाओ सुन्दर, सुभग, अने सुमार्जित छे. स्त्रियो, पुरुषो अने यति गणनी आकृतियो सारी रीते उठावदार होई, तेमनो अंगविन्यास अच्छी रीते मरोडदार बतावावामां आव्यो छे. स्त्रियोनां काननां कुंडल खास ध्यान खेंचे तेवां छे, अने स्तनमंडलनो उन्नत वर्तुलाकार तो आपणने अजन्ताना चित्रांकणनी ज परंपरानो प्रत्यक्ष परिचय आपे छे. ए उपरथी आपणने एनो पण कांइक आभास मळी शके छे के अजन्तानी चित्रकला अने गुजरात-राजस्थान एटले के पश्चिम भारतनी चित्रकलानो परस्पर ऐतिहासिक संबंध रहेलो छे.

गुजरात-राजस्थाननी आ विशिष्ट चित्रकुलाना विषयमां, में मारी मुंबई युनिवर्सिटी तरफथी अपाएली ठक्कर वसनजी माधवजी व्याख्यानमालामां केटलीक विशिष्ट चर्चा करेली छे अने गुजरात-राजस्थानपासे हजी पण आ चित्रकलानो केवो मोटो खजानो भरेलो पड्यो छे तेनुं दिग्दर्शन कराव्युं छे. मारा विद्वान् मित्र श्रीयुत नानालाल चमनलाल महेता (निवृत्त आई. सी. एस्.) जेओ आ विषयना एक प्रमाणभूत निष्णात छे तेओ 'भारतीय विद्या भवन' तरफथी प्रकाशित करवा माटे ए चित्रकला उपर एक विस्तृत निबन्ध लखी रह्या छे जेमां आ विषयनी सविस्तर अने केटलीक मौलिक आलोचना करवामां आवशे.

चित्रप्लेट (इ-ई) उपर एक एवी बीजी काष्ठपट्टिकानां चित्रो छे. ए २९-३० इंच जेटली लांबी अने लगभग ३ इंच पहोळी छे. एनी बन्ने बाजूए, तेवा ज विविध पाका रंगोमां सुन्दर चित्रावलि अंकित करवामां आवेली छे. रंग, रेखा, उठाव अने आलेखननी दृष्टिए, आ पट्टिका उपर जणावेली पट्टिका करतां पण वधारे आकर्षक अने वधारे उच्च प्रतिनी छे. एनी उपरवाळी बाजूनी फरती चारेकोरनी किनारी उपर हंसोनी सुन्दर श्रेणि चीतरेली छे.

आ पट्टिकानी चित्रावलिनो विषय ऐतिहासिक छे अने ते जैन श्वेताम्बर संप्रदायमां बहु जाणीतो छे. वादी देवसूरिना नामे एक प्रख्यात आचार्य सिद्धराजना समकालीन हता. सुप्रसिद्ध हेमचन्द्राचार्य तेमना प्रगाढ मित्र थता हता. प्रमाण-

नयतत्त्वलोकालंकार नामे जैन तर्कशास्त्र विषयक प्रौढ ग्रन्थनी तेमणे रचना करी हती जेनी स्याद्वादरत्नाकर नामनी अतिविशद टीका विद्वानोमां बहु प्रसिद्ध छे.

वि० सं० ११८१ नी सालमां, पाटणमां, सिद्धराजनी राजसभामां – तेना ज प्रमुख पणा नीचे – ए आचार्यनो, दिगम्बर संप्रदायना एक एवा ज बहु प्रसिद्ध विद्वान् आचार्य कुमुदचन्द्र साथे, श्वेताम्बर - दिगम्बर संप्रदाय वच्चेना मतभेदोनी अमुक मान्यता विषये, परस्पर एक निर्णायक वाद-विवाद गोठवायो हतो जेमां वादी देवसूरिनो विजय थयो हतो. 'प्रभावकचरित्र', 'प्रबन्धचिन्तामणि', 'चतुरशीति प्रबन्ध संग्रह' विगेरे जैन ऐतिहासिक प्रबन्ध ग्रन्थोमां, ए आचार्यनो सुविस्तृत इतिहास उपलब्ध थाय छे अने तेमां ए वाद-विवाद अंगेनी हकीकत पण विस्तार साथे आलेखेली मळे छे. ए उपरान्त, ए ज प्रसङ्गने अनुलक्षीने यशश्चन्द्र नामना एक समकालीन कविए 'मुद्रितकुमुदचन्द्र' नामना सुन्दर नाटक प्रकरणनी पण रचना करी छे जेमां ए हकीकतनुं बहु ज तादृश वर्णन आपवामां आवेलुं छे.

प्रायः ए ज नाटकगत वस्तु प्रस्तुत पट्टिकानी चित्रावलिमां क्रमपूर्वक चित्रित करवामां आवेली छे. मूळ ए पुस्तकनी आवी बे पट्टिकाओ होवी जोईए, परंतु मारा जोवामां त्यां एक ज पट्टिका आवेली. आ उपलब्ध पट्टिकामां, ए ऐतिहासिक प्रसङ्गनो मात्र पूर्व भाग चित्रित थएलो मळे छे. उत्तर भाग एवी बीजी पट्टिकामां होवो जोईए. आ पट्टिकाओ वादी देवसूरिनी कोई विशिष्ट ग्रन्थ रचनावाळा पुस्तकनी – के जे कदाचित् स्याद्वादरत्नाकर ज होय – होवी जोईए, अने ते पुस्तक तेमना स्वकीय ज्ञानभण्डार माटे तैयार करवामां आवेलुं होवुं जोईए. ए चित्रावलि सूचित करे छे, के ए प्रसङ्गना पछी तरत ज ५ – ७ वर्षनी अंदर ज आ चित्राङ्कण थएलुं हशे. एटले सिद्धराजना समय दरम्याननुं ज आ एक चित्रालेखन छे एम कही शकाय.

२ चित्रप्लेट (इ) उपरनुं चित्र, ए पट्टिकानी उपरनी बाजूमां चित्रित दृश्योमांनो मध्यस्थित चित्रखण्ड छे. एमां दिगम्बराचार्य कुमुदचन्द्र अने श्वेताम्बर वादी देवसूरिनी व्याख्यान सभानां दृश्यो अंकित करवामां आव्यां छे. आशापल्ली, एटले के वर्तमान अमदाबादनी जग्याए आवेलुं प्राचीन स्थान जेने पाछळथी कर्णावती पण कहेवामां आवतुं – त्यां नेमिनाथना मन्दिर पासे आवेला बे जुदां जुदां धर्मस्थानोमां ए श्वेताम्बर अने दिगम्बर बन्ने आचार्यो एक साथे आवी वस्या हता. वादविद्याकुशळ धर्माचार्योमां होय छे तेवी विद्याविषयक स्पर्द्धा, कोई प्रसङ्गवश, ते बंने

आचार्योंनी वच्चे शुरू थई अने तेओ परस्पर एक बीजाना सांप्रदायिक मन्तव्योनुं खण्डन-मण्डन पोत-पोताना शिष्यो अने भक्तो आगळ करवा मंडी पड्या. ए चित्रखण्डमां प्रथम जे दृश्य छे ते दि० कुमुदचन्द्रनी सभानुं छे. एमां एक उच्च काष्ठपीठ उपर नग्न स्वरूपमां दिगम्बराचार्य बेठेला छे. तेमनी सन्मुख तेमनो कोई मुख्य दिगम्बर यतिशिष्य बेठो छे अने तेनी पाछळ बे भक्त गृहस्थो बेठा छे. आचार्यनी पाछळ तेमनो तेवो ज कोई क्षुल्लक शिष्य उभो छे. तेनी बगलमां मयूरपिच्छी छे अने हाथमां एक वस्त्रखण्ड छे जेना वडे ते आचार्यने वातव्यंजन करी रहेलो छे. आचार्यनी मुद्रा उपदेशप्रवण छे अने तेनो भाव खूब उत्तेजक छे. श्रोताओ पण आचार्यना कथनने उत्साह अने आवेग पूर्वक झीली रह्या छे. ए चित्रखण्डमां आचार्यना मस्तक उपर 'कुमुदचंद्रः' अने श्रोताओना मस्तक उपर 'दिगंबरश्राद्धाः' आवुं परिचयात्मक लखाण पण करेलुं छे.

तेनी पछी वादी देवसूरिनी व्याख्यान परिषदनुं दृश्य छे. ए आचार्य पण एवा ज उच्च काष्ठपीठ उपर श्वेतवस्त्र परिधान करीने बेठेला छे. एमनी सामे एक कोई प्रौढ जणातो शिष्य बेठो छे, जे घणुं करीने पं० माणिक्य छे. तेमनी पासे बे श्रावको बेठा छे. आचार्यनी पाछळ कोई लघु शिष्य उभो छे जेना हाथमां पण वस्त्रखण्ड होई ते सूरिने पवन नांखी रहेलो छे. आ सूरिनी मुद्रा पण तेवी ज उपदेशप्रवण अने भावोत्तेजक छे. मात्र एनी हस्ताकृतिमां जरा वधारे मृदुता अने मुखाकृति उपर वधारे सौम्यभाव बतावेलां छे. एटलुं दृश्य तो ए बन्ने आचार्योनुं समान छे. पण देवसूरिनी सभामां एक व्यक्ति उभो छे जे कांईक उत्तेजनात्मक संभाषण करतो होय तेम देखाय छे. ए सभाना उपर '॥ श्रीदेवसूरिसमीपे दिगंबर-भट्टः पुरः पठति ॥' आवुं चित्रपरिचायक संस्कृत वाक्य लखेलुं छे, जे उपरथी जणाय छे, के जे व्यक्ति उभेली चीतरी छे ते दिगम्बराचार्यनो भट्ट छे अने ते देवसूरि आगळ कोई वाद-विवादात्मक विषयने लगतुं कांईक संभाषण करी रह्यो छे. ए भट्ट शुं बोले छे तेनुं सरस शाब्दिक चित्र 'मुद्रितकुमुदचन्द्र'ना-टकना प्रथम अंकमां आपेलुं छे. जिज्ञासुए त्यांथी जोई लेवुं. अहिं ते आपवानो अवकाश नथी.

४ चित्रप्लेट (ई)नां चित्रो, ए पट्टिकानी अन्दरनी बाजूनी चित्रावलिनां छे. आशापल्लीमां चाली रहेली, उपर सूचव्या प्रमाणेनी स्पर्द्धाना परिणामे, बन्ने आचार्यो बच्चे एवुं ठरे छे के तेमणे पाटणमां सिद्धराजनी राजसभामां शास्त्रार्थ करवो

अने पोतपोतानी विद्याशक्तिनो परिचय आपी राजा पासेथी जयापजयनां प्रमाणपत्रो मेळववां. ए निर्णय प्रमाणे बन्ने आचार्यो ज्यारे पोतपोताना परिवार साथे आशापल्लीथी पाटण जवा प्रयाण करे छे, ते वखतनां दृश्यो आ चित्रावलिमां अंकित करवामां आव्यां छे. एमां उपरना चित्रखण्डमां, देवसूरिना प्रयाणनुं दृश्य बतावेलुं छे. पाटणमां, सिद्धराजनी सभामां, कुमुदचन्द्राचार्य साथे जे वाद-विवाद थाय तेमां तेमनो विजय थाय ए माटे आशापल्लीना जैन संघे शुभ शकुनोनी गोठवण करी राखी हती. देवसूरि ज्यारे मकानमांथी बहार नीकळे छे त्यारे, तेमना मुख अगाळथी भव्य जैन रथयात्रा पसार थाय छे जेमां एक सुन्दर रथमां जिनमूर्तिने बेसाडी तेनी आगळ नृत्य, गीत, वादित्र विगेरेना आनन्दोल्लासनी उमदा गोठवण करवामां आवी छे. देवसूरि उत्साह भरेलां पगलां मांडी रह्या छे. तेमनो देह खूब कदावर अने हृष्टपुष्ट छे. आंखोमां ऊंडुं गांभीर्य अने मुखपर प्रसन्नता प्रसरेली छे. बे मोटा भक्तो विकसित वदन अने उत्तंभित हस्तमुद्राथी अभिनन्दन आपी रह्या छे. ते बधानी चरणगतिमां धसमसतो वेग अने मुखाकृतिमां थनगनतो उत्साह बहु ज स्पष्ट रीते बताववामां आव्यो छे.

सूरि अने श्रावकोनी आगळ एक नर्तक मंडळ चाली रह्युं छे, जेमां बे मृदंगिया अने बे नर्तकियो छे. एमां एक नर्तकी अत्यन्त भावभंगीवाळुं नृत्य करी रही छे अने बीजी कोईएक जातनुं वाजिंत्र वगाडी रही छे. नर्तकीनुं सुन्दर स्तनमंडळ ए ज अजन्ताशैलीनुं उन्नत स्वरूप बतावी रह्युं छे. अङ्गोपाङ्गना मरोड अत्यंत भावाभिव्यंजक अने वेगपूर्ण छे. मुखमुद्रा सुस्थ अने आंखो रसनिमग्न थएली छे. आ जातनां केटलांक अन्यान्य पुस्तकीय चित्रोमां, आंखोनी जे बेडोळ आकृतियो आलेखवानी विकृत रूढि पडी गएली जोवामां आवे छे, ते आ पट्टिकानां चित्रोमां बिल्कुल देखाती नथी.

नर्तकमंडळनी पाछळ जिनमूर्तिवाळो शिखरबद्ध सुन्दर काष्ठरथ छे जेने पुरुषो अने युवको खूब उत्साहथी खेंची रह्या छे. केटलाक युवको भूंगळ अने वांसळी वगाडी रह्या छे. आवा शुभ शकुन पूर्वक थएला प्रयाणथी देवसूरिनो समुदाय पोताना पक्षना भावी विजयनी संपूर्ण श्रद्धा सेवतो उत्साह पूर्वक पाटण तरफ प्रयाण करे छे.

मुद्रित कुमुदचन्द्रमां आ भाव व्यक्त करनारुं नीचेनुं सरस संस्कृत पद्य मळे छे जे ए चित्रनी संपूर्ण अभिव्यक्ति प्रकट करे छे.

गान्धारध्वनिगीतपीतहृदये नृत्यत्कुरङ्गेक्षणा-
वर्गाक्षिप्तजनेक्षणे परिलसद्वादित्रनादोदये ।
आरूढा हसितामरेश्वरगृहच्छायापथे सद्रथे
मूर्तिस्तीर्थकरस्य दुःखमथनी जाता सुखे सम्मुखी‡ ॥

एनी नीचेनुं बीजुं चित्र, आचार्य कुमुदचन्द्रना प्रयाणनुं दृश्य बतावे छे. दिगंबराचार्य पालखीमां बेसीने पाटण तरफ जवा नीकळ्या छे. एमनो अनुचर वर्ग ठीक ठीक मोटो छे. ३ – ४ जण पालखी उचकनारा छे, ३ – ४ छत्र धरनारा छे. आगळ बे सुभटो चाली रह्या छे जेमना हाथमां ढाल अने तलवारो छे. सौथी आगळ भूंगळ वगाडतो अनुचर चाली रह्यो छे, जेना श्रवणथी लोको समजी शके के कोई मोटा धर्माचार्यनी सवारी आवी रही छे. तेनी आगळ साबरमती नदीनो देखाव बतावेलो छे. कारण के आशापल्लीथी पाटण जतां प्रथम ज ए नदी ऊतरवी पडे छे. नदीना सामे कांठे, रस्ता उपर वडनुं मोटुं घटादार वृक्ष आवेलुं छे जेना थडमां चूनानो पाको चोंतरो बांधेलो छे. दिगंबराचार्यनी सवारी गामना दरवाजामांथी बहार नीकळीने जेवी ए स्थळ पासे पहोंचे छे के त्यां आगळ ऊंची फणा करीने बेठेलो एक मोटो काळो नाग तेमने दृष्टिगोचर थाय छे. आचार्यना अनुचरो आ अपशकुन जोई मनमां खिन्न थाय छे अने एक बीजाना मों सामुं निःशब्द भावे जोई रहे छे. आचार्य पण ए अपशकुन जोई मनमां जरा उद्विग्न जेवा थई जाय छे. चित्रकारे तेमना मुख उपर, ए उद्वेगनो आछो भाव घणी ज मार्मिकताथी आलेख्यो छे. खूब आघे जोती एमनी आंखो बतावी रही छे के, ए जाणे कांईक भावी कुशंकानी झांखी करी रह्या छे. एमना अनुचरो आचार्यने कहे छे के

स्वामिन् ! मार्गगमनभङ्गगोऽयं भुजङ्गमः ।

अर्थात् – आ भुजंग मार्गमां गमनभंगनूं सूचन करे छे. कुमुदचन्द्र जाणे एनी उपेक्षा करता अने बधाने धैर्य धारण करावता कृत्रिम हर्ष साथे कहे छे के –

अगम्यो भुजङ्गानां विनतानन्दनः कुमुदचन्द्रः । पार्श्वपरमेश्वरशिरोऽलङ्कारस्य हि भुजङ्गपुङ्गवस्य गोत्रिणां दर्शनमपि विपुलं मङ्गलम् । तदलं विलंबेन ।[1]

अर्थात् – आ विनतानो पुत्र कुमुदचन्द्र भुजंगोने अगम्य छे. तेम ज भुजंग ए तो भगवान पार्श्वनाथना मस्तकना एक आभूषण समान छे अने आपणे तो ए भगवानना उपासको छीए; एटले आपणने तो ए भुजंगनुं दर्शन उलटुं मंगल करनारुं छे. माटे विलंब वगर आगळ चालता रहो.

‡ जुओ, मुद्रितकुमुदचन्द्रप्रकरण, पृ० १८. १ जुओ, मुद्रितकुमुदचन्द्रप्रकरण, पृ० २४.

ए पछीना चित्रखण्डमां, दिगम्बराचार्य पाटणमां राजाना अन्तःपुरमां, घणुं करीने राजमाताने मळवा जवा इच्छे छे, पण द्वारपाळ तेमने रोके छे, तेनुं दृश्य छे. ते पछी राजाना अन्तःपुरनुं दृश्य छे के जेमां राजराणीओ जेवी देखाती बे भव्याकृति स्त्रियो बेठेली छे, अने परस्पर वार्तालाप करी रही छे. आ दृश्यनो भाव ए छे के— सिद्धराजनी माता मयणल्ला देवी दक्षिणनी राजकुमारी हती अने तेनो पितृपक्ष दिगम्बर संप्रदाय तरफ पक्षपात धरावतो हतो. कुमुदचन्द्राचार्य पण ए दक्षिणदेशना ज वासी हता अने तेथी तेमना तरफ राजमातानो भक्तिभाव हतो. तेथी दिगम्बराचार्य, राजमाताने खानगी रीते मळवा माटे अने पोताना पक्षनो विजय थाय तेवी कोई गोठवण करवानी सूचना आपवा माटे, पाछला दरवाजेथी अन्तःपुरमां जवा इच्छे छे; पण शस्त्रधारी ड्योढीवान् तेमने पाछा वाळे छे. द्वाररक्षकनी जवानी मनाई सूचवती मुखमुद्रा खूब उत्तेजित अने सख्ताई साथे निषेध बतावतो जमणो हाथ खूब टटार देखाय छे. पाछा वळेला नग्नाचार्य तेनी सामे आर्जव दृष्टिथी विनम्र हाथवडे कांईक कहेता अने उतावळे डगले चाली जता बतावेला छे. अन्तःपुरमां बेठेली बे स्त्रियो कदाच राजमाता अने राजराणी होय, तेम जणाय छे.

पश्चिम भारतनी चित्रकळाना इतिहासमां आ पट्टिकाओनां चित्रो आपणने एक महत्त्वना प्रकरणनी मूल्यवान् सामग्री पूरी पाडे छे.

ताडपत्रीय पुस्तकोनां केटलांक पत्रो

चित्रांक (१)थी ते (५) सुधीनां चित्रो जेसलमेरमां आवेलां ताडपत्रीय पुस्तकोनां केटलांक आद्यन्त पानाओनी प्रतिकृतिओ बतावनारां छे, जेमनो संक्षिप्त परिचय आ प्रमाणे छे.

५ चित्रांक (१) ए जिनभद्रगणि विरचित विशेषावश्यक भाष्यनी प्रतिनां छेल्लां पानाओनी प्रतिकृति छे. ए प्रतिना विषे में प्रस्तुत ग्रन्थमां ज, भाष्यकार जिनभद्रगणिना समयनी चर्चा करनारो जे खास लेख लख्यो छे तेमां विगतथी वर्णन आप्युं छे (जुओ पृ० १९२). मारा मत प्रमाणे, आपणा पुस्तक भण्डारोमां जेटलां ताडपत्रीय पुस्तको मारा अवलोकवामां आव्यां छे ते बधामां, आ प्रति सौथी जूनी होय तेम लागे छे. एनां पानां पण पातळां अने वधारे श्लक्ष्ण होई ऊंची जातनां ताडनां छे. में लेखमां जे बे गाथाओ आपेली छे ते ए चित्रना सौथी नीचेना पृष्ठमां आवेली छे.

६ चित्रांक (२) ए प्रतिकृति, वर्द्धमानसूरिकृत 'उपदेशपदटीका'नी एक सुंदर प्रतिनां आद्यन्त पानाओनी छे. ए प्रति अजमेरमां, संवत् १२१२मां

लखाएली छे, जे वखते त्यां चाहमान वंशीय विग्रहराज ऊर्फे विश्वलदेव राजाधिराज हतो. इतिहास प्रसिद्ध पृथ्वीराज चौहाणनो ए प्रपिता थाय. एना उपर चढाई करीने कुमारपाळे एने पोतानो आज्ञाधीन बनाव्यो हतो.

ए पुस्तकना अन्ते आ प्रमाणे पुष्पिका लेख लखेलो छे—

संवत् १२१२ चैत्रसुदि १३ गुरौ ॥ अद्येह श्री अजयमेरुदुर्गे समस्तराजावलीविराजित परमभट्टारकमहाराजाधिराजश्रीविग्रहदेवविजयराज्ये। उपदेशपदटीकाऽलेखीति ॥ छ ॥ कल्याणमस्तु ॥ छ ॥

७ चित्रांक (३) आ प्रतिकृति 'भगवद्गीता-शांकरभाष्य'नी ताडपत्रीय पुस्तकनां आद्यन्त पानाओनी छे. प्रतिमां लख्या साल आपेली नथी तेथी ए निश्चितरूपे न कही शकाय के केटली जूनी ते हशे. परंतु अक्षरोनां वळण अने प्रतिनी स्थिति उपरथी अनुमान करी शकाय के ते वि. सं. १३००नी पहेलां लखाएली होवी जोईए. शांकरभाष्यनी ताडपत्रनी अने आटली जूनी कोई अन्य प्रति जाणवामां नथी आवी, तेथी ए एक मूल्यवान् प्रति गणी शकाय तेवी छे.

८ चित्रांक (४) केटलीक ताडपत्रीय प्रतोनां आद्यन्त पानाओमां तीर्थंकरोनां, देवीओनां, साधु अने श्रावको आदिनां चित्राङ्कणो करेलां मळी आवे छे, जे चित्रकलाना अभ्यासनी अपेक्षाए बहु उपयोगी वस्तु गणाय छे. तेथी आवां केटलांक पानाओनां, में त्यां फोटाओ लेवडावी लीधां हतां जेमांना थोडांकनां नमूनारूपे, अहिं आ चित्रो आपवामां आव्यां छे. आ पृष्ठमांना प्रथम अने त्रीजा पत्रमां तीर्थंकरनी मूर्तियो चित्रित करेली छे. बीजा पत्रमां आचार्यनी व्याख्यान सभानुं दृश्य आलेखेलुं छे. चित्राङ्कण एकंदर सुन्दर अने सुरेख छे. सौथी नीचेना पत्रमां सरस्वती देवीनुं सुन्दर आलेखन करेलुं छे. देवीनी मुखाकृति बहु ज भाववाही अने प्रसन्न-गंभीर छे. एने ४ हाथ छे जेमां बे हाथथी वीणा वगाडी रही छे अने बीजा बे हाथमां घणुं करीने करताल धारण करेली छे. बाजूमां नानकडो हंस चीतरेलो छे जे एनुं वाहन गणाय छे. फोटो बहु सारो न आववाथी चित्र बहु स्पष्ट नथी आव्युं.

९ चित्रांक (५) आ पण तेवा ज सचित्र पानाओनां चित्रोना एक नमूनारूपे छे. एमां मध्यना पत्रमां सरस्वती देवीनी उभी आकृतिनुं चित्र छे जे विरल मळे छे. सिद्धहैमव्याकरणनी एक प्रतिना अन्तना पत्रमां आ चित्र अंकित करेलुं छे. आ प्रति बहु जूनी होय तेम लागे छे—एटले के हेमचन्द्राचार्यनी हयातीमां

ज, ज्यारे सौथी पहेली ए व्याकरणनी जे प्रतो लखाई, तेमांनी ए एक होय एवुं मानवाने खास कारण छे. सरस्वतीनी आ प्रतिकृति पण बहु ज सुंदर अने उदाहरणभूत छे. ए पण चतुर्हस्ता छे, परन्तु एना उपरना बे हाथमां कमल पुष्पो छे अने नीचेना एक हाथमां करमालिका तथा बीजा हाथमां लघु पुस्तिका छे. एना काननां कुंडल, गळानो हार अने सुन्दर स्तनमंडल सुशोभित रीते आलेख्यां छे. पग पासे ऊर्ध्वग्रीव हंस पोतानी चंचूमां कमलपुष्प पकडी जाणे देवी साथे गेल करतो होय तेवो बहु ज मनोरम देखाय छे.

१० **चित्रांक (६)** उपर एक अत्यन्त जीर्ण-शीर्ण पानानुं चित्र छे. ए पानुं कागळनुं छे, ताडनुं नहिं. जेसलमेरना भंडारमां रद्दीपाना भेगुं नांखी राखेलुं आ पानुं मळ्युं हतुं. एनी विशेषता ए छे के ए पानावाळुं पुस्तक, उक्त जिनदत्तसूरिना खास पट्टधर शिष्य जिनचन्द्रसूरिए पोते लखावेलुं हतुं. आनन्दवर्द्धनाचार्य-कृत 'ध्वन्यालोकलोचन' नामना पुस्तकनुं ए अन्तिम पत्र छे. पानानी नीचेनी कोरो खरी गएली होवाथी अन्तनो पुष्पिकालेख अखण्ड नथी रह्यो अने तेथी एमां लख्यानी साल विगेरेनी जे नोंध हती ते नष्ट थई गई छे. परंतु एमां जिनदत्तसूरि अने तेमना शिष्य जिनचन्द्रनुं नाम स्पष्ट वांची शकाय छे. छेल्ली पंक्तिमां 'जिनचन्द्रनाम्नाऽलेखि' ए वाक्य स्पष्ट देखाय छे. एटले ए पुस्तक तेमनुं पोतानुं लखावेलुं हतुं ए स्पष्ट थाय छे. जिनचन्द्रसूरि वि. सं. १२२३ मां, २० वर्ष जेटली अल्प उम्रमां ज स्वर्गवासी थई गया हता. तेथी तेमणे ए पुस्तक १२१३ अने १२२३नी वच्चे क्यारेक लखाव्युं हशे, एम मानी शकाय. आ पुस्तक कागळ उपर लखेलुं हतुं. कागळनुं आटलुं जूनुं लखेलुं बीजुं पुस्तक हजी मारी जाणमां नथी आव्युं तेथी हुं एने कागळना एक जूनामां जूना पुस्तकना नमूना तरीके गणवा ललचाऊं छुं.

एना अन्तनो पुष्पिका लेख आ प्रमाणे उकेली शकायो छे—

(1) ...**पूर्णं चेदं काव्यालोकलोचनं**.....................

(2) ....**लब्धप्रसिद्धेः श्रीमदाचार्याभिनवगुप्तस्य ॥ छ ॥ समाप्तं चेदं लोचनग्रंथः ॥** ....

(3) .... **घ सु १ रवौ ॥ श्रीमज्जिनवल्लभसूरिशिष्यः श्रीमज्जिनदत्तसूरिः प्रवरविधिधर्म्मसर**............

(4) .... **प्रतिवादिकरटिकरटविकटरदपा** .... **चरणेंदीवरमधुकरो विज्ञातसकलशास्त्रार्थः**.......................

(5) .... **जिनचंद्रनाम्नामलेखि** ....

*

जेसलमेरना भण्डारनी दुरवस्था

जेसलमेरमां जे ग्रंथभण्डार रहेला छे तेमां आपणी प्राचीन साहित्य विषयक सामग्रीनी आवी केटलीय अमूल्य वस्तुओ छिन्न-भिन्न दशामां पडेली छे अने ते दिन-प्रतिदिन नष्ट थती जाय छे. दुःखनो विषय ए छे के जेसलमेरना मन्दिरोनी यात्रा करवा माटे सेंकडो अने हजारोनी संख्यामां जैन लोको जाय-आवे छे अने मोटा मोटा नामधारी सूरिवर्यो पण, पोताना भक्तो पासेथी हजारो रूपियाना खर्चो करावी संघो कढावे छे अने जेसलमेरनी यात्रा करवा जाय छे. परंतु ए बधाने त्यांना भण्डारमां केवो अपूर्व ग्रन्थसंग्रह थएलो हतो अने ते आजे केवी नाशकारक स्थितिमां पड्यो पड्यो सड्यां करे छे तेनी यत्किंचित् पण कल्पना थती नथी अने तेओ ए भण्डारना अवलोकन के रक्षणमाटे जरा पण विचार करी शकता नथी.

जेसलमेरनो ए महान् ग्रन्थभण्डार खरतर गच्छना आचार्य जिनभद्रसूरिए स्थापित कर्यो हतो. ए आचार्य ग्रन्थोद्धार कार्यना महान् प्रेमी हता अने तेमणे पाटण, खंभात, मण्डपाचल दुर्ग, जेसलमेर विगेरे सात स्थानोमां मोटा ज्ञान-भण्डारो स्थापन कर्या हता अने जूना ताडपत्रना जीर्ण थएला ग्रन्थो उपरथी कागळ उपर हजारो बीजा नवा ग्रन्थो लखावीने ए भण्डारोमां मुक्या हता. पाटणना वाडीपार्श्वनाथवाळा भण्डारमां तथा जेसलमेरना उक्त बडा भण्डारमां ए आचार्यनी लखावेली सेंकडो प्रतो अत्यारे विद्यमान छे. तेमणे ए ग्रन्थो बहु ज व्यवस्थित रीते अने एक ज आकार-प्रकारमां उत्तम रीते लखावेला छे.

जे काळे जिनभद्रसूरिए जेसलमेरमां ए ग्रन्थभण्डारनी भव्य स्थापना करी हती ते वखतमां जेसलमेरना जैन संघनी जाहोजलाली अने आबादी घणी मोटी हती. परन्तु आजे ए स्थिति रही नथी. त्यांना जैन मन्दिरोमां जेटली जिननी मूर्तियो आवेली छे तेनी संख्याना प्रमाणमां तेनी पूजा करनारा जैनोनी संख्या सोए-एकना प्रमाणमां पण आजे रहेली नथी. छतां जैन समाजमां मन्दिर अने मूर्तिनी पूजानी भावना कांईक ठीक ठीक जाग्रत होवाथी मन्दिरोना रक्षण विगेरे माटे यथा तथा प्रयत्नो थयां करे छे. परंतु ए ज्ञानभण्डार तरफ कोईनुं लक्ष्य न होवाथी तेना रक्षणनी कशी ज काळजी लेवामां आवती नथी. अने आथी ए ज्ञानभण्डार अत्यंत अव्यवस्थित अने अस्तव्यस्त दशानो भोग थई रह्यो छे.

ताडपत्रीय ग्रन्थोनो जे विशिष्ट संग्रह त्यां हतो ते लगभग आजे संपूर्ण त्रुटक जेवो थई गयो छे. ग्रन्थो बान्धनार अने छोडनारना हाथे, अज्ञानता अने अनावडतना परिणामे, एक ग्रन्थनां पानां बीजा ग्रन्थमां, अने बीजा ग्रन्थनां पानां त्रीजा ग्रन्थमां—एम अनेक ग्रन्थोनां अनेक पानांओ अन्यान्य ग्रन्थो भेगा मळी जवाथी, सेंकडो ग्रन्थो त्रुटक बनी गया छे. तेम ज बेदरकारी रीते पोथीयो बान्धवा छोडवाने लीधे हजारो पानाओ त्रुटी त्रुटीने ककडाना ढगला भेगा थता जाय छे. जेसलमेरना ए ग्रन्थसंग्रहमां, ताडपत्रीय ग्रन्थना जेटला जूनामां जूना नमुनाओ आपणने जोवा मळी आवे छे, तेवा हवे बीजे कोई ठेकाणे भाग्ये ज हयाती धरावता हशे.

मने त्यांना मारा निवास दरम्यान भण्डारनी ए दुर्व्यवस्था जोई एना विशे कांईक प्रयत्न करवानी इच्छा थई हती अने तेथी ते विषे में श्रीबाबू बहादुर सिंहजीने लखतां तेमणे पोतानो योग्य उत्साह पण बताव्यो हतो. परंतु युद्धकाल दरम्यान, त्यां ए अंगेनुं अपेक्षित कशुं साधन न मळी शकवाथी, ते वखते ए माटे कशुं थई शक्युं नथी. परन्तु साधननी सुलभता थए तेम ज ज्ञानप्रेमी जनोनी सहायता मळे, ए ग्रन्थसंग्रहनी सुरक्षा करवा साहित्यसेवी व्यक्तिओए अवश्य प्रयत्न करवो जोईए. एमां संग्रहीत सर्व ताडपत्रीय ग्रन्थोने सुन्दर अने सरखा मापनी लाकडानी पेटीओ बनावी तेमां मुकवा जोईए. दरेक ग्रन्थनी उपर—नीचे पानाना बराबर मापनी पातळी अने पॉलीश करेली सागनी पाटलीओ राखवी जोईए. लिपि, चित्र, प्राचीनता, शुद्धता अने अपूर्वतानी दृष्टिए जे जे ग्रन्थो संपूर्ण के त्रुटित होय ते बधानी पूरेपूरी फिलम लई लेवी जोईए. त्रुटित के पूर्ण जेटला ग्रन्थो आजे विद्यमान होय तेमनो विस्तृत वर्णनात्मक सूचिग्रन्थ तैयार करी प्रकट करवो जोईए.

आरीते ग्रन्थोनी रक्षानो प्रबन्ध करवामां आवे तो हजी पण बीजा ५०० वर्षो सुधी ए ग्रन्थो जळवाई रहे तेम छे.

* *
*